॥ सूत्रभागवतम् ॥

लेखक

रमणलाल कृष्णाराम शास्त्री

भागवतभूषण

જનતા જનાર્દન ભાગવત ટ્રસ્ટ અમદાવાદ-૭.

॥ ॐ नमः श्रीकृष्णाय ॥

॥ सूत्रभागवतम् ॥

लेखक

रमणलाल कृष्णाराम शास्त्री

भागवतभूषण

। सत्यं परं धीमहि ।

જનતા જનાર્દન ભાગવત ટ્રસ્ટ અમદાવાદ–૭.

પ્રકાશક:–
શ્રી જનતા જનાર્દન ભાગવત ટ્રસ્ટ
૫૫, પંકજ સોસાયટી
સરખેજ રોડ અમદાવાદ, ૩૮૦૦૦૭.

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૧૦૦૦
તા. ૧૪–૯–૭૫

મૂલ્ય : રૂા. ૧૫ પોસ્ટેજ અલગ.

© રમણલાલ કૃષ્ણારામ શાસ્ત્રી

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા, અમદાવાદ, ૩૮૦૦૦૧.

શ્રીમદ્ વલ્લભાચાર્યકુલાવતંસ, શ્રીશુદ્ધાદ્વૈત-
વૈષ્ણવાચાર્ય

પૂ. પા. નિ. લી. ગો. ૧૦૮ શ્રી દેવકીનંદનાચાર્ય મહારાજ

શ્રીહરિ

શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવાચાર્ય શ્રીમદ્વલ્લભકુલભૂષણ પૂ. પા. ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીમથુરેશ્વરજી મહોદયની

શુભાશિષ

શ્રીમદ્‌ભાગવત અને તેનાં સાહિત્યમાં રમમાણ બની ચૂકેલા પરમ વિદ્વાન અને ભાગવતરત્ન **શ્રી રમણલાલ કૃ. શાસ્ત્રી**ની વિદ્વત્તાનું અનેક વર્ષોનાં મંથન પશ્ચાત્ ઉપલબ્ધ થયેલું નવનીત એટલે જ **सूत्रभागवतम्.**

શ્રીમદ્‌ભાગવતની રચના થયા પછી આટલાં હજારો વર્ષો બાદ પ્રથમ જ વાર આ પ્રકારનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, જે શ્રીમદ્‌ભાગવત ભગવાનની પરમકૃપાથી જ આટલી સુંદર રીતે ફલીભૂત થઇ શક્યો છે. શ્રીમદ્‌ભાગવતના સિદ્ધાન્તોનું દોહન કરી ભારતીય સંસ્કૃતિની ઉત્કૃષ્ટતામાં કલગી સ્થાને મૂકાતું આ સંશોધનાત્મક પુસ્તક ખરેખર ભાગવત પ્રેમીઓ, વિદ્વાનો, સાહિત્યવિદો, સંશોધકો અને મુમુક્ષુઓને અવશ્ય આકૃષ્ટ કરશે.

શ્રી રમણલાલ શાસ્ત્રીજીની શ્રીમદ્‌ભાગવત અંગેની સંશોધનાત્મક અને વિશ્લેષણાત્મક અન્ય વિવિધ રચનાઓ પણ અત્યંત મનનીય, અદ્વિતીય અને અપ્રતિમ છે. જે ચિરકાળ પર્યન્ત અવિસ્મરણીય બની રહેશે.

આ પ્રકારનો અનોખો અને ભગીરથ પ્રયત્ન જ્યારે સિદ્ધ થઇ શક્યો છે, ત્યારે એ અમુક જ ભાષા પૂરતો માર્યાદિત ન રહેતાં વિશ્વની દરેક અગ્રગણ્ય ભાષામાં રૂપાન્તરિત થાય, અને પ્રત્યેક જિજ્ઞાસુ એનો લાભ ઉઠાવી શકે એવી શુભાકાંક્ષા સહ ગ્રન્થકર્તાને આ ગ્રન્થરચના બદલ હાર્દિક અભિનન્દન સહ શુભાશિષ. અને આવા પ્રકારના અન્ય ગ્રન્થરત્નો રચી શકે એ બદલ પ્રભુ એમને સર્વશક્તિ, સુસ્વાસ્થ્ય અને ચિરાયુ અર્પે એજ શુભાભ્યર્થના સહ વિરમું છું. શમિતિ ।

ગુર્જર આષાઢ કૃષ્ણ ૧૧
ગિરિકુંજ, દેસાઇ શેરી
ઘડિયાળી પોળ **વડોદરા ૧.**

गोस्वामी मथुरेश्वरजी

શ્રીહરિઃ

ગોસ્વામી ઇન્દિરા બેટીજી

અભિપ્રાય

વિદ્વદ્વરેણ્ય **શાસ્ત્રીજી રમણલાલભાઈએ** ‘ **सूत्रभागवतम्** ’ની રચના કરી શ્રીમદ્‌ભાગવતનાં હાર્દને સૂત્રાત્મક ભાષામાં સમજાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

ભારતીય દર્શનશાસ્ત્રની પરંપરામાં તથા વૈદિક વાઙ્મયમાં સૂત્ર ગ્રન્થોનું વિશિષ્ટ સ્થાન છે. સૂત્રગ્રન્થો સ્વલ્પ શબ્દોમાં શાસ્ત્રોની વિચારધારાને અસંદિગ્ધ રીતે પ્રકટ કરે છે.

આ ગ્રન્થમાં શ્રીમદ્‌ભાગવતજીનાં પદ્મપુરાણનાં માહાત્મ્યથી લઇને દ્વાદશસ્કંધ પર્યંતના શ્લોકોનું આલોકન કરી આર્ષદષ્ટિએ તારવી કાઢેલાં સૂત્રો મનનીય છે. આમ સૂત્ર ગ્રન્થોના સાહિત્યમાં નવો ઉમેરો થઇ રહ્યો છે. તે આવકાર દાયક છે.

આ સૂત્રો પ્રકટ કરવામાં લેખકનું ધ્યેય ખૂબ ઊંચા આદર્શવાળું છે. શ્રીમદ્‌ભાગવતજી કેવળ પૌરાણિક ગાથાઓનું ગુંજનજ નહિં, પરંતુ વૈદિક સાહિત્યની હરોળમાં મૂકી શકાય એવો તાત્વિક શાસ્ત્રગ્રન્થ છે.

શ્રીમદ્‌ભાગવતજીનાં આવાં સ્વરૂપને સમજાવવાના શુભહેતુથી તેઓશ્રીએ આ પ્રથમ ગ્રન્થ પ્રકાશિત કર્યો છે. આ વિચારશ્રેણિની પરંપરામાં લખાયલા તેઓશ્રીના બધાજ ગ્રન્થો શીઘ્રાતિશીઘ્ર પ્રકાશિત થાય એવી અમારી સર્વની અભિલાષા છે.

શ્રીમદ્‌ભાગવત ‘ **वेदसंमितम्** ’ ગાયત્રીનાં બીજમાંથી અંકુરિત બનેલા ‘ **निगमकल्पतरु** ’નું સુમિષ્ટ ફળ છે. ષડ્‌દર્શનની શાખાઓનો એમાં સ્થળે સ્થળે વિસ્તાર થયેલો છે. ૧૮૦૦૦ શ્લોકોના ફાલમાં વિસ્તરેલા આવા દાર્શનિક ગ્રન્થને સૂત્રાત્મક ભાષામાં અભિવ્યક્ત કરવાનું કાર્ય સાધારણ નથી. શ્રી શાસ્ત્રીજીની વિદ્વત્તાનો એમાં સારો પરિચય મળે છે. આ સૂત્રોમાં ગૂઢાર્થ સાથે મધુરતા જળવાઇ રહી છે, એજ એનું વૈશિષ્ઠ્ય છે.

આ ગ્રન્થ પઠનીય, મનનીય, તથા સ્મરણીય છે. આવાં ઉત્તમ સાહિત્યનો પ્રચાર અને પ્રસાર ગુર્જરગિરાને ગૌરવાન્વિત બનાવશે.

લી.

વડોદરા. **ગોસ્વામી ઈન્દિરાબેટીજી**

પ. ભ. ગો. વા. શ્રી ગોરધનદાસ જમનાદાસ (નરસી ખટાઉ)

ભાવકુસુમાંજલિ

(અનુષ્ટુપ્)

પૂ. પ્રાતઃસ્મરણીય પિતાશ્રી,

સ્નેહ સૌરભ ને સેવા માતાથી ગુણ સંગ્રહ્યા
ધૈર્ય ઉદ્યમ પ્રાગલ્ભ્ય પિતાના વારસે મળ્યા ૧

કલેજે અગ્નિ ગોરંભ્યા માતા કેરા વિયોગના
વિપ્રયોગે ધરી દીક્ષા કર્તવ્ય પથ સંચર્યા ૨

ધરી હૃદય માતાનું પિતૃપ્રાગલ્ભ્ય જાળવ્યાં
બન્યા સુભગ એ તાત ! અર્ધનારીનરેશ શા ૩

દૈવે દીધેલને પોષ્યાં, સૌને પુષ્ટ કર્યાં પછી
કર્તવ્ય ક્ષેત્રમાં પોઢ્યા દેવવ્રત સમા બની. ૪

હતા ને છો તમે આજે હૃદયે અમ સર્વના
વસ્યાં હશો પિતા માતા પાદપદ્મે પ્રભુતણા ૫

વેદાન્ત ન્યાય ભક્ત્યાદિ તત્ત્વો ભાગવતે કહ્યાં
સૂત્રબદ્ધ કરી તે સૌ અર્પીએ પાદપદ્મમાં ૬

તમારી ને પ્રભુ કેરી આશિષે અમ સર્વથા
કુટુંબે સંપ, સૌભાગ્ય, આયુ આરોગ્ય સર્વદા–
વાધજો શ્રી સુમંગલા ૭

આપનાં ચરણરજ બાળકો,

કાનજીભાઈ
ચતુર્ભુજ
અજિતકુમાર

કુસુમબેન
સુશીલાબેન
ઇન્દુબેન

તથા સર્વ બાલગોપાલનાં પાયલાગણ

भुक्ता मृणालपटली भवता निपीता
न्यम्बूनि यत्र सलिलानि निषेवितानि ।
रे राजहंस ! वद तस्य सरोवरस्य
कृत्येन केन भवितासि कृतोपकारः ? ॥

(ઉપરના શ્લોકનો અનુવાદ–સમશ્લોકી)

નીલામ્બરી પુષ્કરિણી,
જ્યાં તેં પીધાં અમૃતવારિ રહ્યો નિરાંતે,
પોષ્યો સ્વદેહ કમલતન્તુ થકી પ્રસાદે;
હે રાજહંસ ! કરી કૃત્ય ક્યાં ઉમંગે
પ્રેમે સરોવર તણો ઉપકાર વાળે ?
તે તો સદા પ્રણય વંદનમાં વિરામે.

અમો છીએ,
તારાં બાળકો.

પ. ભ. ગો. સૌ. કસ્તુરબાઇ જમનાદાસ

આવકાર

શ્રી રમણલાલ કૃષ્ણારામ શાસ્ત્રી શ્રીમદ્‌ભાગવતના વ્યાખ્યાતા તરીકે તથા તેના એક તલસ્પર્શી અભ્યાસી તરીકે પણ જાણીતા છે. શ્રીમદ્‌ભાગવતના સિદ્ધાન્તને સૂત્રાત્મક શૈલીમાં રજૂ કરવાનો શ્રી શાસ્ત્રીજીનો આ પ્રયાસ અભિનંદનીય છે.

ભારતવર્ષનાં તમામ રાજ્યોમાં હાલમાં પુરાણધર્મ પ્રચલિત છે, એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નથી. આ રીતે, પુરાણોની અસર આપણા સમાજ પર ઘણી જ ગાઢ છે. અઢાર પુરાણો પૈકી, શ્રીમદ્‌ભાગવતનો પ્રચાર સર્વથી અધિક છે. ભારતવર્ષનાં ઘણાં રાજ્યોમાં, ખાસ કરીને, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં આજે ય ભાગવતની સપ્તાહો યોજાય છે, અને વિશાળ જનસમુદાય તેનો ભક્તિભાવપૂર્વક લાભ લે છે. તેથી, ઘણા લોકો ભાગવતસપ્તાહના આયોજનને ધંધા તરીકે સ્વીકારે છે. કેટલાકને માટે તે આજીવિકાનું સાધન બની રહે છે. કેટલાક માત્ર દ્રવ્યોપાર્જન નિમિત્તે અથવા માત્ર ઉદરનિર્વાહાર્થ જ ભાગવતસપ્તાહ કરવાનો વ્યવસાય લઈ બેસે છે, અને આપણી સામાન્ય જનતા એમને મોટા વિદ્વાન તરીકે માન પણ આપે છે. પરંતુ, આવા કેટલાક વ્યાખ્યાતાઓ પાસે, શ્રીમદ્ ભાગવતના તત્ત્વને બરાબર સમજવા માટે અપેક્ષિત વિદ્વત્તાનો અભાવ પ્રવર્તતો હોય છે. શ્રીમદ્‌ભાગવત, વ્યાસની ‘ સમાધિભાષા ’ છે, એમ કહીને શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુએ, ચતુર્થ પ્રસ્થાન તરીકે તેને વર્ણવ્યું છે, તે જ તેનું માહાત્મ્ય દર્શાવવા માટે પૂરતું છે. વળી, તેને निगमकल्पतरोर्गलितं फलम् કહ્યું છે, અને તેમાં

वेदार्थस्तु पदे पदे એ ન્યાયે શ્રીમદ્ભાગવત વેદના અનધિકારીજનો સમક્ષ વેદનાં રહસ્યોને લોકગમ્ય ભાષામાં રજૂ કરે છે. તેથી, શ્રીમદ્ભાગવતને સમજાવનાર વ્યક્તિ પાસેથી વેદ, વેદાંગ અને ષડ્દર્શન ઇત્યાદિ ગ્રન્થોનું ઊંડું જ્ઞાન અપેક્ષિત છે.

શ્રીયુત રમણલાલ શાસ્ત્રીજી છેલ્લાં પચીસ વર્ષથી શ્રીમદ્ ભાગવતનું પરિશીલન કરી રહ્યા છે અને તેનાં ગૂઢ રહસ્યો જનતા સમક્ષ સપ્તાહ દ્વારા છતાં કરી રહ્યા છે. આ જ્ઞાનયજ્ઞમાં, શાસ્ત્રીજીનો હેતુ, માત્ર દ્રવ્યોપાર્જનનો નથી, પરંતુ, પોતાના અભ્યાસના પરિણામે, એમને જે રત્નો પ્રાપ્ત થયાં છે, તે જનતા–જનાર્દનને ચરણે અર્પણ કરવાનો પણ તેમનો આશય છે. આ રીતે, તેમણે આજ સુધીમાં આપણને ‘શ્રીમદ્ ભાગવત શ્લોકાનુક્રમણિકા’ ‘ભાગવતતત્ત્વ ચિન્તામણિ’, ‘ભાગવતી ગીતા’ અને ‘મન્ત્રપ્રયોગાવલિ’ જેવા ઉત્કૃષ્ટ ગ્રન્થો આપ્યા છે. તદુપરાંત તેમણે, શ્રીમદ્ ભાગવતમાંથી ઐતિહાસિક અને ભૌગોલિક માહિતી એકત્ર કરી, એક સર્વગ્રાહી (Enyclopaedic) ગ્રન્થ તૈયાર કર્યો છે જે હજી અપ્રગટ છે.

પ્રસ્તુત ‘સૂત્રભાગવત’ ગ્રન્થ પણ શાસ્ત્રીજીની એક સ્તુત્ય અને અમૂલ્ય ભેટ છે. આપણાં બધાં જ દર્શનો સૂત્રશૈલીમાં રજૂ થયાં છે. ‘ગાગરમાં સાગર’ એ ન્યાયે, આ ટચુકડાં સૂત્રો પરિમિત શબ્દોમાં ઘણું ઘણું કહી જાય છે. જે જમાનામાં લેખન પદ્ધતિ પ્રચલિત ન હતી તે જમાનામાં આપણા ઋષિ–મુનિઓએ સ્મૃતિને સહાયભૂત બને એ હેતુથી આ સૂત્રાત્મક શૈલીનો પ્રાદુર્ભાવ કર્યો. પછી તો, એ એક નિયમ જ બની ગયો કે દરેક દર્શનગ્રન્થને આગવું ‘સૂત્ર’ હોવું જ જોઈએ તેથી જ, સાંખ્યશાસ્ત્રમાં, સૂત્રોના અભાવને દૂર કરવા માટે ઈશ્વર કૃષ્ણની સાંખ્યકારિકા લખાઈ ગયા પછી પણ ‘સાંખ્યસૂત્રો’ની રચના કરવામાં આવી. શ્રીમદ્ભાગવત માત્ર પુરાણ જ નથી

પરંતુ તે ભક્તિસંપ્રદાયનું એક દર્શન પણ છે. આ દર્શનમાં પ્રવર્તતી ઊણપ આ સૂત્રો લખીને શ્રી શાસ્ત્રીજીએ પૂરી પાડી છે તે માટે હું તેમને હાર્દિક અભિનંદન આપું છું, અને તેમના આ પ્રશંસનીય પ્રયાસને આવકારું છું.

પ્રસ્તુત ‘ સૂત્રભાગવત ’ ભાગવતના સિદ્ધાન્તોને જનતા સમક્ષ રજૂ કરતું હોવાથી લોકભોગ્ય અવશ્ય બનશે જ, એટલું જ નહિ પરંતુ શ્રીમદ્ ભાગવત સપ્તાહનો વ્યવસાય કરનાર વ્યાખ્યાતાઓ માટે પણ આ ગ્રન્થ આશીર્વાદ રૂપ બની રહેશે. શ્રી શાસ્ત્રીજીના અન્ય ગ્રન્થોની માફક આ ગ્રન્થને પણ જનતા–જનાર્દન ઉત્તમ આવકાર આપે એ શુભેચ્છા વ્યક્ત કરું છું. શ્રી શાસ્ત્રીજી આવા બીજા પણ ગ્રન્થો પોતાના આજીવન અભ્યાસના પરિપાકરૂપે આપણને આપે, અને પરમ કૃપાળુ પરમાત્મા નંદનંદન શ્રીકૃષ્ણ શાસ્ત્રીજીને દીર્ઘાયુષ્ય અને આરોગ્ય આપી, આવાં સત્કાર્યો કરાવે એવી શુભેચ્છા સાથે વિરમું છું.

વડોદરા
તા. ૨૬–૬–૭૫

અરુણોદય ન. જાની
(૧) અધ્યક્ષઃ સંસ્કૃત વિભાગ
આર્ટ્સ ફેકલ્ટી
(૨) નિયામક, પ્રાચ્ય વિદ્યા
મન્દિર, **વડોદરા.**

॥ ॐ नमः श्रीकृष्णाय ॥

પ્રાસ્તાવિક

अल्पाक्षरमसन्दिग्धं सारवत् सर्वतोमुखम् ।
अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥
ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ गी. १३-४.

જે વાક્યમાં ઓછામાં ઓછા શબ્દો (અક્ષરો) હોય, જે વાંચતાં ઓછા અક્ષરો હોવા છતાં શંકા ન રહે; સારવાહી અને સર્વતો વ્યાપક હોય, જે પુનરુક્તિરહિત અને નિર્દોષ હોય એવાં ટૂંકાં સિદ્ધાન્ત વાક્યને શાસ્ત્રજ્ઞો સૂત્ર કહે છે. આવાં સૂત્ર-શાસ્ત્રોમાં પ્રાચીન મહર્ષિઓએ ગાયેલા અનેક મંત્રોનો સાર, હેતુવાળાં નિશ્ચિતાર્થસંપન્ન બ્રહ્મસૂત્રાદિ સૂત્રો દ્વારા આપવામાં આવ્યો છે. (ગીતા–અ–૧૩, ૪)

આમ ગંભીર મહાવાક્યોમાં અપાયલા વિચારોને ટૂંકા નિશ્ચિતાર્થસંપન્ન સૂત્ર વાક્યોદ્વારા વ્યક્ત કરવાની, ભારતના ઋષિમુનિઓની અતિપ્રાચીન વિશિષ્ટ કળા છે. આ સૂત્ર સાહિત્ય વેદાંગ એટલે–કલ્પ શિક્ષા વ્યાકરણ નિરુક્ત છંદસ્ અને જ્યોતિષમાં કેટલેક સ્થળે, તથા દર્શન ગ્રન્થો, સાંખ્ય યોગ ન્યાય વૈશેષિક પૂર્વમીમાંસા અને ઉત્તર મીમાંસામાં વ્યાપક સ્વરૂપે પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત નારદજી અને શાંડિલ્યનાં ભક્તિસૂત્રો; જૈન દર્શન અને બૌદ્ધ દર્શન અને આ સિવાયના પણ કેટલાક ગ્રન્થો સૂત્ર સાહિત્યમાં વણાયા છે. આ ઉપરથી સૂત્ર સાહિત્ય કેટલુ વિશાળ અને પ્રામાણિક છે, એનો પ્રિય વાચકને ખ્યાલ આવશે.

આ ઉપરાંત આ સૂત્રગ્રન્થોના મોટા ભાગના ગ્રન્થો ઉપર કેટલાય વિદ્વાનોએ પોતાની સ્વતંત્ર ટીકાઓ અને તે ટીકાઓ ઉપર બીજા પંડિતોએ વિવૃત્તિ કરી છે. આ ઉપરથી સૂત્રગ્રન્થોની મહત્તા અને ગાંભીર્યનો સહજ ખ્યાલ આવશે.

એમાં પણ બ્રહ્મસૂત્રની મહત્તા તો એટલી બધી છે કે અત્યાર સુધીમાં એ ગ્રન્થ ઉપર અનેક આચાર્યો અને મહાપુરુષોએ ટીકા કરી છે. તેના ઉપર વિવૃત્તિઓ અને ટિપ્પણ થયાં છે, એટલું જ નહિં પણ પ્રત્યેક સંપ્રદાયે પોતાને અનુકૂલ વિચાર લઈ એ ગ્રન્થોને માન્ય કર્યા છે. આવું છે સૂત્રસાહિત્યનું માહાત્મ્ય.

ભારતીય પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં ‘ સ્ત્રસાહિત્ય ’ એક આગવો સાહિત્યપ્રકાર છે. છેક વૈદિકકાળથી આજ પર્યન્ત એ સાહિત્ય વિકસતું રહ્યું છે. મોટા મોટા ઋષિ મહર્ષિઓએ લખેલાં એ સૂત્રો આંતર્દૃષ્ટિથી લખાયેલ હોવાથી તેને ‘ દર્શન ગ્રન્થો ’નું નામ અપાયું. દર્શન ત્રિકાલાબાધિત, સત્ય, અને સર્વદેશીય હોય. અને તેથી આજે પણ દાર્શનિક સત્યો વ્યક્તિ સમાજ અને દેશોદ્ધારક હોવાથી ખૂબજ ઉપયુક્ત અને ઉપકારક છે.

અપાર કરુણાસિન્ધુ ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી છેલ્લાં ૨૫ વર્ષથી શ્રીમદ્ભાગવતનું મેં જૂદાં જૂદાં દૃષ્ટિબિન્દુથી અવલોકન કરી તે તે દૃષ્ટિબિન્દુથી ગ્રન્થો લખ્યા. કેટલાક ભાગવત તત્ત્વચિન્તામણિ, ભાગવતી ગીતા, મંત્રપ્રયોગાવલિ જેવા વિચારાત્મક ગ્રન્થો લખ્યા, ભાગવતનો ઈતિહાસ, ભૂગોળ અને સર્વદર્શન જેવા ગ્રન્થો લખાયલા પડયા છે. પણ ક્ષણભંગુર જીવનનો વૃદ્ધાવસ્થામાં ભરોસો ન હોવાથી શ્રીમદ્ભાગવતની તેની વૈદિક ગૂઢ પ્રતિષ્ઠા, જેને માટે શ્રીમદ્ આચાર્યચરણે એને ચોથું પ્રસ્થાન અને સમાધિભાષા કહી, અને વ્યાસજીએ જેને પરમહંસસંહિતા અને નિગમકલ્પતરુ નામ આપ્યું, તે ભાગવતને ‘ સૂત્ર ભાગવતમ્ ’ની

રચના દ્વારા સૂત્રગ્રન્થોની હરોળમાં, અને '**ભાગવતમાં વૈદિક વાઙ્મય અને સમન્વય**' લખી તેને વૈદિક સાહિત્યની હરોળમાં મૂકવું, આ શુભ હેતુથી એમાંનો આ પ્રથમ ગ્રન્થ 'સૂત્ર ભાગવતમ્' આજે પ્રસિદ્ધ કરતાં મને અપાર આનંદ થાય છે. ભગવત્કૃપા હશે તો નજીકનાં ભવિષ્યમાં વૈદિક સમન્વયાત્મક ગ્રન્થ પણ પ્રસિદ્ધ થશે. આમ કરી શ્રી ભાગવતની સાર્વભૌમ પ્રતિષ્ઠા આ ઘોર કલિકાલમાં જાળવવાનો આ ગ્રન્થનો હેતુ છે.

હવે સૂત્ર સાહિત્યનો ટૂંકો પરિચય આપી કયા કયા સૂત્ર ગ્રન્થમાં શ્રીમદ્ભાગવત સામ્ય અને વૈશિષ્ઠ્ય બતાવે છે તે જોઈએ.

ભારતીય સૂત્ર સાહિત્યનો ઉદ્ગમ ઈ. સ. પૂ. ૬૦૦ વર્ષ જેટલો જૂનો જણાય છે. સૌ પ્રથમ તે પહેલાં અનેક વર્ષો ઉપર રચાયલા વેદ બ્રાહ્મણગ્રન્થો અને આરણ્યકગ્રન્થો હતા. તેમાં વેદોની અખંડિતતા હોવાથી વેદના અને બ્રાહ્મણગ્રન્થોના તત્વવિચારોનો વિકાસ ઉપનિષદ્માં થયો. અને તેજ બ્રાહ્મણગ્રન્થોની ક્રિયાપદ્ધતિનો વિકાસ શ્રૌતસૂત્રોમાં થયો. વિદ્વાનોનો મત છે કે આ શ્રૌતસૂત્રો ભારતીય વૈદિક સાહિત્યનાં આદિસૂત્રો છે. આ શ્રૌતસૂત્રનું બીજું નામ કલ્પસૂત્ર પણ છે.

વેદનાં અર્થપૂરક અંગો તેનું નામ વેદાંગ છે. એની સંખ્યા છની છે. (૧) કલ્પ (૨) શિક્ષા (૩) વ્યાકરણ (૪) નિરુક્ત (૫) છંદસ્ અને (૬) જ્યોતિષ. એમાં ઉપર જણાવેલાં કલ્પસૂત્રો પ્રથમ સ્થાન ભોગવે છે. આ સર્વ અંગોનો ટૂંકો પરિચય નીચે પ્રમાણે.

(૧) **કલ્પસૂત્રઃ**–ના ૩ વિભાગ છે. (૧) શ્રૌતસૂત્ર (૨) ગૃહ્યસૂત્ર અને (૩) ધર્મસૂત્ર.

	નામ	વેદ	શાખા	વિષય
૧	શ્રૌતસૂત્ર	સર્વવેદો	આશ્વલાયન, કાત્યાયન વગેરે,	યજ્ઞવિધિ યજ્ઞચર્યા. દંતકથા.

૨	ગૃહ્યસૂત્ર—સર્વવેદો	શાંખાયન પારસ્કર	એમાં ૧૬ શરીરના, ૨૨ યજ્ઞના ૮ પંચ મહાયજ્ઞના સંસ્કારોની ચર્ચા,
૩	ધર્મસૂત્ર—યજુર્વેદ તૈત્તરીય શાખા	હિરણ્યકેશી બોધાયન ગૌતમ વશિષ્ઠ	લગ્ન, વારસો, સામાજીક ગુના, રાજધર્મ, યજ્ઞ; કુંડરચના—ગણિત વગેરેની ચર્ચા

(૨) **શિક્ષાઃ**—વર્ણ સ્વર તથા ઉચ્ચારનું શાસ્ત્ર.

(૩) **વ્યાકરણઃ**—મૂળ ભગવાન સદાશિવનાં નૃત્યના ડમરુનાદમાંથી ૧૪ સૂત્રો રચાયાં, તેના ઉપર બંધારણ રાખી પાણિનિ મુનિએ સૂત્રની અષ્ટાધ્યાયી બનાવી. મહાત્મા પતંજલિએ તેના ઉપર મહાભાષ્ય રચ્યું.

(૪) **નિરુક્તઃ**—વેદ અને બ્રાહ્મણગ્રન્થમાં આવેલા શબ્દોનું વ્યુત્પત્તિ શાસ્ત્ર.

(૫) **છંદસ્ઃ**—ગાયત્રી ત્રિષ્ટુપ્ પંક્તિ જેવા છંદો—રાગોમાં શબ્દ ગણના અને યતિ બતાવનાર શાસ્ત્ર. વૈદિક પિંગળ.

(૬) **જ્યોતિષઃ**—ખગોળ વિષયક—ગ્રહ નક્ષત્ર તારા વગેરેની ગતિ અને તેની અસર બતાવનાર શાસ્ત્ર.

વેદાંગમાં આ છ વેદાંગ પૈકી કલ્પ અને વ્યાકરણ સૂત્રોમાં વણાયલા ગ્રન્થો છે.

હવે આપણે સૂત્ર ગ્રન્થોના મૂર્ધન્ય સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરીએ. એમાં નીચેનાં ૭ દર્શનોને પ્રાધાન્ય આપી તેમનો પરિચય આપ્યો છે. બીજા જૈન દર્શન, બૌદ્ધ દર્શન તથા ચાર્વાક દર્શન વગેરેનો પરિચય આપ્યો નથી. ઉપર જણાવેલાં ૭ દર્શનો નીચે

પ્રમાણે છે. તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરતાં એમાં બે બે દર્શનનું એક એક જોડકું થાય છે.

(૧) સાંખ્ય અને (૨) યોગ, (૩) ન્યાય અને (૪) વૈશેષિક, (૫) પૂર્વમીમાંસા અને (૬) ઉત્તરમીમાંસા. (૭) સાતમું ભક્તિ દર્શન સ્વતંત્ર છે. આ સર્વ દર્શનોના વિષયોની સંક્ષિપ્ત ચર્ચા કરી શ્રીમદ્ ભાગવતમાં આ વિષયો કયાં આવ્યા છે. તેનો નિર્દેશ કરીશું, જે જોવાથી ભાગવતની સમન્વયાત્મક મહત્તા સિદ્ધ થશે.

ઉપરનાં સર્વને દર્શન શાસ્ત્ર કહે છે અને એ સર્વ સૂત્રોમાં વણાયાં છે. એમાં શાસ્ત્ર અને સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે છે.

વેદાન્ત સૂત્રના પ્રથમ અધ્યાયના ૩ જાં સૂત્રની ભામતી ટીકામાં :—

प्रवृत्तिं वा निवृत्तिं वा नित्येन कृतकेन वा ।
शासनात् शंसनात् चैव शास्त्रमित्यभिधीयते ॥

આચાર્યો અગર મહાપુરુષોના અનુભવનાં વચનો જે માનવને વિશુદ્ધ પ્રવૃત્તિમાં રહેવાની અથવા વિશિષ્ટ પ્રકારની નિવૃત્તિ લેવાની આજ્ઞા આપે તે શાસ્ત્ર.

યુક્તિ દીપિકામાં :—

लघूनि सूचितार्थानि स्वल्पाक्षरपदानि च ।
सर्वतः सारभूतानि सूत्राण्याहुर्मनीषिणः ॥

અલ્પ અક્ષર અને શબ્દો વાળા. સ્પષ્ટ અર્થનું સૂચન કરનાર, સારભૂત ટૂંકા વાકયને બુદ્ધિવાન માણસો સૂત્ર કહે છે.

અત્યાર સુધી થયેલ વિદ્વાનો અને જ્ઞાનીઓએ દર્શન ગ્રન્થોની આ વ્યાખ્યા મુજબ ચકાસણી કરી છે.

હવે અમે 'સૂત્રભાગવતમ્' ની ચરિતાર્થસિદ્ધિ માટે મુખ્ય દર્શનના સિદ્ધાન્તો અને સ્વરૂપ દર્શન કરાવી દરેકનો ભાગવતે કયાં સમન્વય કર્યો છે, એ બતાવવા પ્રયત્ન કરીશું.

સાંખ્યદર્શન :—

છ દર્શનોમાં આ દર્શન અતિ પ્રાચીન છે. એના પ્રણેતા મહર્ષિ કપિલ છે. મહર્ષિ કપિલદેવનો ઉલ્લેખ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં નીચેના મંત્રોમાં આવે છે.

> यो देवानामधितिष्ठत्येको विश्वानि रूपाणि योनीश्च सर्वाः ।
> ऋषिं प्रसूतं कपिलं यस्तमग्रे ज्ञानैर्बिभर्ति जायमानं च पश्येत् ॥
> यो देवानां प्रभवश्चोद्भवश्च विश्वाधिपो रुद्रो महर्षिः ।
> हिरण्यगर्भं पश्यत जायमानं स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥

આ મંત્રમાં આવેલ કપિલ શબ્દ મહર્ષિ કપિલને લાગુ પડતો જણાય છે, પણ પ્રકરણ સંબંધ જોતાં તે હિરણ્યગર્ભને લાગુ પડે છે. આગળ સમય જતાં આજ ગુણવાચક નામ વિશેષનામ બનવા સંભવ છે. પણ તેથી એની ઐતિહાસિકતાને હાનિ આવતી નથી. કારણ કે યોગસૂત્રના પહેલા અધ્યાયના ૨૬ મા સૂત્રનાં વ્યાસભાષ્યમાં એક પ્રાચીન આગમવાક્યનો નીચે મુજબ ઉલ્લેખ છે.

> आदिविद्वान् निर्वाणचित्तमधिष्ठाय कारुण्यात् भगवान् परमर्षिरासुरये जिज्ञासमानाय तन्त्रं प्रोवाच ॥

આથી ફલિત થાય છે કે આ આદિ વિદ્વાન્ ભગવાન કપિલદેવ હતા. ગીતામાં सिद्धानां कपिलो मुनिः। તેમને સિદ્ધ પુરુષ કહ્યા છે. શ્રીમદ્‌ભાગવતે કપિલને ભગવાનના જ્ઞાનાવતાર કહ્યા છે. તેમનાથી શરુ થયેલી સાંખ્યપરંપરામાં આસુરિ, પંચશિખ, ઈશ્વરકૃષ્ણ, વાચસ્પતિમિશ્ર, વિજ્ઞાનભિક્ષુ વગેરે છે.

‘ સાંખ્ય ’ શબ્દનો વિચાર કરતાં જણાય છે કે તેના બે અર્થ શાસ્ત્રકારોએ માન્ય કર્યા છે. પ્રથમ અર્થમાં :—

(૧) તત્ત્વ સંશોધનની પ્રક્રિયા બતાવી તેના ગુણ દોષનું વિશ્લેષણ કરવાથી એમાં રહેલા દોષનો ત્યાગ કરતાં અવિદ્યા નાશ

પાસે, અને પુરુષ દુઃખમુક્ત થાય. संख्यामधि कृत्य कृतमिदं शास्त्रं तत् सांख्यम् એમાં ૨૫ તત્ત્વોનું નિરૂપણ છે, પ્રકૃતિ, મહત્તત્વ અહંકાર, પાંચ કર્મેન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે. બીજા અર્થમાં:-

(૨) પ્રકૃતિ અને પુરુષનું સમ્યક્ જ્ઞાન એટલે સાંખ્ય. ભગવદ્‌ગીતાએ આ અર્થ માન્ય કરી બીજા અધ્યાયને સાંખ્યયોગ કહ્યો છે. અને પહેલા પ્રકારની જેમાં છાયા આવે છે, તે તેરમા અધ્યાયમાં પણ જ્ઞાન જ્ઞેય અને જ્ઞાનગમ્ય બતાવી બીજો પ્રકાર સિદ્ધ કર્યો છે. તેને क्षेत्रक्षेत्रज्ञविभागयोग નામ આપ્યું છે.

સાંખ્યદર્શન નીચે જણાવેલા મુદ્દાઓને પ્રાધાન્ય આપે છે.

(૧) हेयः–ત્યાજ્ય (૨) हेयहेतुः–અવિદ્યા (૩) हान–ભાવિ દુઃખ ત્યાગ (૪) हानहेतु–ત્રિવેક–જ્ઞાન.

ઉપર જણાવેલાં ૨૫ તત્વોનું પૂર્ણ વિશ્લેષણ કરવાથી ઉપરના ચાર મુદ્દાઓ સિદ્ધ થતાં આત્મા વિશુદ્ધ બને છે.

શ્રીમદ્‌ભાગવતમાં ઉપર જણાવેલા બન્ને પ્રકારનું સાંખ્ય દૃષ્ટિગોચર થાય છે. એમાં પ્રથમ પ્રકારનું સાંખ્ય એકાદશ સ્કંધના ૨૨ મા અધ્યાયમાં અને બીજા પ્રકારનું સાંખ્ય તૃતીય સ્કંધના ૨૫ મા અધ્યાયથી ૨૯ અધ્યાય સુધીમાં સ્પષ્ટ માલમ પડે છે. શ્રીમદ્ ભાગવતની વિશિષ્ટતા એ છે કે તેણે સાંખ્ય દર્શનના સર્વ મુદ્દાઓ કાયમ રાખી ઇશ્વરતત્ત્વનો સ્વીકાર કરાવ્યો છે, અને તે સાથે ભક્તિશાસ્ત્રને વણી લીધું છે. એટલે ભાગવતે સાંખ્યને સરળ પ્રયોગાત્મક અને વ્યવહારુ બનાવી સુવર્ણમાં સુગન્ધિ મૂકી છે. તદુપરાંત ચાર મુદ્દાઓ પૈકી હેય–ત્યાજ્ય સુખદુઃખ વગેરે, હેય હેતુ–અવિદ્યાનો ત્યાગ, અને હાનહેતુ–વિવેક જ્ઞાન આ ત્રણ મુદ્દાઓ ઠેકાણે ઠેકાણે આપ્યા છે. એ માટે **સરખાવો સૂત્રભાગવતમ્‌ની વિષય સારણી સાંખ્ય વિભાગ.**

(૨) યોગદર્શન

સાંખ્ય દર્શન સાથે હાથ મેળવતું આ બીજું દર્શન છે. એના પ્રણેતા મહર્ષિ પતંજલિ છે. વિદ્વાનોના મત પ્રમાણે યોગ શાસનનો આરંભ કરનાર हिरण्यगर्भो योगस्य नान्यो वक्ता पुरातनः દ્વૈતાનુસારી હિરણ્યગર્ભ બ્રહ્મા અને અદ્વૈતાનુસારી મહેશ્વર છે. જ્યારે એનું અનુશાસન–વ્યવસ્થિત ગોઠવનાર, દ્વૈતાનુસારી પતંજલિ અને અદ્વૈતાનુસારી યાજ્ઞવલ્ક્ય છે. આ યોગ સૂત્રનાં પહેલાં સૂત્ર अथ योगानुशासनम् થી સિદ્ધ થાય છે. આજ પતંજલિએ માહેશ્વર સૂત્રોને પાયા તરીકે રાખી પાણિનિ મુનિનાં વ્યાકરણ ઉપર મહાભાષ્ય રચ્યું. તેમાં પણ પ્રથમ સૂત્ર ‘अथ शब्दानुशासनम्’ છે. આમ આ મહામુનિ પતંજલિ યોગ અને વ્યાકરણ બન્ને શાસ્ત્રના અનુશાસક હતા.

યોગ શબ્દ युज्–જોડવું ઉપરથી બન્યો છે. જીવ પરમાત્મતત્વથી છૂટો પડવાથી–તેના ગુણ ધર્મને છોડી દેવાથી તે સુખ દુઃખાદિ સંસારની જાળમાં પડે છે. એ સંસારથી મુક્ત થવાનું સાધન યોગ છે. યોગના ઘણા અર્થો ગીતાજીએ આપ્યા છે. ગીતાજીનું બીજું નામ જ યોગશાસ્ત્ર છે. પણ સૂત્રકાર પતંજલિ મુનિએ योगश्चित्तवृत्तिनिरोधः । મનની સંયમ પૂર્વક ઈશ્વરમાં એકાગ્રતાને યોગ કહ્યો છે. શ્રીમદ્ ભાગવતે એકાદશ સ્કંધના ૨૩મા અધ્યાયમાં એનું વિશદ ભાષ્ય કર્યું છે.

दानं स्वधर्मो नियमो यमश्च ततश्च कर्माणि च सद्व्रतानि ।
सर्वे मनोनिग्रहलक्षणान्ताः परो हि योगो मनसः समाधिः ॥
અ. ૨૩, ૪૬.

અર્થાત્ દાન ધર્મ યમ અને નિયમ પૂર્વકનાં સત્કાર્યનું પરમ ફળ મનની એકાગ્રતા–સમાધિ–ઈશ્વર સાથેની તદાકારતા–તલ્લીનતાજ છે. આ સમાધિ સુધી પહોંચવા માટે શરૂઆતના યમ નિયમાદિ સાત અંગ છે. એમાં મુખ્ય સિદ્ધાન્તો નીચે મુજબ છે.

(૧) જીવ પોતાનાં પૂર્વ કર્માનુસાર સુખ દુઃખ વગેરે ભોગવતાં તેને દુઃખ નાશ અને આત્યન્તિક સુખની પ્રાપ્તિની ઇચ્છા થાય છે.

(૨) આવો પુરુષ યોગની પ્રક્રિયાથી યમ, નિયમ, આસન, પ્રાણાયામાદિથી મનની સ્થિરતા કેળવી ઇશ્વર પ્રણિધાન કરે, क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुष विशेष ईश्वरः સાંસારિક કલેશ, કર્મ અને તેની અસર, તેનાં પરિણામની અસર અને ઇચ્છા રાહિત્ય થતાં તે ઇશ્વર પ્રણિધાનની ભૂમિકા ઉપર પહોંચે છે. પ્રણિધાન એટલે સર્વ કર્મો તથા તેનાં ફળનું જ્ઞાનપૂર્વક ઇશ્વરને સમર્પણ આમ મનને અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા પ્રાપ્ત થયેલા નિરોધથી તે પ્રણિધાન સુધીની ભૂમિકા પ્રાપ્ત કરે છે.

(૩) આમ (૧) બદ્ધ (૨) મુક્ત અને (૩) પ્રકૃતિલીન આ ત્રણે પ્રકારના જીવોને યોગશાસ્ત્ર સમાધિનિષ્ઠ અવસ્થા સુધી પહોંચાડી મોક્ષનાં દ્વાર ખુલ્લાં કરે છે. આમ થતાં તેને સ્વાભાવિક રીતે અણિમા મહિમા આદિ સિદ્ધિઓ સહજ પ્રાપ્ત થાય છે. જો એ સિદ્ધિઓમાં ન ફસાય તો સમાધિ દશા એજ એની મુક્તિ છે.

આમ સાંખ્ય અને યોગ લગભગ એક માર્ગી છે.

एकं सांख्यं च योगं च । सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः । વગેરે વચનથી ગીતા પણ સાંખ્ય અને યોગનાં એકત્વને અનુમતિ આપે છે.

જો ટૂંકમાં કહીએ તો સાંખ્યમાં સિદ્ધાન્તોનું પ્રતિપાદન છે, જ્યારે યોગમાં તેની અનુભવાત્મક પ્રક્રિયા છે. સાંખ્યનું ધ્યેય દુઃખવિનાશ તરફ છે, જ્યારે યોગનું ધ્યેય દુઃખનાશ સાથે આત્ય-

ન્તિક સુખપ્રાપ્તિ છે, ગીતા ઉપનિષદ્ તથા મહાભારત દુઃખનાશ અને સુખ પ્રાપ્તિને ગૌણ ગણાવી કર્મફલત્યાગ સાથે પ્રપત્તિયોગનું દર્શન કરાવે છે. શ્રીમદ્ભાગવતે આ સર્વ તત્વોનો વિકાસ કરી ત્રણ ગુણવાળી ભક્તિની પ્રતિષ્ઠા કરી, તેમાંથી નિર્ગુણ ભક્તિ તરફ દોરી નિર્વાણપથ બતાવ્યો છે.

વળી સાંખ્ય અને યોગ પુરુષ અને પ્રકૃતિને સ્વતંત્ર માને છે, જ્યારે શ્રીમદ્ભાગવત આ બન્નેની ઉત્પત્તિ અક્ષરબ્રહ્મથી માને છે. સાંખ્ય ૨૫ તત્વો માને છે, જ્યારે ભાગવત તેમાં કાલ કર્મ અને સ્વભાવનાં તત્વો ઉમેરી ૨૮ તત્વો માને છે. આમ શ્રીમદ્ભાગવતે સાંખ્ય અને યોગનો સુંદર સુમેળ સાધી સાંખ્ય અને યોગના ક્લિષ્ટમાર્ગને સરળ બનાવ્યો છે. આ સાંખ્ય અને યોગના સમન્વય માટે જુઓ **સૂત્રભાગવતમ્ની વિષય સારણી–સાંખ્યયોગ વિભાગ.**

(૪) ન્યાય દર્શન

ન્યાય શાસ્ત્રના આદિ પ્રવર્તક મહર્ષિ ગૌતમ છે. ન્યાય દર્શનનો આધાર આન્વીક્ષિકી–પ્રમાણપદ્ધતિ ઉપર છે. જે વસ્તુ જે પ્રકારની હોય તેના ગુણદોષનું નિરૂપણ પ્રમાણ પદ્ધતિથી કરી તે ગ્રાહ્ય કે અગ્રાહ્ય છે, તેની સંશોધનાત્મક ભૂમિકા રચવી એ આ દર્શનનો હેતુ છે. આ શાસ્ત્ર પ્રમાણપ્રધાન છે. પ્રકૃતિના સોળ પદાર્થોને તત્ત્વમાની તેની મુખ્ય ચાર પ્રમાણ (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન અને (૪) શબ્દથી ચકાસણી કરી સ્વીકારવાની અને ન સ્વીકારવાની વસ્તુનો આ શાસ્ત્રમાં નિર્ણય કર્યો છે. એમાં વિશેષતઃ દેહના તથા આત્માના નવ ગુણો બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કારની ઉપરનાં પ્રમાણોથી કરેલી ચર્ચા ખૂબ રસપ્રદ છે. આ ગુણોનો અત્યન્તાભાવ થતાં આત્માને દેહ સાથે સંબંધ

રહેતો નથી. યોગ શાસ્ત્રમાં કહેલી છ ઊર્મિઓ નાશ પામે છે. અને આત્મા तदत्यन्तविमोक्षोऽपवर्गः। આ સૂત્ર પ્રમાણે સાંસારિક બંધનો દૂર થતાં સ્વાભાવિક મુક્ત થાય છે.

આ મુક્તિના બે પ્રકાર છે. अपरनिःश्रेयस्–જીવન્મુક્તિ અને परनिःश्रेयस्–આત્યન્તિક મોક્ષ. ન્યાયદર્શન મુક્તિનાં સાધન તરીકે શ્રવણ મનન અને ધ્યાનને સાધન માને છે, એથી આત્મ- સાક્ષાત્કાર–જીવન્મુક્તિ તો થાય છે, પણ જ્યાં સુધી પ્રારબ્ધ કર્મના સંબંધથી પ્રાપ્ત થતાં સુખ દુઃખાદિને આત્મા ભોગવીને ક્ષીણ ન કરે, ત્યાં સુધી આત્યન્તિક મોક્ષ થતો નથી. અને આવો મોક્ષ તત્ત્વોના પ્રમાણિત જ્ઞાનથીજ શક્ય છે. કેટલાકના મતે કાલને પણ ન્યાયશાસ્ત્રમાં સ્વતંત્રતત્ત્વ તરીકે સ્થાન આપ્યું છે. કાલ વિજયની ચાવી તથા અણુવાદ એ ન્યાયશાસ્ત્રનું એક મહત્ત્વનું અંગ છે. આમ ન્યાયશાસ્ત્રનું ચરમલક્ષ્ય મોક્ષ છે.

શ્રી મદ્ભાગવતમાં ન્યાય દર્શનના સમન્વય માટે જૂઓ **સૂત્રભાગવતમ્ વિષય સારણી, ન્યાય દર્શન.**

(૪) વૈશેષિક દર્શન

વૈશેષિક દર્શનના દ્રષ્ટા મહર્ષિ કણાદ છે. બજારમાં રસ્તામાં પડેલા, અથવા ખેતરમાંથી પાક લઈ લીધા બાદ વેરાયેલા દાણા વીણી લાવી તેના ઉપર જ ગુજરાન ચલાવવાને લીધે તેમને કણાદ અથવા કણભુક્ મુનિ કહેતા. તેમનું મૂળ નામ કાશ્યપ હતું ભગવાન્ સદાશિવે પ્રસન્ન થઈ તેમને ઘુવડનાં રૂપે પરમાણુવાદ સમજાવ્યો, તેથી આ દર્શનનું બીજું નામ ઔલુક્યદર્શન છે. ન્યાય શાસ્ત્રે પ્રમાણને મહત્તા આપી જ્યારે વૈશેષિકે પ્રમેય (જે પદાર્થનું સંશોધન કરવાનું હોય તે–ધ્યેય) ને મહત્તા આપી. ન્યાયમાં અણુનું મહત્વ છે, જ્યારે વૈશેષિકમાં પરમાણુનું મહત્વ છે. એમના મતે,

(૧) **પદાર્થ** ૭ છે :–દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય; અને અભાવ. આ સાત પદાર્થની પ્રામાણિત પરીક્ષાથી તત્ત્વ જ્ઞાન થાય. તેનાથી, મોહનાશ, મોહનાશથી અનાસક્તિ, અનાસક્તિથી કર્મફળત્યાગ, આથી કર્મબંધનનો નાશ. તેથી પુનર્જન્મનો અભાવ અને એજ શુદ્ધ મોક્ષનું સ્વરૂપ.

હવે વાચકની જિજ્ઞાસા ખાતર ઉપરના ૭ પદાર્થોના અવાન્તર ભેદ આપીએ છીએ. કારણ કે શ્રી ભાગવતે તૃતીય સ્કંધમાં त्रायार्गुणविशेषोऽर्थो (સ્કંધ ૩, ૪૬–૪૮) વગેરે શ્લોકોથી એનું તત્ત્વદર્શન આપ્યું છે.

(૧) **પદાર્થનાભેદ**:–પૃથ્વી, પાણી, તેજ વાયુ આકાશ કાળ, દિશા, આત્મા અને મન-કુલ ૯ પદાંર્થો છે.

(૨) **ગુણના ભેદ** :–રૂપ, રસ; ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુ:ખ, ઇચ્છા, દ્વેષ અને પ્રયત્ન.–કુલ ૧૭.

બીજા ગૌણ ભેદ :–શબ્દ, ગુરુત્વ, લઘુત્વ, સ્નેહ, ધર્મ અધર્મ અને સંસ્કાર. કુલ–૭

(૩) **કર્મના ભેદ**:—ઉત્ક્ષેપણ, અપક્ષેપણ. આકુંચન, પ્રસારણ, અને ગમન. કુલ–૫.

(૪) **સામાન્યના પ્રકાર**:—પર અને અપર કુલ–૨

(૫) **વિશેષના પ્રકાર**:—(૧) પૃથ્વી પાણી તેજ અને વાયુનાં પરમાણુઓ (૨) આકાશ (૩) કાળ (૪) દિક્–દિશા (૫) આત્માના સ્વતંત્ર ધર્મો, મળી ૫.

(૬) **સમવાય**:—પરસ્પરનું મિલન.

(૭) **અભાવના પ્રકાર**:—(૧) અન્યોન્યાભાવ:–ઘડો વસ્ત્ર નથી.

(૨) પ્રાગભાવઃ–ઉત્પત્તિ પહેલાં ઘડો નથી. (૩) પ્રધ્વંસાભાવઃ–ફૂટી ગયા બાદ ઘડો નથી. (૪) અત્યંતાભાવઃ–ત્રણેય કાળમાં જેનું અસ્તિત્ત્વજ નથી.

આગળ અમે આ દર્શનની ચર્ચાના આરંભમાંજ જણાવ્યું છે કે ન્યાય દર્શને અણુવાદને મહત્ત્વ આપ્યું છે, જ્યારે વૈશેષિક દર્શનમાં પરમાણુવાદનું મહત્વ છે. તેજ પ્રમાણે કાલને પણ મહત્તા આપી છે. ભગવદ્ગીતામાં આ પરમાણુનેજ अव्यक्ताद् व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे । अव्यक्तादीनि भूतानि । વગેરે વચનોથી અવ્યક્ત કહ્યું છે. એનું બીજું નામ सत् છે. શ્રીમદ્ભાગતે આ સિદ્ધાન્તો કાયમ રાખ્યા છે, ગીતાજીએ કાળને कालोऽस्मिलोकक्षयकृत् प्रवृद्धः કહી ભગવાનનું સ્વરૂપ બતાવ્યું છે. જ્યારે ભાગવતે કાલને શક્તિ રૂપે कालशक्तिः क्रिया शक्तिर्ज्ञानशक्तिरितिप्रभो વર્ણવ્યો છે तं तं धुनोति भगवान् कालरूपेण संस्थितः । આ વાક્યમાં કાળ ભગવાનનો વીર્યાવતાર છે. તદુપરાંત શ્રી ભાગવતે ન્યાય અને વૈશેષિક દર્શનમાં બતાવેલા અણુ અને પરમાણુનું સ્વરૂપ દર્શન અને માપ બતાવી અણુકાલથી આરંભી એના ઉપર મંડાણ બાંધી બે પરાર્ધ વર્ષ સુધીનું કાલમાન બતાવ્યું છે. વિશેષ સમન્વય માટે જુઓ **સૂત્રભાગવતમ્ વિષય સારણી વૈશેષિક દર્શન.**

(૫) પૂર્વમીમાંસા

આ દર્શનના પ્રણેતા આચાર્ય જૈમિનિ છે. જ્યારે વેદવ્યાસે વેદના સંવિભાગ કર્યા ત્યારે સામવેદ સંહિતા મહર્ષિ જૈમિનિને આપી હતી. એમણે પૂર્વમીમાંસા સૂત્રોની રચના કરી.

વેદનાં અપૌરુષેય વાઙ્મયના બે પ્રમેય–ધ્યેય છે.

(૧) ધર્મપાલન–અને યજ્ઞ અને તે દ્વારા મુક્તિ (૨) આત્મદર્શન અને પરમાત્મદર્શન–અને તે દ્વારા મોક્ષ–એમાં પ્રથમ ધ્યેય

માટે જે દર્શન રચાયું, તેને પૂર્વમીમાંસા અને બીજાં ધ્યેય માટે જે દર્શન રચાયું તેને ઉત્તરમીમાંસા કહે છે. એનાં બીજાં નામો અનુક્રમે કર્મમીમાંસા અને બ્રહ્મમીમાંસા છે.

આ પૂર્વમીમાસા ઉપર શાબર ભાષ્ય છે. વિક્રમાદિત્ય અને ભર્તૃહરિના પિતા આદિત્યદેવ જે પાછળથી શબર મુનિ થયા, તેમણે આ ભાષ્યની રચના કરી. આ શાબર ભાષ્ય ઉપર પ્રભાકરની અને કુમારિલભટ્ટની એમ બે ટીકાઓ છે, તેમાં કુમારિલ ભટ્ટની ટીકા તથા વાર્તિક ખૂબ પ્રસિદ્ધ છે.

આગલાં ચાર દર્શનોએ કર્મને જેટલી મહત્તા નહોતી આપી, એનાથી અનેક ગણી મહત્તા પૂર્વમીમાંસાએ કર્મને આપી છે. તે એટલે સુધી કે કર્મકાંડદ્વારાજ મોક્ષ સિદ્ધિ થાય છે. એમ જૈમિનિનો સિદ્ધાન્ત છે. એની મોક્ષની વ્યાખ્યા કુમારિલ· મતે નીચે મુજબ છે,

दुःखात्यन्तसमुच्छेदे सति प्रागात्मवर्तिनः ।
सुखस्य मनसा भुक्तिर्मुक्तिरुक्ता कुमारिलैः ॥

દુઃખનો આત્યન્તિક નાશ થતાં આત્મામાં પહેલેથી રહેલાં આત્યંતિક સુખનો મનદ્વારા ઉપભોગ તથા અનુભવ થાય તેજ મુક્તિ. અર્થાત્ આત્માની અત્યંતાનંદમય પુનર્જન્મ રહિત અવસ્થા એજ મોક્ષ. અને એની પ્રાપ્તિ માટે આ દર્શનનો પાયો ધર્મ ઉપર રચાયો છે. એનું પહેલું સૂત્ર अथातो धर्मजिज्ञासा અને બીજું સૂત્ર चोदनालक्षणोऽर्थो धर्मः । આમ આખું દર્શન ધર્મકર્મ ઉપર અવલંબિત છે.

જૈમિનિ વેદને પૂર્ણ પ્રમાણ માને છે પણ એના વિધિવાક્યોને એ વિશેષ પ્રમાણભૂત માને છે. એની પ્રમાણની વ્યાખ્યા આ પ્રમાણે છે. कारणदोषवाधकज्ञानरहितं अगृहीतग्राहिज्ञानं प्रमाणम् । અર્થાત્ જેનાથી અજ્ઞાત વસ્તુનો અનુભવ થાય; જે જ્ઞાનથી

અબાધિત હોય અને દોષ રહિત હોય તેનું નામ પ્રમાણ. એ પ્રમાણના ૬ પ્રકારની વ્યાખ્યાથી કર્મની ચકાસણી કરે છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અભાવ આ છ પ્રમાણોનાં ભેદ છે.

(૧) **પ્રત્યક્ષઃ**—જેથી પ્રમેય (જ્ઞાનનો વિષય), પ્રમાતા (જાણનાર વ્યક્તિ), અને પ્રમા (જ્ઞાન)નું ભાન સાથે થાય તે.

(૨) **અનુમાન અને ઉપમાનઃ**—ન્યાયદર્શન પ્રમાણે.

(૪)**શબ્દ**—જ્ઞાત. શબ્દથી પદાર્થનું સ્મરણાત્મક જ્ઞાન તેના બે પ્રકાર.
अ પૌરુષેયઃ—શાસ્ત્ર વચનો, આપ્તવચનો
ब અપૌરુષેયઃ—વેદાજ્ઞા—સીધી તથા ધ્વન્યર્થ વાળી.

(૫) **અર્થાપત્તિઃ—દૃષ્ટ** અથવા **શ્રુત** વિષયની સાબિતી જે ધ્વન્યર્થ વિના ન થાય તે—જેમકે,

(અ) **દૃષ્ટાર્થાપત્તિઃ**—' દેવદત્ત દિવસે ખાતો નથી છતાં જાડો છે.' અર્થાત્ ' રાત્રે ખાય છે તેથી જાડો છે.'

(ब) **શ્રુતાર્થાપત્તિઃ**—'દેવદત્ત ઘરમાં નથી' અર્થાત્ ' દેવદત્ત છે ખરો પણ બીજે '

(૬) **અભાવઃ**—ઉપરનાં સર્વ પ્રમાણોથી જે સાબિત ન થાય તે.

આમ ઉપરનાં છ પ્રમાણોથી ધર્મ અને કર્મની પરીક્ષા કરી મીમાંસકોએ ચાર પ્રકારનાં કર્મ નક્કી કર્યાં. (૧) નિત્ય (૨) નૈમિત્તિક (૩) કામ્ય અને (૪) નિષિદ્ધ.

(૧) **નિત્યઃ**—સ્નાન, સંધ્યા, પૂજા, બ્રહ્મયજ્ઞ, તર્પણ, વૈશ્વદેવ, અતિથિ સત્કાર વગેરે. ગીતાજીએ એને नियतं कुरु कर्म त्वम् કહી અનુમોદન આપ્યું છે.

(૨) **નૈમિત્તિકકર્મ**:–કોઈ વિશિષ્ટ નિમિત્તને ઉદ્દેશીને કરવાનાં કર્મો જેમકે યજ્ઞ, દાન, તપ, ઈષ્ટાપૂર્ત કર્મ. ગીતાજીએ यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम्–કહી અનુમોદન આપ્યું છે.

(૩) **કામ્ય**:–કોઈ પણ, વસ્તુને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી કર્મ કરવાં તે–ગીતાજીએ આવાં કર્મ કરવાથી સ્થળે સ્થળે ના પાડી છે. कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन । यः शास्त्रविधिमुत्सृज्य વગેરે.

(૪) **નિષિદ્ધ**:–આવાં કર્મો જીવનમાં કદિય ન કરવા માટે આજ્ઞા કરી છે જેમકે ચોરી, ખૂન, વ્યભિચાર. વગેરે. જુઓ ગીતા અ. ૧૬

ટૂંકમાં નિત્ય અને નૈમિત્તિક કર્મ ફળ સ્વર્ગાદિ છે. અને તે ભોગવ્યા બાદ પુનર્જન્મ–તે तं मुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति પ્રમાણે. પણ નિષિદ્ધ કર્મ તો નરકપ્રાપ્તિ માટે જ છે. જો આ સર્વ કર્મ ધર્મ તરીકે નિષ્કામ ભાવે કરવામાં આવે તો સ્વર્ગ અને નરક બન્ને છૂટી જતાં આગળ જણાવેલ વ્યાખ્યા મુજબ દુ:ખના આત્યંતિક અભાવમાં આત્માની આનંદમયી અવસ્થા થાય એજ મોક્ષ છે. શ્રીમદ્ભાગવતે તો આ દર્શનના અંગ પ્રત્યંગોની ઘણી છણાવટ કરી છે, કર્મ અકર્મ વિકર્મ છલધર્મ આભાસ ધર્મ, ઉપધર્મ, તેમજ વિધિ નિષેધ, યજ્ઞના અંગો તેમજ ઉપાંગોની ચર્ચા પણ કરી છે. તદુપરાંત ભાગવતે યજ્ઞ એજ ભગવાન, એ વરાહાવતાર દ્વારા બતાવ્યું છે.

આ પૂર્વ મીમાંસાના સમન્વય માટે જુઓ, સૂત્રભાગવત વિષય સારણી, પૂર્વ મીમાંસા વિભાગ.

(૬) ઉત્તર મીમાંસા અથવા બ્રહ્મસૂત્ર.

બ્રહ્મસૂત્રના પ્રણેતા મહર્ષિ બાદરાયણ અથવા વ્યાસજી છે.

આ ગ્રન્થની એટલી પ્રતિષ્ઠા છે, કે જે કોઇ (૧) ઉપનિષદો (૨) બ્રહ્મસૂત્ર અને (૩) શ્રીભગવદ્ગીતા આ ત્રણ ગ્રન્થો ઉપર સ્વતંત્ર મન્તવ્યવાળી ટીકા કરે, અને તે જો માન્ય થાય, તો તેને જ આચાર્ય તરીકે માનવામાં આવે. આથી આ દર્શન ભારતીય તત્ત્વજ્ઞાનમાં ખૂબજ અગત્યનું સ્થાન ભોગવે છે. ઉપર જણાવેલ ત્રણ ગ્રન્થોને પ્રસ્થાનત્રયી કહેવામાં આવે છે. આ પ્રસ્થાનત્રયી ઉપરથી સ્થપાયેલા મતો નીચેના કોઠાથી સમજાશે.


પ્રસ્થાનત્રયી
અદ્વૈતમત
દ્વૈતમત
(મધ્વાચાર્ય)
વૈષ્ણવ
દ્વૈતાદ્વૈતમત
કેવલાદ્વૈત
(શંકરાચાર્ય)
બ્રહ્મપ્રધાન
શુદ્ધાદ્વૈત
(વલ્લભાચાર્ય)
વૈષ્ણવ
અદ્વૈતમત
(વિજ્ઞાનભિક્ષુ)
બ્રહ્મપ્રધાન
વિશિષ્ટાદ્વૈત
(ભાસ્કર)
બ્રહ્મપ્રધાન
(નિમ્બાર્ક)
વૈષ્ણવ
(રામાનુજ)
વૈષ્ણવ
(શ્રીકંઠ)
શૈવ અને શાકત

આ પ્રસ્થાનત્રયી ઉપરની ટીકાઓમાં બ્રહ્મસૂત્રાદિના સિદ્ધાન્તના સમર્થન માટે ઐતરેય, તૈત્તરીય, કઠ, શ્વેતાશ્વતર, ઈશાવાસ્ય, બૃહદારણ્યક, છાન્દોગ્ય, કેન, મુંડક, માંડૂકય અને પ્રશ્ન આટલાં ઉપનિષદનો આધાર લીધો છે. બીજાં ઉપનિષદોનો કવચિત્ આધાર લીધો છે.

વળી બ્રહ્મસૂત્રની એક વિશિષ્ટ પદ્ધતિ, એ છે, કે તેમાં આગળનાં દર્શનો સાંખ્ય યોગ ન્યાય વૈશેષિક અને પૂર્વમીમાંસા ઉપરાંત બૌદ્ધ અને જૈન દર્શન તથા ભાગવત જેવા ગ્રન્થમાંથી પૂર્વપક્ષ–પ્રશ્ન–ઉપસ્થિત કરી તેના ઉત્તર પક્ષ–જવાબ રૂપે પોતાના સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું છે. બ્રહ્મસૂત્રની આ સ્વતંત્ર વિશિષ્ટ કલા છે.

બ્રહ્મસૂત્રના મોટા ભાગના સિદ્ધાન્તો શ્રીમદ્‌ભાગવતને મળતા આવતા હોવાથી, કંઇક અંશે અપ્રસ્તુત હોવા છતાં સમન્વયની દૃષ્ટિએ અગત્ય હોવાથી બ્રહ્મસૂત્રના દરેક અધ્યાયનો સાર અમે આપીએ છીએ, અને જ્યાં શ્રીમદ્‌ભાગવત સાથે એકાત્મતા હશે તે વાકયના અંક મોટા ટાઇપમાં રાખ્યા છે જેથી પ્રિય વાચક સહેલાઈથી બ્રહ્મસૂત્ર અને ભાગવત, સિદ્ધાન્તોમાં કેટલાં ઓતપ્રોત છે, તે સમજી શકે.

બ્રહ્મસૂત્ર–શ્રી વલ્લભાચાર્યજીની દૃષ્ટિએ.

અ. ૧. લો :–(૧) સંસાર કર્મ જન્ય અને વિનાશી છે. (૨) બ્રહ્મપ્રાપ્તિ માટે વિવેક વૈરાગ્ય શમદમાદિ સાધન સંપત્તિ અને મુમુક્ષુત્ત્વ આવશ્યક છે. (૩) જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ અને લય જેનાથી થાય છે, તે બ્રહ્મ સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, સર્વ વ્યાપક અને ઉભયાન્વયી છે. (૪) આકાશ બ્રહ્મ સ્વરૂપ છે. (૫) બ્રહ્મની ઇચ્છાજ જગત્કારણ છે. પ્રધાન કે પ્રકૃતિ પણ બ્રહ્મરૂપા હોવાથી એને 'अजा' કહે છે, અને એ (કાર્ય) બ્રહ્મનું સાધન છે.

અ. ૨. જો :–(૧) બ્રહ્મ અને જગતનો સંબંધ સમુદ્ર અને તરંગ સમો ભિન્ન છતાં અભિન્ન છે. અને તેથી પ્રત્યેક જીવ બ્રહ્મનો અંશ છે. (૨) આત્મા પદાર્થ નથી. તે બ્રહ્મનો અંશ હોવાથી નિત્ય, સ્વયં જ્ઞાનમય, કર્તૃત્વધર્મી, અચ્છેદ્ય, અદાહ્ય વગેરે બ્રહ્મધર્મવાળો હોવા છતાં અંશી હોવાથી સુખ દુઃખ

કર્મ વિધિ તથા નિષેધને આધીન છે. દેહોપાધિ હોવાથી અલ્પજ્ઞ મર્યાદિત શક્તિવાળો અને જન્મ મરણને આધીન છે. (૩) ઇન્દ્રિયો, મન, ગૌણ પ્રાણો (અપાન વ્યાન વગેરે) અને દેહ આ સર્વ પ્રાણને આધીન છે. પ્રાણ એ બ્રહ્મની અધિભૂત કલા છે. બ્રહ્મની અધિદૈવ કલા હિરણ્યગર્ભ અને અધ્યાત્મકલા વિભુ–બ્રહ્મ છે.

અ. ૩ જો :–(૧) જીવ મૃત્યુ વખતે ભાવિ દેહના કારણભૂત વાસનાત્મક પરમાણુપુંજ સાથે નીકળે છે. (૨) પુણ્ય કર્મ કરનાર અનુક્રમે સ્વર્લોક, સોમ (સૂક્ષ્મરસ) વૃષ્ટિ, અન્ન, વીર્ય, રજ દ્વારા અનુશય (બાકી રહેલી કર્મ વાસના) મુજબ જન્મ ધારણ કરે છે. (૩) પાપીની ઊર્ધ્વગતિ થતી નથી. તેઓ ક્ષુદ્ર જંતુ તરીકે ઉત્પન્ન થાય છે (૪) કેટલાક જીવો સીતા અને દ્રોપદીની માફક ઉદ્ભિજજ (વનસ્પતિ) ક્રમથી જન્મે છે. (૫) નિષ્કામ અને સકામ કર્મના બે માર્ગ (अ) દેવયાન અને (ब) પિતૃયાન–(૬) દેહની ત્રણ અવસ્થાઓ જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ–(૭) ઈશ્વરનાં મૂર્ત અને અમૂર્ત સ્વરૂપો. (૮) ધ્યાનના માર્ગ (૯) બ્રહ્મચારી ગૃહસ્થી વાનપ્રસ્થી અને સંન્યાસીના ધર્મો.

અ. ૪. થો (૧) પ્રતીકોપાસના (મૂર્તિપૂજા) જીવનું નિકૃષ્ટ ભાવમાંથી ઉત્કૃષ્ટ ભાવમાં જવાનું સાધન. એમાં પોતાને માટે જીવભાવ અને ઉપાસ્ય માટે પૂર્ણ બ્રહ્મભાવ જોઇએ. એમાં દેશ કાલ, પવિત્રતા તથા શમદમાદિ વિવેકની જરૂર. (૨) દેવયાનના ૧૨ પર્વનું વર્ણન. (૩) દેવયાનથી ઊર્ધ્વગતિ –મોક્ષનું સ્વરૂપ—તે કેવળ ચૈતન્ય મય, ચિન્માત્રા વિશેષ હોવા છતાં દેહ ધારણ કરવામાં સ્વતંત્ર. સંકલ્પ માત્રથી સ્થૂલ દેહ ધારણ કરી પોતાનું કર્તવ્ય કરી દેહ વિલય કરી શકે. તે

વખતે નિર્મિત શરીરનું મન તેને આધીન હોય છે. એ શરીરને જગદ્વ્યાપાર સાથે સંબંધ નથી· (૪) જગતનું અશ્વર્ય ઈશ્વરી બક્ષિસ છે. ઈશ્વરનું ઐશ્વર્ય વિકારને વશ ન થનાર અને નિત્ય સિદ્ધ છે (૫) મોક્ષ જીવના કારણ બ્રહ્મમાં આત્યન્તિકલયમાં જ છે.

આથી બ્રહ્મસૂત્રના નીચે જણાવેલા સિદ્ધાન્તો સ્પષ્ટ થાય છે.

(૧) ઈશ્વરનું નામ પરબ્રહ્મ છે.

(૨) પરબ્રહ્મ જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ અને લયનું કારણ છે.

(૩) જ્યારે આ પરબ્રહ્મ યોગ માયાને સાથે રાખી જગતની ઉત્પત્તિ સ્થિતિ લય વગેરે કરે છે, ત્યારે તેને અક્ષરબ્રહ્મ કહે છે.

(૪) જીવાત્માનો પરબ્રહ્મ સાથે ગાઢ વિલક્ષણ સજાતીય સંબંધ છે. આત્મા બ્રહ્મના જેટલાજ ગુણધર્મવાળો છે. સંરાધન (યોગારૂઢ અથવા પરાભક્તિ) દ્વારા જીવાત્મામાં બ્રહ્મગુણોનો પૂર્ણ આવિર્ભાવ થતાં જીવાત્મા મુક્ત બને છે.

(૫) પરબ્રહ્મ વિશ્વમય હોવા છતાં તેથી પર છે.

(૬) ઉપાસના કરવાથી જીવાત્મા દેવયાન દ્વારા અક્ષરબ્રહ્મ સાથે સાયુજ્ય પ્રાપ્ત કરી કારણ બ્રહ્મ (પરબ્રહ્મ) માં લીન થાય છે. પછી એ આત્માની પુનરાવૃત્તિ નથી.

અમે બીજાં દર્શનોની અપેક્ષાએ આ વેદાન્ત દર્શનની વિસ્તૃત ચર્ચા કરી છે. તેનું મુખ્ય કારણ એ છે, કે શ્રી ભાગવતમાં આ દર્શન સર્વ સ્કંધોમાં ઓતપ્રોત છે એ આપને ઉપરના મુદ્દાઓથી માલમ પડયું હશે. શ્રીમદ્‌ભાગવતનો આરંભ જ जन्माद्यस्य यतः સૂત્રથી થાય છે, અને એજ શ્લોકમાં પ્રાપ્તવ્ય सत्यं परं धीमहि થી થાય છે. यस्मिन् पारमहंस्यमेकममलं ज्ञानं परं गीयते

વચનથી એ પરમહંસ સંહિતા છે. આથી જ શ્રી મહાપ્રભુજીએ એને ચતુર્થ પ્રસ્થાન માન્યું છે.

સૂત્ર ભાગવતમાં આવેલા સિદ્ધાન્તો બ્રહ્મસૂત્રાનુસારી છે. એના સન્મવય માટે જૂઓ **સૂત્ર ભાગવતમ્ વિષયસારણી વેદાન્ત દર્શન.**

(૭) ભક્તિદર્શન

વેદના જે વિભાગમાં ઉપાસના—ભક્તિ—માર્ગ બતાવ્યો છે, તેને ઉપાસનાકાંડ અથવા એકાયન કહેવામાં આવે છે—ભક્તિદર્શનનું બીજ આ એકાયનમાંથી પ્રાપ્ત થતા પાંચરાત્ર સિદ્ધાન્તમાં છે. ऋते ज्ञानान्न मुक्तिः એ વાત સાચી છે કે જ્ઞાન વિના મુક્તિ નથી, કિન્તુ એકાયનના नान्यः पन्था विद्यतेऽयनाय જેવા મંત્રો એમ પણ બતાવે છે, કે મોક્ષપ્રાપ્તિ માટે પરમ પુરુષનો આશ્રય અને તેના ઉપરનો નિર્વ્યાજ પ્રેમ એ પરમપદની પ્રાપ્તિ માટેનો ઉપાય છે, બીજો નહિ. યજુર્વેદના નારાયણ સૂક્તમાં અને શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં આ વિધાન સ્પષ્ટ છે.

આ એકાયનશાસ્ત્ર સ્વયં ભગવાન નારાયણે શાંડિલ્ય, ઔપગાયન, મૌજ્યાયન, કૌશિક, અને ભરદ્વાજ નામના પાંચ મુનિઓને શીખવ્યું. એક એક દિવસ અને રાત્રિમાં આ પાંચ ઋષિઓએ વિશુદ્ધ સત્વબળથી એનું અધ્યયન કર્યું, માટે એનું નામ પાંચરાત્ર પડયું.

એકાયનના નીચે જણાવેલા બે મંત્રોમાં શેષશાયી નારાયણ તત્ત્વનું મૂળ છે.

परो दिवा पर एना पृथिव्या परो देवेभिरसुरैर्यदन्ति ।
कंस्विद् गर्भं प्रथमं दध्रे आपो यत्र देवाः समपश्यन्त विश्वे ॥
तमिद् गर्भं प्रथमं दध्र आपोः यत्र देवाः समगच्छन्त विश्वे ।
अजस्यनाभावध्येकमर्पितं यस्मिन् विश्वानि भुवनानि तस्थुः ॥
ऋ १०, ८२, ५–६

અર્થાત્ ‘સ્વર્ગ અને પૃથ્વીથી પર, દેવો અને અસુરો જેને કદિ પાર પામી ન શકે; એવાં પરમ તેજ ને આપો દેવી–જલ-દેવતા–સમુદ્રે (જડ–ચૈતન્યના) ગર્ભરૂપે–(મૂલભૂત દ્રવીભૂત અવસ્થા) ધારણ કર્યું. તેમાં સર્વ દેવોએ પરમ તત્ત્વનું મૂર્તિમંત સ્વરૂપ જોયું. આ ગર્ભ (સમગ્ર વિશ્વનું આત્મ ચૈતન્ય) એ મૂર્તિમંત અજન્મા દેવની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કમળમાં દેખાયો, જેમાં સમગ્ર ભુવનો ગોઠવાયેલાં જણાયાં’ વિષ્ણુસહસ્રનામમાં આવેલા शान्ताकारं भुजगशयनं એ પૌરાણિક મંત્રનું આ બીજ છે. ગીતાજીએ એને મહદ્‌યોનિ કહી છે.

આજ વૈદિક સિદ્ધાન્તનાં સાત્ત્વત તંત્ર અથવા ભાગવતમત નામ પડ્યાં. આ પાંચરાત્ર સંપ્રદાયના ઈશ્વર સંહિતા, કપિંજલ સંહિતા, પદ્મતંત્ર, ભારદ્વાજ સંહિતા, તથા સાત્વત સંહિતા વગેરે ગ્રન્થો છે. સૂત્રગ્રન્થોમાં નારદ ભક્તિ સૂત્ર, શાંડિલ્યભક્તિ સૂત્ર છે. મહાભારતમાં આવેલું નારાયણીય સૂક્ત પાંચરાત્રનું શુદ્ધ સ્વરૂપ છે.

પાંચરાત્ર મતમાં મુખ્ય ૫ વિષયોની ચર્ચા છે. (૧) તત્ત્વદર્શન (૨) મુક્તિ દર્શન (૩) ભક્તિ દર્શન (૪) યોગ દર્શન અને (૫) પ્રત્યક્ષ વિષય દર્શન. એમાનાં ભક્તિ દર્શન સિવાયના સર્વ વિષયોની ચર્ચા આગલાં ૬ દર્શનોમાં આવી ગઈ છે. એટલે ભક્તિ દર્શન તરફ વળીએ.

પાંચરાત્રથી પ્રાપ્ત ભક્તિદર્શનનું ઉપાસ્ય સ્વરૂપ શ્રી નારાયણ છે. એનું આદિ સ્વરૂપ વેદના બે મંત્રોથી અમે આગળ બતાવ્યું છે. એના છ ધર્મો છે.

(૧) **જ્ઞાન** :– નિત્ય ઉદયાસ્તવાળાં ચૈતન્યનું સંપૂર્ણ ગુણજ્ઞાન.

(૨) **ઐશ્વર્ય** :- કોઈ પણ સાધન સિવાય સર્વની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરવાનું સામર્થ્ય.

(૩) **શક્તિ** :- વિશ્વનું ઉપાદાન અને સમવાયી કારણ.

(૪) **પ્રસાદ** :- અનંત કાર્યો કરવા છતાં પરિશ્રમ રાહિત્ય.

(૫) **વીર્ય** :- જગત્‌નાં સર્વ કાર્યો કરવા છતાં જેનાં મૂલ સ્વરૂપમાં જરાય વધારો કે ઘટાડો ન થાય તે, માટે અચ્યુત.

(૬) **તેજ** :- અનંત કાલ સુધી કોઈની પણ સહાય વિના કર્મનું સામર્થ્ય.

આજ છ ગુણોનો પાછળથી ઐશ્વર્ય વીર્ય કીર્તિ શ્રી જ્ઞાન અને વૈરાગ્યમાં અંતર્ભાવ થતાં તે સર્વનું એક નામ ભગ પડ્યું, અને તેથી ભગવાન કહેવાયા.

જ્યારે ભગવાનના આ છ ગુણોવાળી શક્તિ ‘ एकोऽहं बहुस्याम् ’ ‘ स एकाकी नारमत ’ હું એકમાંથી અનેક થાઉં એવો સંકલ્પ કરે છે, ત્યારે સંકલ્પને ‘ સુદર્શન ’ અને શક્તિને **લક્ષ્મી** કહે છે. તે ભગવાનથી અવિભક્ત છે. સદા નારાયણ સાથે રહેનાર હોવાથી **નિત્યા**; નિરાકાર હોવાથી **પૂર્ણા**; ભક્ત હૃદયમાં આશ્રય કરવાથી **શ્રી**; સર્વની ઇચ્છા પૂર્ણ કરનાર હોવાથી **કમલા**, અનંત, કાલની અધિષ્ઠાત્રી હોવાથી **પદ્મા**; કહેવાય છે. આ ઉપરાંત તેને અદિતિ, અનાહતા, જગત્પ્રાણા, પ્રકૃતિ, માતા, સત્યા, અને શાન્તા પણ કહે છે.

ઉપર જણાવેલાં ૬ ઐશ્વર્યમાંથી પાંચરાત્રે નીચેના વ્યૂહ બતાવ્યા છે, જેનું વર્ણન ભાગવતના તૃતીય સ્કંધમાં છે.

(૧) વાસુદેવ વ્યૂહ :- છ ઐશ્વર્ય પૂર્ણ હોય તે સ્વરૂપ
(૨) સંકર્ષણ વ્યૂહ :- જ્ઞાન અને બલપ્રધાન.
(૩) પ્રદ્યુમ્ન વ્યૂહ :- ઐશ્વર્ય અને વીર્ય પ્રધાન
(૪) અનિરુદ્ધ વ્યૂહ :- શકિત અને તેજ પ્રધાન.

શ્રીમદ્‌ભાગવતે આ ચારેયને અંતઃકરણ ચતુષ્ટયના અધિષ્ઠાતા માન્યા છે. જુઓ ભા-૩, ૨૬, ૨૧-૩૧-સૂત્ર ભાગવત સૂત્ર-નં ૮૬, ૮૭, ૮૮

પાંચરાત્ર મત પ્રમાણે ભગવાનનાં ભજનીય સ્વરૂપો.


નારાયણ (નિરાકાર–ચૈતન્ય અને આનંદમય)
પર વિષ્ણુ
સત્ત્વ
રજસ્
તમસ્
અપર વિષ્ણુ
બ્રહ્મા
રૂદ્ર
પાલન
ઉત્પત્તિ
સંહાર

પાંચરાત્ર મત પ્રમાણે ભગવાન વિષ્ણુ સ્વેચ્છાથી અધર્મીના સંહાર માટે તથા સત્પુરૂષનાં રક્ષણ માટે અવતાર લે છે. એના ચાર પ્રકાર છે. (૧) કલ્પાવતાર (૨) મન્વન્તરાવતાર (૩) યુગાવતાર અને (૪) સ્વલ્પાવતાર.

હવે પાંચરાત્ર મત પ્રમાણે ભકિતનું સ્વરૂપ જોઈએ. ભક્તિના બે પ્રકાર છે, (૧) વિહિતા અને (૨) અવિહિતા.


૧ વિહિતા
મિશ્રા
શુદ્ધા-આત્યંતિકીપ્રીતિ
૧૪
કર્મ મિશ્રા
કર્મજ્ઞાનમિશ્રા
જ્ઞાનમિશ્રા
૧૩ નિર્ગુણા
૧૦ ઉત્તમ
૧૧ મધ્યમ
૧૨ અધમ
સાત્વિકી
રાજસી
તામસી
(૧) કર્મક્ષયાર્થી
(૨) વિષ્ણુપ્રીત્યર્થી
(૩) વિધિસિધ્યર્થી
૭ હિંસાર્થી
૮ દંભાર્થી
૯ માત્સર્યાર્થી
(૪) વિષયાર્થી
(૫) યશોર્થી
(૬) ઐશ્વર્યાર્થી
૨ અવિહિતા
કામ
ગોપીઓની
૧૫
દ્વેષ
શિશુપાલની
૧૬
ભય
કંસની
૧૭
સ્નેહ
યાદવો—પાંડવો વગેરે
૧૮

આમ આપણે પાંચરાત્ર મતનું શુદ્ધ સ્વરૂપ અને તેમાં આવેલી ભક્તિનું સ્વરૂપ જોયું. હવે એ પાયા ઉપર રચાયેલા સૂત્ર ગ્રન્થોનું સ્વરૂપ જોઈએ. આ સૂત્રગ્રન્થોમાં (૧) નારદ ભક્તિ-સૂત્ર અને શાંડિલ્યભક્તિસૂત્ર અગ્રસ્થાને છે. એમાં ભક્તિની વ્યાખ્યા નીચે મુજબ છે.

(૧) सा त्वस्मिन् परम प्रेमस्वरूपा ! अमृतस्वरूपा च ना-भ-सू-૩ (૨) सा परानुरक्तिरीश्वरे । શાં-સૂ. અર્થાત્ સર્વ

લૌકિક પદાર્થોનો સર્વથા ત્યાગ કરી પ્રભુમાંજ પરમ પ્રેમ એનું નામ ભક્તિ. આ ભક્તિ ફલસ્વરૂપ છે. આ ભક્તિ બે પ્રકારની છે. (૧) વૈધી—જેમાં સાધનોને મહત્તા આપવામાં આવે અને ફલની ઇચ્છાથી કરવામાં આવે તે. તેનું બીજું નામ મર્યાદા ભક્તિ છે. (૨) રાગાત્મિકા :–જેમાં સર્વ સાધનોનો અને સંસારની લૌકિક આસકિતનો સદંતર ત્યાગ હોય, તદ્દન ફલેચ્છા રહિત હોય, કેવળ પ્રભુપ્રેમલક્ષણા હોય, મોક્ષેચ્છાનો પણ ત્યાગ હોય, માત્ર પ્રભુસેવા અને તેની પ્રસન્નતા એજ ફળ હોય તે. તેનું બીજું નામ પરા, પ્રેમલક્ષણા અથવા શુદ્ધ પુષ્ટિ ભક્તિ છે. ભક્તિના આ બે પ્રકારમાં પ્રથમ સાધન અવસ્થાની અને બીજી સિદ્ધ અવસ્થાની છે.

(૧) વૈધી

આ ભક્તિ નવ પ્રકારની છે. (૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ (૪) પાદસેવન (પૂજન) (૫) અર્ચન (૬) વંદન (૭) દાસ્ય (૮) સખ્ય અને (૯) આત્મનિવેદન.

આમાંની પ્રથમ ૬ પ્રકારની ભક્તિ સાધન અવસ્થાની છે, અને છેલ્લી ૩ પ્રકારની ભક્તિ ઉત્કૃષ્ટ બનતાં તેનું પર્યવસાન રાગાત્મિકા ભક્તિમાં થાય છે.

(૨) રાગાત્મિકા–પ્રેમલક્ષણા–રસપ્રધાન.

પ્રધાનરસ		ગૌણરસ	
૧ દાસ્ય	શ્રી હનુમાન	૧ હાસ્ય	ગોપબાલક
૨ સખ્ય	ઉદ્ધવજી–અર્જુન	૨ વીર	ભીષ્મ
૩ આત્મનિવેદન	શ્રી નારદ	૮ કરુણ	સુદામા
૪ વાત્સલ્ય	નન્દ યશોદા દશરથ કૌશલ્યા	૪ અદ્ભુત	અર્જુન, બલિ (વિરાટ દર્શન)

૫ કાન્તાભાવ	વ્રજગોપી	૫ ભયાનક	કંસ
૬ ગુણકીર્તન	વ્યાસ, શુકદેવ	૬ બીભત્સ	અઘાસુર
૭ તન્મયતા	શ્રી શંકર	૭ રૌદ્ર	મલ્લ, ઇન્દ્ર
		૮ શૃંગાર	સ્ત્રીઓ મથુરા તથા દ્વારકાની
		૯ શાન્ત	યોગીઓ

ભક્તિ શાસ્ત્રના સિદ્ધાન્તો :—

(૧) ભગવાનના અનુગ્રહ–કૃપા–થીજ ભક્તિ પ્રાપ્ત થાય છે.

(૨) આદર્શ ભક્તિમાં પ્રેમ સાધન જ મુખ્ય છે. દેશ કાલ પાત્ર જ્ઞાન વૈરાગ્ય જપ તપ વગેરેને ભગવાન જોતા નથી. માત્ર આરંભ કાળમાં જ એની જરૂર છે.

(૩) ભગવત્પ્રીત્યર્થે સર્વ સાધનોનો ત્યાગ એજ ભક્તિનું પરમ સાધન

(૪) અતૂટ શ્રદ્ધા અને સર્વવ્યાપક પ્રભુદર્શન એ મહાસાધન

(૫) સેવા અને સત્સંગ એ બે જીવનવ્રત

(૬) પ્રભુ સાથે ભાવ ક્રિયા અને દ્રવ્યનું અદ્વૈત.

(૭) આત્માનંદ અને બ્રહ્માનંદ કરતાં પરમાનંદનું વૈશિષ્ઠ્ય ભક્તિ સિદ્ધાન્ત પ્રમાણે ભક્તની ૪ દશાઓ અનુક્રમે (૧) ભગવાન ઉપર **પ્રેમ** (૨) કેવળ ભગવાન ઉપર જ **આસક્તિ** (૩) કેવળ ભગવાનનું જ **વ્યસન** અને ઉત્તરોઉત્તર આ ત્રણ સ્થિતિ પ્રાપ્ત થતાં **તન્મયતા** ભક્તિમાર્ગનો મોક્ષ :–(૧) સંસારનું સદંતર વિસ્મરણ અને ભગવાનમાં તેટલી જ આસક્તિ એજ જીવન્મુક્તિ –અને તે દ્વારા સાયુજ્ય. (૨) કોઇ પણ જન્મમાં સ્નેહ સેવા સૌજન્ય સમર્પણ અને સત્સંગની પ્રાપ્તિ.

શ્રીમદ્ભાગવત તો સ્વયં ભક્તિ શાસ્ત્ર છે. છતાં ઉપર જણાવેલી બન્ને પ્રકારની ભક્તિના સમન્વય માટે જુઓ **સૂત્ર-ભાગવત વિષયસારણી ભક્તિદર્શન.**

હવે આ ગ્રન્થનાં પ્રકાશન વિષેઃ—

આ પ્રાસ્તાવિકનાં શરુઆતનાં પૃષ્ઠોમાં જ મેં આ ગ્રન્થના ઉપક્રમની રૂપરેખા આપી છે. वेदोपनिषदां साराज्जाता भागवती कथा । यस्मिन् पारमहंस्यमेकममलं ज्ञानं परं गीयते । આ વચનાનુસાર વેદ અને ઉપનિષદ્‌ના સાર રૂપ, તથા જેમાં પરમહંસોનું વિશુદ્ધજ્ઞાન (બ્રહ્મ–સૂત્રાદિનું) આવેલું છે, એ શ્રીમદ્ભાગવત, ભગવાનનાં વાઙ્મય સ્વરૂપમાં આવેલાં તત્ત્વજ્ઞાનને સૂત્રાત્મક પદ્ધતિથી જનસમાજ આગળ મૂકવાનું સાહસ કરતાં મને કાલિદાસનું વચન યાદ આવે છે, કે મારી ગતિ प्रांशुलभ्ये फले लोभात् उद्बाहुरिव वामनः તો નહિં થાય ?

કારણ કે મહાભારત માટે એક પ્રસિદ્ધ ઉક્તિ છે કે જે ભારતમાં છે તે સર્વત્ર છે. જે ભારતમાં નથી તે ક્યાંય નથી. व्यासोच्छिष्टं जगत्सर्वम् । આજ ઉક્તિ મને તો શ્રી મદ્ભાગવતને પણ લાગુ પડતી લાગે છે. એક પણ વિષય, પછી તે ભૌતિક–સામાજિક–રાજદ્વારી કે આધ્યાત્મિક ગમે તે હો, વ્યાસજીએ એની શ્રીમદ્ભાગવતમાં અપૂર્વ બુદ્ધિસામર્થ્યથી ગૂંથણી કરી છે. ભાષા પ્રૌઢી છતાં પારદર્શિની, વિચારો ગંભીર છતાં વ્યવહારૂ અને પ્રસન્ન ગંભીર શૈલીથી શ્રીમદ્ભાગવતનું તત્ત્વજ્ઞાન બહુજન સમાજ સુધી પહોંચ્યું છે. ગીતા બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ભાગવતમાં આવેલી વ્યાસજીની પ્રજ્ઞાપારમિતાએ જગત્‌નાં સાહિત્યનાં ક્ષેત્રમાં અભૂતપૂર્વ સાહિત્યકાર તરીકેનું સ્થાન મેળવ્યું છે, મેં તો કેવળ એમની દોરેલી લીટી ઉપર ચિત્ર ઉપસાવવાની ધૃષ્ટતા કરી છે.

ક્યાં ભગવાન વ્યાસની અગાધ વિદ્વત્તા, ક્યાં એમની રસાળ ભાષા સમૃદ્ધિ, ક્યાં એમના વિચારોની ગહનતા અને ક્યાં એમનો આમૂલચૂડ અભ્યાસ! તેમનાં ચરણમાં લાખ લાખ વંદન હો! એમના આ મહાપ્રયત્નને એમના પોતાના જ શબ્દોમાં ભિન્ન સ્વરૂપે જનસમાજને પહોંચાડવાનો મારો આ નમ્ર પ્રયાસ છે. એ મારૂં વામનત્વ છે, પણ એમની આગળ વામન રહેવામાં પણ ગૌરવ છે.

આ ગ્રન્થમાં સૂત્રાત્મક પ્રાચીન શૈલી નથી. પ્રાચીન શૈલી વિષય પ્રમાણેના અધ્યાયો અને અધિકરણ સાથેની છે. આ રચના સાદ્યંત ભાગવતના સ્કંધાનુક્રમ પ્રમાણે રાખી છે જેથી શ્રીમદ્ભાગવતનો અભ્યાસનિષ્ઠ વર્ગ સહેલાઇથી એનો રસ લઇ શકે, તે સાથે મૂલગ્રન્થ સાથે સમન્વય કરવાનું સરળ પડે, તે માટે નિષ્પન્ન થતાં સૂત્રો અંકાનુક્રમથી રાખ્યાં છે. વિષયસારણીમાં વિષયવાર સૂત્રના આકડા આપ્યા છે જેથી તે તે વિષયનું અવલોકન કરી શકાય. વિષયસારણીને છેડે જુદાં પૃષ્ઠ ઉપર સૂત્રના પૃષ્ઠાંક આપવામાં આવ્યા છે, જેથી સૂત્ર ક્યાં પૃષ્ઠ ઉપર છે, તે સહેલાઈથી શોધી શકાય. ભગવત્કૃપા હશે તો એનાં બીજાં સંસ્કરણમાં આ સૂત્રભાગવત દર્શન પદ્ધતિથી આપીશું. સૂત્રોમાં ભાષા હેતુપૂર્વક સરળ રાખી છે. બની શકે તેટલા શ્રી ભાગવતના જ શબ્દો લીધા છે. એની વિવૃત્તિ પણ લોકભોગ્ય શૈલીમાં જ આપી છે. ભક્તવત્સલ પરમાત્માની, મહર્ષિ વ્યાસજીની, અનેક સંતો મહંતો અને વિદ્વાનોની કૃપાશિષથી આ 'સૂત્રભાગવતમ્' મારાં અન્ય પ્રકાશનોની માફક નવીજ તેજરેખા આંકી જનોપકારક તથા આત્મોદ્ધારક બનશે, એ શ્રદ્ધા અસ્થાને નથી.

વળી આ ગ્રન્થના પ્રકાશન અંગે અનુમતિ આપવા બદલ **શ્રીજનતાજનાર્દન ભાગવત ટ્રસ્ટના** પ્રમુખશ્રી તથા અન્ય સદસ્ય મહાનુભવોનો આભાર માનું છું. આ ટ્રસ્ટના હાલના **ઉપપ્રમુખ પ. ભ. શ્રીચતુર્ભુજ ગોરધનદાસ** તથા તેમના બન્ધુઓ **શ્રી કાનજીભાઇ** તથા **શ્રીઅજીતકુમારે** એમના સદ્ગત પિતાશ્રી

શ્રી ગોરધનદાસ તથા માતુશ્રી **શ્રીકસ્તુરબાઇને** આ પાવન ગ્રન્થ સમર્પણ કરવાની અનુમતિ આપી તે બદ્દલ તેમનો આભાર વ્યક્ત કરૂં છું. પરમકૃપાળુ પરમાત્મા ભગવાન નન્દનન્દન એમને તથા એમનાં સર્વ કુટુંબને નીરોગી દીર્ઘાયુ તથા ભક્તિ-સંપન્ન કરી સર્વ રીતે સુખી કરો એ શ્રી ચરણમાં પ્રાર્થના.

આ ઉપરાંત આ પાવન ગ્રન્થ માટે શ્રી લલ્લુભાઈ કરશનદાસ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી મળેલાં પ્રોત્સાહન બદ્દલ તેમનો પણ આભાર વ્યક્ત કરું છું.

મારા માનનીય મિત્ર **શ્રી મંગળજી ઉદ્ધવજી શાસ્ત્રી** તથા **પ્રો. જેઠાલાલ ગો. શાહનો** અગત્યનાં સલાહ સૂચનો આપવા બદ્દલ અભાર માનું છું.

પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી જેમણે આ ગ્રન્થ વિષે અભિપ્રાય આપ્યો તે પૂ. ગોસ્વામી શ્રીમથુરેશજી, શ્રીગોસ્વામી ઇન્દિરાબેટીજી વડોદરા, મ.સ. યુનિવર્સીટીના પ્રાચ્ય વિભાગાધ્યક્ષ શ્રી અરુણોદય જાનીનો તથા નવસારીના શ્રી જ. જ. શુકલ મહોદયનો હું આ સ્થળે આભાર વ્યક્ત કરું છું.

આ ગ્રન્થની ભૂમિકા લખવામાં જે જે ગ્રન્થનો આધાર લેવામાં આવ્યો છે તે (૧) હિન્દ તત્વજ્ઞાનનો ઈતિહાસ–શ્રી ન. દે. મહેતા (૨) History of Dharmashastra–મ. મ. પી. વી. કાણે, (૩) Philosophy of Bhagawatam શ્રી ભટ્ટાચાર્ય તથા (૪) 'કલ્યાણ'ના વિશેષાંકોના લેખક મહોદયોનો આભાર વ્યક્ત કરું છું.

છેલ્લે શ્રી નવપ્રભાત પ્રિં. પ્રેસના માલીક શ્રી મણિલાલ છગનલાલનો આ ગ્રન્થ સુંદર રીતે છાપી આપવા બદ્દલ આભાર માનું છું.

અંતમાં પરમકૃપાળુ ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર, આ ગ્રન્થના સર્વ વાચકો ઉપર સાર્વત્રિક કૃપાવર્ષણ કરો, એ શ્રી ચરણમાં પ્રાર્થના કરી વિરમું છું.

રમણલાલ કૃષ્ણરામ શાસ્ત્રી
ભાગવત ભૂષણ

સૂત્ર સારણી

(સૂત્રસારણીમાં આપેલા આંકડા સૂત્રના છે. એ સૂત્રના પૃષ્ઠાંક માટે
સૂત્ર સારણીને છેડે આપેલાં જૂદાં પૃષ્ઠ નં. ૪૮ ઉપર જુઓ)

(૧) વેદાન્ત

શ્રી કૃષ્ણ પરબ્રહ્મ છે મા. ૨; બ્રહ્મનું વૈશિષ્ઠ્ય ૧૫; બ્રહ્મસંપત્તિથી જીવન્મુક્તિ ૨૯; શેષમાં બ્રહ્મ અશેષ છે ૪૦; અનર્થમાં અર્થભ્રાન્તિ એ માયા ૪૧; વિદ્યા પ્રાપ્તિથી મોક્ષ ૪૪; જ્ઞાનનું સ્વરૂપ ૪૯; માયાનું સ્વરૂપ ૫૦; બ્રહ્મવિકાર એટલે વિશ્વચૈતન્ય માયાવિકારથી સંસાર ૫૧; સંસાર નિવૃત્તિ શા માટે થતી નથી? ૯૦; આત્મા–પરમાત્માની એકતા. ૧૦૩; બ્રહ્મ, માયા અને જીવ ૧૦૬; વાસુદેવ સ્વરૂપ ૧૧૯; માયા દુસ્તર છે ૧૨૮; બ્રહ્મસ્વરૂપ ૧૩૪, ઇશ્વર પ્રતીતિનાં સાધનો ૧૩૭, બ્રહ્મધારણાનાં સાધનો ૧૫૯; આત્મા–પરમાત્મા–૧૮૦; અવિદ્યા હોવાથી કર્મ અટકાવવાં અઘરાં છે. ૧૮૨; અવિદ્યા નાશનાં સાધનો ૧૮૬; બ્રહ્મત્વપ્રાપ્તિનાં સાધનો ૧૯૮; બ્રહ્મજ્ઞાની બ્રહ્મરૂપ શા માટે ? ૨૦૪; બ્રહ્મમૂર્તિ–આકાશ ૨૨૭; પ્રવૃત્તિ અને નિવૃત્તિ માર્ગ ૨૩૧. જ્ઞાનજ પાપનાશક ૨૩૨; આત્માનું પારતંત્ર્ય ૨૩૬; સર્વ કારણ–બ્રહ્મ ૨૪૪. જીવ–શિવનો અવિરોધ ૨૫૨ ૨૫૬; ૨૫૭; બ્રહ્મ અનિર્વચનીય ૨૫૮; અધ્યાસ નિવૃત્તિ ૨૮૩ ૨૯૨ નિર્ગુણ બ્રહ્મના માયાના આલંબનથી સંસાર ૨૯૪; આત્મ વિચારની જરૂર ૨૯૫; અધ્યાસનું સ્વરૂપ ૨૯૯; આત્માના બાર ગુણો ૩૧૩; દેહથી આત્મા જૂદો છે ૩૧૪; માયાનું સ્વરૂપ ૩૨૩; બ્રહ્મની વ્યાપકતા ૩૨૪; જીવનું અંતિમ લક્ષ્ય; બ્રહ્મ પ્રાપ્તિ ૩૪૬; બ્રહ્મનું સ્વરૂપ ૩૪૯, ૩૫૧, ૪૨૦; શ્રેયો માર્ગથી બ્રહ્મ પ્રાપ્તિ ૪૩૦; વસુદેવ એટલે વિશુદ્ધ આત્મા ૪૪૧; દેવકી એટલે પ્રજ્ઞા ૪૪૨; દેવકી–પ્રજ્ઞા–ના ૭ પુત્રો ૪૫૪; ધ્યાનભૂમિ અક્ષરબ્રહ્મ ૪૫૫; માયાની અસર ૪૬૦; માયા એટલે ભગવદ્વિલાસ ૪૭૦; બ્રહ્મનું સ્વરૂપ; ૫૨૦; આત્મા–સર્વથી પ્રિય ૫૨૨, બ્રહ્મદર્શનનું સાધન ૫૫૨; અદ્વૈતસિદ્ધિ ૫૬૪; રાસ એટલે पूर्णमदः पूर्णमिदम् ૫૭૬; જીવનું ભ્રમણ ૫૯૩; કર્તાપણાનો આભાસ ૬૧૧; આત્માના ચાર પ્રકાર ૬૧૨; માયાનું કાર્ય ૬૩૭; માયા મૃગજળ જેવી છે ૬૪૬; સર્વનો આશ્રય–પરમાત્મા ૬૪૭; બ્રહ્મ પ્રાપ્તિના ત્રણ અવરોધ ૬૫૩; આત્મા–સર્વથી પ્રિય ૬૫૫; ભૂમા–સર્વસત્તા-

ધીશ ૬૬૯; ગુણભેદથી આત્માનો વિકાર ૬૭૦; ઉભયાન્વયી બ્રહ્મ ૬૭૨; બ્રહ્મ અને માયા ૬૭૫; અવિકૃત અક્ષર બ્રહ્મની વિકૃતિ ૬૭૬; ઋત–સત્ય–નું સ્વરૂપ ૬૭૮; અક્ષર બ્રહ્મની ઉપાસનાનું ફળ ૬૭૯;બ્રહ્મનું સ્વરૂપ ૬૮૦; પરમાત્માનો અંશ આત્મા. ૬૮૧ બ્રહ્મ–અવિજ્ઞેય ૬૮૫, ગુણતીત પરમાત્મા–સંસારનું મૂળ ૬૮૬, બ્રહ્મ–સ્વરાટ્ ૬૮૯, જીવ અને ઇશ્વર ૬૯૮, બ્રહ્મ–અનિર્વચનીય ૭૦૧ શ્રુતિગીતનું તત્ત્વ ૭૦૨, માયાની વ્યાખ્યા ૭૧૩, બ્રહ્મકાર્ય ૭૧૪, નૈષ્કર્મ્ય સિદ્ધિ ૭૧૫ આકાશ, બ્રહ્મરૂપે ૭૨૭, આત્માનું એકત્વ ૭૩૦, આત્મા દૃષ્ટા છે ૭૪૫, સ્વર્ગસુખ નિષ્ફળ છે ૭૪૬, આત્મા ઉપર થતા વિકારો ૭૪૭, ભૂમા–સંસારનું બીજું સ્વરૂપ ૭૫૪, ત્રણ અવસ્થાનો સાક્ષી–આત્મા ૭૫૮, શબ્દ બ્રહ્મનું સ્વરૂપ–દુર્બોધ ૭૯૧, ૭૯૪, બ્રહ્મસ્વરૂપ આત્માનો ઉદ્ધાર આત્માથીજ ૮૦૩, અધ્યાસની વ્યખ્યા ૮૦૬. અનાસક્તિનાં સાધનો ૮૧૨ દેહ અને આત્માનો સંબંધ ૮૧૩ બ્રહ્મ અવિકારિ ૮૧૬, જગત્ બ્રહ્મસ્વરૂપ ૮૧૭, આત્માનું અધિષ્ઠાન ૮૧૮ આત્માનો આશ્રય–આત્મા ૮૧૯, બ્રહ્મપ્રાપ્તિ એજ બુદ્ધિયોગ ૮૨૦ બ્રહ્મ–તર્ક અને ઇન્દ્રિયોથી પર ૮૨૬, બ્રહ્મમાં વિશ્વ–આકાશમાં મેઘ જેવું ૮૨૭ આત્મા–બ્રહ્મનું પ્રતિબિંબ ૮૨૮ આત્મામાં અહંકાર શા માટે ? અને અહંકાર નિવૃત્તિ આત્મજ્ઞાનથી ૮૨૯, આત્મા બ્રહ્મલીન કયારે થાય ? ૮૩૧, માયાના લયથી બ્રહ્મપ્રાપ્તિ ૮૩૭, બ્રહ્મ–આશ્રય રૂપ ૮૪૦ માયાનું સ્વરૂપ ૮૪૨,

(૨) નારાયણ–પુરુષોત્તમ–વિષ્ણુ–ભગવાન.

ભગવાનના અવતારનું કારણ ૭, ભગવાન અનાસક્ત ૮, રક્ષણ શીલ ભગવાન, ૧૩, ભગવાન પ્રકૃતિથી પર ૧૬, ભગવાનનું વિરાટ દર્શન–ધ્યેય ૨૯, ભગવાન શ્રવણમંગલ ૩૬, ભગવાનનો માયાસ્વીકાર, ૩૭, સહસ્રશીર્ષા ભગવાન–પુરુષ, ૩૮, વિષ્ણુનું સ્વરૂપ–લોકપદ્મ, ૫૪, વાસુદેવ એટલે ? ૧૧૯, ભગવાન–માયાતીત, ૧૨૯, ભગવાન રસજ્ઞ ૧૮૯ ભગવાનની લીલાનું સ્વરૂપ ૨૧૮, ભગવાન–આત્મબન્ધુ ૨૪૨, ભગવાનનાં અંગો ૨૪૫, ભગવાન અજ્ઞેય ૨૫૫, ભગવાન અનુભવગમ્ય ૩૧૧, ભગવાન કલાતીત છે ૩૫૫, ભગવાન વરણીય છે ૩૫૮, ભગવાનની વિભૂતિ ૩૫૯, ભગવાન શ્રવણ મંગલ છે ૩૭૬. પુષ્ટિમાર્ગમાં ભગવાન. ૪૦૬, ભગવાન જ્ઞાનઘન છે ૪૧૪, ભગવાન સત્યવ્રત ૪૫૮ પ્રેમ ધારણાથી ભગવત્પ્રાપ્તિ ૪૯૭ ભગવાનના પ્રવેશથી પાપ અટકે ૫૦૮ સર્વ વ્યાપક વિષ્ણુદર્શનનું ફળ પાપનિવૃત્તિ ૫૦૮, ૫૧૫,

નારાયણ સ્વરૂપ ૫૧૯, ભગવાન અગોચર છતાં પ્રત્યક્ષ ૫૪૩, ભગવાનની વાણી ૫૫૬, ભગવાનની માળા–વૈજયન્તી ૫૬૧, ભગવાનનું કાર્ય ૫૬૯, ભગવાનનો અનુગ્રહ–પરમ ફળ ૫૭૩, ભગવાનની બાર શક્તિ ૫૮૯ ભગવાનની દૃષ્ટિ અને કાર્ય ૫૯૫, ભગવાન અસ્વતંત્ર છતાં સ્વતંત્ર ૬૦૬, સ્વૈરવિહારી ભગવાન ૬૧૯, શ્રુતિસાધ્ય–ભગવાન ૬૬૧, ભગવાન અવિજ્ઞેય શા માટે ? ૬૬૨, ભગવાનમાં ભેદ નથી, ૬૯૦, મોક્ષદાતા–ભગવાન ૭૦૦ શ્રી હરિ માયાથી પર ૭૦૩, નારાયણ–ઉભયાન્વયી ૭૧૬, ભગવાનની લીલા ૭૪૨, ભગવાનની જડ ચૈતન્યાત્મક વિભૂતિ ૭૭૯, ઇશ્વર કાળનો પણ કાળ ૮૩૪; ભગવાન સત્પુરુષની ગતિ–ધ્યેય ૮૪૩; ભગવાનની લીલા અતર્ક્ય ૮૪૪ ભગવાનનું ધ્યાન તથા ધારણા મંગલકારી ૮૪૫; ભગવાનનું યશોગાન–મહોત્સવ ૮૪૮ પરમાત્મા અજ્ઞેય છે. ૮૫૨, દુ:ખશામક અને પાપનાશક ભગવાન ૮૫૪;

(૩) અવતાર

વરાહ:–વરાહ અવતારનું રહસ્ય ૬૩

કપિલ:–કપિલ શબ્દ રહસ્ય, ૬૯

ચતુર્વ્યૂહાવતાર:–વ્યૂહાવતારનું સ્વરૂપ ૮૬, ૮૭

ઋષભ:–ઋષભાવતાર રહસ્ય ૧૯૫

વામન:–વામનભગવાન ઉપેન્દ્ર શા માટે ? ૩૯૬

રામ:–લોક શિક્ષણાર્થ રામાવતાર ૨૨૦, રામની વ્યાખ્યા ૪૧૮

નર–નારાયણ:–સ્વરૂપ દર્શન ૮૪૧

કૃષ્ણ:–શ્રી કૃષ્ણ બે સ્વરૂપે ૪૪૦, વસુદેવની ભય નિવૃત્તિ ૪૬૬, પૂતના નાશ ૪૮૪, શકટભંજન ૪૮૭, મુખમાં વિશ્વદર્શન ૪૯૦, ‘ કૃષ્ણ ’ શબ્દની વ્યાખ્યા ૪૯૨, કૃષ્ણનું વત્સાનુસરણ ૪૯૪, કૃષ્ણની માખણ ચોરી ૪૯૫, માટી ખાવાની લીલા ૪૯૬, વત્સાસુર બકાસુરનું સ્વરૂપ ૫૦૫, કૃષ્ણનું ત્રિવિધ ચરિત્ર ૫૦૬, અઘાસુર નાશ ૫૦૭, ૫૧૦, શ્રીકૃષ્ણ–ગોપાલ ૫૧૨, વિષ્ણુ સ્વરૂપ કૃષ્ણ ૫૧૩, વિશ્વ મોહન કૃષ્ણ ૫૧૪, માધુર્યપૂર્ણ કૃષ્ણ ૫૧૭, વૃંદાવન શ્રી અને રસસમૃદ્ધિવાન શા માટે ? ૫૨૩ બળરામથી ધેનુકનો નાશ, ૫૨૪, કાલિન્દી વિષનો નાશ, ૫૨૫, કાલિય દમન ૫૨૬, ૫૨૮, ૫૨૯, પ્રલંબ વધ ૫૩૦ દાવાગ્નિ પાન ૫૩૧, વેણુનાદ ૫૩૪, વસ્ત્ર હરણલીલા ૫૩૭, કૃષ્ણનું

ગોપીઓને સ્વાગત ૫૪૦, ગોવર્ધન ધારણ ૫૪૮, રાસ એટલે? ૫૫૩ ભગવાનનું અંતર્ધાન થવું ૫૬૨, ૫૬૩, કૃષ્ણ દર્શનનું કારણ ૫૭૧ યોગેશ્વરોના અંતઃકરણમાં શ્રીકૃષ્ણ ૫૭૧અ રાસ–અખંડામંડલાકાર ૫૭૬, વૃષભાસુરનાશ ૫૮૨, રસેશ કૃષ્ણ ૫૯૭ કૃષ્ણ સ્વરૂપ બે પ્રકારે ૬૪૨, શ્રીકૃષ્ણ કાળચક્રધારી ૭૦, ૭૦૭, સકલ સુંદર કૃષ્ણ ૭૯૮, શ્રીકૃષ્ણનું અન્તિમ સ્થાન, અશ્વત્થ ૮૨૩.

(૪) દેવો–દેવીઓ

બ્રહ્માના મુખમાંથી શબ્દ બ્રહ્મનો આવિષ્કાર ૫૯, શંકરનાં કાર્યો અવિજ્ઞેય ૧૨૩, શિવ દેવાધિપતિ શા માટે ? ૧૨૫, સૂર્ય વિષ્ણુનું સ્વરૂપ ૨૨૨, ૮૨૯, ચંદ્ર પિતૃઓનો રાજા ૨૨૩, અગ્નિ હવ્યવાહ છે ૨૨૪, સૂર્ય સર્વનો આત્મા ૨૨૮, શેષ–જીવન તથા ચૈતન્ય કારણ ૨૮૮, બ્રહ્મા-બ્રાહ્મણો તથા ગાયોના કલ્યાણકર્તા ૩૦૪, ગરુડ–વેદસ્વરૂપ ૩૫૬, સદાશિવ મહાદેવ શા માટે? ૩૬૧, સીતા ચારિત્ર્યનિરૂપણ ૪૨૩, શેષનું લક્ષણ ૪૬૨, ભગવાન પ્રશ્નિગર્ભ ૪૬૩, દેવો બલહીન છે ૪૭૫, બ્રહ્મદેવને પણ ઇશ્વરનું જ્ઞાન માયાથી થતું નથી ૫૯૦, શેષ લક્ષણ ૬૪૧, આત્માનું સર્જન પાલન કરનાર સૂર્ય ૮૪૭, સૂર્ય ૯ પ્રકારે દેખાય છે. ૮૪૭.

વિશિષ્ટ વ્યકિતઓ–(ચારિત્ર્ય નિરૂપણ)

શુકદેવ ૬, નારદ મા. ૩ સનકાદિ મા–૧૦ ભીષ્મ ૧૪, પરીક્ષિત ૧૭ ૧૮, ૨૧, શુકદેવ ૨૬, ધૃતરાષ્ટ્ર ૪૬, કપિલ, કર્દમ, દેવહુતિ ૬૯ આકૂતિ ૧૧૧, યજ્ઞ–દક્ષિણા ૧૧૩, અત્રિ–અનસૂયા–દત્ત ૧૧૪, ધર્મપત્ની અને તેનાં પુત્રો ૧૧૫, મનુ–શતરૂપા–અને તેનાં સંતાન ૧૩૩, પૃથુ ૧૬૫, પુરંજન ૧૭૧ વૈદર્ભી અને પાંડય રાજા ૧૭૯, પ્રિયવ્રત ૧૯૦, દેવયાની ૧૯૩, ઋષભ ૧૯૫, અંગિરા ૨૦૦, પ્રહ્લાદ ૨૧૯, ૩૦૭, અજામિલ ૨૪૦, વૃત્ર ૨૫૪, ચિત્રકેતુ કૃતદ્યુતિ ૨૭૭, હિરણ્યાક્ષ–હિરણ્યકશિપુ ૩૦૩ બલિરાજ ૩૭૩ સત્યવ્રત ૩૯૭, સુકન્યા ૪૦૦, નાભાગ ૪૦૨, નભગ, ૪૦૩, દુર્વાસા–કૃત્યા ૪૦૫, સૌભરિ, ૪૧૦ સગર–પુત્રો–કપિલ, ૪૧૨, ૪૧૬ ત્રિશંકુ ૪૧૩, ખટ્વાંગ, ૪૧૭, લક્ષ્મણ ૪૨૪, ભરત, ૪૨૫, રન્તિદેવ, જનકવિદેહી ૪૨૮ ૪૩૭, કંસ, ૪૪૪, ૬૨૪, નંદ, ૪૭૮, ગર્ગ ૪૯૧, નલકૂબર–મણિગ્રીવ ૪૯૯, રાધા, ૫૬૫, ગોપીજન, ૫૬૮, નારદ, ૫૮૩, ત્રિવક્રા, ૫૯૪, જરાસંધ ૬૪૪, સુદામા, ૬૫૧, શ્રુતદેવ અને જનક, ૬૭૧,

(૬) સાંખ્ય-વૈશેષિક-ન્યાય

સર્જનના પ્રકાર ૫૭, પ્રધાન-પ્રકૃતિનું સ્વરૂપ ૮૩, પુરુષ સ્વરૂપ, ૮૪ પ્રકૃતિ અને આત્મા, ૮૫, ચિત્ત અહંકાર બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞનાં સ્વરૂપો ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૮૨૯, સત્ત્વાદિ ગુણોના સંચારનું કારણ, ૧૫૬ મનનું સ્વરૂપ; ૨૦૭, જલ, વાયુનાં લક્ષણો ૨૨૫, ૨૨૬, મનની શક્તિ ૨૪૩, પ્રધાન તથા ૨૪ ગુણોનું કારણ ૩૫૩- પુરુષ અને પ્રકૃતિ ૬૩૫, જલના ગુણો ૭૨૮, અગ્નિ (તેજ)ના ગુણો ૭૨૯, સત્ત્વાદિ ગુણના હેતુ, ૭૫૬, મનનું કાર્ય ૮૦૦, સાંખ્ય દર્શન ૮૦૨. પરમાણુથી દ્વિપરાર્ધ ગણના. ૫૮, કાળ ઈશ્વર સ્વરૂપ, અને કાર્ય ૫૫૦, ૬૨૩, ૬૩૩, ૭૨૧, કલ્યાણ સાધક પ્રમાણો, પ્રત્યક્ષ અને અનુમાન ૭૨૪.

(૭) યોગ

ધ્યાનનું સ્વરૂપ ૨૮, સૂક્ષ્મધ્યાન ૩૦, ષટ્ચક્રભેદન-ધ્યાનથી ૩૧, ધ્યાનયોગથી મુક્તિ ૩૩, પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા અને ધ્યાનનું ફળ ૯૪, ધ્યાનની સફળતા ક્યારે ? ૯૫, ૯૬, ૯૭, યોગસિદ્ધિનાં સાધનો ૧૨૪, સ્થૂલધ્યાનથી સૂક્ષ્મધ્યાન તરફ ૨૧૫, ૨૩૦, યોગ સાધનથી દોષનો પરિહાર ૨૩૩, યોગેશ્વર ૩૫૪, સમાધિથી અહંકાર નિવૃત્તિ ૪૪૬, બ્રહ્મવિદ્યાનાં ૭ સાધનો ૪૫૪, વેધદીક્ષા ૪૫૭, યોગેશ્વર ૫૬૪, દૂર દર્શનસિદ્ધિ ૫૭૯, યોગીની દૃષ્ટિ ૬૩૬, ઈશ્વર-યોગ દૃષ્ટિથી, ૬૬૪, તન્મયતા યોગ ૭૪૦, ૭૪૩ મનનો નિરોધ એ યોગ, ૭૫૭, યોગસિદ્ધિનાં સાધનો, ૭૬૧ અણિમા, ૭૬૨, મહિમા, ૭૬૩, લઘિમા, ૭૬૪, પ્રાપ્તિ, ૭૬૫, પ્રાકામ્ય, ૭૬૬, ઈશિત્વ-સત્તા, ૭૬૭, વશિતા, ૭૬૮, પરમાનન્દ, ૭૬૯, ઊર્મિ-ઈચ્છા-રાહિત્ય, ૭૭૦, દૂર શ્રવણ ૭૭૧, દૂર દર્શન, ૭૭૨, મનની ગતિ પ્રમાણે શરીરની ગતિ, ૭૭૩, ઈપ્સિત રૂપ ધારણ, ૭૭૪, પરકાયા પ્રવેશ, ૭૭૫, ત્રિકાલજ્ઞાન, ૭૭૬, પ્રતિષ્ટંભ-અપદ્વન્દ્વ સિદ્ધિ ૭૭૭, અપરાજ્ય, ૭૭૮, ત્રણયોગ કલ્યાણકારી ૭૮૭ મનોનિગ્રહ એટલે યોગ ૭૮૯, મનનો નિરોધ એજ પરમ યોગ ૮૦૧,

(૮) પૂર્વ મીમાંસા

કર્મની સફળતાનાં કારણો ૫૬, વેદવિસ્તાર ૬૨, વેદ વિદ્યા યજ્ઞ સ્વરૂપ વરાહ ૬૩, પ્રવૃત્ત અને નિવૃત્ત કર્મ ૧૨૨, ૨૩૧, ૩૪૭ યજ્ઞની

સફળતાનાં કારણો, ૧૪૧, ૧૯૪, અંતઃકરણ શુદ્ધ કરે તે ધર્મ ૨૧૭, કર્મ પ્રેરિત ભાગ્ય ૩૦૧, અધર્મની પાંચ શાખાઓ, ૩૪૨, યજ્ઞનો આત્મા–ત્રયી વિદ્યા ૩૭૫, યજ્ઞની નિષ્ફળતાનાં કારણો, ૩૯૩, યજ્ઞની નિષ્ફળતાનાં કારણોનો નાશ–નામ સંકીર્તનથી ૩૯૪, યજ્ઞ સાફલ્યનાં અંગો ૫૩૯, માણસનાં ત્રણ ઋણ ૬૬૬,

ધર્મ:–ધર્મની ૪ શાખા, ૨૩, ધર્મના બે પ્રકાર–પ્રવૃત્તિ અને નિવૃત્તિ ૧૦૮, પૌરુષ ધર્મ ૧૭૭, ધર્મનું સ્થાન ૨૧૩, ધર્મનું સ્વરૂપ ૨૧૭, શાશ્વત ધર્મ ૨૬૨, ભાગવત ધર્મ ૩૧૨, ભાગવત ધર્મની સાધના ૩૧૬, સમયાનુસારી ધર્મ ૩૩૧, અધર્મની ૫ શાખા ૩૪૨, યજ્ઞશિષ્ટ દ્રવ્ય રુદ્રભાગ છે ૪૦૧, કર્મફલ ભોગવવાં જ પડે ૬૩૧, ધર્મ જ શાન્તિદાતા ૬૬૫, વિશ્વકલ્યાણ કરનાર ભાગવત ધર્મનું સ્વરૂપ ૭૧૨,

યજ્ઞ:–ઇષ્ટાપૂર્તકર્મનાં ફળ ૬૨૯, યજ્ઞના ૩ પ્રકાર ૮૦૭, પ્રતિમાના ૮ પ્રકાર ૮૧૦, પ્રારબ્ધ કર્મનો ક્ષય–ભોગથી ૮૩૬, નાદબ્રહ્મથી અક્ષરબ્રહ્મ–વેદની ઉત્પત્તિ ૮૩૮,

(૯) ભક્તિ

ભક્તિ–સત્ સ્વરૂપ, મા. ૮, ભક્તિનું સ્વરૂપ મા. ૯, નિષ્કામ ભક્તિનું મૂળ, ૩૪, ભક્તિયોગની સરળતા, ૩૫, ભક્તિ માર્ગમાં આશ્રય ૪૫, ભક્તિનું ફળ, ૫૩, ભક્તિની વ્યાખ્યા, ૮૧, ભક્તિથી સંસાર નિવૃત્તિ ૯૧, ત્રણ પ્રકારનો ભક્તિ યોગ, ૯૯, નિર્ગુણ ભક્તિ, ૧૦૦ ભક્તિયોગનું કારણ ૧૦૯, ભક્તિ–મૃત્યુંજય યોગ, ૧૪૦, ભગવત્પ્રીતિ–ભક્તિ–નાં સાધનો ૧૬૩, ૧૮૮, ભકિતથી પાપનિવૃત્તિ, ૨૩૪, ભગવત્પ્રાપ્તિસાધન–ભાગવત ધર્મ–ભકિત ૨૮૫, ભકિતસોપાન, ૩૦૮, ભકિત દ્વારા જ ભગવાનનું આકર્ષણ ૩૦૯, એકાન્ત ભકિતનું ફળ–મોક્ષ ૩૫૦, ભકિતમાં આવતાં વિઘ્નો ૩૯૨, પુષ્ટિ ભકિતનાં સાધનો ૪૦૪, પુષ્ટિ ભકિતનું સ્વરૂપ, ૪૬૫, પુષ્ટિ ભકિતનું ફળ ૪૬૯, પુષ્ટિ ધર્મ ૪૯૩, ભગવત્પ્રેમથી ભગવત્પ્રાપ્તિ ૪૯૭, આંખનું ફળ–પ્રભુદર્શન ૫૩૫ પુષ્ટિ ભકિતનું મહાસાધન ૫૪૨, પ્રભુના સુખ પ્રત્યેની દૃષ્ટિ એજ ભકિત ૫૪૪, પુષ્ટિમાર્ગ પ્રતિલોમ છે, ૫૪૯, અપ્રાકૃત ભકિત ૫૫૪, જારબુદ્ધિ–ઉત્કૃષ્ટ ભકિતનું લક્ષણ, ૫૫૫, સ્વાર્થી

ભક્તિ, ૫૫૭, પ્રેમલક્ષણા ભક્તિ-અનિર્વચનીય, ૫૭૦ ભક્તિના પ્રકાર ૫૭૨, પુષ્ટિ ભક્તિનું ફળ ૫૮૩, ભક્તિમાં વિપ્રયોગ એ મહાયોગ ૫૮૧, ૫૯૮ નિરોધનું ફળ ૬૧૦ વિપ્રયોગનું કારણ ૬૧૩, પુષ્ટિ ભક્તિનાં લક્ષણ ૬૧૫, ભજનથી સંસાર નિવૃત્તિ ૬૩૯, ભક્તિનું ફળ ૬૮૪, પૂજાનાં સ્થાનો ૭૫૨, નિરપેક્ષ ભક્તિયોગ ૭૬૦, ભગવદ્ધર્મનું સ્વરૂપ ૮૨૨,

(૧૦) સાધનો

(૧) ભાગવતઃ-ભાગવતાનુશાસન મા-૧ ભાગવત જ્ઞાન યજ્ઞ મા-૧૧, ભાગવત-ભગવાનની મૂર્તિ મા-૧૩, ભાગવત શ્રાવણમાં ફળ આપનાર ક્રિયાઓ મા-૨૨, ભાગવત જ્ઞેય છે, ૨, ભાગવતના વક્તા અને શ્રોતા ૨૭, ભાગવત શ્રવણનું ફળ ૮૩૫, ૮૫૩ ભાગવત પઠનમાં માધુર્ય ૮૫૦.

(૨) શ્રવણ, સ્મરણ, કીર્તનઃ-ભગવત્સ્મરણથી દુઃખ હાનિ મા-૭, નામ સ્મરણ પાપ નાશક, ૨૩૯, કીર્તન રક્ષણ કરે છે, ૨૫૩, ભગવત્સ્મરણ વિપત્તિ નાશ કરે છે, ૩૭૧, કીર્તન પરમ ઔષધ ૪૩૯, કથા શ્રવણની ઉત્તમતા ૬૮૨ ભગવાનનાં સ્મરણથી આત્મશુદ્ધિ.

(૩) પૂજનઃ-સર્વ પ્રાણીની તૃપ્તિ ભગવાનના પૂજનથી, ૩૪૦, માળાનું આધ્યાત્મિક સ્વરૂપ, ૪૯૬,

(૪) દાસ્ય સખ્ય-આત્મ નિવેદનઃ-ત્રીજું પદ એટલે આત્મનિવેદન ૩૯૦, આત્મ નિવેદનથી સિદ્ધિ ૩૯૧, પ્રેમધારણાથી ભગવત્પ્રાપ્તિ ૪૯૭.

(૫) જ્ઞાન-વૈરાગ્યઃ-સંસારની કટુતાના જ્ઞાનથી વૈરાગ્યની ઉત્પત્તિ ૨૪૯ ભક્તિથી જ્ઞાન વૈરાગ્ય, મા-૫. જ્ઞાન અને વૈરાગ્ય સામર્થ્યહીન શા માટે ? મા. ૪. જ્ઞાન દુઃખને તારનાર ૧૭૦, સાચું જ્ઞાન ૬૯૫ જ્ઞાન વિજ્ઞાનનું સ્વરૂપ ૭૮૪, ૭૮૫ ભાગવતની જ્ઞાન વિજ્ઞાન દૃષ્ટિ ૭૮૬, જ્ઞાન દુર્બોધ અને અનંત છે ૭૯૧

(૬) પ્રકીર્ણ સાધનોઃ-ચાર સાધનથી વિવેક મા. ૧૬, યજ્ઞ તપ વગેરે સાધનો પ્રભુની લીલાના અનુભવ માટે ૫, દાનની સફળતા ૩૩૯, સંતોષથી સુખ ૩૪૩, વાસના જીતવાનાં સાધન ૩૪૪, દાન-યજ્ઞકર્મનું સાધન ૩૮૩

ત્રણપદનાં દાનથી વિજય ૩૮૯. શ્રદ્ધાનું ફળ ૭૦૫, ૭૨૦, ક્ષમાનું ફળ ૭૨૫, અલિપ્તતા ૭૨૬, સત્સંગથી વિવેક મા-૧૨, સત્સંગનું ફળ ૧૦ ૨૧૨, સંગ દોષનો પરિહાર ૭૬, સત્સંગ એ અનુગ્રહ ૧૬૮, આત્મવૃક્ષનું ફળ, સત્ય ૩૮૫, સત્સંગ એજ નિધિ ૭૧૧, સત્સંગથી નિર્ભયતા ૭૫૩, પ્રિયવસ્તુનાં દાનથી અક્ષય્ય ફળ ૭૫૧

માનવ

(૧) **ચારવર્ણ**:–બ્રાહ્મણત્વની પ્રાપ્તિ ૧૯૮, બ્રાહ્મણ વંદનીય ૬૨૭, બ્રાહ્મણ કલ્યાણકારી ૬૭૩, ચારવર્ણ સ્વભાવસિદ્ધ ૭૮૦, વર્ણોના ધર્મો ૭૮૧, બ્રાહ્મણો દેવવન્દ્ય. ૮૪૩ નિષાદ જાતિ, ૧૪૫;

(૨) **ચાર આશ્રમ**:–ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે ૧૭૨, ગૃહસ્થાશ્રમ નુકસાનકર્તા નથી ૧૯૨, વાનપ્રસ્થ ધર્મ–શીલોંછ વૃત્તિ ૨૫૧, બ્રહ્મચર્યના પ્રકાર ૩૩૩, સંન્યાસધર્મ ૩૩૪, મુનિદૃષ્ટિ ૩૩૬ ચાર આશ્રમના વિપરીત ધર્મ–હાનિકારક ૩૪૫; આશ્રમ ધર્મો ૭૮૨

(૩) સંત, જ્ઞાની, ભક્ત, યોગી, ગુરુ વગેરે.

મહાપુરુષના મહાગુણો ૨૨, અવધૂત લક્ષણ ૪૮, ૭૩૯, જ્ઞાનીનો વિવેક ૧૧૮; આત્મનિષ્ઠની વ્યાખ્યા ૧૫૪, સંત લક્ષણ ૧૬૪, ૪૦૯ ૧૮૭, ૩૬૨, આર્ય લક્ષણ ૧૯૯ અવધૂત જીવન ૨૦૧, સન્યાસીની નિર્ભયતા ૨૦૩, મહાપુરુષની સેવાનું ફળ ૨૦૯, મહાપુરુષ જીવન–લોકસંગ્રહી ૨૩૮, સંત–અસાધુના અર્થમાં ૨૪૮, સંત–ઈશ્વર સમાન ૨૮૨, આર્યલક્ષણ, ૨૮૭, યોગીઓની આકાંક્ષા ૨૯૧, સંતની મોક્ષ સાધનની માન્યતા ૩૨૬, સંત જીવન મંગલમય શા માટે ? ૩૬૪, જ્ઞાનીનું લક્ષણ ૩૯૯, મહાત્માનું લક્ષણ ૪૧૧, સંતો દુષ્કરને સુકર બનાવે છે ૪૫૨ મહાપુરુષનાં અપમાનનું ફળ ૪૭૭, સંતની આશિષ ૪૮૮, ·સંત દર્શનનું ફળ ૫૦૪, સંતની સારગ્રાહી દૃષ્ટિ ૫૧૧ શ્રેષ્ઠ હરિદાસ-ગિરિરાજ ૫૩૬, આદર્શ ભકત–ગોપીઓ ૫૫૯, પુષ્ટિ ભકતનું લક્ષણ ૬૦૪, સંતદર્શનનું ફળ ૬૧૭, ભકતની કૃપાનું ફળ ૬૨૬, ભકત અને ભગવાન ૬૫૪ ગુરુનો ઉપકાર–આત્મનિવેદનથી વાળી શકાય ૬૫૭, શ્રુતિ ગીતાના અધિકારી–જ્ઞાની–સંત–ભકત–૬૭૪, જ્ઞાનીનું લક્ષણ ૬૭૭, જ્ઞાનીની ઉપાસના ૬૭૯, ભકત–જગત્પાવન–મૃત્યુંજય ૬૮૮, જ્ઞાનીની નિર્ભયતા ૬૯૩, ગુરૂ–કર્ણધાર ૬૯૪, જ્ઞાની–વિધિ નિષેધથી

પર ૭૨૨, મુનિનો સ્વભાવ ૭૩૧, યોગી લક્ષણ ૭૪૧, સજ્જનની પરીક્ષા ૭૯૬, સંત સેવાનું ફળ ૮૦૯

(૪) સંબંધઃ-

પત્ની એ દુઃખને તરવાનું સાધન છે ૬૪, દુષ્ટ પ્રજા થવાનાં કારણો ૬૫, વરના ગુણો ૭૧; સાસરે ગયેલી કન્યાના ધર્મો ૭૩; પુત્રની વ્યાખ્યા ૭૫: પુત્રિકા ધર્મ ૧૧૨, માનવનો સ્વજનથી જ પરાભવ ૧૨૦ ધાર્મિક ભાઈનું અનુસરણ પુણ્યકારક ૨૪૭; પુત્ર ધર્મ ૪૩૧; સુહૃદ્ લક્ષણ ૫૪૫ માતાપિતાનું શુદ્ધ સ્વરૂપ ૬૦૨ માતા પિતા ભાઈ તથા બહેનોની પ્રતિનિધિ મૂર્તિઓ ૨૫૦, વરકન્યાની યોગ્યતા સૂચક લક્ષણ ૬૨૮ પતિની પ્રીતિ સંપાદન કરાવનાર સાધનો ૬૩૪; પુત્રની માતા પિતા તરફ ઉપેક્ષા ક્યારે થાય ? ૬૪૦ પુત્ર–પિતાનો અવતાર ૬૫૦;

(૫) રાજા, પ્રજા, રાજ્ય, શાસનઃ-

રાજ્યશાસન એટલે બ્રહ્મક્ષત્રયોગ ૭૦ લોકધિક્કારથી રાજ્ય હાનિ ૧૪૩ અરાજકતા ન અટકાવી શકવાનાં કારણો ૧૪૪ રાજા–સર્વ દેવમય ૧૪૬, ૧૪૭, દુષ્ટ રાજાનો નાશ–ન્યાયી છે ૧૪૮, અનેક શાસકોમાં શાસનની કિંમત રહેતી નથી ૨૪૧. સત્તા સંપત્તિના નાશનું કારણ–લોકધિક્કાર ૩૦૬, રામરાજ્યનાં લક્ષણો ૪૧૯ જનસમાજ બહુમુખી હોવાથી સમજાવવો દુષ્કર છે. ૪૨૬, રાજવધ-બ્રહ્મવધસમો છે, ૪૨૯, છ પ્રકારની રાજનીતિ ૬૦૩, કલ્યાણકારી શાસક ૬૧૮, સમાજ કાલગ્રસ્ત છે ૬૪૩, રાજ્યલક્ષ્મીથી સ્વાર્થીન્ધતા ૬૬૮ દુષ્ટ રાજ્યની પ્રજા-દરિદ્રી અને દુઃખી. ૭૦૬,

(૬) શરીર-અવસ્થા રોગ-સુખ-દુઃખ.

સાઠ વર્ષની ઉંમરના માણસના ધર્મો મા–૧૮, અનિત્ય શરીરની લક્ષણ પરંપરા મા–૨૦, કાયાની વ્યાખ્યા ૬૦, કાયાની વિશેષતા ૬૧, શરીર આત્મા નથી ૧૫૨, શરીર એટલે કાલ વાસના તથા કર્મનો સંગ્રહ, ૧૫૮, પુરંજન-પુરી–શરીર, ૧૭૩, શરીર–રથ ૧૭૪, કાલકન્યા–વૃદ્ધાવસ્થા, ૧૭૮, દેહ-યોગનું કારણ ઈશ્વરેચ્છા ૧૯૧, દેહધર્મ ૨૦૫, દેહ ક્લેશકારણ શા માટે ? ૨૮૦, દેહ–આત્માના મમત્વનું બિન્દુ, ૨૮૧ કૌમારાવસ્થા–ભક્તિની સાચી અવસ્થા, ૩૧૦, મોક્ષેચ્છુને ત્યાજ્ય વસ્તુ ૩૨૫, શરીરનું પરિણામ ૩૩૮, મથુરા–દેહ ૪૪૩, દેહયંત્ર ૩૫૭, વપુની વ્યાખ્યા ૪૬૧, વ્રજ–શરીર ૪૮૦,

માનવજીવન-સાર્વજનિક મિલ્કત ૫૦૧, શરીર મુક્તિદાતા ક્યારે ? ૫૦૩, મથુરા–દેહ–વિશુદ્ધિ ૫૮૫, દેહનું ધ્યેય ૬૦૦, દ્વારકા–દેહ–નિર્માણ ૬૨૧; દેહ સંસાર કારણ, ૬૩૨, શરીર મિત્ર સમું: તેનો દુરુપયોગ કરનાર આત્મઘાતી ૬૮૩, શરીર મોહ–અધઃપાતનું કારણ, ૭૧૮, શરીર–દુઃખરૂપ ૭૪૪, માનવદેહની દુર્લભતા ૭૮૮. શરીરની ૯ અવસ્થાઓ.

(૭) જન્મ–મરણ–પુનર્જન્મ–બંધન–મુક્તિ–

ષટ્ચક્રભેદનથી મુકિત, ૩૧, ક્રમમુકિતનું સ્વરૂપ ૩૨, નિરોધલક્ષણ ૪૩, મોક્ષનું સ્વરૂપ ૯૨, જીવન્મુકિત ૧૦૭, ભકિત યોગથી મોક્ષ ૧૧૦, પુનર્જન્મનું કારણ ૧૫૩, મોક્ષપ્રાપ્તિના ઉપાય ૧૫૫, પુનર્જન્મનું કારણ ૧૮૧,૧૮૫, મોહથી આત્મબંધન ૧૯૬, આત્મબંધનને દૂર કરનાર સાધનો ૧૯૭, મૃત્યુ નિશ્ચિત છે. ૨૬૪, બે પ્રકારનાં મૃત્યુ દુર્લભ ૨૬૫, પુષ્ટિમાર્ગમાં મોક્ષનું સ્વરૂપ, ૨૭૪, મૃત્યુનું સ્વરૂપ ૨૭૫, જન્મ–મૃત્યુ–આદરણીય નથી ૩૩૫, મુકિત લક્ષણ ૩૪૮ નિમિત્તસાપેક્ષ મૃત્યુ ૪૪૯, મુકિતનું લક્ષણ ૪૬૭, માયાથી બંધન ૪૬૮, ઇન્દ્રિયો મુકિતદાતા ક્યારે ? ૫૦૩ મોક્ષના અધિકારી ૫૧૮, મૃત્યુનાં ચૌદ, ચિન્હો ૫૯૬, મૃત્યુ સમયે ઇષ્ટ સ્મરણથી મોક્ષ ૬૦૫, બન્ધનનો નાશ ૬૧૬, માનવ જન્મ–દેવની અમૂલ્ય ભેટ ૬૩૮, બંધન અને મુકિત ૭૪૯, ૭૮૩ જન્મ અને મૃત્યુનું કારણ–અભ્યાસ ૭૯૨, મુકિત સાધવાના બે પ્રકાર ૮૩૩,

(૮) કર્મ

કર્મનું સ્વરૂપ ૧૮૪, જ્ઞાનથી કર્મવાસનાનો નાશ. ૨૩૨, કર્મના સાક્ષી ૨૩૫, કર્મનાં ફળ ૨૩૭, વાસનાયુકત કર્મની ભેટ ૬૫૨.

૧૨. સ્થળ–જગત્–સ્વર્ગ–નરક.

બ્રહ્માવર્ત લક્ષણ ૨૫, સ્વર્ગ–નરક-આ સંસારમાં છે ૧૦૪, જગત્નાં તત્ત્વો ૧૫૦, શિશુમાર સ્વરૂપ ૨૨૯, હરિ અને જગત્–એકજ છે ૩૨૨, દેશની પવિત્રતા ૩૪૦, નરક પ્રાપ્તિનાં કારણ ૩૮૨, જગત્–ભગવાનમાં ઓતપ્રોત છે ૪૧૫, જગત્ સ્વરૂપ ૫૨૧,૬૮૭, જગત્નું મિથ્યાત્વ ૬૯૭, જગત્ ભ્રાન્તિરૂપ ૭૫૯

૧૩-સંસાર.

સંસાર મુશ્કેલીથી તરાય એવો છે ૧૨૭, સંસારનિવૃત્તિ-ભકિતથી ૧૮૩, કર્મનો અનુભવ એ સંસાર ૨૧૪, સંસારનું વિજ્ઞાન ૨૪૬, સંસાર પ્રાપ્તિ ક્યારે ? ૨૦૬,૨૮૯,૪૭૩. સ્વપ્ન જેવો સંસાર ૩૧૫,૭૯૩, દુસ્તર સંસારચક્ર ૩૨૧, સંસારવૃક્ષ ૪૫૯, ૭૫૫, સંસાર આનંદ વિનાશક ૫૭૭, સંસારનાં કારણો ૬૪૯, સંસાર અસત્ય છે, ૭૪૮, સંસાર એટલે ગુણકર્મ નિબન્ધન. ૮૦૫ સંસાર સુખદુ:ખ શા માટે આપે છે ? ૮૧૪, સંસારનું સ્વરૂપ ૮૧૫.

૧૪ આસુરી સંપત્તિ

ધુન્ધુકારી લક્ષણ મા-૧૫, અતિપાપી પ્રેત છે, મા-૧૯, આસુરી માનવ, ૬૭, વિષયાભિલાષથી અધોગતિ ૭૭, દુષ્ટ લક્ષણ ૧૨૬, અધર્મથી વિનાશ ૧૩૨, મોહથી આત્મબન્ધન ૧૯૬, દેહાધ્યાસ લક્ષણ ૨૭૯, દ્રોહ-અધર્મ ૨૮૬, અવિવેકનું પરિણામ ૨૯૬, મહાલોભથી વિશ્વકષ્ટ ૩૦૫, મહાલોભથી મેળવેલી લક્ષ્મી પ્રભુને પ્રસન્ન કરી શકતી નથી ૩૨૦, મોક્ષ સાધનોનો દાંભિકો દ્વારા થતો દુરુપયોગ ૩૨૬, વાસનાનાં સેવનથી વાસનાની શાન્તિ થતી નથી. ૩૩૨, અસંતોષથી અધ:પાત ૩૪૩, લક્ષ્મીવાનને ગુણોમાં પણ દોષ દેખાય છે ૩૬૩, અહંકારનું ફળ, ૩૭૯, અસત્ય-મહાન અધર્મ ૩૮૭, દુર્બુદ્ધિનું સ્વરૂપ-તાટકા ૪૨૧, રાવણ ચારિત્ર્ય નિરૂપણ ૪૨૨ તૃષ્ણાનું સ્વરૂપ ૪૩૬, ઉત્પાતનાં કારણો ૪૪૫, ઘાતકી માણસ સર્વનાશને આમંત્રણ આપે છે. ૪૫૩; અહંકાર ઉતારનાર-મૃત્યુ ૪૭૧, શોક મોહની દૃષ્ટિવાળા મૃત્યુને જોતા નથી, ૪૭૪, પૂતનાનું સ્વરૂપ ૪૮૩ તૃણાવર્તનું લક્ષણ ૪૮૯, રજોગુણનું કારણ ૫૦૦ લક્ષ્મીની અસર અને પરિણામ-૫૫૧, વ્યભિચારનું ફળ ૫૫૧, અહંકાર નાશ કરવાનાં સાધનો ૫૯૨, અહંકારની બે સહાયક વૃત્તિ ૬૨૦ મોહ દુસ્ત્યજ છે. ૬૬૭, કુયોગનું ફળ ૬૯૯, શાપનું કારણ-દેહાસક્તિ, ૭૦૯ 'શરીર નથા લક્ષ્મીનો અહંકારી અંધ છે. ૭૧૭, મોહથી અધ:પાત ૭૧૮ મૂર્ખ કોણ ? ૭૨૩. ૩૫ મોહથી નાશ ૭૩૨. સ્ત્રીસંગથી બંધન ૭૩૫, સન્નિપાતનાં લક્ષણ ૮૦૪.

૧૫ કાળ-યુગ

કલિનાં સ્થાનો ૨૪, કાળ ઈશ્વરીશકિત, ૫૨, ૧૩૬, સૂક્ષ્મ-તથા

મહાકાલનું સ્વરૂપ ૫૮, કાળચક્ર ૬૮ કાળ–સદાય જાગ્રત, પ્રમાદીનો વિનાશક ૧૬૯, ૧૭૬, કાળ ઈશ્વર સ્વરૂપ શાસક ૩૩૭, ૬૪૮ વર્ષા અને શરદ્ ૫૩૨, ૫૩૩, ચાર યુગની ઈશ્વરોપાસના ૭૧૯, કાળ ઉત્પત્તિ સ્થિતિ અને લયનું કારણ ૭૨૧, કલિયુગનું લક્ષણ ૮૨૪, કાળની આકૃતિ અને કૃતિ ૮૩૦,

(૧૬) સામાન્યનીતિ

કુકર્મથી સારક્ષતિ મા–૬, બળે અને બાળે તે લૌકિક પ્રેમ મા–૧૭ જૂદા જૂદા આવેશથી જૂદા જૂદા ગુણોનો નાશ મા–૨૧, ભકિત વિનાનાં જ્ઞાનનું પરિણામ ૯, વાકયની સફળતા કયારે ? ૧૧, ભગવાનના વચનોનું સ્વરૂપ ૧૨, ઈશ્વરનાં અસ્તિત્ત્વની અવગણનામાં દેશ અને સમાજની સ્થિતિ ૧૯, કુપાત્રને આપેલા બોધનું પરિણામ ૪૭, સર્વપ્રાણીમાં આત્મભાવ જોવાથી થતું ફળ ૬૬, બંધન મુક્તિનું કારણ–મન ૭૮, નિર્ભયતા એટલે ભાગ્યોદય ૮૨, અહંકારથી અંધત્ત્વ ૯૮, પ્રાણની શકિત એટલે બુદ્ધિ, પ્રાણ અને કર્મશકિત એટલે જ્ઞાન ૧૦૧, શાથી મન શાન્ત થતું નથી ? ૧૦૨ અજ્ઞાનથી અવનતિ ૧૧૬, સ્વજનોનાં કઠણ વચનો બાણ સમાં છે ૧૧૭, આબરૂદારનો પરાભવ તેનાં સ્વજનોથીજ થાય, તેનું પરિણામ મૃત્યુ ૧૨૦, માનવની સ્વભાવ પ્રમાણેની દૃષ્ટિ ૧૨૧, સંતોષનું ફળ ૧૩૦, દુ:ખી કોણ ન થાય ? ૧૩૧, સંયમથી અભય ૧૩૮ ભોગ ભોગવવાનું અને ન ભોગવવાનું ફળ ૧૩૯, દુષ્ટ પ્રજા વૈરાગ્ય કારણ ૧૪૨, સાર ગ્રહણના ઉપાય ૧૫૧, વાણીની વિશુદ્ધિનાં ૭ લક્ષણો ૧૫૭, લક્ષ્મી વિના પ્રયાસે કોને મળે ? ૧૬૦, કુશળની વ્યાખ્યા ૧૬૧, સુભાષિતની વ્યાખ્યા ૧૬૨, આત્મદ્રોહીનું લક્ષણ ૧૬૬, મોહથી કર્મબન્ધન તેથી પરાભવ ૧૯૦, દેહ સંયોગનું કારણ–ઈશ્વરેચ્છા ૧૯૧, મહાપુરુષનાં અપમાનનું ફળ ૨૦૨, ક્રિયાના અનુમાનથી વ્યવહાર દર્શન. ૨૦૮, અપમાનને પાત્ર કોણ થાય ? ૨૧૦ દ્રવ્ય વ્યવહારથી વેર ૨૧૧, વડનાં દૂધના ગુણો ૨૧૬, ધર્મનું સ્વરૂપ ૨૧૭ ભારતમાં માનવ અવતારનું મહત્ત્વ ૨૨૧, સંસાર વિજ્ઞાન ૨૪૬ વ્યકિત–પૂજ્ય મૂર્તિ તરીકે ૨૫૦, કલ્યાણથી અનભિજ્ઞ અજ્ઞાની ૨૫૯; દેહ-સર્વથી પ્રિય ૨૬૦, સ્વાર્થીની દૃષ્ટિ ૨૬૧, માનવ કર્તવ્ય–પરોપકાર ૨૬૩, કાયરને મારવો પ્રશસ્ય નથી ૨૬૬, સત્તા અને સંપત્તિવાળા માણસો કોની દરકાર કરતા નથી ? ૨૬૭ સંપત્તિના દુર્ગુણો ૨૬૯, નિન્દિત માણસને પોતાના ગુણો સુખ આપતા નથી ૨૭૫, આત્માની પ્રસન્નતાનું કારણ ૨૭૮, ભગવદર્થે

અનેઃ ભગવત્પ્રીત્યર્થ કર્મનું ફળ ૨૮૪ સ્વાર્થકુશળ કોણ? ૨૯૩, સહ્વાસનાની વિશિષ્ટતા ૨૯૮, ઈશ્વરનું કાર્ય ૩૦૦, સ્વભાવ–દુઃખનું કારણ ૩૦૨, અસંયમી મનદુઃખનું કારણ ૩૧૮, કોનું કલ્યાણ થતું નથી? ૩૧૯, ક્રૂરને અપાતું વરદાન સાપને અપાતાં દૂધ સમું છે. ૩૨૯, આજીવિકાના પ્રકારો ૩૩૦, મોટું કામ પાર પાડવામાં શત્રુ સાથેનું વર્તન કેવું રાખવું ૩૬૦ સુમંગલ જીવન ૩૬૪ લક્ષ્મીના અભાવમાં માણસની સ્થિતિ ૩૬૫ પૂજ્યપૂજાના અનાદરનું ફળ ૩૬૬, ભગવાનની મહાપૂજા. ૩૬૭, ભેદભાવવાળાં શુભકર્મની નિષ્ફળતા ૩૬૮ વ્યભિચારી વિશ્વાસપાત્ર નથી ૩૬૯, રાક્ષસને અપાયેલું અમૃત હાનિકારક ૩૭૦, પરાજયમાં પણ કોણ દુઃખી ન થાય? ૩૭૨, ઘર ત્રિવર્ગનું ક્ષેત્ર. ૩૮૪ અસુર અજય ક્યારે બને? ૩૭૭, ભગવદ્દર્શનનું ફળ ૩૭૮, જરુર પૂરતું દાન લેનાર પાપી નથી ૩૮૦, સંતોષથી સુખ ૩૮૧, સંપતિ પાંચ ભાગમાં વહેંચવાથી કલ્યાણ (ભાગવતનો સમાજવાદ) ૩૮૪, આટલી બાબતમાં અસત્ય બોલવું પાપ નથી. ૩૮૬, યશસ્વીનો યશ–અવિનાશી ૩૮૮, આયુષ્યનો દુરૂપયોગ અને અધઃપાતનાં કારણો ૩૯૫, અજ્ઞાની ગુરુનો અનર્થ ૩૯૮ સત્પુરુષ પ્રત્યે કરેલો મારણ પ્રયોગ કરનારનું અકલ્યાણ કરે છે ૪૦૭, સુદર્શનની વ્યાખ્યા ૪૯૮, વાસનાના ઉપભોગથી વાસના વૃદ્ધિ, ૪૩૨, સુખી જીવનનાં કારણો ૪૩૩, ઈન્દ્રિયો અતિ બળવાન છે ૪૩૫, અન્ન જલનાં દાનથી દુઃખ નિવૃત્તિ ૪૩૭, બુદ્ધિવાને મૃત્યુને અટકાવવા પ્રયત્ન કરવો જોઈએ ૪૪૭, આકાશવાણી–પરાવાણી ૪૫૦, સ્ત્રીવધનું ફળ ૪૫૬, જીવો દૈવાધીન ૪૭૨, બળવાનશત્રુ એટલે હઠીલો રોગ ૪૭૬, શુદ્ધિનાં સાધનો ૪૭૯, ત્રિવર્ગ સુખદાતા ક્યારે? ૪૮૧, ભાગ્ય ઉપર વિશ્વાસ રાખનાર મોહરહિત હોય છે ૪૮૨, સમદૃષ્ટિનું સ્વરૂપ ૫૦૨, પાપનાશનો ઉપાય ૫૦૯, દુષ્ટને અપાતો દંડ ન્યાયી ૫૨૭ વૃક્ષોનો ઉપદેશ ૫૩૮, ધર્મપાલનમાં વિઘ્નો ૫૪૬, કર્મ પ્રમાણે દૈવ ૫૪૭, તેજસ્વી લક્ષણ ૫૭૫, વિરૂપની મશ્કરીનું ફળ ૫૭૮, પ્રારબ્ધની મહત્તા ૫૮૪, ભાગ્યની ચેષ્ટા–અગમ્ય ૫૮૬, પ્રતિકુલ ભાગ્યમાં પ્રયત્નની નિષ્ફળતા ૫૮૭, અધર્મીની સભામાં સજ્જનની સ્થિતિ ૫૫૮, ભૂતદ્રોહનું ફળ ૫૯૯, જીવતાં છતાં મરેલા કોણ? ૬૦૧, સ્નેહ બંધન દુસ્ત્યજ છે ૬૦૭, સ્વાર્થી મૈત્રી ૬૦૮, નિરાશા–મહાસુખ ૬૧૪, શૂરવીરનો સ્વભાવ ૬૨૨, તૃષ્ણાનું ફળ ૬૩૨, યશની મહત્તા ૬૪૫, પ્રતિકુલ ભાગ્યમાં માનવ સ્થિતિ ૬૫૮, સંયોગ-વિયોગ ઈશ્વરના હાથમાં ૬૫૯, માણસમાં બળદનાં લક્ષણો ૬૬૦, સમીપમાં રહેવાથી

અનાદર ૬૬૩, સર્વ સમાન કેમ નથી? ૬૯૧, આત્યંતિક લયનું સ્વરૂપ ૬૯૨, ઘર એટલે ધર્મશાળા ૬૯૬, ભ્રમર સમા સારગ્રાહી બનવું ૭૩૩ અતિસંગ્રહીનું પરિણામ ૭૩૪, ગ્રામ્યગીતની શ્રવણાસકિતનું ફળ ૭૩૬, જીભ જીતે તે બધું જીતે ૭૩૭, આશા એટલે દુઃખ ૭૩૮, નિત્ય દુઃખી કોણ? ૭૫૦, કંજુસનો પૈસો સુખ આપતો નથી ૭૯૭, દ્રવ્યના ૧૫ અનર્થો ૭૯૮, મન–દુઃખનું કારણ ૭૯૯ મનની વૃત્તિ ક્યાં જાય છે? ૮૦૮ કર્મ ફળના ભાગીદાર ૮૧૧, મરણધર્મી માનવનું અમરત્વ ક્યારે? ૮૨૧, પ્રલયના ચાર પ્રકાર ૮૨૫,

સૂત્ર નંબરોનો પૃષ્ઠાંક

સૂત્રાંક	પૃષ્ઠાંક	સૂત્રાંક	પૃષ્ઠાંક
આ. ૧—૨૨	૧—૧૭	૪૦૧-૪૨૫	૧૬૨-૧૬૯
૧—૨૫	૨૦—૨૭	૪૨૬-૪૫૦	૧૬૯-૧૭૯
૨૬—૫૦	૨૮—૪૩	૪૫૧-૪૭૫	૧૭૯-૧૮૮
૫૧—૭૫	૪૩—૫૪	૪૭૫-૫૦૦	૧૮૮-૧૯૮
૭૬-૧૦૦	૫૪—૬૨	૫૦૧-૫૨૫	૧૯૮-૨૦૭
૧૦૧-૧૨૫	૬૨—૭૧	૫૨૬-૫૫૦	૨૦૮-૨૨૧
૧૨૬-૧૫૦	૭૧—૮૦	૫૫૧-૫૭૫	૨૨૧-૨૪૨
૧૫૧-૧૭૫	૮૦—૮૬	૫૭૬-૬૦૦	૨૪૩-૨૫૪
૧૭૬-૨૦૦	૮૭—૯૫	૬૦૧-૬૨૫	૨૫૪-૨૬૧
૨૦૧-૨૨૫	૯૫-૧૦૨	૬૨૬-૬૫૦	૨૬૨-૨૬૬
૨૨૬-૨૫૦	૧૦૨-૧૧૧	૬૫૧-૬૭૫	૨૬૭-૨૭૫
૨૫૧-૨૭૫	૧૧૧-૧૧૭	૬૭૬-૭૦૦	૨૭૫-૨૮૫
૨૭૬-૩૦૦	૧૧૭-૧૨૫	૭૦૧-૭૨૫	૨૮૬-૨૯૫
૩૦૧-૩૨૫	૧૨૫-૧૩૩	૭૨૬-૭૫૦	૨૯૫-૩૦૦
૩૨૬-૩૫૦	૧૩૩-૧૪૬	૭૫૧-૭૭૫	૩૦૦-૩૦૮
૩૫૧-૩૭૫	૧૪૬-૧૫૧	૭૭૬-૮૦૦	૩૦૮-૩૧૭
૩૭૬-૪૦૦	૧૫૨-૧૬૨	૮૦૧-૮૨૫	૩૧૭-૩૩૨
		૮૨૬-૮૫૪	૩૩૨-૩૪૪

श्री गोकुलचंद्रमाजी-कामवन



वर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
विभ्रद्वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ।
रन्ध्रान्वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै
र्बृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥
भा. १०-२१-५

॥ श्रीमद्भागवतमाहात्म्यम् ॥

(સૂત્ર સાથે લખેલા આંકડાઓ અધ્યાય અને શ્લોકોના છે.)

१ अथ भागवतानुशासनम् ।

वेदादिशास्त्राभ्यासानन्तरं प्रपत्तिपूर्वकं च ।

શ્રીમદ્ ભાગવતનું અનુશાસન.

'અથ' એટલે વેદ, ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ગીતાજીનો અભ્યાસ કર્યા બાદ ભગવાન અને ભગવદીયોની શરણાગતિપૂર્વક 'સૂત્ર ભાગવત'નો આરંભ કરીએ છીએ.

२ कृष्ण एव परं ब्रह्म । १–१ ।

१ सच्चिदानन्दरूपत्वात्, २ विश्वोत्पत्त्यादि हेतुत्वात् ३ तापत्रयनाशकत्वात् ।

શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે—૧-૧–કારણ કે તે,—

૧ સચ્ચિદાનંદરૂપ, ૨ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં કારણરૂપ તથા ૩ ત્રિવિધ તાપને દૂર કરનાર છે.

३ वन्द्यः श्री शुकः । १–२,

१ प्रव्रज्यायोगात्, २ अनुपेतत्वात्, ३ अपेतकृत्यत्वात्, । अत एव सर्वभूतहृदयः ।

૩ ભગવાન શ્રી શુકદેવજી વંદનીય છે—૧-૨

કારણ કે તેઓ (૧) નિત્યસંન્યાસી, (૨) અસંગ–એકલા. અને (૩) જીવનની પ્રત્યેક ક્ષણે પૂર્ણકૃત્ય છે. આથી દરેક માણસના હૃદયમાં વાસ કરનાર હોવાથી વંદ્ય છે.

४ नारदोऽस्थिरः । १–२३

(१) नारं–दुःखसमूहं द्यतीति नारदः (२) नारं ज्ञानं ददातीति नारदः । (३) नारं ज्ञानं द्योतयतीति नारदः । अस्थिरः चपलः, पक्षे अकारो वासुदेवः तस्मिन् स्थिरः इति । सकलकुशलपात्रम् ।

૪ નારદ અસ્થિર છે–૨–૨૩

નારદ એટલે (૧) ‘ નાર ’–દુઃખસમૂહને દૂર કરે, તે (૨) નાર જ્ઞાન આપે તે (૩) નાર–જ્ઞાનને પ્રકાશિત કરે તે, અસ્થિર–કોઇ પણ સ્થળે સ્થિર ન રહે તે, અથવા અ એટલે વાસુદેવ, તેમાં સ્થિર–ભગવદ્‌ભક્ત સર્વના કલ્યાણના સાધનરૂપ બને તે.

५ भक्तिज्ञानविरागाणां जर्जरत्वं–सामर्थ्यराहित्यं कलिकालयोगात्। १, ५७–५८

जरठत्वं ज्ञानवैराग्ययोर्ग्राहकाभावात् । १–६१ (२) प्रसूतिरात्मसुखत्वात् कार्येऽक्षमत्वाद्वा । १–६२ ।

૫. કલિયુગના પ્રભાવને લીધે ભકિત, જ્ઞાન અને વૈરાગ્ય વૃદ્ધ–સામર્થ્યહીન થાય છે. ૧, ૫૭–૫૮

કલિયુગમાં જ્ઞાન–વૈરાગ્યના ગ્રાહકો ન હોવાથી તેઓ વૃદ્ધ, નિષ્ક્રિય, નિષ્ફલ દેખાય છે. અનન્ત શાન્તિને લીધે સુષુપ્ત છે.

६ सारक्षतिः कलिदोषात् कुकर्माचरणाच्च १, ७०–७४

(१) भूमिसारः पदार्थानां नीरसत्वात् १–७०, (२) लोभादपात्र–ज्ञानदानात् । १–७१ (३) तीर्थसारो नास्तिकानामुग्रकर्मभिः । १–७२ (४) तपःसारः कामक्रोधादिभिः । १–७३, ध्यानयोगसारः १ मनसोऽजयात्, २ लोभात्, ३ दम्भात्, ४ पाखण्डाश्रयात्, ५ शास्त्राऽनभ्यसनाच्च १–७४ वस्तुसारो धर्माभावात् १–७६

૬–કલિયુગના દોષને લીધે થતાં કુકર્મથી નીચે જણાવ્યા મુજબ સારનો નાશ થયો ૧–૭૦–૭૬ (૧) પદાર્થો નીરસ થવાથી પૃથ્વીનો ૧–૭૦ (૨) લોભ તથા કુપાત્રને કથા કહેવાથી કથાનો, ૧–૭૧ (૩) નાસ્તિકોના ઉગ્રકર્મને લીધે તીર્થનો, ૧–૭૨ (૪) કામક્રોધાદિથી તપનો–૧–૭૩ (૫) મનનો સંયમ ન હોવાથી, લોભ, દંભ અને પાખંડને લીધે તથા શાસ્ત્રનો અભ્યાસ ન હોવાથી ધ્યાન અને યોગનો ૧–૭૪ તથા (૬) ધર્માચરણના અભાવથી વસ્તુઓનો સાર નાશ પામ્યો. ૧–૭૬

७ दुःखहानिर्भगवत्स्मरणात् । २–१
૭–ભગવાનના સ્મરણથી દુઃખની હાનિ થાય છે. ૨–૧

८ सद्रूपा भक्तिश्चिद्रूपसर्जनत्वात् । २–५
૮–ચૈતન્યનું સર્જન હોવાથી ભક્તિ સત્સ્વરૂપ છે. ૨–૫

९ भक्तिरेव २–५–४४

(१) ब्रह्मसायुज्यकारिणी । २–४ (२) ज्ञानवैराग्यप्रसूतिः । २–११ (३) भक्तपोषा । २–८ (४) सत्कर्ममूर्तिः । २–३२

૯–માત્ર ભક્તિ જ. ૨–૫–૪૪

(૧) પરમાત્માને પ્રાપ્ત કરાવનારી ૨–૪ (૨) જ્ઞાન અને વૈરાગ્યની દાત્રી ૨–૧૧ (૩) ભક્તોને પોષનારી ૨–૮ તથા (૪) સત્કર્મની મૂર્તિ છે ૨–૩૨

१० चतुर्व्यूहस्वरूपाः सनकादयः । २–४५,

(१) योगिनः । २–४६, (२) बुद्धिमन्तः । २–४६ (३) बहुश्रुताः । २–४६, (४) निर्दोषा बालवत् । अत एव जराराहित्यम् ।२-४८,

૧૦–સનક સનંદન સનાતન અને સનત્કુમાર આ ચાર મહર્ષિઓ (વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અને અનિરુદ્ધ આમ) **ચતુર્વ્યૂહ સ્વરૂપે છે** (અંતઃકરણ ચતુષ્ટય–મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના દેવતા છે) અને તેથી વૃદ્ધાવસ્થાથી પર છે ૧–૪૮ કારણ કે તેઓ (૧) યોગી (૨) બુદ્ધિમાન ૨–૪૬ (૩) તત્વજ્ઞ વિદ્વાન ૨–૪૬ અને (૪) બાળકની માફક નિર્દોષ છે. ૨–૪૮

११ द्रव्यतपोयोगस्वाध्यायज्ञानयज्ञेषु ज्ञानयज्ञः श्रेष्ठः २–५९ प्रेष्ठश्च सत्कर्मसूचकत्वात् । २–६०

૧૧–દ્રવ્ય, તપ, યોગ, સ્વાધ્યાય અને જ્ઞાન આ સર્વ યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ સત્કર્મ સૂચવનાર–પ્રેરનાર હોવાથી શ્રેષ્ઠ અને પ્રિય છે ૨–૬૦

१२ विवेकः सत्संगप्रसूतिः । २–७६

(१) श्रेयोदानात् (२) अशुभनाशकत्वात् (३) अज्ञानहेतुमोहादिनाशकत्वाच्च ।। २–७५, ७६

૧૨–વિવેક સત્સંગથી ઉત્પન્ન થાય છે તે (૧) કલ્યાણ કરનાર (૨) અશુભનો નાશ કરનાર (૩) તથા અજ્ઞાનના કારણરૂપ મોહાદિનો નાશ કરનાર છે. વિવેક એટલે સત્યાસત્યના મિશ્રણમાંથી સત્યનો સ્વીકાર અને અસત્યનો પરિત્યાગ–૨–૭૫, ૭૬

१३ भगवन्मूर्तिर्भागवतम् भगवदावेशात् । अत एवेहामुत्र च सर्वसिद्धिदम् ३–६१–६२

૧૩–શ્રીમદ્ ભાગવત એ ભગવાનનું જ વાઙ્મય સ્વરૂપ છે કારણ કે સ્વયં ભગવાનનો તેમાં પ્રવેશ છે. એટલા માટેજ તે આ લોક તથા પરલોકમાં સર્વસિદ્ધિ આપે છે. ૩–૬૧–૬૨,

(१) तत्स्वरुपम् (अ) (१) ग्रन्थोऽष्टादशसाहस्रः। (२) द्वादशस्कन्धसम्मितः । (३) परीक्षिच्छुकसंवादः ।

(ब) ॐकारादि पंचदशभिस्तुल्यम्, फलप्रदं च। (१) ॐकारः (२) गायत्री (३) पुरुषसूक्तम् (४) वेदत्रयी (५) श्री द्वादशाक्षरो मंत्रः (६) सूर्यः (७) प्रयागः (८) कालः (९) विप्राः (१०) अग्निहोत्रम् (११) गौः (१२) द्वादशी (एकादशी) (१३) तुलसी (१४) वसन्तः (१५) पुरुषोतमश्च। ३–३४,३५

(क) सगुणं, निर्गुणोपासनायां कष्टत्वात्।

(ड) प्रत्यक्षं कृष्णस्वरूपम्। ६–३०

(इ) श्रेष्ठं भागवतं परमहंससंहिता समाधिभाषा वा। ६–८२,

(१) प्रोज्झितकैतवधर्मनिरूपणात्। ६–८१, (२) तापत्रयोन्मूलकत्वात्। ६–८१, (३) श्रुतिमात्रे निरोधत्त्वात्। ६–८१, (४) ज्ञानवैराग्यभक्तिप्रदत्वात्। ६–८३, (५) नैष्कर्म्याविष्कारात् च। ६–८२,

(૧) ભાગવતનું સ્વરૂપ—

अ (૧) ૧૮૦૦૦ શ્લોક વાળો (૨) ૧૨ સ્કંધ વાળો (૩) પરીક્ષિત અને શુકદેવના સંવાદરૂપે રહેલો આ દિવ્યગ્રન્થ છે.

(ब) આ શ્રીમદ્‌ભાગવત તથા નીચે જણાવેલાં ૐ કાર વગેરે પંદર સાધનો સરખાં ફળદાતા છે (૧) ૐ કાર (૨) ગાયત્રી (૩) પુરુષસૂક્ત (૪) વેદત્રયી (૫) દ્વાદશાક્ષરમંત્ર–ॐ नमो भगवते वासुदेवाय। (૬) સૂર્ય (૭) પ્રયાગ (૮) કાળ (૯) બ્રાહ્મણો (૧૦) અગ્નિહોત્ર (૧૧) ગાયો (૧૨) એકાદશી (૧૩) તુલસી (૧૪) વસન્ત અને (૧૫) અને પુરુષોત્તમ–પરમાત્મા ૩–૩૪, ૩૫

(क) નિર્ગુણ ઉપાસના કષ્ટપ્રદ હોવાથી ભાગવત એ ભગવાન શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ સગુણ સ્વરૂપ છે. એ પરમહંસોની સંહિતા છે અને પુષ્ટિભક્તોની સમાધિભાષા છે, માટે શ્રેષ્ઠ છે. ૩–૨૯, ૬–૩૦,

૬–૮૨, આ મહાગ્રન્થમાં છલધર્મનો સદંતર અભાવ છે (૨) આધિભૌતિક, આધિદૈવિક, અને આધ્યાત્મિક દુઃખ દૂર કરનાર મહાસાધન છે (૩) એનાં શ્રવણ માત્રથી સંસારનું વિસ્મરણ તથા શ્રી કૃષ્ણમાં આસક્તિ થાય છે (૪) જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો આવિષ્કાર થાય છે, અને (૫) ફલાનુસંધાનરહિત નૈષ્કર્મ્યસિદ્ધિ થાય છે. ૬–૮૧, ૮૨,

(२) भागवतश्रवणे पठने च स्थानम् । (१) गङ्गाद्वारे आनन्दतटे पक्षे ज्ञानानन्दावस्थायाम् । (२) यमुनातटे–पक्षे भक्त्युद्रेके वा (३) तीर्थे, वने गृहे वा (४) पुष्करे मथुरायां द्वारवत्यां वा । १२–१२–६०

(૨) શ્રીમદ્ ભાગવતનાં પઠન તથા શ્રવણનું સ્થળ—

(૧) ગંગાજીનાં આનંદ ક્ષેત્રમાં અથવા ગંગા એટલે જ્ઞાન તેની આનંદમયી અવસ્થામાં (૨) યમુના તટે અથવા ભક્તિની ઉત્કૃષ્ટતામાં–પરમાનંદમયી અવસ્થામાં (૩) તીર્થમાં, વનમાં, અથવા ઘરમાં (૪) પુષ્કરરાજ, મથુરા, દ્વારકા જેવા સુંદર તીર્થોમાં ૧૨–૧૨–૬૦

(३) भागवते कालः । (१) सर्वदा (२) सप्ताहे श्रवणम्, अजयान्मनसः, रोग संभवात्, आयुषः क्षयाच्च । ४–४९ (३) श्रावणः, भाद्रपदः, आश्विनः, कार्तिकः, मार्गशीर्षः, आषाढश्च मोक्षसूचकाः । ६–३, ९४, ९५, ९६, (४) सूर्योदयात् सूर्यास्तपर्यन्तम् । मध्यान्हे घटिकाद्वयं विरामः ६–३८–३९

(૩) ભાગવત શ્રવણ પઠનનો કાળ—

(૧) હમેશાં ૩–૪૯, (૨) મનોનિગ્રહ ન હોવાથી, રોગના સંભવથી અને આયુષ્ય ઉપર ભરોસો ન હોવાથી સાત દિવસમાં સપ્તાહવિધિથી શ્રવણ કરવું, ૩–૪૯ (૩) સપ્તાહ માટેના મહિનાઓ–શ્રાવણ, ભાદરવો, આસો, કારતક, માર્ગશીર્ષ, અને આષાઢ આટલા મહિનાઓ મોક્ષસૂચક છે. ૬–૩ (૪) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી (મધ્યાહ્નમાં બે ઘડી વિરામ કરવો) ૬–૩૮, ૩૯,

(४) भागवतश्रवणे हेतुः । (१) दुःख दारिद्र्यदौर्भाग्यपापप्रक्षालनार्थम् - (२) कामक्रोधजयार्थम् । ३–६४, (३) मुक्त्यर्थम् ६–३० (४) मोहनिवारणार्थं च । २–७२

(૪) ભાગવતશ્રવણનો હેતુઃ—

(૧) દુઃખ, દારિદ્રય, દુર્ભાગ્ય તથા પાપને દૂર કરવા માટે ૩–૬૪ (૨) કામ ક્રોધાદિના વિજયમાટે ૬–૩૦, (૩) મોક્ષમાટે ૬–૩૦, તથા (૪) મોહના નિવારણમાટે ૨–૭૨,

(५) भागवतश्रोतुर्योग्यताः । (१) नम्रता, विवेकश्च । ३–४, (२) वैष्णवत्वम्, विरक्तिः, त्यागः, ब्रह्मचर्यम् । ३–१९, (३) सत्यम्, मनोवृत्तिजयः, श्रद्धा । ३–४६,-४७,–४८ (४) गुरुवाक्ये विश्वासः, दैन्यम्, मनोदोषजयः । ६–७५, व्यवसायात्मिका बुद्धिः । प्राङ्मुखः । ६–१८, (५) लोकवित्तधनागारचिन्तात्यागः, शुद्धमतिः । ६–३

(૫) શ્રોતાની યોગ્યતાઃ—

(૧) નમ્રતા અને વિવેક ૩–૪, (૨) વૈષ્ણવત્વ, વૈરાગ્ય, ત્યાગ, બ્રહ્મચર્ય, ૩–૧૯; (૩) સત્ય મનોવૃત્તિનો વિજય, દૃઢશ્રદ્ધા, ૩–૪૬, ૪૭, ૪૮, (૪) ગુરુવાક્યમાં વિશ્વાસ, દૈન્ય, દોષદૃષ્ટિનો ત્યાગ ૭–૭૫, (૫) નિશ્ચલબુદ્ધિ, જ્ઞાનાભિમુખી વૃત્તિ–પૂર્વ તરફ મુખ રાખવું ૬–૧૮ (૬) લોકવ્યવહાર, દ્રવ્ય, ઘર, વગેરેની ચિન્તાનો ત્યાગ, શુદ્ધબુદ્ધિ ૬–૩

(६) भागवतवक्तुर्योग्यताः । विरक्तः, वैष्णवः, वेदशास्त्रविशुद्धिकृत् , । ६–२० दृष्टान्तकुशलः, धीरः, अतिनिस्पृहः संशयच्छेत्ता, लोकबोधनतत्परः ६–२२, उदङ्मुखः । ६–१८,

(૬) વક્તાની યોગ્યતા—

(૧) વૈરાગ્યવાન, વૈષ્ણવ, વેદશાસ્ત્રમાં સંશોધનબુદ્ધિવાળો ૬–૨૦, (૨) દૃષ્ટાંત આપવામાં કુશળ, ધીર અને નિસ્પૃહ, શંકા સમાધાન કરનાર, સમાજને બોધ આપવામાં તત્પર; ૬ ૨૨; (૩) ઉત્તરાભિમુખ અથવા જ્ઞાનાભિમુખીવૃત્તિવાળો ૬–૧૮,

(७) भागवतश्रवणे विधिः । (१) सुमुहूर्तम्। ६—२, (२) आमन्त्रणम् । ६—५ (३) स्वागतम्। ६—११ (४) विशालस्थले मण्डपः। ६—१२, (५) स्थापनम् । ६—२५ (६) पंचब्राह्मणवरणम् । ६—३५, (७) उपोषणं, सायंभोजनं वा । ६—४१,४३, (८) गरिष्ठान्नत्यागः, कामक्रोधवर्जनम्, । ६—४६, ४७, (९) सत्यादीनां स्वीकारः । ६—५०, (१०) समाप्तौ होमो गीतापाठो जपो वा । ६—६१ ६३, (११) भागवतादिदानानि ब्राह्मणभोजनं सत्कारश्च । ६—६४,

(૭) ભાગવત શ્રવણનો વિધિઃ—

(૧) મુહૂર્ત જોવું ૬–૨; (૨) આમંત્રણ આપવાં ૬–૫, (૩) સ્વાગત કરવું ૬–૧૧; (૪) વિશાલ સ્થળમાં મંડપ કરવો ૬–૧૨; (૫) દેવસ્થાપન ૬–૨૫; (૬) પાંચ બ્રાહ્મણોની વરણી ૬–૩૫; (૭) ઉપવાસ અથવા સાંજે ભોજન ૬–૪૧, ૪૩; (૮) મિષ્ટાન્ન–ભારે ભોજનનો ત્યાગ, વાસના, કામક્રોધાદિનો ત્યાગ ૬–૪૬, ૪૭; (૯) સત્યાદિનો સ્વીકાર ૬–૫૦; (૧૦) સમાપ્તિમાં હોમ, ગીતાપાઠ અથવા જપ ૬–૬૧, ૬૩, દાન–ગૌદાન–ભાગવતદાન–સત્કાર તથા બ્રાહ્મણભોજન ૬–૬૪,

(८) भागवतश्रवणे फलम् । (१) शोकदुःखविनाशः । (२) भक्तिज्ञानविरागतारुण्यम् । ३—९, (३) वेदपुराणशास्त्रागमः । ३—१५,

(४) पापनाशः, दुःखदारिद्र्यादिनाशः, कामक्रोधजयः, कृष्णसमता, चित्तग्रन्थिभेदः ३–६२,६४ (५) परमगतिप्राप्तिः, पितृतृप्तिः, अपुनर्भवः ५–६४ । धर्मार्थकाममोक्षावाप्तिः भुक्तिर्मुक्तिश्च ५–८८ ९० (७) भक्तिज्ञानविरागप्राप्तिः, दारिद्र्यादिनाशः मायानाशः, निरोधश्च । ६–९१–९२, (८) सर्वसिद्धयः । ६–१०३

(૮) શ્રીમદ્‌ભાગવત શ્રવણનું ફળઃ—

(૧) દુઃખ અને શોકનો વિનાશ ૨–૭૪; (૨) ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની કાર્યક્ષમતા પૂર્વકની પ્રાપ્તિ; ૩–૯; (૩) વેદ, પુરાણો અને શાસ્ત્રોના જ્ઞાનની પ્રાપ્તિ ૩–૧૫; (૪) પાપનાશ, દુઃખ દારિદ્ર્યનાશ, કામ ક્રોધ વગેરે ઉપર વિજય, શ્રીકૃષ્ણસરૂપતા, મંનમાં ઘર કરી રહેલા દોષોનો નાશ ૩–૬૨, ૬૪; (૫) પરમગતિની પ્રાપ્તિ પિતૃતૃપ્તિ, મોક્ષ ૫–૮૮–૯૦; (૬) ધર્મ અર્થ, અને મોક્ષની પ્રાપ્તિ; ભુક્તિ અને મુક્તિ ૬–૬૯–૭૦; (૭) ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્તિ, દારિદ્ર્ય અને માયાનો નાશ, નિરોધ (જીવન્મુક્તિ) ૬–૯૧–૯૨; સર્વસિદ્ધિની પ્રાપ્તિ–૬–૧૦૩;

१४ भक्तिरितिः ।

(१) **व्याख्याः**–(१) सात्वस्मिन् परमप्रेमस्वरूपा ना० भ० सू० । (२) सा परानुरक्तिरीश्वरे । शां–सू (३) माहात्म्यज्ञानपूर्वकः सर्वतोऽधिकः सुदृढः स्नेहो भक्तिः (श्रीमत्प्रभुचरणाः) (४) अहैतुकोऽव्यवहितः प्रपत्तिपूर्वको निर्गुणः फलानुसन्धानरहितः स्नेहो भक्तिः । (५) व्यक्तौ व्यक्तौ स्वाभिव्यक्तिर्भक्तिः ।

(૧૪) ભક્તિની વ્યાખ્યા, સ્વરૂપ અને ફળઃ—

(૧) વ્યાખ્યા–(૧) ભગવાનમાં પરમપ્રેમ (ના. ભ. સૂ.) (૨) ઇશ્વરમાં પરમાસક્તિ (શાં–સૂ) (૩) પરમાત્માની મહત્તાનાં

५ स्थापना प्रचारश्च। वैष्णवमानसेषु ४–७१ नारदेन, सनकादिभिश्च। २–४६, ४७, ४८, ५२, ५५. ४–७०

(૫) સ્થાપના અને પ્રચારઃ—

સ્થાપના–વૈષ્ણવોના મનમાં, પ્રચારઃ-નારદ અને સનકાદિદ્વારા ૨–૪૬, ૪૭, ૪૮, ૫૨–૫૫ ૪–૭૦

(६) तत्फलम्–(१) स्वप्नेऽप्यदर्शनं यमस्य, अभयत्वात् २–१६, (२) गोविन्दसरूपता, प्रेमधारणा, भवरोगनाशः ३–७० (३) निर्मलत्वम् ४–७, (४) देहगेहात्मविस्मृतिः ४–७ (५) पापनाशः ४–९ (६) क्रियाद्वैतम् भगवतासहेति ५–५२, ७–१५–६२

(૬) ભક્તિનું ફળઃ–

(૧) નિર્ભયતા–મૃત્યુંજયત્વ–જીવન્મુક્તિ ૨–૧૬. (૨) ભગવત્સમાનતા, અલૌકિક નિર્વ્યાજપ્રેમની પ્રાપ્તિ, સંસારરોગનો નાશ ૩–૭૦ (૩) નિર્મલતા, દેહ, ઘર અને આત્માનું વિસ્મરણ ૪–૭ (૪) પાપનાશ ૪–૯ (૫) ભાવ, ક્રિયા અને દ્રવ્યમાં ભગવાન સાથે એકત્વ ૭–૧૫–૬૨.

१५ अत्युग्रकर्मणोप्युद्धारोधुन्धुकारीवत् ५–५२

(१) पात्राणि–: (१) आत्मदेवः ब्राह्मणः पक्षे आत्मा। तद्गुणाः विशारदः निष्णातः, मायाधीनत्वाद् भिक्षुकः, वित्तवान्। ४–१७–१० (२) धुन्धुली–तत्पत्नी पक्षे अन्धकारमानयन्ती आत्ममाया। ४–१४ तद्गुणाः स्ववाक्य स्थापिका, लोकवार्तारता, जल्पिका, लौकिककृत्येषु शूरा। ४–१८–१९ कृपणा, कलहप्रिया। ४–१० (३) पुत्रः पुत्री वा–पक्षे विवेकः सद्बुद्धिर्वा। ४–२२ (४) तुङ्गभद्रा–नदी, पक्षे तुंगं भद्रं यस्यां सा जीवननदी। ४–१६ (५) पत्तनम्–: नगरम्। पक्षे

पतनशीलं शरीरम् । ४-१६ (६) संन्यासी–यतिः, पक्षे सज्ज्ञानस्त्यागः । ४–२४ (७) फलम्–ः ज्ञानवैराग्यफलम् । ४–४१ (८) धुन्धुली-भगिनी–ः पक्षे मनोवृत्तिः । ४–५१ (९) धुन्धुकारी–ः पुत्रः पक्षे आत्ममायायाः मनोवृत्त्यात्युग्रकर्मविपाकः–धुन्धुं करोति कारयतीति वा । ४–६१ (१०) गोकर्णः आत्मदेवस्यापरः धेनुपुत्रः पक्षे गो–ब्रह्मविद्या कर्णे यस्य, श्रवणसंभृतं-ब्रह्मज्ञानम् । ४–६५

આત્મદેવ ચરિત્રઃ–

તુંગભદ્રા નદીના કાંઠા ઊપર એક ગામ હતું, તુંગભદ્રા એટલે જે દ્વારા ઉત્કૃષ્ટ કલ્યાણ સાધી શકાય એવું નદી સમું ચંચલ માનવજીવનવાળું,–પત્તન–પતનશીલ, દેહ ૪–૧૬ તેમાં આત્મદેવ નામનો બ્રાહ્મણ રહેતો હતો. આત્મદેવ એટલે આત્મા–વિદ્વાન, સૂર્યસમો, ભગવાનના જેટલાજ ગુણવાળો, છતાં પોતાને નિર્બળ માનનાર ૪–૧૭–૧૮ તેની પત્નીનું નામ ધુન્ધુલી હતું. ધુન્ધુલી એટલે–અંધકાર–અજ્ઞાન ફેલાવનારી, પોતાનું ધારેલું કરાવનારી, લોકવાર્તા, વ્યવહારમાંજ રસ ધરાવતી, બહુ બોલનારી, કલહપ્રિય, આત્માની મોહવૃત્તિ ૪–૧૮–૧૯ તેમને પુત્ર કે પુત્રી નહોતાંઃ પુત્ર એટલે વિવેક, પુત્રી એટલે સદ્વૃત્તિ ૪–૨૨ એ મેળવવા તેમણે ઘણા પ્રયત્ન કર્યા પણ નિષ્ફળ ગયા ૪–૨૪ આત્મદેવને એક સન્યાસી મળ્યા, તેમણે જ્ઞાન–વૈરાગ્યના ઉપદેશ રૂપી એક ફળ આપ્યું. તેણે તે ફળ ધુન્ધુલીને–આત્મબુદ્ધિને–ખવડાવવા જણાવ્યું, આત્મદેવે તે ફળ ધુન્ધુલીને આપ્યું. કલહપ્રિય ધુન્ધુલીને–માયાને–જ્ઞાન વૈરાગ્યનું ફળ હાથમાં આવતાં અન્યથા વિચાર આવવા લાગ્યા. ૪–૪૧ તેવામાં તેની બહેન–મનની ચંચલવૃત્તિ આવી તેણે પોતાનો પુત્ર–અવિવેક–ધુન્ધુલીને આપ્યો અને જ્ઞાન વૈરાગ્યનું ફળ ગો–બ્રહ્મવિદ્યા–આત્મદેવને ત્યાં રહેલી ગાય બ્રહ્મવિદ્યા–પાસે ગયુંઃ ધુન્ધુલી–આત્મમાયા–ને ધુન્ધુકારી–કામ-

ક્રોધાદિ અંધકાર ફેલાવનાર–અવિવેક નામનો પુત્ર થયો. ગાય–બ્રહ્મવિદ્યા–થી ગોકર્ણ–શ્રવણસંભૃત જ્ઞાન–ઊત્પન્ન થયું. આમ આત્મદેવને ત્યાં બે બાળકો–ધુન્ધુકારી અને ગોકર્ણ અર્થાત્ અવિવેક અને જ્ઞાન–બન્ને સાથે આવ્યાં ૪–૫૧ પણ આ બન્નેના માર્ગ જુદા પડ્યા. ધુન્ધુકારી મહાદુષ્ટ નીકળ્યો, જ્યારે ગોકર્ણ પરમજ્ઞાની થયો. ધુન્ધુકારીના ત્રાસે માઝા મૂકી, આત્મદેવ મૂંઝાયો.

२ तेषां त्रिविधा गति–ः (१) आत्मदेवस्य कृष्णप्राप्तिः गोकर्णोपदेशात्। ४–८९ (२) धुन्धुल्याः कूपे (संसारे) पतनात् पुनरावृत्तिः। ५–२ (३) धुन्धुकारिणोऽत्युग्रकर्मविपाकः प्रेतत्त्वम्। ५–१६ तन्मुक्तिः गोकर्णात् श्रवणसंभृतज्ञानात् भागवतात् भगवद्रूपात्। ५–६७

(૨) તેઓની ત્રણ પ્રકારની ગતિઃ—

ગોકર્ણે જ્ઞાન આપ્યું અને તે મુક્ત થયો. ૪–૮૧* ધુન્ધુકારીના ત્રાસથી ધુન્ધુલીએ પણ કૂવામાં પડી પ્રાણ તજ્યા.× હવે ધુન્ધુકારી આત્મસંયમ જતાં વધુ ઉચ્છૃંખલ બન્યો. તેણે ૫ વેશ્યાઓ સાથે–પાંચ ઈંદ્રિયોના વિષયો સાથે સંગ કર્યો અને જે ઇન્દ્રિયોનો અતિ સંગ કર્યો તેણેજ તેને ગળામાં પાશ નાખી મુખ ઊપર બળતા અંગારા ચાંપી મારી નાખ્યો. ૫–૪ વિષય સુખનાં ફળ બળતા અંગારા સમાં દુઃખ આપી મૃત્યુ આપે છે. ૫–૧૬+ ધુન્ધુકારી મરણ પછી પ્રેત (એક પ્રકારની મરણ પછીની કનિષ્ઠયોનિ) થયો. ૫–૧૦–૧૧

---

* સરખાવો:–ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः। (गी०)

× સરખાવો:–मध्ये तिष्ठन्ति राजसाः (गी०)

+ સરખાવો:–अधोगच्छन्ति तामसाः। (गी०)

આમ પ્રેતયોનિમાં જ્યારે ધુન્ધુકારી હતો ત્યારે ગોકર્ણના જ્ઞાનદ્વારા એણે પાપની કબુલાત કરી તેને પશ્ચાત્તાપ થયો. ૫-૨-૨૨-૨૫ અને ભગવત્સ્વરૂપ શ્રીમદ્ ભાગવતનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી તે મુક્ત થયો. ૫-૬૭

१६ विवेकप्राप्तिश्चतुर्भिः । ५–४२

सत्यं शौचं दया मौनम् इति चत्वारि ।

૧૬ સત્ય, દયા, પવિત્રતા અને મૌનથી વિવેક (સાર અને અસાર પારખવાની બુદ્ધિ) **પ્રાપ્ત થાય છે. ૫-૪૨**

१७ ज्वलनमनिशं स्नेहात् । ५–७४

૧૭ બળે અને બાળે તે લૌકિક સ્નેહ. ૫-૭૪

१८ गतषष्ठिवर्षधर्माः । ४, ७९–८०

१ **देहधर्माः**–त्यागो देहाभिमतेः । ममत्वराहित्त्यम् । जगति क्षणभंगुरत्त्वबुद्धिः । वैराग्यरागः । भक्तिनिष्ठा च । ४–७९

२ **आत्मधर्माः**–धर्माचरणम् । लोकधर्मत्यागः । सत्संगः सेवा च । कामतृष्णात्यागः । अन्यगुणदोषदर्शनाभावः । सेवाकथाप्रीतिः । स्थिरमतित्वं च । ४–८०

૧૮ સાઠ વર્ષથી ઉપરની વ્યક્તિના ધર્મો ૪, ૭૯-૮૦

૧ દેહધર્મ–(૧) શરીર ઉપરનાં અભિમાનનો ત્યાગ (૨) મમત્વનો ત્યાગ (૩) (દેહ ક્ષણભંગુર હોવાથી પોતાને માટે) જગત ક્ષણભંગુર છે, એવી બુદ્ધિ (૪) વૈરાગ્ય ઉપર પ્રેમ (૫) અને ભક્તિનિષ્ઠા ૪-૭૯

૨ આત્મધર્મ–(૧) ધર્માચરણ (૨) વ્યવહારનો સદંતર ત્યાગ (૩) સેવા અને સત્સંગવૃત્તિ (૪) વાસના અને લોભનો ત્યાગ (૫) બીજાના ગુણ તથા દોષની ઉપેક્ષા (૬) તથા સેવા-કથા ઉપર પ્રીતિ ૪-૮૦ (૭) પ્રભુમાં સ્થિરબુદ્ધિ ૪-૮૧

१९ प्रेतोऽतिपापः । ५–१६

तत्फलम्–(१) शीतातपक्लेशः । (२) निराहारः । (३) पिपासितः । ५–१७; (४) अशरणः । ५–१८; (५) नैकरूपः । ५–२२; (६) प्रच्छन्नः । ५–२०; (७) सत्सन्निधौ वचनोच्चारेऽशक्तः । ५–२५;

૧૯ અતિપાપી પ્રેત છે. ૫, ૧૬–૧૮

તેનાં લક્ષણ:–(૧) અતિ પાપીને ઠંડી ગરમી વગેરે દુઃખો સહન કરવાં પડે છે. (૨) સુખે ખાઈ શકતો નથી (૩) તરસ–તૃષ્ણા–છીપતી નથી (૪) આશરો મળતો નથી (૫) જૂદાં જૂદાં સ્વરૂપો બદલવાં પડે છે. (૬) ગુપ્ત રહેવું પડે છે. (૭) સત્પુરુષો સામે સત્ય વાત કહેતી વખતે વાણી બંધ થઈ જાય છે. ૫–૧૬–૧૮

२० शरीरस्यानित्यस्य लक्षणश्रेणिः । ५, ५८–६१

अस्थिस्तम्भम् । स्नायुबद्धम् । मांसशोणितलेपितम् । चर्मनद्धम् । रोगमन्दिरम् । दुष्पूरम् । दुर्धरम् । सदोषम् । क्षणभंगुरम् । कृमिविड्भस्मान्तम् । स्थिरकर्मसाधनम् । ५–५८–६१

૨૦ અનિત્ય શરીરની લક્ષણપરંપરા ૫, ૫૮–૬૧

(૧) હાડકાંથી થતાં બંધારણવાળું (૨) સ્નાયુના, (હાડકાં સાથેનાં) બંધારણવાળું (૩) માંસ અને લોહીના લેપવાળું (૪) ચામડીથી મઢેલું (૫) રોગનું ઘર (૬) કદિ (અન્નાદિથી) ન પૂરાય એવું (૭) બળાત્કારે પણ જેને રાખી ન શકાય તેવું (૮) અનેક દોષવાળું (૯) ક્ષણભંગુર (૧૦) જીવડાંનો ખોરાક બનવાથી માટીમાં અથવા અગ્નિથી ભસ્મમાં ફેરવાઈ જતું છતાં, (૧૧) સ્થિરકર્મ–દાન, યજ્ઞ, તપ વગેરેના મહાસાધન રૂપ શરીર છે. ૫–૫૮–૬૧

२१ नाशस्तत्तदावेशात् । ५, ७३–७४

(१) अदाढर्यात् ज्ञानम् । (२) श्रुतं प्रमादात् । (३) मन्त्रः

सन्देहात् । (४) व्यग्रचित्तत्वाज्जपः । (५) श्राद्धमपात्रात् । (६) दानमश्रोत्रिये । (७) कुलमनाचारात्, नश्यन्त्येव । ५, ७३–७४

૨૧ જુદા જુદા આવેશથી જુદા જુદા ગુણનો નાશ થાય છે

(૧) દૃઢતાના અભાવ (ચંચળતા)થી જ્ઞાનનો, (૨) બેદરકારીથી–પ્રમાદથી–શાસ્ત્રશ્રવણનો (૩) સન્દેહથી મન્ત્રનો (૪) વ્યગ્રચિત્તથી જપનો (૫) કુપાત્રને આમંત્રણ આપવાથી શ્રાદ્ધનો (૬) અવિદ્વાનને દાન આપવાથી દાનનો અને (૭) અનાચારથી કુળનો નાશ થાય છે. ૫, ૭૩–૭૪

२२ श्रुतौ फलाभिमुख्यः क्रियाः ५, ७५

(१) गुरुवाक्यविश्वासः । (२) दैन्यम् । (३) मनोदोषजयः । (४) कथायां निश्चलमतिः । (५) विचारणपरत्वं च । ६, ८२

૨૨ ભાગવતનાં કથાશ્રવણમાં નીચેની ક્રિયાઓ ફળ આપે છે. ૫, ૭૫.

(૧) ગુરુવાક્યમાં વિશ્વાસ (૨) દૈન્ય (૩) મનના દોષો ઉપર સંયમ (૪) કથામાં નિશ્ચલબુદ્ધિ અને (૫) શ્રવણનું મનન તથા વિચારણા. ૫, ૭૫, ૬, ૮૨

॥ अथ प्रथमः स्कन्धः ॥

[अधिकारस्कन्धः]


हीनाधिकारी
अ–१–३
अ–३
मध्यमाधिकारी
अ–४–६
अ–३
उत्तमाधिकारी
अ–७–१९
अ–१३
वक्ता–सूतः
श्रुतभागवतत्वम्
चातुर्यम्
गुह्यज्ञानम्
श्रोता–शौनकादि
जिज्ञासुत्त्वम्
मात्सर्यराहित्यम्
श्रवणप्रीतिः
अ–१२
वक्ता
शुकः
भगवद्धर्म
दृढवैराग्यः
प्रभावेकतानता
१
श्रोता
परीक्षित्
धर्मी
वक्ता–नारदः
भगवत्कृपा
भगवदीयत्वम्
श्रोता–व्यासः
भगवत्कृपा
भगवदेकत्वम्

પ્રથમ સ્કંધમાં ભાગવતના અધિકારનું વર્ણન હોવાથી તેને અધિકાર સ્કંધ કહ્યો છે. તેના ત્રણ ભેદ છે.

(૧) **હીનાધિકારી** :—અધ્યાય–૧ થી ૩ (અધ્યાયઃ ૩)

अ શ્રોતાઃ—જિજ્ઞાસા, મત્સરરાહિત્ય, શ્રવણાદર ગુહ્યજ્ઞાન.

ब વક્તાઃ—શ્રવણદ્વારા ચાતુર્ય અભ્યાસ.

(૨) મધ્યમાધિકારીઃ—અ. ૪ થી ૬ (અધ્યાયઃ ૩)

अ શ્રોતાઃ—ભગવત્કૃપા વૈષ્ણવત્વ ભગવત્પ્રીતિ
ब વક્તાઃ—ભગવત્કૃપા વૈષ્ણવત્વ ભગવત્પ્રીતિ

(૩) ઉત્તમાધિકારીઃ—અધ્યાય ૭ થી ૧૯ (અધ્યાયઃ ૧૩)

अ ૧૨ અધ્યાયઃ–ભગવાનનાં બાર અંગ રૂપે ૨ સાથળ, ૨ બાહુ, ૧ મસ્તક, ૧ હૃદય, ૨ હાથ, ૨ ચરણ, ૨ સ્તન. વક્તા—શુકદેવમાં ભગવદ્ધર્મ.

ब ૧ અધ્યાયઃ—અંગી પુરુષોત્તમ રૂપે શ્રોતા—પરીક્ષિત–ધર્મી. આમ કુલ ૧૯ અધ્યાય છે.

वेदोपनिषद् ब्रह्मसूत्रगीताभाष्यं भागवतम् । स्मृतीतिहासपुराणानामपि । द्वादशाङ्गं तत् पुरुषाभेदात् । अथाधिकारे प्रथमः ।

ભાગવતના પ્રથમ સ્કંધને અધિકાર સ્કંધ કહ્યો છે.

શ્રીમદ્‌ભાગવત એ વેદ, ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, અને ગીતાનું ભાષ્ય (વિવરણ) છે. જે વિષયો વેદ વગેરેમાં આપવામાં આવ્યા છે તેનું વિશેષ સ્પષ્ટીકરણ ભાગવતમાં છે. સ્મૃતિ (મનુસ્મૃતિ વગેરે) તથા ઇતિહાસ ગ્રંથો (રામાયણ અને મહાભારત) માં આવેલા વિષયોનું પણ તે ભાષ્ય છે.

ભાગવત પૂર્ણ પુરુષોત્તમનું વાઙ્મય સ્વરૂપ છે. વેદમાં ભગવાનનાં બાર અંગોને પ્રધાન ગણવામાં આવ્યાં છે અને તેથી વ્યાસજીએ ભાગવતના બાર સ્કંધની બાર અંગ રૂપે મહત્તા આપી રચના કરી છે.

॥ अथ प्रथमः स्कन्धः ॥

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકોના છે.)

१ सत्यं परं धीमहि । १, १

१ उपादाननिमित्तयोः कनककुण्डलवत् । २ मिथ्यात्वे सत्याभासस्त्रिवर्गो यत्सत्तया । ३ त्रिकालावस्थायामप्येकरूपः । ४ शास्त्रयोनित्वाच्च ।

૧ અમે તે પરમ સત્યસ્વરૂપ પરમાત્માની ઉપાસના કરીએ છીએ. ૧, ૧

(૧) જગત્‌નાં ઉપાદાન અને નિમિત્ત કારણરૂપે, જેમ સોનું અને કુંડલ બન્નેનાં નામ અને રૂપ જૂદાં હોવા છતાં સુવર્ણરૂપે એકજ છે, તેમ જગત્ અને જગદીશ્વર બન્ને સત્યરૂપ છે,–એક રૂપ છે. (૨) તે ભગવાનની સત્તાથી જ ત્રિસર્ગ (ઉત્પત્તિ સ્થિતિ અને લય) અસત્ય હોવા છતાં સત્ય ભાસે છે. (૩) ભૂત વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં ભગવાન એકરૂપ છે. (૪) સર્વ શાસ્ત્રોનું આ નિદર્શન છે. ૧, ૧

२ वेद्यं भागवतम् । १, २

१ निगमकल्पतरुरसरूपफलत्वात् । २ परमहंससंहिता समाधिभाषा वा । १, ३, ३ प्रोज्झितकैतवधर्मनिरूपणात् तापत्रयोन्मूलकत्वाच्छिवदम् । १, २, ४ श्रुतिमात्रे निरोधः स्वानुभावात् । १, २

૨ શ્રીમદ્‌ ભાગવતનું જ્ઞાન મેળવવું જોઇએ, ૧, ૨ કારણ કે–

૧. વેદરૂપી કલ્પવૃક્ષનું તે રસરૂપ ફળ છે. ૨. તેને પરમહંસોની સંહિતા અને સમાધિભાષા કહે છે. ૩. ભાગવત પરમ કલ્યાણકારી છે, કારણ કે–તેમાં કપટ રહિત ધર્મનું નિરૂપણ કર-

વામાં આવ્યું છે, અને તેથી તે આધિદૈવિક, આધિભૌતિક, અને આધ્યાત્મિક, આમ ત્રણ પ્રકારના દુઃખોનો નાશ કરે છે. ૪. તેનાં શ્રવણ માત્રથી સંસારનું વિસ્મરણ અને ભગવાનમાં આસક્તિ થાય છે એ અનુભવસિદ્ધ છે. ૧, ૨

३ निखिलश्रेयःकारणं भक्तिरात्मप्रसादयोनित्वात् । २, ६–७, १३, १८, २२,

૩ (માનવનાં) સમગ્ર કલ્યાણનું કારણ ભક્તિ છે, કારણ કે તેથી જ આત્માની પ્રસન્નતા થાય છે. ૨, ૬, ૭, ૧૩, ૧૮, ૨૨.

४ सत्वादिभिः सर्जनादयो भगवल्लीला । २, २३

૪ સત્વ વગેરે ગુણોથી ભગવાને કરેલાં સર્જન, પાલન તથા સંહાર એ ભગવાનની લીલા કહેવાય છે. ૨, ૨૩.

માનવ પણ આવી જ ક્રિયાઓ કરે છે. પણ તેનું ધ્યાન, ફળ તથા તેનાથી ઉત્પન્ન થતાં સુખ દુઃખો ઉપર હોય છે. આથી માનવની ક્રિયા કહેવાય છે. જ્યારે ભગવાનની તેવી જ ક્રિયા, લીલા કહેવાય છે, કારણ કે પ્રભુ અનાસક્ત છે.

५ तदनुभूत्यै साधनानि । २, २८, २९

૫ યજ્ઞ, તપ વગેરે સાધનો ભગવાનની લીલાના અનુભવ માટે છે. ૨, ૨૮, ૨૯.

६ शुकः अविद्यानाशको मूर्तिमान् ज्ञानयोगः । १, ३

૬ શુકદેવજી એટલે અવિદ્યાનાશક મૂર્તિમાન જ્ઞાનયોગ

७ स्वसर्जनावनायावतरणम् । २, ३३–३४

१ प्रथमः पुरुषावतारः ३, ४–५ । २ अंशादयोऽपरे ३, २६–२९ । ३ कृष्णस्तु भगवान् स्वयम् । ३, २८

૭ પોતે સર્જન કરેલાં જગતનાં રક્ષણ માટે ભગવાન અવતાર લે છે. ૨, ૩૩–૩૪.

તેમનો પહેલો અવતાર પુરુષાવતાર (વિરાટ) ગણાય છે. ૩, ૪–૫ મત્સ્ય કૂર્મ વગેરે બાવીશ અવતારોને અંશાવતાર કહે છે, ૩, ૨૬–૨૯ પણ ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણાવતારી છે.* ૩, ૨૯

८ सर्जनादिष्वात्मतन्त्रोऽनासक्तश्च भगवान् । ३, ३६

૮ માનવને સર્જનમાં મોહ, રક્ષણમાં અહંકાર અને વિનાશમાં શોક હોય છે જ્યારે ભગવાનમાં તે હોતાં નથી, **કારણ કે ભગવાન સર્જન રક્ષણ અને નાશમાં સ્વતંત્ર અને અનાસક્ત છે. ૩, ૩૬.**

९ सति ज्ञाने भक्त्यभावो दुःखयोनिः । ५, ८–१२, २०, २१

૯ જ્ઞાન હોવા છતાં જો ભકિત ન હોય તો દુઃખ ઉત્પન્ન કરે છે. ૫, ૮–૧૨; ૨૦, ૨૧.

१० सत्संगाद्भक्तिहेतवः । ५, २४–२८

१ धर्मरुचिश्रद्धारतिनिर्वृतयः ।

૧૦ સત્સંગથી ભકિતનાં કારણરૂપ ધર્મમાં પ્રેમ, શ્રદ્ધા, ઇશ્વરમાં સ્નેહ અને પરમશાંતિ ધીમે ધીમે ઉત્પન્ન થાય છે. ૫–૨૪–૨૮.

આ બધાં સત્સંગથી ભક્તિની સિદ્ધિ સુધીનાં ક્રમશઃ સોપાન છે.

---

*૧. મત્સ્યાદિ અવતારોમાં સર્વ શક્તિમાનપણું, ૨. કપિલાદિમાં જ્ઞાન. ૩. પૃથુમાં શક્તિ, ૪. નૃસિંહમાં ક્રિયા; ૫. રામ–મર્યાદાને આધીન છે, જ્યારે શ્રીકૃષ્ણ સર્વતંત્ર સ્વતંત્ર છે, તેથી સ્વયં પૂર્ણપુરુષોત્તમ છે.

११ अप्रतिहता वाग्विवृत्तिः । ७, ४९

૧૧ વાક્યની સફળતા ૭, ૪૯

જો કોઈ પણ વચન, ધર્મ, ન્યાય અને કરુણાપૂર્ણ હોય, કપટરહિત અને સર્વને લાગુ પડે તેવું હોય તથા બોલનારની મહત્તા જાળવે તેવું હોય તો તે સૌ કોઈને માન્ય બને છે.

१२ तत्रापि भगवच्छासनम् । ७, ५३–५४

૧૨ એવાં વચનોમાં પણ ભગવાનનાં આજ્ઞાકારી વચનો દઢ નિશ્ચયી અને સફળ હોય છે. ૭, ૫૩–૫૪.

१३ ईशित्वमरक्ष्यरक्षणव्याजात् । ८, ८–१३

૧૩ જ્યારે સંસારમાં જેની કોઇ રક્ષા કરી શકતું નથી અથવા સંસારી પુરુષો માટે જેનું રક્ષણ અશક્ય હોય છે, ત્યારે કોઇ ને પણ નિમિત્ત બનાવી જે રક્ષા કરે છે, તે ઇશ્વર છે ૮–૮–૧૩.

१४ निवृत्तसर्वेन्द्रियवृत्तिविभ्रमो भीष्मः । ९, ३०–३१

१ आत्मसंस्थया भगवन्मत्यैवोपरतित्वात् । ९, २, ३२, ४२

૧૪ જેનું મન, સર્વ ઇન્દ્રિયો, વૃત્તિઓ તથા વિલાસ, સંસારમાંથી પરાવૃત્ત થઇ કેવળ ઇશ્વરમાં જ એકાગ્ર બને તે ભીષ્મ. ૯, ૩૦–૩૧.

પોતાનામાં રહેલી પરમાત્મબુદ્ધિથી જ તે નિર્વાણ પામ્યા. ૯, ૩૨, ૪૨. ભીષ્મનો બીજો અર્થ મન પણ થાય, દુઃખની બાણશય્યા-પર રહેલું મન જો ભગવાનનું શરણ ગ્રહણ કરે, તો તે નિર્વાણ પામે.

१५ विशेषोऽविशेषे । १०, २१, २२

૧૫ વિશિષ્ટ પરમાત્માની વિશેષતા ૧૦, ૨૧-૨૨.

અવિશેષ એટલે નિર્ગુણ બ્રહ્મ, જ્યારે તે સગુણ સ્વરૂપે અવતાર ધારણ કરે છે ત્યારે સર્જન, રક્ષણ, પાલન, શોક આદિ સર્વ ક્રિયાઓ તથા ભાવ આપણી ક્રિયા અને ભાવની માફક જ દેખાય છે, છતાં તે પ્રભુને જરાપણ સ્પર્શ કરતાં નથી, એ ભગવાનના અવતારની વિશિષ્ટતા છે. માનવની ક્રિયા સહેતુક તથા સુખ અને દુઃખ આપનારી હોય છે, જ્યારે ભગવાનની લીલા અહૈતુકી અને આનન્દપ્રદ છે.

१६ प्रकृतेः परत्वं बुद्ध्याश्रयत्वात् । ११, ३८

૧૬ ભગવાન પ્રકૃત્તિમાં રહેવા છતાં તેનાથી પર રહે છે. માણસ બુદ્ધિનો દાસ છે. જ્યારે બુદ્ધિ પરમાત્માની દાસી છે. એજ પ્રભુનું પ્રભુત્વ છે. ૧૧, ૩૮

१७ विष्णुरातो बृहच्छ्रवाः । १२, १७

१ शुद्धगुणाश्रयत्वात् । १२, १९–२६

૧૭ વિષ્ણુરાત (પરીક્ષિત) મહાકીર્તિમાન હતા. ૧૨, ૧૭ પરીક્ષિતનું અસલ નામ વિષ્ણુરાત હતું. વિષ્ણુરાત એટલે પરમાત્માએ કૃપા કરીને આપેલો. જેના ઉપર ભગવાનની કૃપા ઉતરે તે મહા કીર્તિમાન બને, તેની કીર્તિ નીચે જણાવેલા કેટલા અગત્યના ગુણોને આભારી છે. તે પ્રજારક્ષક, સત્યવાદી, શરણ્ય, વીર, પરાક્રમી, સહનશીલ, ઉદાર, સમાન, ધાર્મિક, ધૈર્યવાન અને વૃદ્ધોના ઉપાસક હતા. આથી તે કલિનિગ્રહ કરી શક્યા. શ્રવણસંભૃતજ્ઞાનની ઉણપ હતી તે શુકદેવ પાસેથી મેળતાં મુક્તસંગ બની મોક્ષ પામ્યા. ૧૨, ૧૯–૨૬.

१८ गर्भदृष्टमनुध्यायन् परीक्षित् ।* १२, ३०

---

*સરખાવો–**परीक्ष्यलोकान्०**

૧૮ ગર્ભમાં જોયેલા ઇશ્વરને ન ભૂલે તે પરીક્ષિત ૧૨, ૩૦

રાજા પરીક્ષિતને તેની માતા ઉત્તરાની પ્રાર્થનાથી ગર્ભવાસ દરમ્યાન પ્રભુદર્શન થયાં. આપણે પણ જ્યારે ગર્ભમાં હોઈએ છીએ ત્યારે એ નરકકુંડમાંથી છૂટવા માટે ભગવાનની પ્રાર્થના કરીએ છીએ. પણ જન્મ થતાં એ ઘટના ભૂલાઇ જાય છે. રાજા પરીક્ષિત એ ભૂલ્યા નહિ. અપાર વૈભવમાં પણ તેણે ગર્ભવાસમાં નિરખેલા પ્રભુનાં સર્વત્ર દર્શનની ઝંખના રાખી માટે તે પરીક્ષિત કહેવાયા.

१९ ईशास्तित्त्वादर्शनाल्लोस्थितिः । १४, ३-८,

१ कालो भयंकरः २ परिवर्तनं सर्वर्तुषु ३ वृतिः पापीयसी क्रोधादीनां प्रवेशः ४ व्यवहारे कापटचम् ५ मैत्रीशाठचम् ६ क्लेश-शोकान्वितं कुटुम्बम् ।

૧૯ જ્યારે જગત ઇશ્વરની સત્તા કે અસ્તિત્વને માનતું નથી, ત્યારે દેશ અને જનતાની નીચે પ્રમાણે ગતિ થાય છે. ૧૪, ૩-૮.

૧. કાળ ભયંકર લાગે છે. ૨. ઋતુઓના ધર્મોમાં ફેરફાર થાય છે. ૩. ક્રોધ, લોભ અને અસત્ય પેસવાથી આજીવિકા પાપી બને છે. ૪. વ્યવહારમાં કપટ આવે છે. ૫. મિત્રતામાં શઠતા આવે છે. ૬. કુટુમ્બમાં કલેશ અને શોક પ્રવેશે છે. ૧૪, ૩-૮.

२० स्वरूपस्थिति र्ब्रह्मसम्पत्तेः*, १५, ३१, २८, २९

૨૦ બ્રહ્મસંપત્તિથી જીવન્મુકિત ૧૫, ૩૧, ૨૮, ૨૯

કાળ, કર્મ અને સ્વભાવને લીધે માણસમાં ગુપ્ત રહેલાં

---

*સરખાવો–शोककारणं द्वेषभ्रान्तिः । द्वेषभ्रान्तिकारणं स्थूलशरीरम् । स्थूलशरीरकारणं लिङ्गशरीरम् । लिङ्गशरीरकारणं गुणाः । गुण-कारणमविद्या । अविद्यानाशो ब्रह्मसम्पत्त्या, अत एव ब्रह्म-संपत्या मोक्षः ।

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનાં બીજ સમય આવતાં સત્સંગથી અથવા જ્ઞાન વૈરાગ્યથી અંકુરિત થાય છે. તે વખતે તેના શોક, સંશય, સુખ દુઃખ વગેરેની લાગણી આ નિર્ગુણ બ્રહ્મજ્ઞાનથી અદૃશ્ય થાય છે, આ બ્રહ્મસમ્પત્તિ છે, તે પ્રાપ્ત થતાં એવો માનવ નિર્ગુણ, ત્યાગી, મમતારહિત અને નિરહંકારી બને છે. એનાં સર્વ બન્ધનો છૂટી જતાં એના પ્રાણ, મન, ઇંદ્રિયો વગેરે આત્મમય–આનંદમય–થઈ જાય છે. અને તેથી એ જીવન્મુક્ત થાય છે. આનું જ બીજું નામ સ્વરૂપસ્થિતિ છે.

२१ सर्वोन्नतिकारणं परीक्षित् । अ–१६

१ धर्मप्रतिष्ठा करणात् । २ कलिनिग्रहाच्च ।

૨૧ રાજર્ષિ પરીક્ષિત સર્વ પ્રકારની ઉન્નતિના કારણ રૂપ છે, કેમકે–ઉન્નતિ એટલે ઉર્ધ્વસ્થિતિ. શ્રી વલ્લભચાર્યજીએ એના ચાર પ્રકાર આ વિષયમાં ગણાવ્યા છે.

(૧) જન્મોન્નતિઃ રાજા પરીક્ષિતે આ ઉન્નતિ કલિયુગ પર વિજય કરીને સ્થાપી.

(૨) ધર્મોન્નતિઃ ધર્મના તૂટેલા દયા, તપશ્ચર્યા અને પવિત્રતા રૂપી ત્રણ પાદને સાંધી ધર્મને પૂર્ણ બનાવ્યો. એ ધર્મોન્નતિ છે.

(૩) સર્વોન્નતિઃ––શ્રીમદ્ ભાગવતનું નિમિત્ત બની સર્વની ઉન્નતિના સાધન બન્યા.

સ્વોન્નતિ––ભાગવત–શ્રવણથી મુક્તિ સાધી પોતાની ઉન્નતિ કરી. આ ઉપરાંત એમણે કલિ ઉપર વિજય મેળવી ધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરી.

२२ महीयसां महागुणाः । १६, २६–२९

૨૨ મહાપુરુષના મહાગુણો ૧૬, ૨૬–૨૯

સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, ત્યાગ, સન્તોષ, કોમળતા, શમ, દમ, તપ, સામ્ય, સહનશક્તિ, શાંતિ, વિદ્યા, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બળ, સ્મૃતિ, સ્વાતંત્ર્ય, કુશળતા, કાંતિ, ધૈર્ય, મૃદુત્વ, ગંભીરતા, વિનય, ચારિત્ર્ય, ઇંદ્રિયબળ, આત્મબળ, દેહબળ, સ્થિરતા, આસ્તિક્ય, કીર્તિ, સ્વમાન, અને અહંકારરાહિત્ય. જીવન્મુક્તિ મેળવવાની ઈચ્છાવાળાએ જીવનમાં આ ગુણો કેળવવા જોઈએ. ઉપર્યુક્ત ગુણો ભગવાનમાં સ્વાભાવિક રહેલા છે જ્યારે માણસને ભગવત્કૃપાથી જ મળે છે.

२३ धर्मस्कन्धाश्चत्वारः । १७,२४

१ सत्यमविकारि ।

૨૩ તપશ્ચર્યા, પવિત્રતા, દયા અને સત્ય આ ચાર ધર્મના પાયા છે. ૧૭-૨૪.

અધર્મના અંશ રૂપ સ્વાભિમાન, દુઃસંગ અને મદથી આગલા ત્રણ પાયા તપ, પવિત્રતા અને દયા નાશ પામે છે. સત્ય અવિકારી હોવાથી એના એકના આધારે ધર્મ ટકે છે. એટલું જ નહિ પણ તે તૂટેલા ધર્મના પાદની પુનઃ પ્રતિષ્ઠાનું સાધન બને છે.

२४ कलिधिष्ण्यं द्यूतादयः । १७, ३८, ३९

૨૪ કલિરૂપ અધર્મના જુગાર વગેરે સ્થાનો છે. ૧૭, ૩૮, ૩૯.

કલિ રૂપ અધર્મનાં દશ સ્થાન છે. જુગાર, સુરાપાન, વ્યભિચાર, પ્રાણીવધ, અધર્મ, અસત્ય, મદ, કામ, ક્રોધ અને વેર. છેલ્લાં પાંચમાં સુવર્ણનો પણ સમાવેશ થાય છે.

२५ धर्मयज्ञसत्यप्रधाना देशावस्था ब्रह्मावर्तः । १७, ३३

૨૫ જે સ્થળમાં (૧) સત્ય અને ધર્મ આચારમાં હોય (૨) યાજ્ઞિકો યજ્ઞ (દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, જ્ઞાનયજ્ઞ,

યોગયજ્ઞ) કરતા હોય અને (૩) સર્વમાં એકાત્મભાવ હોય તે સ્થળને બ્રહ્માવર્ત કહે છે.

२६ प्रव्रजन्ननुपेतापेतकृत्यः शुकः । २, २

अत एव सर्वभूतहृदयः ।

૨૬ શુકદેવજી (૧) નિત્ય ઊર્ધ્વગતિકરનાર પરિવ્રાજક (૨) અસંગી અને (૩) જીવનની કોઇ પણ ક્ષણે પૂર્ણ કૃત્ય છે. તેથી તેઓનો ભગવાનની માફક પ્રત્યેક પ્રાણીમાત્રનાં હૃદયમાં વાસ હતો.

२७ आश्चर्योऽस्य वक्ता कुशलश्चास्य श्रोता च ।

૨૭ ભાગવતના વકતા આશ્ચર્યકારક અને શ્રોતા કુશલ–ચતુર છે.

શ્રીમદ્‌ ભાગવતના પ્રધાન વક્તાઓમાં તેના રચયિતા વ્યાસજી તેમના પુત્ર શુકદેવજી તથા સુતજી ગણાય છે. એવી જ રીતે ભાગવતના પ્રધાન શ્રોતાઓમાં દેવર્ષિ નારદ, રાજર્ષિ પરીક્ષિત તથા શૌનક વગેરે મહર્ષિઓ ગણાય છે. પરંતુ આશ્ચર્યકારક વક્તા અને શ્રોતા તો કેવલ શુકસ્વામી અને રાજા પરીક્ષિત છે. તેથી આચાર્ય શ્રી મહાપ્રભુજીએ તેમની ઉત્તમ વક્તા તથા શ્રોતા તરીકે ગણના કરી છે. ઉત્તમ વક્તા તરીકેનાં ચાતુર્ય, ગુણજ્ઞાનસંગ્રહ. ગુરુપરમ્પરાથી પ્રાપ્ત થયેલી વિદ્યા ઉપરાન્ત શુકસ્વામીમાં દૃઢ વૈરાગ્ય અને ભગવદીયત્વ હતાં, એવી જ રીતે રાજર્ષિ પરીક્ષિતમાં જિજ્ઞાસુત્વ, માત્સર્યરાહિત્ય અને શ્રવણપ્રીતિ ઉપરાંત પ્રભુમાં એકતા અને વૈરાગ્ય હતાં શુકદેવજી ગર્ભગત યોગી હતા જ્યારે રાજર્ષિ પરીક્ષિતે ગર્ભવાસમાં ભગવાનનાં દર્શન કર્યાં હતાં અને જન્મ થયા બાદ એ દર્શનની તમન્ના હતી. આવડાં મોટાં સામ્રાજ્યનો, પરિવારનો અને સત્તાનો સદન્તર ત્યાગ કરી સંસારને ભૂલી એટલીજ આસક્તિ ભગવાનમાં હતી માટે એઆશ્ચર્યકારક શ્રોતા ગણાયા.

॥ इति प्रथमः स्कन्धः ॥

द्वितीयः स्कन्धः


साधनः निदर्शकः
तत्त्वध्यानम्
हृत्प्रसादः
मननम्
स्थूलम् (अ–१)
सूक्ष्मम् (अ–२)
श्रोतुः (अ–३)
वक्तुः (अ–४)
उत्पत्तिः
उपपत्तिः
अनित्ये जननम् (अ–५)
परिच्छिन्ने समागमः (अ–६)
अपरिच्छिन्ने प्राकट्यम् (अ–७)
आशंका (अ–८)
उत्तरः (अ–९)
फलम् (अ–१०)
अवताराः
आवेशाः
पूर्णः

साधनापेक्षोऽधिकारः फलदातृत्वात् ।

१ साधनानिध्यानप्रसादमननानि ।

પ્રથમ સ્કંધમાં શ્રોતા તથા વક્તાના અધિકારનું નિરૂપણ કર્યું. અધિકારમાં સાધન આવશ્યક છે. એ સાધનોનું નિરૂપણ બીજા સ્કંધમાં છે.

સાધન ત્રણ છે. પ્રભુનું ધ્યાન, ચિત્તશુદ્ધિ અને મનન.

પહેલાં ધ્યાન પ્રકરણમાં બે અધ્યાયો છે. પહેલા અધ્યાયમાં સ્થૂલધ્યાન અને બીજામાં સૂક્ષ્મધ્યાનનું નિરૂપણ છે. બીજું ચિત્તશુદ્ધિ પ્રકરણમાં ૩ જો અને ૪ થો એમ બે અધ્યાયો છે. એમાં અનુક્રમે શ્રોતા અને વક્તાની ચિત્તશુદ્ધિનું નિરૂપણ છે.

ત્રીજું મનન પ્રકરણ પાંચમાથી દશમા અધ્યાય સુધીનું ૬ અધ્યાયનું છે. તેમાં બે અવાંતર પ્રકરણ છે. ઉત્પત્તિ અને ઉપપત્તિ. તે દરેકમાં ત્રણ અધ્યાય છે.

ઉત્પત્તિઃ—અનિત્યમાં જનન, (અ. ૫) પરિચ્છિન્નમાં સમાગમ (અ. ૬) અપરિચ્છિન્નમાં પ્રાકટ્ય (અ. ૭)

ઉપપત્તિઃ—આશંકા (અ. ૮) ઉત્તર (અ. ૯) અને ફળ (. ૧૦)
આમ કુલ ૧૦ અધ્યાય છે.

પ્રથમ સ્કન્ધને અધિકાર સ્કન્ધ કહ્યો છે. જ્યારે બીજા સ્કન્ધને સાધનસ્કન્ધ કહેવામાં આવ્યો છે. અધિકાર આપવામાં આવે પણ તેને સાધન ન આપવામાં આવે તો અધિકાર નિષ્ફળ બને છે. માટે અધિકાર મળતાં સાધનની જરૂર હોય છે તો જ તે ફળ આપે છે.

બીજા પક્ષે ભગવાનનું શ્રવણ, કીર્તન તથા સ્મરણને પણ સાધન ગણવામાં આવ્યાં છે.

तस्माद्भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः ।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताभयम् ॥

द्वितीयः स्कन्धः

२८ संजातविरागं ध्यानम् सांख्ययोगाभ्याम् । १, ५६

१ द्विविधं तत् स्थूलं सूक्ष्मं च । २ तत्संसिद्ध्यै आसनश्वास संगेन्द्रियजयाः ।

૨૮ પરમાત્મામાં વૈરાગ્ય સાથેનાં જ્ઞાન અને યોગથી મનની એકાગ્રતા કરવી એનું નામ ધ્યાન. ૧, ૫૬

જ્ઞાન અને યોગથી જ્યારે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે જ ધ્યાન સિદ્ધ થાય છે. તે ધ્યાનના બે પ્રકારો છે. (૧) ભગવાનના સ્થૂલ સ્વરૂપ કે વિરાટનું અને (૨) સાધકના હૃદયાકાશમાં રહેલા પરમાત્માનું. આ બન્ને ધ્યાનની સિદ્ધિને, માટે સાધકે આસનજય પ્રાણાયામ, સંગત્યાગ અને ઇન્દ્રિયવિજય. કેળવવા જોઈએ.

२९ वैराजे धारणाश्रयो भगवान् सत्यानन्दनिधित्वात् । १-२६-३९

૨૯ ભગવાન ધારણાના આશ્રય રૂપ, સત્ય સ્વરૂપ તથા આનન્દ નિધિ હોવાથી તેમનાં વિરાટ સ્વરૂપનું પ્રથમ ધ્યાન કરવું. ૧, ૨૬–૨૯

તે ધ્યાનની પ્રક્રિયા આ પ્રમાણે છે.

પાતાળથી સત્યલોક પર્યંત પરમાત્માનું પુરુષસ્વરૂપ રહેલું છે. પાતાલ ભગવાનના ચરણ છે. સત્યલોક એ મસ્તક છે. સૂર્ય ચંદ્ર ભગવાનનાં નેત્ર છે. પર્વતો હાડકાં તરીકે, નદીઓ નાડી તરીકે,

વૃક્ષો રુવાડાં તરીકે, મેઘ વાળ તરીકે, માયા હાસ્ય તરીકે, વેદો મસ્તક તરીકે, પશુ અને પક્ષીઓ ભગવાનના કલાકૌશલ્ય તરીકે એ વિરાટ સ્વરૂપમાં રહ્યા છે. માનવ બુદ્ધિ એ ઇશ્વરની બુદ્ધિ છે. અને ભગવાનનો નિવાસ એ માનવનું હૃદય છે. વિરાટ સ્વરૂપે ભગવાન સત્ય સ્વરૂપ અને આનન્દનિધિ છે.

३० सूक्ष्मे हृदाकाशे व्यवसायबुद्धिः । २, ८–१२

૩૦ નિશ્ચયાત્મક બુદ્ધિથી ભગવાનનું હૃદયાકાશમાં ધ્યાન કરવું, એને સૂક્ષ્મ ધ્યાન કહે છે. ૨, ૮–૧૨

३१ ततो मुक्तिः षट्चक्रभेदात् । २, १९–२१

૩૧ (આવાં ધ્યાનથી) છ ચક્રોના ભેદથી મુકિત થાય છે. ૨, ૧૯–૨૧

આવી રીતે ભગવાનનું એકાગ્રતાથી ધ્યાન ધરતો યોગી દેશ અને કાળથી પર બને છે. સત્વ, રજ કે તમોગુણના સર્વ વિકારો ત્યાં શાંત થાય છે. તેનાથી ઉપરની દશામાં આવો યોગી શરીરમાંનાં છ* ચક્રોનું ભેદન કરી પોતાના આત્માને બ્રહ્મરન્ધ્રમાં સ્થિર કરે છે. અને એવી આનંદમય અવસ્થામાં જ શરીરનો ત્યાગ કરી સદ્યો મુક્તિ પ્રાપ્ત કરે છે.

३२ शिशुमारपथा गुणसन्निरोधात् पारमेष्ठ्यं वा । २, २२–२४

૩૨ શિશુમારમાર્ગથી કે સત્વાદિ ત્રણગુણોના સંયમદ્વારા ક્રમમુકિત થાય છે. ૨, ૨૨–૨૪

---

*શરીરના ૭ ચક્રોના નામ અને સ્થાન નીચે મુજબ છે.

(૧) મૂલાધાર–ગુદા (૨) મણિપૂરક–નાભિ (૩) અનાહત–હૃદય (૪) વિશુદ્ધ–વક્ષઃસ્થલ (૫) આજ્ઞાચક્ર–એ ભ્રમર વચ્ચે (૬) બ્રહ્મરન્ધ્ર–મસ્તક

સત્વગુણ, રજોગુણ, તથા તમોગુણથી પર બનેલો યોગી અનાસક્ત બની (જ્યોતિર્મય સુષુમ્ણા દ્વારા) ઇશ્વરના શિશુમાર નામના જ્યોતિષ્ ચક્રમાં લીન થાય છે—મુક્તિના આ પ્રકારને ક્રમમુક્તિ કહે છે.

३३ न पुनरावृत्तिरुभाभ्याम् । २, ३१

૩૩ આ બેમાંથી ગમે તે એક પ્રકારે મુક્તિ પામેલાને સંસારનું પુનરાવર્તન નથી. ૨, ૩૧

३४ सकामोपासना सोपानं निर्व्याजभक्तेः । ३, १–९

૩૪ નિષ્કામ–ભક્તિનું પગથિયું સકામ–ભક્તિ છે. ૩, ૧–૯

સકામ ભક્તિ અમુક જ ફળને ઉદ્દેશીને અમુક જ દેવની ઉપાસનામાં છે. દા. ત. લક્ષ્મીની ઈચ્છાવાળાએ લક્ષ્મીની, અન્નની ઈચ્છાવાળાએ અદિતિની, આયુષ્યની ઈચ્છાવાળાએ અશ્વિનીકુમારની, રૂપની ઈચ્છાવાળાએ ગંધર્વની, સ્ત્રીની ઈચ્છાવાળાએ ઉર્વશીની વિદ્યાની ઈચ્છાવાળાએ શંકરની, વંશવૃદ્ધિની ઇચ્છાવાળાએ પિતૃઓની ઉપાસના કરવી. પણ આ ઉપાસનામાં પરોક્ષવાદ છે. અને તેથી તેનું ફળ અનિશ્ચિત અથવા તો તાત્કાલિક અને ક્ષણિક હોય છે. પરન્તુ એનો મોટો ફાયદો એ છે કે આવી સકામ ભક્તિ દ્વારા પ્રેમ લક્ષણા–નિષ્કામ ભક્તિ ઉત્પન્ન થાય છે. જે દ્વારા સાધકનું નિશ્ચિત કલ્યાણ થાય છે.

३५ सुकरा भक्तिर्ज्ञानयोगाभ्याम् । ३–१२

१ गुणेष्वसङ्गत्वात् । २ प्रतिनिवृत्तगुणोर्मिचक्रात् । ३ आत्मप्रसाददातृत्वात् ।

૩૫ જ્ઞાન અને યોગ કરતાં ભક્તિ યોગ સરળ છે. ૩, ૧૨

જ્ઞાન યોગથી મહાપ્રયત્ને ત્રણ ફળ મળે છે. તે ત્રણે ફળ

ભક્તિ દ્વારા સરળતાથી પ્રાપ્ત થાય છે. એ ત્રણ ફળ નીચે પ્રમાણે. ૧. સત્વાદિ ગુણોમાં અનાસક્તિ. ૨. આ ગુણોને લીધે ઉત્પન્ન થતાં ઊર્મીચક્રો (ઇચ્છાઓની) શાંતિ ૩. આત્માની પ્રસન્નતા.

મોટા મોટા મહર્ષિઓ આ ત્રણ બાબતો જ્ઞાનથી જેમ તેમ પ્રાપ્ત કરી શકયા. તે ગોપીજનો સરળતાથી મેળવી શકયાં. આથી જ્ઞાન અને યોગ કરતાં ભક્તિ સરળ છે.

३६ सुभद्रश्रवाः पुरुषोत्तमः । ४, १२-१७

१ गृहीतशक्तित्रितयः । २ अन्तर्भवोऽनुपलक्ष्यवर्त्मा । ३ सत्वमूर्तिः । ४ स्वधामनि ब्रह्मणि रंस्यन् ।

૩૬ ભગવાન પુરુષોત્તમ શ્રવણમંગલ છે. ૪, ૧૨-૧૭

૧. ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર માટે નિર્ગુણ છતાં સત્વાદિ ત્રણે ગુણોને ધારણ કરવાથી, ૨. પ્રાણીમાત્રમાં અંતર્યામી હોવા છતાં તેમનો માર્ગ કોઇને જણાતો નથી તેથી, ૩. સત્વમૂર્તિ હોવાથી, ૪. સ્વસ્વરૂપમાં જ રમણ કરનાર હોવાથી.

ઉપરના ગુણો ઇશ્વર સિવાય બીજા કોઇનામાં હોતા નથી માટે પ્રભુ શ્રવણ મંગલ છે.

३७ भूतमात्रेन्द्रियधियां प्रसूतिर्मायोपादानात् । ५, १७-३४

(१) गुणत्रयसंभूतिः । (२) कालकर्मस्वभावैर्महत्तत्त्वम् । (३) द्रव्यज्ञानक्रियात्मकोऽहंकारस्त्रिविधः ।

૩૭ સર્જન કરવાની ઇચ્છાથી ભગવાને કાળ કર્મ અને સ્વભાવની શકિતઓને પોતાની માયા વડે ગ્રહણ કરી ૫, ૧૭-૩૪

તેથી (૧) સત્વગુણ, રજોગુણ અને તમોગુણ ઉત્પન્ન થયા.

(૨) કાલકર્મ અને સ્વભાવથી આ ત્રણે ગુણોના પરીણામ રૂપ મહત્તત્વ ઉત્પન્ન થયું. (૩) તેમાંથી ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો.

તામસ અહંકારમાંથી પંચમહાભૂત (પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ) ઉત્પન્ન થયાં. રાજસ અહંકારમાંથી ઇન્દ્રિયો અને સાત્વિક અહંકારમાંથી મન તથા તેની ચૈતન્યશક્તિ ઉત્પન્ન થયાં. આમ મહત્તત્વ, ત્રણ ગુણ તથા ત્રણ પ્રકારના અહંકાર દ્વારા નીચેનાં ૨૪ તત્વો ઉત્પન્ન થયાં.

(૧) પંચમહાભૂત (૨) પંચતન્માત્રા (૩) પંચ જ્ઞાનેન્દ્રિય (૪) પંચકર્મેન્દ્રિય અને (૫) ચાર અન્તઃકરણ

३८ जीवस्याजीवे प्रवेशात् सहस्रशीर्षा पुरुषः । ५, ३४–४२

१ वर्णात्मकः । २ लोकमयः । ३ भूतभव्यभवत्सर्वं पुरुष एव । ४ सर्वमावृत्याप्यधिको वितस्तिमात्रः । ५ पादोऽस्य विश्वाभूतानि । ६ मूर्धानि अमृतंक्षेममभयानि । ७. यज्ञेन यज्ञ(पुरुष)मयजन्त देवाः ।

૩૮ જડમાં ચૈતન્યનો (એકી સાથે) પ્રવેશ થવાથી ઇશ્વર સહસ્રશીર્ષા બન્યો. ૫, ૩૪–૪૨

ઉપરનાં નં. ૩૭મા સૂત્રમાં જણાવેલાં તત્વો જડ હોવાથી નિષ્ક્રિય હતાં. પરમાત્માએ સર્વ તત્વોમાં ચૈતન્યરૂપે એકી સાથે પ્રવેશ કર્યો અને દરેક પ્રાણીપદાર્થમાં કૂટસ્થ રૂપે રહ્યા. તેથી જગતનો સર્વ તત્ત્વ સમુદાય સજીવ બન્યો અને તેથી ભગવાન 'सहस्रशीर्षा पुरुषः–એકમાંથી અનેક બન્યા. તેના લક્ષણ, કાર્ય અને વિભૂતિ આ પ્રમાણે છે–

(૧) **વર્ણાત્મક**–બ્રાહ્મણ–બુદ્ધિ, ક્ષત્રીય–દેહબળ, વૈશ્ય–વ્યાપાર, શુદ્ર–સેવા.

(૨) **લોકમય**–(અ) ભૂર્લોક, ભુવર્લોક તથા સ્વર્લોક (ત્રિલોકી) રૂપે, (બ) સાત લોક તથા સાત પાતાલ રૂપે

(૩) **થયેલું, થનારૂં અને થતું** એ સર્વમાં પુરુષ (કૂટસ્થ –આત્મા) રૂપે.

(૪) આકાશથી પાતાલ પર્યંત વ્યાપક રહેવાં છતાં તેનાથી પણ એક વેંત જેટલા અધિક.

(૫) તેમના એક ચરણમાં સમગ્ર વિશ્વના પ્રાણી અને પદાર્થ માત્રનો વાસ.

(૬) એમનાં મસ્તકો, અમરત્વ, અભય અને કલ્યાણદાતા આથી,

(૭) દેવોએ (દિવ્ય શક્તિવાળા ઋષિઓ સહિત) યજ્ઞ દ્વારા તે યજ્ઞ પુરુષની ઉપાસના કરી.

त्वदीयं वस्तु गोविन्द तुभ्यमेव समर्पये । तेन त्यक्तेन भुञ्जीथाः ।

३९ स एवाद्योवतारः । ६, ५२

(१) तत्स्वरुपम् ।

अ. शश्वत्प्रशान्तम् । ब. अभयम् । क. प्रतिबोधमात्रम् । ड. सदसतः परम् । इ. शब्दातिगम् ।

(२) तज्ज्ञानम् ।

अ. विशुद्धम् । ब. प्रत्यक्सम्यगवस्थितम् । क. सत्यम् । ड. पूर्णम् । इ. शब्दातिगम् ।

(३) तत्पदम् ।

अ. अजस्रसुखम् । ब. विशोकम् । क. हेतिहानिकरम् ।

(४) तत्फलम् ।

अ. श्रेयसां श्रेयः । ब. भावस्वभाव विजयः । क. आत्यन्तिकी मुक्तिः ।

૩૯ આજ ઇશ્વરનો પ્રથમ અવતાર છે.

(૧) તેનું સ્વરૂપઃ–

(અ) સદાય શાંત (બ) નિર્ભય (ક) જ્ઞાન સ્વરૂપ (ડ) સત્ અને અસત્થી પર (ઇ) શબ્દથી અવર્ણ્ય.

(૨) તેનું જ્ઞાનઃ-

(અ) વિશુદ્ધ (બ) દરેકમાં વ્યવસ્થિત રહેલું (ક) સત્ય (ડ) પૂર્ણ (ઇ) શબ્દથી અવર્ણનીય.

(૩) તેનું પદઃ-

(અ) સદાય સુખ દાતા. (અખંડ સુખ આપનાર) (બ) શોક રહિત. (ક) ભેદ ભાવ દૂર કરનાર.

(૪) તેનું ફળઃ—

(અ) પરમ કલ્યાણકારી. (બ) શમદમાદિ ભાવોથી કરવામાં આવેલાં સ્વાભાવિક કર્મો ઉપર વિજય આપનાર (ક) આત્યન્તિક મોક્ષ.

४० शेषेऽप्यशेषः । ७, ४१-४४

૪૦ શેષમાં પણ ઇશ્વર અશેષ છે. ૭, ૪૧-૪૪

પરમાત્મા જડ તથા ચૈતન્ય સ્વરૂપે સર્વવ્યાપક અને પૂર્ણ છે. એની કોઈ પણ ક્રિયા સર્જન, સંહાર કે રક્ષણ કદીયે અપૂર્ણ નથી. જેને આપણે નાશ કહીએ છીએ તે માત્ર ઇશ્વરની દૃષ્ટિએ આવર્ત, વિવર્ત કે પરિવર્ત માત્ર હોય છે. જેમ ઉનાળામાં ઉડતી ધૂળમાં ચોમાસાના અસંખ્ય ઝાડ પાન તથા જીવ રહેલા હોય છે. તેમ પ્રલયના સર્વનાશ પછી પણ ઇશ્વરનું અસ્તિત્વ કાયમ હોય છે. માટે શેષ દેખાતા સર્વ શૂન્યમાં પણ ઇશ્વર અશેષ રહેલો છે.

४१ अनर्थेऽर्थाभासोमाया । ९, ३३; ७, ९-३२

૪૧ અનર્થમાં અર્થની ભ્રાન્તિ એ માયા. ૯, ૩૩; ૭, ૯-૩૨

જેમ ચંદ્ર એક હોવા છતાં નેત્ર વિકારથી બે દેખાય છે

તથા રાહુનું અસ્તિત્વ હોવા છતાં ગ્રહમંડલમાં રાહુ દેખાતો નથી. તે જ્યારે સૂર્ય ચંદ્રનું ગ્રહણ કરે છે, ત્યારે માત્ર કાર્યથી જણાય છે, તેમ અસત્યમાં સત્યનો આભાસ અથવા સત્યમાં અસત્યનો આભાસ, તેનું નામ માયા.

४२ प्रतिवोधोऽन्वयव्यतिरेकाभ्याम् । ९, ३५

૪૨ અન્વય અને વ્યતિરેકથી તેનું જ્ઞાન થાય છે. ૯, ૩૫

આ સૂત્ર સમજવા માટે અન્વય અને વ્યતિરેક આ બે શબ્દો પ્રથમ સમજવા જોઇએ.

(૧) પંચદશીના તત્વવિવેક પ્રકરણમાં આ બે શબ્દોની સુંદર વ્યાખ્યા આપી છે.

अभाने स्थूलदेहस्य स्वप्ने यद्भानमात्मनः ।
सोऽन्वयो, व्यतिरेकस्तद्भानेऽन्यानवभासनम् ॥

આ વ્યાખ્યા પ્રમાણે દેહનું ભાન ન હોવા છતાં સ્વપ્નાવસ્થામાં આત્માનું ભાન તે અન્વય અને સમાધિ દશામાં આત્માનું ભાન રહેવા છતાં દેહનું ભાન ન હોવું તે વ્યતિરેક.

(૨) કાર્યમાં કારણ સ્વરૂપે રહેવું તે અન્વય. કારણાવસ્થામાં કાર્યથી જુદા પડવું તે વ્યતિરેક.

(૩) અન્વય માર્ગ એટલે હકારાત્મક, વ્યતિરેક એટલે નકારાત્મક.

આ બન્ને માર્ગ આત્માનું અજરત્વ અને અમરત્વ પ્રતિપાદન કરે છે. અને તેથી જડમાં રહેલાં ચૈતન્યનું વિશુદ્ધ જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે. અને તે આ બે પદ્ધતિઓથી જ સિદ્ધ થાય છે.

४३ ईशे जीवशक्तिलयो निरोधः । १०, ६

૪૩ જીવની તમામ શકિતઓનું ઇશ્વરમાં એકત્વ એટલે નિરોધ. ૧૦, ૬

મનુષ્યને દેહશક્તિ, ઈન્દ્રિયશક્તિ તથા પ્રાણશક્તિ જન્મથી જ ઓતપ્રોત રહેલી હોય છે આ શક્તિઓ જ્ઞાનયોગ કે ભક્તિમાર્ગથી સંસારને ભૂલી પ્રભુમાં એકત્વ સાધે તેનું નામ નિરોધ.

४४ अविद्यात्यागात् विद्यया स्वरूपस्थितिर्मुक्तिः । १०, ६

૪૪ અવિદ્યાના ત્યાગ પૂર્વક વિદ્યાની પ્રાપ્તિથી થતી સ્વરૂપ પ્રાપ્તિ એટલે મોક્ષ. ૧૦, ૬

અવિદ્યા એટલે અજ્ઞાન તેના છ અંગો છે. (૧) ખરી વસ્તુને વિપરીત ભાવે અથવા અન્યથા ભાવે જોવી તે. (૨) અસ્મિતા–અહંભાવ (૩) રાગ–મોહ (૪) દ્વેષ (૫) અભિનિવેશ–રાગ દ્વેષાદિની મન ઉપરની સ્થાયી અસર (૬) આત્મવિસ્મૃતિ–સ્વ સ્વરૂપને ન ઓળખવું તે.

ઉપરની બધી વસ્તુઓ મળીને અવિદ્યા થાય છે. તેનો ત્યાગ કરી દેહને જ આત્મા ન માનતાં આત્માના વિશુદ્ધ ચૈતન્યને ઓળખી તેમાં સદેહે આનંદ પ્રાપ્ત કરવો એ પ્રકારની મુક્તિ–જીવન્મુક્તિ છે.

વેદાન્ત સિદ્ધાંત પ્રમાણે સ્થૂલ દેહનો નાશ થયા પછી અવિકૃત ચૈતન્ય–આત્માનું–ચિત્સ્વરૂપનું–પરમાત્મામાં મળી જવું તેનું નામ મુક્તિ.

४५ आभासतिरोधानान्निरोधाच्चाश्रयत्वम् । १०, ६

૪૪ જે પરમાત્મા દ્વારા સમગ્ર વિશ્વની ઉત્પત્તિ તથા લય થાય છે તેમજ જેમની શક્તિથી વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને વિલયનો અનુભવ થાય છે. ટૂંકમાં જે સમગ્ર વિશ્વના આધારસ્તંભ છે તેને ભક્તિમાર્ગમાં આશ્રય, જ્ઞાનમાર્ગમાં પરબ્રહ્મ તથા યોગમાર્ગમાં પરમાત્મા કહે છે. એજ આશ્રય રૂપ છે. ૧૦, ૬

तृतीयः स्कन्धः

सर्ग लक्षणः


अ-३३
बद्धसृष्टिः
अ-१९
मुक्तसृष्टिः
अ-१४
गुणातीत
अ-१-६
सगुण
अ-७-९
काल
१०-११
जीव
१२
जीव
(उपोद्घातरूपा)
अ-१३-१९
तत्त्वमुक्तिः
अ-२०-२४
कालमुक्तिः
अ-२५
गुणातीतमुक्तिः
अ-२६-२७
सगुणमुक्ति
अ-२८
जीवमुक्तिः
अ-२९-३३

વળી બીજા મતે ૮ વસુઓ, ૧૧ રુદ્રો, ૧૨ આદિત્યો ૧ ઈન્દ્ર તથા ૧ પ્રજાપતિ મળી ૩૩ મહાતત્ત્વોની ઉત્પત્તિ આ સ્કંધમાં બતાવવામાં આવી છે. માટે તેત્રીસ અધ્યાય છે.

(૧) આઠ વસુઃ–અગ્નિ, પૃથ્વી, વાયુ, અંતરિક્ષ, સૂર્ય, દ્યૌ, ચંદ્રમા, અને નક્ષત્રો.

(૨) અગિયાર રૂદ્રઃ–૧૦ પ્રાણ અને આત્મા.

(૩) બાર આદિત્યઃ–બાર માસના સૂર્યનાં જૂદાં જૂદાં સ્વરૂપો

(સરખાવો–બૃ. આ. ૩–૯–૨–૬)

(૪) ૧ ઇન્દ્ર=વિદ્યુત્ સાથેનો મેઘ.

(૫) ૧ પ્રજાપતિ=યજ્ઞ.

भूतमात्रेन्द्रियधियामुद्भवः सर्गः ।

નિરાકારમાંથી સાકાર સ્વરૂપે પંચમહાભૂત (પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ), પાંચ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ), ઇન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા પાંચ કર્મેન્દ્રિયો) તેમજ અન્તઃકરણ ચતુષ્ટય (મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર) વગેરેનું ઉત્પન્ન થવું તેને 'સર્ગ' કહે છે. સર્ગ એટલે સર્જન.

तृतीयः स्कन्धः

(સૂત્ર સાથે લખેલા આંકડાઓ અધ્યાય અને શ્લોકના છે.)

४६ स्वार्थान्धत्वाद् धृतराष्ट्रो विनष्टदृष्टिः । १, ६–९

१. असाधुपुत्रान्पुष्णन् । २. कुटुम्बिनः संपीडयन् । ३. अधर्ममेव धर्मं मन्यमानः । ४. दायभागमयच्छन् । ५. भगवद्भगवदीयवचोऽविगणयन् धृतराष्ट्रः ।

૪૬ કૌરવાધિપતિ ધૃતરાષ્ટ્રને પોતાના સ્વાર્થને લીધે અન્ધ કહ્યો છે. ૧, ૬–૯

(કદાચ તેને આંખ હોત તો પણ તે અંધ જ હોત.) નીચે જણાવેલ પાંચ લક્ષણોથી તે અંધ બન્યો: ૧. જે દુષ્ટ પુત્રોને પ્રોત્સાહન આપે, ૨. કુટુંબીજનોને પીડા કરે, ૩. અધર્મને જ ધર્મ માને, ૪. ભાગિયાઓનો ભાગ પચાવી પાડે, ૫. ભગવાન અને ભક્તના વચનને માને નહિ, તે ધૃતરાષ્ટ્ર—છતી આંખે આંધળો —સ્વાર્થાન્ધ છે. (૧, ૬–૯)

४७ अपात्रबोधस्तिरस्कारप्रसूतिर्मानिनः कृते । १, १६

૪૭ સ્વમાની માણસે કુપાત્રને આપેલો બોધ ઉપદેશક પ્રત્યેજ તિરસ્કાર ઉત્પન્ન કરે છે. ૧, ૧૬

४८ आद्याक्षरगुणत्वादवधूतः । १-१९

१. अक्षरत्वात् । २. वरेण्यत्वात् । ३. धूतसंसारबन्धनात् । ४. तल्लक्ष्यत्वात् ।

अथवा

१. अनन्यत्वात् । २. मेध्यविविक्तवृत्तित्वात् । ३. अधः शयनत्वात् । ४. स्वैरलक्षितत्वात् ।

૪૮ અવધૂત શબ્દમાં, ચાર અક્ષરો છે અને તે દરેક અક્ષરમાંથી વિશિષ્ટ અર્થ મળે છે. એ ચારેય ગુણોનો સમુદાય જેમાં હોય તે અવધૂત. ૧, ૧૯

૧. 'અ' એટલે પોતાના આત્માને અવિનાશી માનનાર. ૨. 'વ' એટલે જેના વ્યક્તિત્વને સૌ પસંદ કરે તે. ૩. 'ધૂ' એટલે સંસારબંધનોને જેણે ધોઈ નાખ્યાં છે તે. ૪. 'ત' એટલે તત્ પદવાળા પરમાત્માને જ લક્ષ્ય તરીકે રાખનાર.

અથવા

૧. અનન્ય-એકલો, સંગરહિત. ૨. એકાંતમાં પવિત્ર વૃત્તિથી જીવન જીવનાર. ૩. ભૂમિશાયી. ૪. સગાંસંબંધીઓથી અળગો રહેનાર. ૧, ૧૯

४९ परं ज्ञानं नाम । ४, १८

१. भगवन्महिमावभासम् । २. स्वात्मरहःप्रकाशम् ।

૪૯ પરમ જ્ઞાન તે જ છે કે જે ૪, ૧૮

૧. પરમાત્માના મહિમાને પ્રકાશિત કરે. ૨. આત્મ પ્રકાશ આપે.

५० सन्द्रष्टुः सदसदात्मिका शक्तिर्माया । ५, २५

૫૦ પરમાત્માની દૃશ્ય અને દૃષ્ટાનું અનુસંધાન કરનારી કાર્યકારણરૂપા શક્તિ તે માયા. ૫, ૨૫

५१ ब्रह्मविकारो विश्वचैतन्यम् । मायाविकारो भूताद्यहङ्कारान्तः । उभयोर्विकारः प्रपञ्चः ।९, २८-३९

૫૧ બ્રહ્મનો વિકાર (આવિષ્કાર) એ વિશ્વ ચૈતન્ય છે. પંચમહાભૂતથી અહંકાર પર્યન્તનો વિકાર માયાનો છે. બ્રહ્મ અને માયા બંનેનો વિકાર એટલે સંસાર, ૫, ૨૮-૩૫

५२ चेष्टा कालशक्तेस्तत्प्रावेशात् ।६-२

૫૨ જડ તત્ત્વોના સમુદાયમાં જ્યારે ઈશ્વરે કાલશક્તિ દ્વારા પ્રવેશ કર્યો, ત્યારે જ આ સર્વ તત્ત્વો ક્રિયા કરતાં થયાં. ૬-૨

५३ आत्मविपर्ययक्लेशलयो भक्तियोगात् । ७, १०-१४

१. निवृत्तिधर्मात् । ७,१२. २. भगवदनुग्रहात् ७,१२ ३. गुणानुवादश्रवणात् । ७,१४ ४. सेवारतेश्च । ७, १४

૫૩ ભક્તિથી આત્માની મિથ્યા ભ્રાન્તિ તથા ક્લેશનો નાશ થાય છે. કારણ કે, ૭, ૧૦-૧૪

૧. ભક્તિયોગથી નિવૃત્તિ ધર્મ સધાય છે. ૨. ઈશ્વરની કૃપા પ્રાપ્ત થાય છે. ૩. ભગવાનના ગુણાનુવાદના શ્રવણથી જ ભગવાનની સેવામાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. આ સર્વ થવાથી આત્માની મિથ્યા ભ્રાન્તિ તથા દુઃખ દૂર થાય છે. (૭, ૧૦-૧૪)

५४ लोकपद्मं विष्णुः स एव । ८, १५

१. भुवनद्रुमः । ९, १६ २. अनिमिषः । ९, १७ ३. अधिमरवः । ९, १८ ४. पुरुषोत्तमः । ९, १९

૫૪ પાતાલથી આરંભી સત્યલોક પર્યંત પદ્માકારે રહેલું ભુવનમંડળ એજ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ છે. ૮, ૧૫

व्याप्नोति विश्वमिति विष्णुमुदाहरन्ति ।

૧. આજ સ્વરૂપમાંથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર ઉત્પન્ન થયા અને અંકુરમાંથી વૃક્ષ થાય તેમ વિશ્વની વૃદ્ધિ થઈ, માટે ભગવાનને ‘ ભુવનદ્રુમ ’ કહે છે. (૯. ૧૬)

૨. જીવો જ્યારે કલ્યાણ માર્ગમાં પ્રમત્ત બને છે અને ન કરવાના કામમાં રચીપચી રહે છે ત્યારે ભગવાન તેમને શિક્ષા કરે છે. માટે તેને ‘ અનિમિષ ’ કહે છે. (૯. ૧૭)

૩. ભગવાન સર્વલોકોને પૂજ્ય, તપ અને યજ્ઞ સ્વરૂપ હોવાથી તેને ‘ અધિમખ ’ કહે છે. (૯. ૧૮)

૪. પોતે કરેલી મર્યાદાનું પાલન કરવા માટે ભગવાન પ્રાણી માત્રમાં જીવ સ્વરૂપે રહે છે. માટે તેમને પુરુષોત્તમ કહે છે. (૯, ૧૯)

५५ कर्मवितानमये सर्जने रजोगुणाबन्धनमनुग्रहः ।९,३४,३५,

૫૫ કર્મ પરંપરાવાળાં સર્જનમાં રજોગુણથી બંધન ન થાય એજ ભગવાનનો અનુગ્રહ છે. ૯, ૩૪, ૩૫

५६ तपोविद्याविज्ञानान्येव क्रियाफलहेतवः। १०,६

૫૬ તપ, વિદ્યા અને વિજ્ઞાનજ કર્મની સફળતાનાં કારણો છે. ૧૦, ૬

५७ सर्गस्त्रिविधः प्राकृतवैकृतमिश्रभेदात् ।१०,१३-२६

१. प्राकृतः—महदहङ्कार भूतमात्रेन्द्रियमनोऽविद्यात्मकः। १०, १४
१७ २.

२. वैकृतः—(१) उत्स्रोतसः तमः प्रायाः अन्तः स्पर्शाः वृक्षादयः।
१०, १९.

(२) अर्वाक्स्रोतसः तमः प्रायाः घ्राणज्ञाः पशुपक्षिणः।
१०,२०,२४.

(३) अधःस्रोतसः रजोधिकाः कर्मपराः स्त्रीपुरुष इति द्वेधा।
१०, २५

(४) मिश्रः–देवासुरगन्धर्वादयः। १०, २६

૫૭ સર્ગ ત્રણ પ્રકારનો છેઃ પ્રાકૃત, વૈકૃત અને મિશ્ર ૧૦, ૧૩, ૨૬

૧. પ્રાકૃતઃ મહત્તત્વ, અહંકાર, પંચમહાભૂત, પંચ તન્માત્રા, દશ ઇન્દ્રિયો, મન તથા અવિદ્યાની ઉત્પત્તિને ‘ પ્રાકૃત સર્ગ ’ કહે છે. (‘ પ્રાકૃત ’ એટલે કુદરતી. બીજા કોઈ પણ સાધનની અપેક્ષા વિના ઉત્પન્ન થાય તે.) ૧૦, ૧૪–૧૭.

વૈકૃતઃ (૧) જેના જીવનનો રસ નીચેથી ઉપર જાય છે, જે અજ્ઞાન પ્રધાન છે તથા જેમની ઇન્દ્રિયોની અભિવ્યક્તિ બહાર આવી શકતી નથી એવાં વૃક્ષ, ઔષધિ, લતા વગેરે પ્રથમ પ્રકારનો વૈકૃત સર્ગ છે. ૧૦, ૧૯

(૨) જેના જીવનનો પ્રવાહ આડો, તમો ગુણ પ્રધાન અને નાક દ્વારા જ્ઞાન ધરાવનારાં પશુ અને પક્ષીઓ. આ બીજા પ્રકારનો વૈકૃત સર્ગ છે. ૧૦, ૨૦

(૩) જેમના જીવનનો પ્રવાહ ઉપરથી નીચે જતો હોય, જેમાં ક્રોધ આદિ રજોગુણ હોય તથા કર્મપરાયણ હોય, આ માનવ (સ્ત્રી પુરુષ) નો સર્ગ ત્રીજા પ્રકારનો વૈકૃત સર્ગ છે. ૧૦, ૨૫

(૩) **મિશ્રઃ** દેવ, અસુરો, ગંધર્વ વગેરેના સર્ગને ‘ મિશ્ર સર્ગ ’ કહે છે. ૧૦, ૨૬

५८ परमाण्वादिद्विपरार्धान्तं कालस्वरूपम्। ११. १–३८

૫૮ પરમાણુથી આરંભી બે પરાર્ધ સુધીની કાળની ગણના એ કાળનું સ્વરૂપ છે. ૧૧, ૧–૩૮

૨ પરમાણુ=૧ અણુ
૩ અણુ=૧ ત્રસરેણુ
૩ ત્રસરેણુ=૧ ત્રુટિ
૧૦૦ ત્રુટિ=૧ વેધ
૩ વેધ=૧ લવ
૩ લવ=૧ નિમેષ

૩ નિમેષ=૧ ક્ષણ ૫ ક્ષણ=૧ કાષ્ઠા
૧૫ કાષ્ઠા=૧ લઘુ ૧૫ લઘુ=૧ નાડી
૨ નાડી=૧ મુહૂર્ત ૨ મુહૂર્ત=૧ પ્રહર
૮ પ્રહર=૧ રાત્રિ દિવસ ૧૫ રાત્રિ દિવસ=૧ પક્ષ
૨ પક્ષ=૧ માસ (પિતૃઓનો રાત્રિ દિવસ)
૬ માસ=૧ અયન
૨ અયન=૧ માનવ વર્ષ (દેવોનો રાત્રિ દિવસ)
૩૪૫૬૦૦૦ માનવ વર્ષ=સત્યયુગ
૧૭૨૮૦૦૦ માનવ વર્ષ=ત્રેતાયુગ
૮૬૪૦૦૦ માનવ વર્ષ=દ્વાપરયુગ
૪૩૨૦૦૦ માનવ વર્ષ=કલિયુગ
૧૦૦૦ ચતુર્યુગી=બ્રહ્માનો દિવસ (સર્જન)
૧૦૦૦ ચતુર્યુગી=બ્રહ્માની રાત્રિ (લય)
બ્રહ્માનું એક વર્ષ=ભગવાનનો નિમેષ. (૧૧, ૧–૩૮)

५९ शब्दब्रह्माविष्कारो ब्रह्ममुखेभ्यः । १२, ३७–४४

	पू. मु.	द. मु.	प. मु.	उ. मु.	सर्वमुखतः
वेदाः	ऋक्	यजुस्	साम	अथर्वः	इतिहासपुराणानि ।
शास्त्राणि	इज्या	स्तुतिः	स्तोम	प्रायश्चित्तम्	
उपवेदाः	आयुर्वेदः	धनुर्वेदः	गान्धर्ववेदः	स्थापत्यवेदः	
कर्म	षोडशी	पुरीषः	आप्तोर्यामः	वाजपेयः	
कलापाः	उक्थः	अग्निष्टुतः	अतिरात्रः	गोसवः	
धर्माः	विद्या	दानम्	तपः	सत्यम्	
आश्रमाः	ब्रह्मचर्य	गृहस्थ	वानप्रस्थ	संन्यस्त	
ब्रह्मचारिणः	सावित्रः	प्राजापत्यः	ब्राह्मः	बृहत्	
गृहस्थाः	वार्ता	संचयः	शालीनः	शीलोञ्छः	
वानप्रस्थाः	वैखानसः	वालखिल्यः	उदुम्बरः	फेनपः	
संन्यासिनः	कुटीचकः	बह्वोदः	हंसः	निष्क्रियः	
वृत्तिः	आन्विक्षिकी	त्रयी	वार्ता	दण्डनीतिः	

૫૯ બ્રહ્માજીના મુખમાંથી પ્રાપ્ત થયેલી વિદ્યાઓ નીચે પ્રમાણે છે. ૧૨, ૩૭–૪૪

	પૂર્વ મુખ	દક્ષિણ મુખ	પશ્ચિમ મુખ	ઉત્તર મુખ	સર્વમુખોમાંથી
વેદ	ઋગ્	યજુસ્	સામ	અથર્વ	ઇતિહાસ તથા
શાસ્ત્ર	ઇજ્યા*	સ્તુતિ	સ્તોમ	પ્રાયશ્ચિત્ત	પુરાણો
ઉપવેદ	આયુર્વેદ	ધનુર્વેદ	ગાંધર્વવેદ	સ્થાપત્યવેદ	
કર્મ	ષોડશી	પુરીષ	આપ્તોર્યામ	વાજપેય	
કલાપ	ઉકથ	અગ્નિષ્ટુત	અતિરાત્ર	ગોસવ	
ધર્મ	વિદ્યા	દાન	તપ	સત્ય	
આશ્રમ	બ્રહ્મચર્ય	ગૃહસ્થ	વાનપ્રસ્થ	સંન્યસ્ત	
બ્રહ્મચારી	સાવિત્ર	પ્રાજાપત્ય	બ્રાહ્મ	બૃહત	
ગૃહસ્થી	વાર્તા	સંચય	શાલીન	શીલોચ્છ	
વાનપ્રસ્થી	વૈખાનસ	વાલખિલ્ય	ઉદુમ્બર	ફેનપ	
સંન્યાસી	કુટીચક	બહ્વોદ	હંસ	નિષ્ક્રિય	
વૃત્તિ	આન્વીક્ષિકી	ત્રયી	વાર્તા	દંડનીતિ	૧૨. ૩૭–૪૪

६० काये विशेषः । १२. ५२–५५

मनुः—पुरुषः । शतरूपा—प्रकृतिः । उत्तानपादः—निष्कामकर्म । प्रियव्रतः—सकामकर्म । देवहूतिः—सत्त्वप्रकृतिः । आकूतिः—सत्त्वरजोमयी प्रकृतिः । प्रसूतिः—तमोमयी प्रकृतिः ।

૬૦ ‘કાયા’ શબ્દની વિશેષતા. ૧૨, ૫૨–૫૫

માનવશરીર ‘કોનું છે’ અગર ‘કોને માટે છે’ એ પ્રશ્ન પ્રથમ ઉત્પન્ન થવાથી માનવશરીરને ‘કાયા’ કહી. અથવા, क એટલે બ્રહ્મા, તેના શરીરના બે સરખા ભાગ પુરુષ અને સ્ત્રી થયા. માટે પણ શરીરને ‘કાયા’ કહે છે. બીજાં શરીરો કરતાં આ શરીરની વિશેષતા નીચે પ્રમાણે છેઃ

---

*નોંધ :–(૧) ઇજ્યાકર્મ અધ્વર્યુનું કર્મ છે. (૨) સ્તુતિ અને સ્તોમ ઉદ્ગાતાનાં કર્મ છે. (૩) પ્રાયશ્ચિત્ત બ્રહ્માનું કર્મ છે.

મનુ–મનુરાજા અથવા વિચારશીલ પુરુષ
શતરૂપા–મનુની પત્ની અથવા સેંકડોરૂપ બદલનારી પ્રકૃતિ.
ઉત્તાનપાદ–મનુનો મોટો પુત્ર અથવા નિષ્કામ કર્મ
પ્રિયવ્રત–મનુનો નાનો પુત્ર અથવા સકામ કર્મ
દેવહૂતિ–મનુની મોટી પુત્રી અથવા સત્ત્વગુણ સંપત્તિ
આકૂતિ–મનુની મધ્યમ પુત્રી અથવા સત્ત્વરજોમય સકામ પ્રકૃતિ.

પ્રસૂતિ–મનુની ત્રીજી પુત્રી અથવા તમોમયી પ્રકૃતિ

६१ कायः समाधियोगसमृद्धितपोविद्याविरक्तिमान् । २०. ५३

૬૧ બીજાં સર્જન કરતાં માનવ શરીરમાં મનની એકાગ્રતા, યોગ, સમૃદ્ધિ, તપ, વિદ્યા અને વૈરાગ્ય–આ છ ગુણો વધારે આવ્યા. તેથી માનવ શરીરને કાયા કહે છે. (૨૦. ૫૩)

६२ वेदवितानमूर्तिरध्वराङ्गो वराहः । १३. २६–२८ वराहस्य

तनुः	वेदत्रयी	ग्रसनम्	ग्रहाः
रूपम्	अध्वरः	चर्वणम्	अग्निहोत्रम्
त्वक्	छन्दांसि	ग्रीवा	दीक्षा
रोमाणि	दर्भाः	दंष्ट्रा	प्रायणीयम्, उदयनीयम्
दृक्	आज्यम्	जिह्वा	प्रवर्ग्यम्
पादाः	चातुर्होत्रम्	शीर्षम्	आवसथ्यम्
मुखम्	स्रुक्	असवः	चितयः
नासिका	स्रुवः	रेतः	सोमः
उदरम्	ईडा	धातवः	संस्था भेदाः
कर्णरन्ध्रम्	चमसाः	संधिः	सत्राणि
आस्यम्	प्राशित्रम्	वपुः	वेदमयम्

૬૨ વેદનો વિસ્તાર અને તેનું અંગ યજ્ઞ, એટલે ભગવાન વરાહ ૧૩, ૨૬–૨૮

वरम्+अहन् ઉપકાર સામે પ્રત્યુપકારની ભાવના તે યજ્ઞ. વરાહ ભગવાનનાં અંગો એટલે યજ્ઞાંગો.

વરાહનાં અંગો	યજ્ઞનાં અંગો
શરીર –	વેદત્રયી
રૂપ –	યજ્ઞ
ત્વચા –	મંત્રો
રોમ –	દર્ભ
દૃષ્ટિ –	ઘી
પગ –	ચાતુર્હોત્રઃ–હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ, બ્રહ્મા
મુખ –	સરવો
નાસિકા –	સુચિ
ઉદર –	ઇડા (યજ્ઞશેષ ભક્ષણ કરવાનું પાત્ર)
કાન –	ચમસ (સોમરસ ભરવાનું પાત્ર)
મુખ –	પ્રાશિત્ર (બ્રહ્માનો ભાગ મૂકવાનું પાત્ર)
ગ્રસન –	સોમરસનું પાત્ર
ચર્વણ –	અગ્નિહોત્ર
ગ્રીવા –	દીક્ષા
બે દાઢો –	અનંતરેષ્ટિ અને સમાપ્તિની ઇષ્ટિ
જીભ –	પ્રવર્ગ્ય
મસ્તક –	ઉપાસનાગ્નિ
પ્રાણ –	ઇષ્ટિકાચયન
વીર્ય –	સોમરસ
ધાતુઓ –	સાત યજ્ઞવિભાગોઃ અગ્નિષ્ટોમ, અત્યગ્નિસ્ટોમ, ઉકથ, ષોડશી, વાજપેય, અતિરાત્ર અને આપ્તોર્યામ
સંધિ –	સત્ર
શરીર –	વેદમય

૧૩, ૨૬–૨૮

અથવા

६३ मन्त्रदेवद्रव्यक्रियात्मा वैराग्यभक्त्यानुभावितज्ञानो विद्यागुरुर्वराहः । १३. ३९

૬૩ મંત્ર, દેવતાઓ, દ્રવ્ય, તેની પ્રક્રિયાઓ યુક્ત વૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાન દ્વારા જેમનો અનુભવ થાય છે તે

વિદ્યાના ગુરૂ તે વરાહ-યજ્ઞ-ભગવાન છે. ૧૩, ૩૯

६४ कलत्रं नाम व्यसनार्णवयानम् । १४. १७ यतः,

१. त्रैवर्गिकी सिद्धिः । २. पुंसो विज्वरत्वम् । ३. इन्द्रियारातिजयः ।

૬૪ 'સ્ત્રી' એટલે દુઃખને તરવાનું સાધન. કારણ કે

૧. તેનાથી ધર્મ, અર્થ અને કામની સિદ્ધિ થાય છે. ૨. પુરુષ નિશ્ચિંત બને છે. ૩. ઇન્દ્રિયો રૂપી શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત થાય છે. ૧૪, ૧૭.

६५ दुष्प्रजाप्रसूतिः संयमाभावकालदोषदेवहेलनैः । १४. ३७.

નીચેનાં ત્રણ કારણોથી દુષ્ટ પ્રજા થાય છે.

(૧) સંયમનો અભાવ, (૨) કાળ દોષ (૩) દેવોની મર્યાદાનું ઉલ્લંઘન. ૧૪, ૩૭.

६६ अनन्यभावेनात्मभावभावनया पराभवाभावः । १५. ६-७

૬૬ જો માણસ અનન્યભાવથી પ્રત્યેક પ્રાણિમાત્રમાં આત્મભાવ જુએ તો તેનો કદાપિ પરાભવ થતો નથી. ૧૫, ૬-૭

६७ आगस्कृद्भयकृद्दुष्कृदसुरः । १८, २३

૬૭ અપરાધ કરનાર, ભય ઉપજાવનાર અને દુષ્કૃત્ય કરનાર માનવસ્વરૂપે અસુર છે. ૧૮, ૨૩

६८ अजराक्षभ्रमि कालचक्रम् । २१. १८

१. त्रयोदशारम्—त्रयोदशमासाः । २. त्रिशतं षष्ठिपर्व—दिनानि । ३. षण्नेमि—षड्ऋतवः । ४. त्रिणाभिः—भूतभविष्यवर्तमानाः ।

૬૮ સદાય ફરનારું અને જેની ધરી કદીએ ઘસાતી નથી એવું ચક્ર તે કાળચક્ર છે. ૨૧, ૧૮

૧. બાર માસ તથા તેરમો અધિકમાસ એમ તેર માસ તેના આરાઓ છે. ૨. ત્રણસો સાઠ દિવસો રૂપી તેની આણીઓ છે. ૩. છ ઋતુઓ તેની ધરીઓ છે. ૪. શિયાળો ઉનાળો, ચોમાસું અથવા ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન આ ત્રણ તેની નાભિ–ખીલો–(આધાર) છે.

६९ कर्दमदेवहूतिभ्यां कपिलप्रसूतिः । २५. २९

(१)**कर्दमः**–कर्मणि दमः । तीर्थीकृताशेषक्रियार्थः । २१. ३०. (२) **देवहूतिः**–धृतव्रता दमनियमतपोदानयुता श्रद्धा । २४, ३. (३) **कपिलः**–कपिं चंचलं मनः लाति निगृह्णातीति कपिलः–ज्ञानम् । स तु–(१) आत्मानुभूत्यानुगत प्रपंचः । २४, ३३. (२) स्वच्छन्दशक्तिः । २४. ३३. (३) तत्त्वविषयाङ्कितसिद्धभूमिः । ३३, १. कर्दमदेवहूत्योर्नवकन्याः जीवनवृत्तयः–कला, अनसूया, श्रद्धा, हविर्भूः, गतिः, क्रिया, ख्यातिः, अरुन्धती, शान्तिः ।

૬૯ કર્દમ અને દેવહૂતિથી કપિલદેવનો જન્મ છે. ૨૫, ૨૯

૧. **કર્દમઃ** એ નામના ઋષિ, અથવા કર્મમાં સંયમ રાખનાર પુરુષ. પોતાનાં સર્વકર્મનું ફળ પરમાત્માને સમર્પણ કરવાથી તે સ્વયં તીર્થરૂપ બને છે.

૨. **દેવહૂતિઃ** મનુકન્યા, અથવા વ્રતને ધારણ કરનારી; સંયમ, નિયમ, તપશ્ચર્યા, અને દાનવાળી શ્રદ્ધા.

૩. **કપિલઃ** કર્દમ અને દેવહૂતિના પુત્ર. સાંખ્યશાસ્ત્રના આચાર્ય. અથવા ‘ કપિ ’ એટલે ચંચલ મન–ને સંયમમાં રાખે તે જ્ઞાન. પોતાની ચૈતન્ય શક્તિથી પોતાનામાં સર્વ પ્રપંચનો લય કરનાર. સર્વાંશે સ્વાધીન શક્તિવાળા. તત્ત્વોના વિષયવાળાં સાંખ્ય શાસ્ત્રમાં જેમણે સિદ્ધિ પ્રાપ્ત કરી છે એવા

૪. **નવ કન્યાઃ** કર્દમ અને દેવહૂતિની નવકન્યાઓ–કલા, અનસૂયા, શ્રદ્ધા, હવિર્ભૂ, ગતિ, ક્રિયા, ખ્યાતિ, અરુન્ધતી અને

શાન્તિ. આ નવ સંયમ અને સત્ત્વવૃત્તિની શક્તિઓ છે.

७० अनुशासनं ब्रह्मक्षत्रयोगात् । २२, ३–४

૭૦ બ્રાહ્મણના વિદ્યા, ક્ષમા વગેરે ગુણો અને ક્ષત્રિયના વીરતા, તેજસ્વિતા વગેરે ગુણો સાથે મળે તો જ રાજ્યશાસન થઇ શકે.એકલાં બ્રહ્મત્વથી કે એકલાં વીરત્વથી રાજ્ય કરી શકાય નહિ. ૨૨, ૩–૪

७१ शीलश्रुतरूपवयोगुणात्मिका वरयोग्यता । २२, १०

૭૧ કન્યાને માટે વરની પસંદગીના ગુણો: ચારિત્ર્ય; વિદ્યા, રૂપ (ખોડખાંપણ વગરનું શરીર), ઉંમર અને સદ્‌ગુણો. ૨૨, ૧૦

७२ न क्लेशबाधो हरिसंश्रयात् । २२, ३७

૭૨ શ્રીહરિનો આશ્રય કરવાથી કોઇપણ પ્રકારની ઉપાધિ બાધ કરતી નથી. ૨૨, ૩૭

७३ द्वादशगुणाः पतिप्रसन्नताहेतवः । २३, १–३

१. इङ्गितकोविदत्वम् । २. विश्रम्भः । ३. शौचम् । ४. गौरवम् । ५. दमः । ६. शुश्रूषा (सर्वेषाम्) । ७. सौहृदम् । ८. वाङ्माधुर्यम् । ९. कामादीनां त्यागः । १०. अप्रमत्तता । ११. उद्यतत्वम् । १२ परिचर्या । २३, १–३

૭૩ સાસરે ગયેલી કન્યાએ પતિની પ્રસન્નતા માટે જીવનમાં ઉતારવાના બાર ગુણો: ૨૩, ૧–૩

૧. પતિની ચેષ્ટા ઉપરથી તેની જરૂરિયાતો જાણવી. ૨. પતિમાં વિશ્વાસ. ૩. પવિત્રતા. ૪. પિતાના તથા પતિના કુળના ગૌરવનું ભાન. ૫. સંયમ. ૬. બધાંની સેવા. ૭. સ્નેહ. ૮. વાણીની

મધુરતા. ૯. કામ, દંભ, દ્વેષ, લોભ, પાપ અને મદનો ત્યાગ. ૧૦ સાવધાનપણું ૧૧. કાયમ ઉદ્યમીપણું. ૧૨. પતિની સેવા.

७४ अभयत्वमशोकत्वं तपः समाधिविद्यात्मयोगविजिताद् भगवत्प्रसादात् । २३, ७,

૭૪ તપશ્ચર્યા, સમાધિ (એકાગ્રતા), વિદ્યા અને આત્મયોગથી પ્રાપ્ત થતી ભગવાનની પ્રસન્નતાથી ભય અને શોક દૂર થાય છે. ૨૩, ૭

७५ पुत्रो नाम सतीगुणप्रसवः पितुः शीलप्रसवश्च । २३, १०

૭૫ 'પુત્ર' એટલે માતાના ગુણ અને પિતાના ચારિત્ર્યની પ્રત્યક્ષ મૂર્તિ. ૨૩, ૧૦

७६ संसृतिहेतुः संगः साधुषु कृतो निःसंगत्वाय । २३, ५५

૭૬ સંસારના કારણરૂપ સંગ જો સત્પુરૂષની સાથે કરવામાં આવે તો તે સંગ નિ:સંગ બને છે.૨૩,૫૫

७७ निर्विण्णत्वमधोगतिश्चासदिन्द्रियतर्षणात् । २५, ७

૭૭ જૂઠા વિષયાભિલાષથી દુઃખ તેમજ અધોગતિ થાય છે. ૨૫, ૭

७८ बन्धमुक्तिहेतुर्मन एव । २५, १५

१. गुणासक्तं बन्धाय । २. पुंसि (ईश्वरे) रतं मुक्तये । महदाख्यमाद्यं कार्यं तत् मनः (सां १, ७१)

૭૮ મન્ જ બંધન અને મુક્તિનું મુખ્ય કારણ છે. ૨૫,૧૫

૧. જો એ મન ગુણોમાં (સંસારના વિષયોમાં) આસક્ત થાય તો જીવનું બંધન કરે છે. ૨. એ જ મન પરમ પુરુષ ઇશ્વરમાં લીન થાય તો મોક્ષ આપે છે.

७९ सर्वसंगहरेषु साधुषु संगः संगदोषहरः श्रद्धारतिभक्तिदातृत्वात् । २५, २४–२५

૭૯ સર્વ પ્રકારના સંગને હરનાર સત્સંગ, શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિ આપનાર હોવાથી સંસારના સંગદોષને દૂર કરે છે. ૨૫, ૨૪–૨૫,

८० निरोधश्चतुर्भिः । २५, २७

१. प्रकृतिगुणासेवनात् । २. वैराग्यविजृंभितज्ञानात् । ३. योगात् । ४. अनन्यमक्तिभावाच्च ।

૮૦ ચાર પ્રકારે પરમાત્મામાં એકત્વ સધાય છે. ૨૫, ૨૭.

૧. પ્રકૃતિના ગુણોનો ત્યાગ કરવાથી, ૨. વૈરાગ્ય પૂર્વકના જ્ઞાનથી, ૩. યોગ–આત્મસંયમથી તથા ૪. અનન્ય ભક્તિથી.

८१ व्यक्तौ व्यक्तौ स्वाभिव्यक्तिर्भक्तिः । २५, ३२

૮૧ દરેક વ્યક્તિમાં પોતાનું દર્શન એનું નામ ભક્તિ. ૨૫, ૩૨.

८२ अकुतोभयं निःश्रेयससिद्धिः । २५. ४३, ४४

१. ज्ञानवैराग्ययुक्तेन भक्तियोगेन । २. भगवति मनःस्थैर्यत्वाच्च ।

૮૨ સંસારમાં નિર્ભયતા એજ મોટો ભાગ્યોદય છે. તે

૧. જ્ઞાન અને વૈરાગ્ય વાળા ભક્તિયોગથી અને ૨. ભગવાનમાં મનની સ્થિરતાથી જ નિર્ભયતા આવે છે. ૨૫, ૪૩–૪૪

८३ चतुर्विंशतिगणकं प्रधानम् । २६. ११

१. पञ्च महाभूतानि । २. पञ्च तन्मात्राः । ३, पञ्च ज्ञानेन्द्रियाणि । ४. पञ्च कर्मेन्द्रियाणि । ५. चत्वारि मनोबुद्ध्यअहंकारचेतांसि । ६.

कालः पञ्चविंश इत्येके ।

૮૩ નીચે જણાવેલાં ચોવીસ તત્ત્વોના ગણને 'પ્રધાન' કહે છે. ૨૬, ૧૧.

૧. પંચ મહાભૂત (પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ) ૨. પંચતન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) ૩. પાંચ જ્ઞાનેન્દ્રિયો. ૪. પાંચ કર્મેન્દ્રિયો. ૫. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. ૬. કેટલાકને મતે કાળ એ પચીસમું તત્વ છે.

८४ अनादिरात्मा* स्वयंज्योतिः प्रकृतेः परः । २६. ३

१. वीतरागतो जन्मादर्शनात् । २. प्रतिशरीरं भिन्नो व्यवस्थातः । ३. क्षणिकविज्ञानमात्मेति बौद्धाः । ४. नित्यो विज्ञानमय इति वेदान्तिनः । ५. चिन्मयः पद्मपलाशवन्निर्लेप इति सांख्याः ।

૮૪ અનાદિ આત્મા 'પુરુષ' કહેવાય છે. તે સ્વયંપ્રકાશ અને પ્રકૃતિથી પર છે. ૨૬, ૩

તેનાં લક્ષણો: ૧ તેમાં મોહનો અભાવ હોઈ તેનો પુનર્જન્મ થતો નથી. ૨ દરેક શરીરમાં તે સ્વાભાવિક રીતે જુદો હોય છે. ૩ આત્મા ક્ષણિક જ્ઞાન વાળો છે, એમ બૌદ્ધો માને છે. ૪ આત્મા નિત્ય અને જ્ઞાનમય છે, એમ વેદાન્તીઓ માને છે. ૫ આત્મા પ્રકાશમય અને પાણીમાં રહેલા કમળની માફક નિર્લેપ છે, એમ સાંખ્યવાદીઓ માને છે.

---

* આત્માનું લક્ષણ: इच्छाद्वेषप्रयत्नसुखदुःखज्ञानान्यात्मनो लिङ्गम् । (न्या. द. १-१-१०). प्राणापाननिमिषोन्मेषजीवनमनोगतीन्द्रियान्तकाराः सुखदुःखेच्छाद्वेषप्रयत्नाश्चात्मनो लिङ्गानि ।

(वै. द. ३-२-४).

+બે પ્રકારનું આત્મતત્ત્વ : द्वाः सुपर्णा० (ऋ. १-१६४-२०) ज्ञाज्ञौ द्वावजावीशनीशावजा ह्येका भोक्तृभोग्यार्थरूपा । अनन्तश्चात्मा विश्वरूपो ह्यकर्ता त्रयं विदा विन्दते ब्रह्ममेतत् । (श्वे. १-९)

८५ कर्तृत्वे प्रकृतिर्भोक्तृत्वे पुरुषः । २६, ८

૮૫ પ્રકૃતિ કર્મ કરે છે; જ્યારે આત્માને તેનાં ફળ ભોગવવાં પડે છે. ૨૬, ૮

८६ महदात्मकं वासुदेवदैवतं चेतः । २६, २१-२२

१. स्वच्छत्वम् । २. अविकारित्वम् । ३. शान्तत्वम् ।

૮૬ ચિત્ત એ મહત્તત્ત્વનું સ્વરૂપ છે. એનું દેવતત્ત્વ વાસુદેવ છે. ૨૬. ૨૧-૨૨

૧. તે સ્વચ્છ, ૨. અવિકારી અને ૩. શાન્ત છે.

८७ ततोऽहङ्कारस्त्रिविधः संकर्षणदैवतः । २६, २३-२६

१. वैकारिकान्मनः । (अ) कामसंभवम् २७. (ब) संकल्पविकल्पात्मकम् । (क) इन्द्रियाधीशम् ।

२. तैजसादिन्द्रियाणि । ३१

३. तामसान्महाभूतानि । ३२

(अ) शब्दमात्रं नभः । १ अर्थाश्रयत्वम् । २ प्राणेन्द्रियात्मधिष्ण्यत्वम् । ३४.

(ब) स्पर्शवान् वायुः । १ मृदुकठिनशैत्योष्णत्वादि । २ चालनव्यूहनादि । ३ द्रव्यशब्दयोर्नेतृत्वम् । ४ प्राणधारणम् । ३५-३७.

(क) रूपोपलम्भनं तेजः । १ द्योतनं पचनं पानं अदनं शोषणमित्यादि । २ द्रव्याकृतिव्यक्तित्वकारणम् । ३८-४०

(ड) रसमात्रमंभः । १ एकोऽपि रसो माधुर्यादि रसभेदाद्भिन्नः । २ क्लेदनपिंडनतृप्तितापापनोदनाप्यायनादीनि ।

(इ) गन्धमात्रा पृथिवी। १ द्रव्यवैषम्याद् गन्धविभक्तिः २ सर्वसत्त्वप्रसूतित्वाद्भावनाधारणादिवृत्तयः। ४४—४६.

૮૭ આ મહત્તત્ત્વમાંથી વૈકારિક, તૈજસ અને તામસ—એમ ત્રણ પ્રકારનો સંકર્ષણ દૈવતવાળો અહંકાર ઉત્પન્ન થયો. ૨૬, ૨૩–૨૬

૧. વૈકારિક અહંકારમાંથી મન ઉત્પન્ન થયું. એ મન (अ) ઇચ્છાઓ ઉત્પન્ન કરનાર, (ब) સંકલ્પ અને વિકલ્પ કરનાર તેમજ (क) ઇન્દ્રિયો ઉપર સ્વામિત્વ ધરાવનાર છે.

૨. તૈજસ અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા પાંચ કર્મેન્દ્રિયો ઉત્પન્ન થઇ.

૩. તામસ અહંકારમાંથી પંચ મહાભૂત (આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વી) ઉત્પન્ન થયાં. તેના ગુણ તથા લક્ષણો નીચે પ્રમાણે છે;

(अ) આકાશની તન્માત્રા શબ્દ છે. તેના ગુણોઃ ૧ સર્વને આશ્રય આપનાર, ૨ પ્રાણ, ઇન્દ્રિય તથા મનને આશ્રય આપનાર છે.

(ब) વાયુની તન્માત્રા સ્પર્શ છે. તેના ગુણોઃ ૧ નરમ, કઠણ, ઠંડા તથા ગરમ પદાર્થોને ઓળખાવનાર, ૨ ચલાવવું તથા એકઠું કરવાની ક્રિયાવાળો, ૩ દ્રવ્ય અને શબ્દને એક સ્થાન પરથી બીજાં સ્થાન પર લઇ જનાર અને ૪ પ્રાણને ટકાવનાર છે.

(क) તેજની તન્માત્રા રૂપ છે. તેના ગુણોઃ ૧ પ્રકાશનાર, ૨ પચાવનાર, ખાનાર, પીનાર અને શોષણ કરનાર તેમજ ૩ પદાર્થની આકૃતિ પ્રમાણે રૂપને ધારણ કરનાર છે.

(ड) જળની તન્માત્રા રસ છે. તેના ગુણોઃ ૧ રસ મધુરરૂપે એક હોવા છતાં દ્રવ્યના સંસર્ગમાં આવવાથી ખાટો, ખારો, તીખો

કડવો વગેરે બને છે. ૨ ભીનું કરવું, એકઠું કરવું, તૃપ્તિ આપવી, તાપને દૂર કરવો, વ્યાકુળતા દૂર કરવી વગેરે તેના ગુણો છે.

(ઇ) પૃથ્વીની તન્માત્રા ગંધ છે. તેના ગુણો: (૧) પદાર્થના સંસર્ગથી ગંધ એક જ હોવા છતાં સુગંધ, દુર્ગંધ, મૃદુ ગંધ, તીવ્ર ગંધ વગેરે રૂપે બને છે. (૨) સર્વ પ્રાણી–પદાર્થની ઉત્પત્તિ, ભાવના અને ધારણા કરે છે.

૮૮ विज्ञानशक्तिर्बुद्धिः । २६, ३०–३१

१. द्रव्यस्फुरणम् । २. इन्द्रियानुग्रहः । ३. स्मृतिनिश्चयविपर्यासादयः ।

૮૮ બુદ્ધિથી પદાર્થોના ઓળખવા રૂપ વિજ્ઞાન શક્તિ પ્રાપ્ત થાય છે. ૨૬, ૩૦–૩૧ તે,

૧. પદાર્થનું જ્ઞાન કરાવનાર, ૨. ઇન્દ્રિયોને જ્ઞાન થવામાં સહાયતા કરનાર અને ૩. સ્મરણ, નિશ્ચય, મિથ્યાજ્ઞાન, સંશય ઉત્પન્ન કરનાર છે.

૮૯ चिच्छक्तेः जडे प्रवेशात् क्षेत्रज्ञः जलार्कवत् । २६, ७०

(१) अविकारित्वात् । (२) अकर्तृत्वात् । ३. निर्गुणत्वात् । २७, १.

૮૯ ચૈતન્ય શક્તિ રૂપ પરમાત્માનો જડ પદાર્થમાં પ્રવેશ થવાથી તે જડ પદાર્થ ચૈતન્યમય બને છે. તેથી જડને ‘ક્ષેત્ર’ તથા તેમાં રહેલાં ચૈતન્યને ‘ક્ષેત્રજ્ઞ’ કહેવામાં આવે છે. આ રીતે ક્ષેત્રજ્ઞ ક્ષેત્રમાં રહેલા છતાં તેમની વચ્ચેનો સંબંધ પાણીમાં પડેલાં સૂર્યનાં પ્રતિબિંબ જેવો છે. ૨૬, ૭૦. કારણ કે,

૧. ક્ષેત્રજ્ઞ અવિકારી છે. ૨. તે અકર્તા છે. અને ૩. નિર્ગુણ છે. ૨૭,૧.

९० न संसृतिनिवृत्तिरविद्यमानेऽर्थे विषयध्यानात् । २७, ४

૯૦ ‘સંસાર પ્રાપ્ત થતાં અર્થ,–‘જન્મ મરણ, સુખદુઃખ

૯૮ સામાન્ય જન સમુદાય મિથ્યા અહંકારને લીધે અંધ હોય છે. ૨૯, ૫ કારણ કે,

૧. તે આશ્રય વગરના તમો ગુણમાં રચીપચી રહેલો તથા ૨. કર્માનુસારિણી બુદ્ધિથી થાકી ગયેલો હોય છે.

९९ भक्तियोगस्त्रिविधो वृत्तित्रयभेदात् । २९. ८–१०

१. हिंसादम्भमात्सर्ययुतो भिन्नभावयुतस्तामसः । २. फलानुसन्धानो ऐश्वर्ययशोऽर्थो राजसः । ३. स्वार्थं परार्थं धर्मार्थं वानुष्ठितः सात्विकः ।

૯૯ સાત્ત્વિક, રાજસ અને તામસ–આ ત્રણ ભેદથી ભક્તિ યોગ પણ ત્રણ પ્રકારનો હોય છે. ૨૯, ૮–૧૦.

૧. જે ભક્તિ હિંસાના કે દ્વેષના ઉદ્દેશ્યથી કરવામાં આવે, જેમાં દંભ તથા ભેદભાવ હોય તે 'તામસ ભક્તિ' છે. ૨. ઐશ્વર્ય, યશ કે દ્રવ્યને માટે ફળ મેળવવાની ઇચ્છાથી કરવામાં આવતી ભક્તિને 'રાજસ ભક્તિ' કહે છે. ૩. પોતાના, પારકાના કે ધર્મને માટે કરવામાં આવતી ભક્તિ 'સાત્ત્વિક' છે.

१०० अहैतुक्यव्यवहितः प्रपत्तिपूर्वको निर्गुणो मूर्धन्यः । २९, ११–१४

૧૦૦ કોઈ પણ જાતનાં ફળની ઈચ્છા વગરની, કદીય ન અટકનારી તથા ભગવાનની શરણાગતિ પૂર્વકની ભક્તિ નિર્ગુણ તથા સર્વશ્રેષ્ઠ છે.૨૯, ૧૧–૧૪

१०१ क्रियायां विज्ञाने च प्राणानां बुद्धेश्च शक्तिः क्रमतः । २६, ३१

૧૦૧ પ્રાણની શકિત કર્મમાં અને બુદ્ધિની શકિત જ્ઞાનમાં હોય છે. ૨૬, ૩૧

१०२ न मनः शान्तिमृच्छति । २९, २१–२३

१. सर्वभूतस्थितेश्वरावज्ञानिनः । २. अर्चायामेवेश्वरं मन्यमानस्य ।

३. बद्धवैरत्वाद्भिन्नदर्शिनः ।

૧૦૨ મન શાન્ત થતું નથી.

૧ પ્રાણી માત્રમાં રહેતા ઈશ્વરનો તિરસ્કાર કરવાથી, ૨. પોતાની પ્રિય મૂર્તિમાં જ પ્રભુ છે ' એમ માનવાથી અને ૩. નિરંતર વેરને લીધે ભેદભાવથી.

१०३ निरन्तरो नारायणान्नरः । २९, ३२, ३३

१. समर्पिताशेषक्रियार्थत्वात । २. समदर्शनात् । ३. मुक्तसंगत्वात् ।

૧૦૩ નર નારાયણથી જુદો નથી. ૨૯, ૩૨, ૩૩

૧. પોતાનાં સર્વ કર્મ તથા તેનાં ફળ પ્રભુને સમર્પણ કરે, ૨. સર્વત્ર સમદર્શન રાખે અને ૩. મુક્તસંગ બને તે નર નારાયણથી જૂદો નથી

१०४ अत्रैव नरकः स्वर्गो यातनासुखोपलक्षित्वात् । ३०. २९

૧૦૪ આ સંસારમાં જ યાતનાથી નરક તથા સુખથી સ્વર્ગ છે, એમ જણાય છે. ૩૦, ૨૯

१०५ अविद्याकर्मबन्धनात्संसृतिः दुःसंगजात् सत्यादि गुणसंक्षयात् । ३१. ३०, ३३

૧૦૫ દુષ્ટોના સંગને લીધે સત્ય, પવિત્રતા, દયા, મૌન, લક્ષ્મી, બુદ્ધિ, લજ્જા, કીર્તિ, ક્ષમા, શમ, દમ તથા ઉન્નતિ—આ વગેરેનો નાશ થતાં અવિદ્યાથી ઉત્પન્ન થયેલાં કર્મબંધનોથી જન્મમરણ પ્રાપ્ત થાય છે. ૩૧, ૩૦–૩૩

१०६ मायाजीवेश्वरस्वरूपं लक्षणात् । ३१. १३, १४

१. भूतेन्द्रियाशयमयी माया । २. इन्द्रियगुणार्थविच्चित्स्वरूप आत्मा । ३. एतयोः परः पुरुषोत्तमः ।

૧૦૬ માયા, જીવ અને ઈશ્વરનાં લક્ષણો : ૩૧, ૧૩, ૧૪

૧. પંચ મહાભૂત, એકાદશ ઇન્દ્રિયો તથા અંતઃ કરણ ચતુષ્ટયમાં વાસના એ 'માયા.' ૨. ઇન્દ્રિયો, સત્ત્વાદિ ગુણો અને તેમના વિષયોને તત્ત્વરૂપે જાણનાર ચૈતન્ય એ 'આત્મા' ૩ એ બંને (માયા અને આત્મા) થી જે પર હોય તે 'પુરુષોત્તમ'

१०७ त्रासकार्पण्यसंभ्रमाभावादेव मुक्तसंगत्वम् । ३१, ४७

૧૦૭ મૃત્યુનો ત્રાસ, દીનતા અને ગભરાટનો અભાવ એ જ જીવન્મુક્તિ છે ૩૧, ૪૭

१०८ प्रवृत्तिलक्षणो निवृत्तिलक्षणश्च धर्मो द्विविधः । ३२, १, १०

१. आद्यात् पुनरावृत्तिः । २. अपरात् ब्रह्मगतिः ।

૧૦૮ ધર્મ બે પ્રકારનો છે: પ્રવૃત્તિલક્ષણ અને નિવૃત્તિલક્ષણ

૧. પ્રવૃત્તિ લક્ષણથી પુનર્જન્મ થાય છે, અને ૨. નિવૃત્તિ લક્ષણથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

१०९ ज्ञानयोगो भगवदर्थः भक्तियोगो भगवत्प्रीत्यर्थः निर्गुणत्वे समानावुभौ । ३२, ३२

૧૦૯ જ્ઞાનયોગ ભગવાન આપે છે. ભક્તિયોગ ભગવાનની પ્રીતિ આપે છે. પણ, જો આ બંને નિર્ગુણ હોય તો સમાન ફળ–ભગવત્સાક્ષાત્કાર આપે છે. ૩૨, ૩૨

११० ब्रह्मनिर्वाणं भक्तियोगात् । ३३, २५–२७

१. बलीयसा वैराग्येण । २. तिरोहितमायागुणत्वात् । ३. नित्यारूढसमाधित्वात् । ४, भगवत्यात्मसंश्रयात् च ।

૧૧૦ ભક્તિયોગથી બ્રહ્મપદ. ૩૩, ૨૫–૨૭

૧. બળવાન વૈરાગ્ય, ૨ માયાના ગુણોનો અભાવ, ૩. પરમાત્માનું નિરંતર ધ્યાન અને ૪. ઇશ્વરમાં આત્મસમર્પણવાળા ભક્તિયોગથી બ્રહ્મપદ પ્રાપ્ત છે.

◆

चतुर्थः स्कन्धः


विसर्गः
धर्म अ-७
अर्थ अ-५
काम अ-११
मोक्ष अ-८
अग्निष्टोम
अ-१
उक्थ
२
षोडशी
३
अतिरात्र
४
आप्त
५
उर्याम
६
वाजपेय
७
अर्थ-अ-५
साधनात्
अ-८
साध्यात्
९
मनोरूप
निर्देशात्
१०
दोष-
निवृत्तेः
११
फल-
प्राप्तित्वात्
१२
अ-११
पृथ्व्याविर्भावः
सर्वकामत्वम्
स्वकामत्वम्
—अध्याय १३-२३—
मोक्ष अ-८
ब्रह्मभावः
सायुज्यभावः
—अध्याय २४-३१—

विसर्गश्चतुर्थः धर्मादिचतुःप्रकरणः ।

१ विसर्गः पौरुषः प्रकृतेर्गुणवैषम्यात् । २ भूतमात्रेन्द्रियाणां समाहारो बीजाद् बीजवत् । ३ विसर्गः कर्मसंज्ञितः (गीता)

ચતુર્થ સ્કંધનું લક્ષણ વિસર્ગ છે તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવાં ચાર પ્રકરણો છે. વિસર્ગ શબ્દના અર્થ આ પ્રમાણે છે.

૧ પ્રકૃતિના સત્ત્વાદિગુણના ફેરફારથી વિરાટ્ પુરુષના આકાશથી પાતાલ પર્યન્તના શરીરમાં ફેરફાર થઇ જે નવું સ્વરૂપ બને તેને 'વિસર્ગ' કહે છે. ૨ પંચમહાભૂત, પંચતન્માત્રાઓ તથા ઇન્દ્રિયો વગેરે ભેગાં મળી જે નવું સ્વરૂપ બનાવે છે, તેને પણ 'વિસર્ગ' કહે છે. આ સ્વરૂપ બીજમાંથી વૃક્ષ અને તેજ વૃક્ષ જેમ બીજાં અનેક બીજો ઉત્પન્ન કરે છે તેના જેવું હોય છે. ૩ કર્મ અને વાસનાને 'વિસર્ગ' કહે છે કારણ કે તેમાંથી જગતના અનેક અંકુરો નીકળે છે. (ગીતા)

–વળી શ્રીમદ્ આચાર્યચરણના મતે આ ચતુર્થસ્કંધનાં ચાર પ્રકરણોમાં નીચે પ્રમાણે અર્થધ્વનિ પ્રાપ્ત થાય છે.

(૧) **ધર્મ**:–हरेर्दास्यं धर्मः–પ્રભુનું દાસત્ત્વ કે દાસાનુદાસત્વ એ ધર્મ. અધ્યાય ૧ થી ૭

(૨) **અર્થ**:–अर्थस्तु हरिरेव सः–જીવનમાં શ્રીહરિની પ્રાપ્તિ અથવા તેમની ચિરંતન સ્મૃતિ એજ પરમ પુરુષાર્થ. અ. ૮થી૧૨

(૩) **કામ**:–कामोहरेर्दिदृक्षा ભગવાનના દર્શનનો તલસાટ* અધ્યાય ૧૩ થી ૨૩

(૪) **મોક્ષ**:–मोक्षो हरिस्मरणं सत्संगश्च પ્રત્યેક જન્મમાં ભગવત્સ્મરણ અને સત્સંગપ્રાપ્તિ એ પુષ્ટિભક્તનો મોક્ષ × અધ્યાય ૨૪ થી ૩૧

---

* સરખાવો—अक्षण्वतां फलमिदं न परं विदामः

× સરખાવો—पुनश्च भूयाद्भगवत्यनन्ते रतिः प्रसंगश्च तदाश्रयेषु ।

चतुर्थः स्कन्धः

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકોના છે.)

१११ आकूतिर्विक्रमो बाह्यः । १–२

૧ આકૂતિ મનુરાજાની બીજી પુત્રી અથવા, ૨ રજોગુણપ્રધાન સત્ત્વવૃત્તિ અથવા ૩ ઇન્દ્રિયવ્યાપાર અને તેનાથી થતી કર્મવાસના ૧–૨

११२ दौहित्रस्य पुत्रत्वेन स्वीकृतिः पुत्रिकाधर्मः । १–२

૧૧૨ અપુત્ર અવસ્થામાં દીકરીના દીકરાને પુત્ર માનવો તેને પુત્રિકાધર્મ કહે છે. ૧–૨

११३ यज्ञदक्षिणाभ्यां द्विषट् । ४–७

१ तोषः २ प्रतोषः ३ सन्तोषः ४ भद्रः ५ शान्तिः ६ इडस्पतिः ७ इध्मः ८ कविः ९ स्वह्नः १० विभुः ११ सुदेवः १२ रोचनः

૧૧૩ યજ્ઞ અને દક્ષિણાથી બાર પુત્રો થયા. ૪–૭

સત્કાર અને પુરસ્કાર સાથેનો વિધિપૂર્વકનો યજ્ઞ નીચે પ્રમાણેનાં બાર (૧૨) ફળ આપે છે.

૧ તોષ–તૃપ્તિ ૨ પ્રતોષ–પરતૃપ્તિ ૩ સન્તોષ–આત્મતૃપ્તિ ૪ ભદ્ર–કલ્યાણ ૫ શાન્તિ–શાન્તિ ૬ ઇડસ્પતિ–ઇન્દ્રિયવિજય ૭ ઇધ્મ–વૃદ્ધિ ૮ કવિ–ક્રાન્તદર્શન ૯ સ્વહ્ન–ઓજસ્વિતા ૧૦ વિભુ–સત્તા ૧૧ સુદેવ–દીપ્તિ ૧૨ રોચન–આહ્લાદ.

११४ अत्र्यनसूयाभ्यां त्रिमूर्तिसंभवः । १, १५–२८

१ अत्रिर्निस्त्रैगुण्यः । २ अनसूया–ईर्ष्याराहित्यम् । ३ निस्त्रैगुण्ये निर्गुणानामपिगुणाविर्भावः सत्संकल्पत्वात् १, २७–३०

૧૧૪ મહર્ષિ અત્રિ અને દેવી અનસૂયાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનો જન્મ થયો. ૧, ૧૫–૨૮ અથવા,

૧ **અત્રિ**–ગુણાતીત (સત્વગુણ, રજોગુણ અને તમોગુણથી પર)

૨ **અનસૂયા**–ઈર્ષ્યાવૃત્તિનો અભાવ.

૩ સ્વાભાવિક રીતે જ ગુણાતીત પુરુષમાં ઈર્ષ્યાવૃત્તિ હોતી નથી. આ બે મહાગુણો અત્રિ–અનસૂયામાં હતા તેથી તેમના સંકલ્પબળથી નિર્ગુણ દેવોને પણ સગુણસ્વરૂપે પુત્ર તરીકે આવવું પડ્યું. ૧. ૨૭–૩૦

११५ श्रद्धादिधर्मपत्नी(कला)भ्यः शुभादयः । १, ४८–५२

१ धर्मात् श्रद्धया शुभम् । २ धर्मात् मैत्र्या प्रसादः । ३ धर्मात् दयया अभयम् । ४ धर्मात् शान्त्या सुखम् । ५ धर्मात् तुष्ट्या आनन्दः । ६ धर्मात् पुष्ट्या स्मयः । ७ धर्मात् क्रियया योगः । ८ धर्मात् उन्नत्या दर्पः । ९ धर्माद् बुद्ध्या अर्थः । १० धर्मात् मेधया स्मृतिः । ११ धर्मात् तितिक्षया क्षेमम् । १२ धर्मात् ह्रिया प्रश्रयः । (नम्रता) १३ धर्मात् मूर्त्या नरो नारायणश्च ।

૧૧૫ ધર્મને શ્રદ્ધા વગેરે તેર સ્ત્રીયો હતી અને તેમનાથી શુભ વગેરે પુત્રો પ્રાપ્ત થયા ૧, ૪૮–૫૨

સ્ત્રી અર્થાત્ ધર્મની તેર સાધન કળાઓ છે અને તેનાથી શુભ વગેરે પરિણામો પ્રાપ્ત થાય છે:

૧ ધર્મ સાથે શ્રદ્ધા હોય તો શુભ, ૨ ધર્મ સાથે દયા હોય તો અભય, ૩ ધર્મ સાથે મૈત્રી હોય તો પ્રસાદ, ૪ ધર્મ સાથે શાંતિ હોય તો સુખ, ૫ ધર્મ સાથે તુષ્ટિ હોય તો આનંદ, ૬ ધર્મ સાથે પુષ્ટિ હોય તો સ્મય, ૭ ધર્મ સાથે ક્રિયા હોય તો યોગ, ૮ ધર્મ સાથે ઉન્નતિ હોય તો હર્ષ, ૯ ધર્મ સાથે બુદ્ધિ

હોય તો અર્થ, ૧૦ ધર્મ સાથે મેધા હોય તો સ્મૃતિ, ૧૧ ધર્મ સાથે તિતિક્ષા હોય તો ક્ષેમ, ૧૨ ધર્મ સાથે હ્રી હોય તો પ્રશ્રય (નમ્રતા) ૧૩ ધર્મને મૂર્તિ નામની પત્નીથી નરનારાયણ થયા.

११६ अवनतिर्जडत्वात् । २, २२–२३

जडो नाम १ अविद्यायां विद्याबुद्धिः । २ ग्राम्यसुखेच्छया गृहासक्तः ३ कर्मतन्त्रं विपन्नाधिया वितन्वन् ।

૧૧૬ અજ્ઞાનથી અવનતિ થાય છે. ૧, ૨૨–૨૩

૧ અવિદ્યામાં વિદ્યાબુદ્ધિ રાખે, ૨ સંસારના સુખની ઇચ્છાથી ઘરમાં રચી–પચી રહે અને ૩ આગળથી નિરાશા સેવીને જ કર્મ કરે તે અજ્ઞાની છે.

११७ वक्रधियां स्वानां दुरुक्तिः शिलीमुखवत् । ३, १६

૧૧૭ વાંકી બુદ્ધિવાળા પોતાનાજ માણસોથી બોલાચેલાં કઠોર વચન બાણની માફક દુઃખ આપે છે. ૩, ૧૯

११८ प्राज्ञानां प्रत्युद्गमादि विवेकः पुरुषोद्देशात् । ३, २२

૧૧૮ જ્ઞાની માણસોનો મહાપુરુષને સન્માનવા–સામે–જવા–રૂપ વિવેક તેના શરીરને ઉદ્દેશીને હોતો નથી પણ તે શરીરમાં વસેલા આત્મા પ્રત્યેનો હોય છે. ૩, ૨૨

११९ विशुद्धसत्त्वो वसुदेवः । वासुदेवस्तदपावृतत्वात् । ३, २३

૧૧૯ શુદ્ધ અન્તઃકરણ એ ‘વસુદેવ’ કહેવાય છે, તેમાં જ્યારે ઇંદ્રિયાતીત ભગવાન વ્યાપક બને ત્યારે તે વાસુદેવ બને છે. ૩, ૨૩

१२० संभावितस्य स्वजनात्पराभवो मरणायैव । ३, २५

૧૨૦ આબરૂદાર માણસનો પરાભવ તેના સ્વજનોથી જ થાય છે અને જ્યારે આમ બને છે, ત્યારે તેને માટે મરણ સિવાય બીજો કોઇ માર્ગ રહેતો નથી. ૩, ૨૫

१२१ गुणदोषविषया जनदृष्टिः । ४, १२

१ उभयोर्दोषमेव पश्यन्नसाधुः । २ तत्त्वतस्तानेव पश्यन् मध्यमः । ३ गुणमात्रग्रहः साधुः । ४ दोषमविगणय्य फल्गुगुणान् बहुलीकरिष्णुर्महत्तमः ।

૧૨૧ માનવદૃષ્ટિ પોતાના સ્વભાવ પ્રમાણે દોષ તથા ગુણ જોનારી હોય છે. ૪, ૧૨

૧ કામ કરનાર અને કર્મ બન્નેમાં દોષ જ જોનાર દુષ્ટ હોય છે. ૨ તેને સાચાં સ્વરૂપમાં જોનાર મધ્યમ હોય છે. ૩ ગુણ માત્રને જ જોનાર સાધુ પુરુષ હોય છે. ૪ દોષ તરફ દૃષ્ટિ ન રાખીને નાનામાં નાના ગુણને પણ મોટો માનનાર સંત પરમપૂજ્ય છે.

१२२ युगपत्कर्तरि शिवेऽबाध्यमुभयान्वयिकर्मयुग्मम् । ४, २० ·

૧૨૨ કર્મ બે પ્રકારનાં છેઃ-(૧) પ્રવૃત્તિકર્મ અને (૨) નિવૃત્તિ કર્મ. માણસ આ બન્ને પ્રકારના કર્મોમાંથી એક જ પ્રકારનું કર્મ કરે છે, જ્યારે ભગવાન શંકર બન્ને પ્રકારનાં કર્મ એકી સાથે કરવા છતાં અલિપ્ત છે, અને તેથી તે ‘સદાશિવ’ છે. ૪, ૨૦

१२३ शिवस्थाः पदव्योऽव्यक्तलिङ्गाः । ४, २१

१ अवधूतत्त्वसेवनात् । ४, २१. २ उभयंकर्मणोर्बहिष्ठात् । ४, २०. ३ बालाधं नानुचिन्तनत्वात् । ५, २. ४ क्षिप्रप्रसादत्त्वात् । ६,

३५. ५ विद्यातपोयोगपथास्थितत्वात् । ६, ३५. ६ वात्सल्याल्लोकमंगलत्वात्, ६, ३५ शिवः ४, २१.

૧૨૩ ભગવાન શંકરનાં કાર્યો બીજાથી સમજાય કે અનુકરણ કરી શકાય તેવાં નથી. ૪, ૨૧ કારણ કે તે.

૧ સ્વયં અવધૂત છે. ૪, ૨૧. ૨ સકામ તથા નિષ્કામ કર્મોથી પર છે. ૪, ૨૦. ૩ મૂર્ખના અપરાધને મનમાં લાવતા નથી. ૭, ૨. ૪ જલદી પ્રસન્ન થાય છે. ૬, ૩૫. ૫ જ્ઞાન, તપ, તથા યોગમાર્ગમાં સહાય રહેલા છે- ૬, ૩૫. ૬ નૈસર્ગિક પ્રેમને લીધે લોકમંગલ-કરનાર છે ૬, ૩૫ તેથી જ તે સદાશિવ છે. ૪, ૨૧.

१२४ जन्मौषधितपोमन्त्रैर्योगसिद्धिः । ६, ९

૧૨૪ જન્મ, ઔષધિ, તપ તથા મંત્ર યોગસિદ્ધિનાં સાધનો છે. ૬, ૯

१२५ अधीश्वरो विद्यातपोयोगपथमाश्रितत्त्वात् । ६, ३५

૧૨૫ વિદ્યા, તપ તથા યોગમાર્ગનો સહાય આશ્રય કરવાને લીધે ભગવાન શંકર દેવોના અધિપતિ છે. ૬, ૩૫

१२६ परोदयार्पितहृद्रुग्दुष्टः । ६, ४७

૧૨૬ પારકાની ચઢતી જોઈને જેના હૃદયમાં વેદના થાય તેને દુષ્ટ જાણયો. ૬, ૪૭

१२७ क्लेशदुर्गः संसारः । ७, २८

१ अशरणः । २ अन्तकोग्रव्यालान्विष्टः । ३ द्वन्द्वश्वभ्रः । ४ शोकदावः । ५ अज्ञसार्थः । ६ विषयमृगतृष्णात्मगेहोरुभारः । ७ खलमृगभयः ।

૧૨૭ આ સંસાર મુશ્કેલીથી તરી શકાય તેવો છે. ૭, ૨૮ કારણ કે તે,

૧ વિશ્રામસ્થાન વગરનો, ૨ મૃત્યુરૂપી ભયંકર નાગથી વિંટાયેલો, ૩ સુખ દુઃખના મૃગજળવાળો, ૪ શોક રૂપી દાવાનળવાળો, ૫ અજ્ઞાની ભોમીઆવાળો, ૬ મૃગજળ જેવા પોતાના ઘર તથા વિષયોના ભારવાળો, તેમજ ૭ દુષ્ટ માનવોરૂપ જંગલી પશુઓવાળો છે.

१२८ गहना मायापहृतात्मबोधत्वात् । ७, ३०

૧૨૮ આત્મજ્ઞાન હણાઇ જતાં માયા તરવી અઘરી છે. ૭, ૩૦

१२९ ज्ञानार्थगुणाश्रयोऽपि मायातिरिक्त ईश्वरः । ७, ३१

१ अनन्वितचेष्टितत्वात् । २ प्रत्यग् दृष्टृत्वात् । ३ निनिवर्तितगुणभ्रमत्वात् ।

૧૨૯ જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય તથા સત્ત્વાદિ ગુણોના આશ્રયરૂપ હોવા છતાં ઇશ્વર માયાથી અલિપ્ત છે. ૭, ૩૧ કારણ કે–

૧ એની ક્રિયા સ્વતંત્ર છે ૨ એનું દર્શન એકાગ્ર છે. ૩ ગુણના સંભ્રમો તેને સ્પર્શ કરતા નથી.

१३० तमसः पारः दैवविहितसुखदुःखयोरात्मतोषात् । ८, ३३

૧૩૦ પ્રારબ્ધને લીધે આવેલાં સુખ અને દુઃખમાં જો માનવ સંતોષ રાખે તો સંસારના અંધકારને પાર કરી શકાય. ૮, ૩૩

१३१ नपरितापभूमिर्जनः, ८, ३४ यदि ।

१ गुणाधिकान्मुदम् । २ गुणाधमादनुक्रोशम् । ३ समानान्मैत्रीमन्विच्छेत् ।

૧૩૧ આવો માણસ કદી દુઃખી થતો નથી. ૮, ૩૪ જો તે-

૧ પોતાના કરતાં અધિક ગુણવાન માણસને જોઈ આનંદ પામે (અદેખાઈ ન કરે) ૨ પોતાના કરતાં ઓછા ગુણવાળા ઉપર દયાદષ્ટિથી જુએ (તિરસ્કાર ન કરે) અને ૩ પોતાના સમાન ગુણવાળા સાથે મૈત્રી ઇચ્છે (સ્પર્ધા ન કરે)

१३२ अधर्मो निरयान्तः* । ८, २–४

१ अधर्मः–मृषा । ८, २ ततः दम्भः–माया । ८, २ ततः लोभः–निकृतिः । ८, ३ ततः क्रोधः–हिंसा । ८, ३ ततः कलिः–दुरुक्तिः । ८, ३ ततः भयम्–मृत्यु । ८, ४ ततः यातना–निरयः । ८, ४

૧૩૨ અધર્મોનું પરિણામ વિનાશ છે. ૮. ૨–૪

(તે ક્રમશઃ નીચે પ્રમાણે છે)

૧ અધર્મમાં અસત્ય ભળે તો દંભ અને માયા આવે ૮, ૩ ૨ દંભ અને માયાથી લોભ અને શઠતા આવે ૮, ૨. ૩ લોભ અને શઠતાથી ક્રોધ અને હિંસા થાય ૮, ૩. ૪ ક્રોધ અને હિંસા આવતાં કલેશ થાય અને કઠોર વચનો બોલાય ૮, ૩. ૫ કલેશ અને દુર્વચનથી ભય અને મરણ ઉપજે. ૮. ૪. ૬ ભય અને મરણથી દુઃખ અને અધઃપાત થાય ૮, ૪.

१३३ मनुवंशो द्विविधः । ८, ६–९

१ मनुर्मानवः–मनुत इति विचारशीलः । २ शतरूपा–शतं रूपाणि यस्याः सा । प्रकृतिरूपा । ३ उत्तानपादःउदि तानौ–पादौ यस्य । निवृत्ति-

---

* સરખાવો—ध्यायतो...बुद्धिनाशात्प्रणश्यति । (गीता)

धर्मः । ४ प्रियव्रतः—प्रियं व्रतं यस्य प्रवृत्तिधर्मः । ५ सुनीतिः—शुभावहा नीतिः ।६ सुरुचिः—भोगेच्छा । ७ ध्रुवः—निश्चलो भक्तिरूपः । ८ उत्तमः—उर्ध्वंतस्तम आपन्नः । *

૧૩૩ મનુવંશ દ્વિઅર્થી છે. ૮, ૬–૯

૧ મનુ—બ્રહ્માના પુત્ર અથવા વિચારપૂર્વક કર્મ કરનાર–માનવ.
૨ શતરૂપા—મનુની સ્ત્રી અથવા સેંકડો રૂપ બદલે તે પ્રકૃતિ.
૩ ઉત્તાનપાદ—મનુનો મોટો પુત્ર અથવા સ્વાભાવિક રીતે જેની વૃત્તિઓ ઊર્ધ્વગામી હોય છે એવો નિવૃત્તિ ધર્મવાળો જીવાત્મા અથવા નિત્ય ઊર્ધ્વગતિ કરનાર શ્રેયોમાર્ગ.
૪ પ્રિયવ્રત—મનુનો બીજો પુત્ર અથવા સકામ કર્મવાળો પ્રેયોમાર્ગ
૫ સુનીતિ—ઉત્તાનપાદની અણમાનીતી સ્ત્રી અથવા કલ્યાણકારી નીતિ.
૬ સુરુચિ—ઉત્તાનપાદની માનીતી સ્ત્રી અથવા ભોગેચ્છા
૭ ધ્રુવ—ઉત્તાનપાદ અને સુનીતિનો પુત્ર અથવા નિશ્ચલભક્તિનું પ્રતીક
૮ ઉત્તમ—ઉત્તાનપાદ અને સુરુચિનો બીજો પુત્ર અથવા ઊર્ધ્વગતિમાંથી ભોગેચ્છાને લીધે અધોગતિમાં આવનાર.

१३४ आनन्दमात्रमविकारं ब्रह्म । ६, १५–१६

१ नित्यमुक्तपरिशुद्धत्वात् । २ कूटस्थम् । ३ त्र्यधीशम् । ४ अधिमखत्वेऽपि व्यतिरिक्तम् । ५ द्रष्टृ ।

૧૩૪ બ્રહ્મસ્વરૂપ આનંદમય અને અવિકારી છે ૬, ૧૫–૧૬ કારણ કે તે,

૧ નિત્યમુક્ત તથા શુદ્ધ છે. ૨ નિર્વિકાર છે. ૩ સત્વાદિ ગુણોનું અધિપતિ છે. ૪ સર્વનું પાલનકર્તા, યજ્ઞાધિપતિ છતાં તેનાથી પર, અને ૫ દ્રષ્ટા છે.

---

*સરખાવો—**ऊर्ध्वं गच्छन्ति सत्वस्थाः । (ध्रुव)**
अधोगच्छन्ति तामसाः । (उत्तम)

१३५ ब्रह्मनिर्वाणं भगवत्प्रसादात् । ११, १३-१४

१ तितिक्षादिभिः प्रसादः । २ प्रसादः प्राकृतगुणमुक्तिहेतुः । ३ ततः ब्रह्मनिर्वाणम् ।

૧૩૫ ભગવાનની કૃપા બ્રહ્મપદ પ્રાપ્ત કરાવે છે. ૧૧, ૧૩-૧૪

૧ તિતિક્ષા વગેરેથી પ્રસન્નતા થાય છે, ૨ એ પ્રસન્નતાથી સંસારનો દોષ દૂર થાય છે એથી ભગવાનની કૃપા થાય છે. ૩ તેનાથી બ્રહ્મપદની પ્રાપ્તિ થાય છે.

१३६ विभूम्नो दुर्विभाव्या चेष्टा कालः । ११, १७, १९-२१

१ गुणप्रवाहविभक्तवीर्यः । २ अकर्तापि कर्ता । ३ अहन्तापि हन्ता । ४ आयुषोऽपचयापचयौ कुर्वन्नपि स्वस्थो निष्पक्षः । ५ अनन्तोऽप्यन्तकरः । ६ अनादिरप्यादिकृत् । ७ मारयन् मृत्युनान्तकम्, तथापि ८ अव्ययः ।

૧૩૬ સર્વ સત્તાધીશ પરમાત્માની ન સમજી શકાય તેવી ક્રિયાશક્તિ એ કાળ છે. ૧૧, ૧૭, ૧૯-૨૧

૧ તેનું બળ ગુણોના જુદા જુદા પ્રવાહોને લીધે ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે. ૨ તે અકર્તા હોવા છતાં કર્તા છે. ૩ તે જાતે ન મારનાર હોવા છતાં સર્વને મારનાર છે. ૪ તે આયુષ્યનો ઘટાડો તથા વધારો કરનાર હોવા છતાં સ્વસ્થ છે. ૫ તે સ્વયં અનંત હોવા છતાં દરેકનો અંત કરનાર છે. ૬ તે સ્વયં અનાદિ હોવા છતાં દરેકનો આરંભ કરનાર છે. ૭ તે મૃત્યુથી યમરાજને પણ મારનાર છે. આથી તે (કાળ) અવિકારી—અવ્યય—છે.

१३७ ममाहमित्यविद्याग्रन्थिभेदादात्मदर्शनम् । सत्प्रतीतिहेतुः । ११, २९-३०

૧૩૭ હું તથા મારું એ અવિદ્યાની ગ્રન્થિ છે. તેના નાશથી આત્મદર્શન થાય છે અને આત્મદર્શનથી સત્ય સ્વરૂપ પરમાત્માની પ્રતીતિ થાય છે. ૧૧, ૨૯–૩૦

१३८ श्रेयःप्रतीपो रोषः, अभयं तन्निरोधात् । ११, ३१-३२

૧૩૮ કલ્યાણનો વિરોધી રોષ છે, તેના સંયમથી જ નિર્ભયતા પ્રાપ્ત થાય છે. ૧૧, ૩૧–૩૨

१३९ शुभाशुभक्षयो भोगाभोगाभ्याम् । १२, १३

૧૩૯ ભોગ ભોગવવાથી પુણ્યનો ક્ષય થાય છે અને ભોગ ન ભોગવવાથી નવાં પાપ થતાં અટકે છે. ૧૨, ૧૩

१४० मृत्युंजयत्वं भक्तियोगात् । १२, ३०

૧૪૦ ભક્તિયોગથી માણસ મૃત્યુને પણ જીતી શકે છે. ૧૨, ૩૦

१४१ यज्ञसाफल्यं कारणपंचकात् । १३, २७-२८

१ हवींष्यदुष्टानि । २ श्रद्धा । ३ छन्दांसि । ४ धृतव्रतत्त्वम् । ५ देवहेलनाभावः ।

૧૪૧ નીચેનાં પાંચ યજ્ઞની સફળતાનાં કારણો છે. ૧૩, ૨૭–૨૮

૧ દોષરહિત હુતદ્રવ્ય. ૨ શ્રદ્ધા ૩ શુદ્ધ મંત્રોચ્ચાર ૪ વ્રતની ધારણા ૫ દેવો પ્રત્યે આદર, તિરસ્કારનો અભાવ.

१४२ निर्वेदः कदपत्यात् । १३, ४४-४६

१ पापीयसी कीर्तिः । २ अधर्मः । ३ सर्वविरोधः । ४ अनन्त आधिः । ५ क्लेशनिवहं गृहम् ।

૧૪૨ દુષ્ટ પ્રજા વૈરાગ્યનું કારણ છે. ૧૩, ૪૪–૪૬

૧ દુષ્ટ પ્રજાથી આપણી કીર્તિને લાંછન લાગે છે, ૨ (ઘરમાં) અધર્મ પ્રવેશ કરે છે, ૩ બધા સાથે વિરોધ થાય છે, ૪ રોજનાં દુ:ખો ઉભાં થાય છે અને ૫ ઘર ક્લેશનું સ્થાન બને છે.

१४३ राजहानिर्धर्मनिवारणाल्लोकधिक्काराच्च । १४, ६–१३

प्रजा क्षेमरक्षणो राजधर्मः

૧૪૩ ધર્મને અટકાવવાથી તથા તેથી થતા લોકધિક્કારથી રાજા કે રાજસંસ્થાની હાનિ થાય છે. પ્રજાના કલ્યાણની રક્ષા કરે તે રાજધર્મ છે, ૧૪, ૬–૧૩

१४४ दुर्निवारका अराजकता । १४, ४०

१ अधर्मे धर्मबुद्धित्वात् ६ । २ चोरप्रायत्वात् । ४० ३ हीनसत्त्वत्वात् । ४० ४ शक्तैरपि दोषदर्शिभिः प्रतिषेद्धुमशक्यत्वात् । ४० ५ राजपुरुष वाग्विडम्बनात् । २३–२८

૧૪૪ દુષ્ટ રાજ્ય અથવા અરાજકતાને અટકાવી શકાતાં નથી કારણ કે, ૧૪, ૪૦

૧ દુષ્ટ રાજ્ય અથવા રાજસંસ્થા અધર્મમાંજ ધર્મ માને છે, ૨ (સૌથી મોટામાં મોટા માણસથી નાનામાં નાના માણસ સુધી) બધા જ ચોર વૃત્તિવાળા હોય છે. ૩ પ્રજા શક્તિહીન હોય છે. ૪ દોષને પ્રત્યક્ષ જોનારા શક્તિમાન માણસો પણ તેને અટકાવી શકતા નથી ૫ રાજપુરુષો માત્ર વાણીના આડમ્બરવાળા હોય છે.

१४५ निषीदनो निषाद उल्बणकश्मलत्वात् । १४, ४४–४६

१ दीनोऽपि । २ श्रमजीव्यपि । ३ स्थूलमतिरपि ।

૧૪૫ દીન અને શ્રમજીવી હોવા છતાં સ્વભાવથી જ સ્થૂલબુદ્ધિ વાળો અને ભયંકર પાપ કરનાર હોવાથી નિષાદ જાતિને એક બાજુ રાખવી જોઇએ. તેને પ્રજા-કલ્યાણનું કોઇ પણ જવાબદારી ભર્યું કામ સોંપવું નહિ ૧૪, ૪૪-૪૬

१४६ सर्वदेवमयो नृपः भूतिग्राहात् । १५, १५-१९

१ सरित्समुद्रादेः उपायनम् । २ धर्मात् धर्मम् । ३ इन्द्रात् ऐश्वर्यम् । ४ कुबेरात् धनम् । ५ यमात् दण्डम् । ६ ब्रह्मणः ब्रह्ममयं वर्म । ७ भारतेः विद्या । ८ हरेः तेजस्त्वं, सुदर्शनम् । ९ लक्ष्म्याः श्रीः । १० रुद्रात् रुद्रत्वम् । ११ चन्द्रात् अमृतम् । १२ अग्नेः तेजः । १३ सूर्यात् ओजः । १४ भुवः स्थानम् क्षमा च । १५ विद्याधरात् नानाविधाः कला ।

૧૪૬ દરેક દેવતાઓની વિશિષ્ટતા રાજાના શરીરમાં હોવાથી રાજા 'સર્વદેવમય' કહેવાય છે. ૧૫, ૧૫-૧૯

રાજામાં કયા દેવની કઈ કઈ વિભૂતિ હોવી જોઈએ તે નીચે પ્રમાણે છેઃ

૧ સમુદ્ર, પર્વત અને નદીઓ પાસેથી ગૈરિકાદિક ધાતુઓ તથા રત્નો વગેરે, ૨ ધર્મ પાસેથી ધર્મ ૩ ઇન્દ્ર પાસેથી ઐશ્વર્ય ૪ કુબેર પાસેથી ધન ૫ યમરાજ પાસેથી શિક્ષા, દંડ ૬ બ્રહ્મા પાસેથી બ્રહ્મચર્ય ૭ સરસ્વતી પાસેથી વિદ્યા ૮ શ્રીહરિ પાસેથી તેજ, ૯ લક્ષ્મી પાસેથી શ્રી ૧૦ શંકર પાસેથી ઉગ્રતા ૧૧ ચન્દ્ર પાસેથી અમૃત ૧૨ અગ્નિ પાસેથી તેજ ૧૩ સૂર્ય પાસેથી ઓજસ્ ૧૪ પૃથ્વી પાસેથી સ્થાન અને ક્ષમા ૧૫ વિદ્યાધર પાસેથી જુદી જુદી જાતની કળાઓ.

१४७ दिव्यो देवमयो नृपः दिव्यगुणाश्रयत्वात् । १६, ४–१८

१ धर्मभृतां श्रेष्ठः । २२, ५६–६२. २ लोकं धर्मेऽनुवर्तयन् । ३ धर्मसेतुः गोप्ता । ४ अधर्मशासकः । ५ तितिक्षुरतिक्रमस्य । ६ अव्यक्तवर्त्मा । ७ सन्धिविग्रहकालवित् । ८, ६, २८. ८ निगूढकार्यः । ९ गुप्तवित्तः । १० संवृतात्मा । ११ दुरासदः । १२ दुर्विषहः । १३ विदूरः । १४ चारचक्षुः । १५ दण्डधरः । १६ शरण्यः । १७ दीनवत्सलः । १८ परस्त्रीषु मातृभक्तिः । १९ पितृवत्स्निग्धः । २० दण्डेधर्मपथे स्थितः । २१ दृढव्रतः । २२ मानदोवृद्धसेवकः राजा प्रकृतिरञ्जनात् ।

૧૪૭ દિવ્યગુણોના સંગ્રહને લીધે રાજા અથવા રાજપુરુષ પણ દિવ્ય અને દેવમય હોય છે. ૨૨, ૫૬–૬૨

૧ ધર્મ પાળનારાઓમાં શ્રેષ્ઠ, ૨ જનસમાજને ધર્મમાં પ્રેરનાર, ૩ ધર્મની મર્યાદાનું રક્ષણ કરનાર, ૪ અધર્મીઓને દંડ દેનાર, ૫ ન ગમતી વસ્તુઓને અથવા અપમાનને સહન કરનાર, ૬ જેની ઈચ્છા કોઈપણ ન જાણી શકે, માત્ર પરિણામથી જ જણાય એવો, ૭ સમયને ઓળખીને શત્રુ સાથે સંધિ કે વિગ્રહ કરનાર ૮ જેનાં કાર્ય ગુપ્ત હોય. ૯ જેના ખજાનાની કોઈને ખબર ન હોય, ૧૦ જેના મનની ઈચ્છાને કોઈ ન જાણી શકે તેવો, ૧૧ જેની પાસે સહેલાઈથી જઈ ન શકાય તેવો, ૧૨ જેના તેજને સહન ન કરી શકાય તેવો, ૧૩ સમીપ હોવા છતાં દૂર, ૧૪ ગુપ્તચરો દ્વારા બધી વસ્તુઓને જોનાર, ૧૫ શિક્ષાયોગ્યને કપરી શિક્ષા આપનાર, ૧૬ શરણે જવા લાયક, ૧૭ દીનવત્સલ. ૧૮ પરસ્ત્રી પ્રત્યે માતા જેવી ભક્તિ રાખનાર, ૧૯ પિતા જેવો પ્રેમાળ ૨૦ દંડ આપવામાં ધર્મની મર્યાદા ન ઓળંગનાર, ૨૧ લીધેલી પ્રતિજ્ઞામાં અવિચલ ૨૨ બીજાને માન આપનાર અને વૃદ્ધોની સેવા કરનાર આવો રાજા અથવા રાજપુરુષ પ્રજાને

રાજી રાખી શકે છે અને તેથી આવા દિવ્ય ગુણોને લીધે તેમાં સર્વદેવોનો વાસ છે.

१४८ नृपवधोऽवधो दोषबाहुल्यात् । १७, २६

१ योषित्प्रहारी । २ क्लीबः । ३ आत्मसंभावनः । ४ अधमः । ५ निरनुक्रोशः ।

૧ સ્ત્રિયો ઉપર પ્રહાર કરનાર, ૨ કાયર. ૩ પોતાને જ સર્વશ્રેષ્ઠ માનનાર, ૪ અધમ અને ૫ દયા વગરનો હોય તો તે રાજા અથવા સત્તાધીશને મારવામાં પાપ નથી. ૧૭, ૨૬

१४९ द्रव्यक्रियाकारकविभ्रमोर्मिरहितः पुमान् ईश्वरः* । १८, २९

૪૯ જે પુરુષમાં દેહ, ઇંદ્રિયો; તેનાથી ઉત્પન્ન થનારૂં અભિમાન, સંદેહ કે રાગ દ્વેષ ન હોય તે પુરુષ સ્વયં ઈશ્વર છે. ૧૮, ૨૯

१५० भूतेन्द्रियान्तःकरणात्मकं जगत् । १७, ३४

૧૫૦ જગત્ મહાપંચભૂત, તન્માત્રા દશ ઇન્દ્રિયો તથા અન્તઃકરણ ચતુષ્ટય (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) નું બનેલું છે. ૧૭, ૩૪

१५१ दृष्टश्रुतप्रयोगविज्ञानात् सारधुक् । १८, २

૧૫૧ દરેક વસ્તુ જોવાથી, તે સંબંધી સાંભળવાથી તથા તેના વાસ્તવિક ઉપયોગના જ્ઞાનથી તે વસ્તુનો સાર ગ્રહણ કરી શકાય છે. ૧૮, ૨

१५२ नायमात्मा कलेवरम् । २०, ३

૧૫૨ શરીર એ આત્મા નથી. ૨૦, ૩

---

* સરખાવો:–क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः। (पा., यो. सू.)

१५३ कायप्रसूतिरविद्याकामकर्मभिः । २०, ५

૧૫૩ અવિદ્યાથી થતાં સ્વેચ્છાચારી કર્મોથી પુનર્જન્મ થાય છે. ૨૦, ૫

१५४ प्रकृतिस्थोऽपि तद्गुणैरनासक्तः स्वस्थः । २०, ८

૧૫૪ જગતમાં રહેવા છતાં જેને પ્રકૃતિના ગુણો આકર્ષણ ન કરે તે આત્મનિષ્ઠ છે. ૨૦, ૮

१५५ कैवल्यलाभः गुणत्यागात्, सम्यग्दर्शनात्, समवस्थानाच्च । २०, १०

૧૫૫ ૧ ગુણોનો ત્યાગ, ૨ સમ્યક્‌દર્શન અને ૩ સામ્યાવસ્થાથી મોક્ષપ્રાપ્તિ થાય છે. ૨૦, ૧૦

૧ સત્વાદિ ત્રણે ગુણોની અસરનો ત્યાગ કરવાથી, ૨ સત્યાસત્યના મિશ્રણમાં સત્યનું જ દર્શન અને અસત્યનો પરિત્યાગ કરવાથી તેમજ ૩ દેહની કોઈપણ અવસ્થામાં એકરસ રહેવાથી તથા ચિત્તની સામ્યાવસ્થાથી મોક્ષપ્રાપ્તિ થાય છે. ૨૦, ૧૦

१५६ लिङ्गे गुणप्रवाहो द्रव्यक्रियाकारकचेतनाभिः । २०, १२

૧૫૬ માંસમજ્જાદિ ધાતુઓ, કર્મેન્દ્રિયોના ક્રિયા, જ્ઞાનેન્દ્રિયોનું જ્ઞાન અને અન્તઃકરણના ચૈતન્યથી શરીરમાં સત્ત્વાદિ ગુણોનો સંચાર થાય છે. ૨૦, ૧૨

१५७ वाग्विशुद्धिः उपकारप्रयुक्ता षल्लक्षणा । २१, २०

१ चारुः । २ चित्रपदा । ३ श्लक्ष्णा । ४ मृष्टा । ५ गूढा । ६ अविक्लवा ।

૧૫૭ છ લક્ષણોથી વાણી વિશુદ્ધ અને ઉપકારક થાય છેઃ ૨૦, ૨૦

૧ સુંદર ૨ આશ્ચર્યજનક શબ્દોવાળી ૩ ઉત્તમ ૪ શુદ્ધ ૫ ગર્ભિત અર્થવાળી અને ૬ સંદેહ વગરની.

१५८ प्रधानकालाशयधर्मसंग्रहं शरीरम् । २१, ३५

૧૫૮ શરીર પ્રધાન, પ્રકૃતિને ક્ષોભ પમાડનાર કાળ, વાસના તથા ધર્મ અથવા અધર્મ રૂપ કર્મનો સંગ્રહ છે. ૨૧, ૩૫

१५९ ब्रह्मधारणं श्रद्धातपोमङ्गलमौनसंयमैः । २१, ४२

૧૫૯ શ્રદ્ધા, તપ, મંગલ* આચરણ, મૌન તથા સંયમથી બ્રહ્મવિદ્યાની ધારણા થાય છે. ૨૧, ૪૨

१६० संपद्वरणं गुणशीलकृतज्ञता वृद्धाश्रयादिभिः । २१, ४४

૧૬૦ ગુણ, ચારિત્ર્ય, કૃતજ્ઞતા તથા વૃદ્ધોની સેવા કરનારને સંપત્તિ સ્વયં આવી મળે છે. ૨૧, ૪૪

१६१ कुशलो नाम कुशलाकुशलवृत्तिरहितः । २२, १३–१४

૧૬૧ જેમને કુશલ અથવા અકુશલવાળી બુદ્ધિની વૃત્તિ નથી, તેજ કુશલ છે. ૨૨, ૧૩–૧૪

१६२ सारं सुष्ठु मितं मधु वचनं सूक्तम् । २२, १७

---

* મંગળ એટલે, प्रशस्तस्वीकृतिर्नित्यमप्रशस्तविवर्जनम् ।
एतद्धि मंगलं प्रोक्तमृषिभिस्तत्वदर्शिभिः ॥
सुभद्रकर्मविघ्नकृद्वाग्विसर्जनम् मौनम् ।
મૌન એટલે શુભકર્મમાં વિઘ્ન કરનારી વાણીનો ત્યાગ

૧૬૨ સારવાળું, ગંભીર અર્થવાળું, અલ્પ અક્ષરવાળું અને કર્ણપ્રિય હોય તેજ 'સુવચન' છે. ૨૨, ૧૭

१६३ ब्रह्मरतिः श्रद्धादिभिः नैष्ठिकी आचार्यादेव। २२, २६–२७

१ श्रद्धा । २ धर्मचर्या । ३ जिज्ञासा । ४ योगनिष्ठा । ५ योगेश्वरोपासना । ६ पुण्यकथा । ७ वितृष्णा । ८ अपरिग्रहः । ९ एकान्तरुचिः । १० अहिंसा । ११ परमहंसचर्या । १२ यमः । १३ नियमः। १४ अनिन्दा । १५ निरीहा । १६ द्वन्द्वतितिक्षा ।

૧૬૩ નિશ્ચલ ભગવત્પ્રેમ આચાર્ય દ્વારા પ્રાપ્ત થયેલાં નીચે જણાવેલાં શ્રદ્ધા વગેરે સાધનોથી જ થાય છે. ૨૨, ૨૨–૨૬

૧ શ્રદ્ધા, ૨ ધર્માચરણ, ૩ જિજ્ઞાસા. ૪ યોગનિષ્ઠા, ૫ યોગેશ્વરોની ઉપાસના, ૬ પવિત્ર કથા, ૭ લોભત્યાગ, ૮ અપરિગ્રહ, ૯ એકાંતમાં પ્રેમ, ૧૦ અહિંસા, ૧૧ પરમહંસોના જેવું વીતરાગ આચરણ ૧૨ યમ, ૧૩ નિયમ, ૧૪ અનિન્દા, ૧૫ ઇચ્છારાહિત્ય, ૧૬ સુખદુઃખોમાં સંયમ.

१६४ कर्माशयग्रन्थ्युद्ग्रथयन्तः सन्तः । २२, ३९

૧૬૪ કર્મથી ગુંથાયેલી અહંકારની ગાંઠને છોડે તે સંત. ૨૨. ૩૯

१६५ पृथुराजः पृथुगुणत्वात् । २२, ५५–६५

૧૬૫ પ્રસિદ્ધ ગુણ હોવાને લીધે આદિરાજા પૃથુરાજ કહેવાયા. (જુઓઃ સૂત્ર–૧૪૬) ૨૨, ૫૫–૬૫

१६६ आपवर्ग्ये मानुष्ये, विषयेषु विषीदन्नात्मध्रुक् । २३, २८

૧૬૬ મોક્ષ આપનાર માનવશરીર મળવા છતાં જે

વિષયોમાં રચીપચી રહે છે તે આત્મદ્રોહી છે. ૨૩, ૨૮

१६७ चतुर्व्यूहस्वरूपम् । २४, ३४-३६

१ भूतसूक्ष्मेन्द्रियात्मा शान्तः कूटस्थो वासुदेवः । २ सूक्ष्मो दुरन्तोऽन्तकः सङ्कर्षणः । ३ विश्वप्रबोधोऽन्तरात्मा प्रद्युम्नः । ४ हृषीकेश इन्द्रियात्मानिरुद्धः ।

૧૬૭ ચતુર્વ્યૂહનું સ્વરૂપ ૨૪, ૩૪-૩૬

૧ પંચમહાભૂત, પંચતન્માત્રા, પંચજ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, આ સર્વના નિયન્તા કૂટસ્થ (નિર્વિકાર) ચિત્તના અધિષ્ઠાતા ભગવાનને **વાસુદેવ** કહે છે.

૨ સૂક્ષ્મ (અવ્યક્ત) દુરન્ત (અનંત) અને લોકોનો નાશ કરનાર અહંકારના અધિપતિ ભગવાનને **સંકર્ષણ** કહે છે.

૩ જગતને બોધ આપનાર, આત્મસ્વરૂપ, બુદ્ધિના અધિષ્ઠાતા ભગવાનને **પ્રદ્યુમ્ન** કહે છે.

૪ સર્વ ઇન્દ્રિયોના સ્વામી, મનના નિયન્તા ભગવાનને **અનિરુદ્ધ** કહે છે.

જેવી રીતે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર એકધર્મી છે તેમ અવતારોમાં પણ ૧ સનક, સનંદન સનાતન સનત્કુમાર, ૨ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન, ૩ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ વ્યૂહો એકધર્મી છે.

१६८ सत्सङ्गोऽनुग्रहएव । २४-५८ केषामितिचेत् ।

१ कीर्तितीर्थानाम् । २ अन्तर्बहिः स्नानविधूतपाप्मनाम् । ३ भूतानुक्रोशसत्त्ववताम् ।

૧૬૮ સંતોનો સંગ એ અનુગ્રહ છે. ૨૪, ૫૮ કારણ કે-

સંતો ૧ સત્કીર્તિરૂપી તીર્થવાળા, ૨ અંદર તેમજ બહારથી પવિત્ર હોવાથી નિષ્પાપ, ૩ તથા પ્રત્યેક પ્રાણીમાત્ર ઉપર કૃપા કરનારા હોય છે.

१६९ अह्याखुन्यायवदन्तकोऽप्रमत्तत्वात् । २४–६६

१ प्रमत्तं प्रवृद्धलोभं विषयलालसं सहसाऽभिपद्यमानत्वात् ।

૧૬૯ કાળ સદાયે જાગૃત છે, તે પ્રમાદી, લોભી અને અને વિષયમાં લાલસા રાખનારનો, જેમ સર્પ ઊંદરનો નાશ કરે છે તેમ એકદમ વિનાશ કરે છે. ૨૪, ૬૬

१७० ज्ञानं निःश्रेयसं दुष्पारं व्यसनार्णवं तारकत्वात् । २४, ७५

૧૭૦ જ્ઞાન દુઃખ સમુદ્રને તારનારું હોવાથી કલ્યાણકારી અને અમાપ છે. ૨૪, ૭૫

१७१ बृहच्छ्रवाः पुरंजनः, अविज्ञातचेष्टितोऽविज्ञातनामा च ।

૧૭૧ પ્રખ્યાત કીર્તિવાળો રાજા અથવા શરીરમાં વ્યાપક આત્મા એ 'પુરંજન' છે.

જેની ક્રિયા કોઈથી પણ જાણી શકાતી નથી તથા જેનું નામ અજ્ઞાત છે તે આત્માનો મિત્ર અવિજ્ઞાતનામા ઇશ્વર છે.

१७२ शरण्यो गृहाश्रमः पित्रादिक्षेमकृत् । २५–१०

૧૭૨ પિતૃઓ, દેવો, ઋષિઓ, મનુષ્યો, બીજાં પ્રાણીઓ તથા પોતાનું કલ્યાણ કરનાર હોવાથી ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. ૨૫, ૧૦

१७३ पुरंजनपुरमिति शरीरम् । २५, २०, ३५, ४६–५३

१ नवद्वारम् । २९, ४–१६. २ पंचशीर्षाहिगुप्तम् । ३ पञ्चालाभिमुखम् । ४ बुद्धिप्रधानम् ।

૧૭૩ પુરંજનનું નગર એટલે શરીર. ૨૫, ૨૦, ૩૫, ૪૬–૫૩

૧ આ શરીર રૂપી નગરને નવ દ્વાર છે.

(અ) ખદ્યોત અને આવિર્મુખ એ બે નેત્રનાં નામ છે.

(બ) નલિની અને નાલિની એ બે નાકનાં દ્વારનાં નામ છે.

(ક) મુખ્યા એ મુખનું નામ છે.

(ડ) દેવહૂ અને પિતૃહૂ એ કાનનાં નામ છે.

(ઇ) આસુરી એ લિંગનું નામ છે.

(ઈ) નિવૃત્તિ એ ગુદાનું નામ છે. ૨૯, ૪–૧૬

૨ શરીર પાંચ મસ્તકવાળા નાગથી રક્ષાયેલું છે.

પાંચ મુખવાળો નાગ એટલે પંચપ્રાણ, પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન ૩ પાંચ વિષયો પ્રત્યે જતું. ૪ બુદ્ધિપ્રધાન.

१७४ रथ इत्यपरे । २६, १–२

१ पञ्चाश्वः । २ द्विचक्रः । ३ त्रिवेणुः । ४ पंचबन्धुरः । ५ एकरश्मिः । ६ एकदमनः । ७ एकनीडः । ८ द्विकूबरः । ९ पंचप्रहरणः । १० सप्तवरूथः ।

૧૭૪ બીજા પક્ષમાં શરીરને રથ કહ્યો છે–તેમાં;

૧ પાંચ ઘોડાઓ–પાંચ જ્ઞાનેન્દ્રિયો ૨ બે ચક્ર–સુખ અને દુઃખ ૩ ત્રણ ધજા–સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ ૪ બાંધવાની પાંચ દોરીઓ–પંચ પ્રાણ ૫ લગામ–મન ૬ એક સારથિ–બુદ્ધિ ૭ એક બેઠક–હૃદય ૮ બે દાંડા–હર્ષ અને શોક ૯ પાંચ પદાર્થોથી ભરેલા–શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ ૧૦ સાત પડદાવાળું–ચામડી, માંસ, લોહી, મેદ, મજ્જા, હાડકાં અને વીર્ય એ સાત ધાતુઓથી ભરેલું.

१७५ नष्टप्रज्ञत्वादधोगतिरन्यथाकरणात् । २६–८

૧૭૫ જ્યારે બુદ્ધિ નાશ પામે છે ત્યારે ઉલટાં કામ કરવાથી જીવનની અધોગતિ થાય છે. ૨૬, ૮ *

१७६ प्रजागरश्चण्डवेगः कालः । २७, १३, १४–१९

१ गन्धर्वाः—दिवसाः । २ गन्धर्व्यः—रात्रयः । ३ कालकन्या—जरा ।

૧૭૬ કાળ પ્રચંડ વેગવાળો અને સદાય જાગૃત છે. ૨૭, ૧૩, ૧૪–૧૯

તેના સહાયકો નીચે પ્રમાણે છેઃ

૧ ૩૬૦ ગંધર્વો–દિવસો ૨ ૩૬૦ ગંધર્વીઓ–રાત્રિઓ અર્ધી કાળી–કૃષ્ણપક્ષની અર્ધી ગોરી–શુકલપક્ષની ૩ કાળકન્યા–વૃદ્ધાવસ્થા

१७७ आर्तानुकम्पा पौरुषो धर्मः । २७–२६

૧૭૭ દીન ઉપર દયા કરવી એ પૌરુષ (ભગવાન તથા માનવનો) ધર્મ છે. ૨૭, ૨૬

१७८ भयस्वामिनी जरा अनभिज्ञाव्यक्तगतिः । २७, २८–२९

नष्टश्रीः कृपणः नष्टप्रज्ञः हृतैश्वर्यस्तयाभिभूतः । २, २–६

૧૭૮ કાળકન્યા–વૃદ્ધાવસ્થાના સ્વામીનું નામ ભય છે. ૨૭, ૨૮–૨૯

વૃદ્ધાવસ્થા અને ભય દમ્પતીની માફક સાથે જ રહે છે તેઓને કોઈ પણ આવકારતું નથી છતાં તે ગુપ્ત રીતે આવે છે. તે આવતાં ૧ માણસનું રૂપ હણાઈ જાય છે, ૨ માણસ દીન બને છે. ૩ બુદ્ધિ કુંઠિત થાય છે, ૪ મહત્તા ઘટે છે.

**१७९ वीर्यपणा वैदर्भी, प्रमदोत्तमा पाण्डयस्वीकृतासितेक्षणा ।
२८, २८–३०**

૧૭૯ બળથી જેની સાથે લગ્ન કરી શકાય એ સુંદર

---

* સરખાવો—**बुद्धिनाशात्प्रणश्यति** (गीता)

સ્ત્રી શ્યામ નેત્રવાળી વૈદર્ભીનો પાંડ્ય દેશના રાજાએ પત્ની તરીકે સ્વીકાર કર્યો. *

१८० हंसपरमहंसौ मानसायनौ निरन्तरौ । २८, ५४, ६३–६४

१ हंसप्रबोधोऽपरानुग्रहादेव । २९, २४

૧૮૦ હંસ અને પરમહંસ માનસ સરોવરના સ્થાનવાળા પાસે પાસે રહેનારા હંસો છે. × ૨૪–૪૬

આત્માનો પ્રબોધ ભગવાનના અનુગ્રહથી જ શક્ય છે.

१८१ यथा कर्मगुणं भवः देहस्य जीवस्याव्यवच्छेदात् । २९,२९–३२

૧૮૧ માણસ જેવાં કર્મ કરે છે તે પ્રમાણે તેનો પુનર્જન્મ થાય છે કારણકે કર્મનો સંપૂર્ણ નાશ થતો નથી. ૨૪, ૨૪–૩૨

१८२ कर्माप्रतिकारोऽविद्योपसृतत्वात् । २९–३४

૧૮૨ અવિદ્યાથી જ ઉત્પન્ન થયેલાં કર્મોનો પ્રતિકાર અશક્ય છે. ૨૪–૩૪

१८३ संसृतिव्यवच्छेदो भक्त्यैव । २९–३५

૧૮૩ સંસારનિવૃત્તિ ભક્તિથી જ થાય છે. ૨૯, ૩૫

१८४ तत् कर्म हरितोषं यत् सा विद्या तन्मतिर्यया । २९–४९

---

* ઉપરનું વાક્ય દ્વિઅર્થી છે. તેમાં આવેલા શબ્દોના અર્થ : ૧ વૈદર્ભી–ભક્તિ ૨ પાંડ્ય–પંડા એટલે બુદ્ધિ, માટે પાંડ્ય એટલે ભક્ત ૩ અસિતેક્ષણા–અસિત–કૃષ્ણ, તરફ જેની નજર છે તેવી.

ઉપરના વાક્યનો બીજો અર્થ આ પ્રમાણે થાય : ખૂબ આત્મબળથી પ્રાપ્ત થાય એવી કૃષ્ણ ભક્તિનો બુદ્ધિમાન ભકતે સ્વીકાર કર્યો.–૨૮,૨૮–૩૦

× હંસ–આત્મા ૨ પરમ હંસ–પરમાત્મા ૩ માનસ સરોવર–હૃદય માનવના હૃદયમાં આત્મા તથા પરમાત્મા સાથેજ રહેલા છે. જ્યારે આત્મા પરમાત્મધર્મનો સ્વીકાર કરે છે ત્યારે તે પરમાત્મસ્વરૂપ થાય છે.

૧૮૪ જેનાથી ભગવાન સંતુષ્ટ થાય તેજ ‘કર્મ’ છે અને જેનાથી ભગવાનમાં નિશ્ચલબુદ્ધિ થાય તેજ ‘વિદ્યા’ છે. ૨૯, ૪૯

१८५ राद्धं कर्मैव भवकारणम् वृत्तिलक्षणात् । २९, ६२–७०

૧૮૫ આચરણથી કર્મો ઓળખાય છે અને આ પ્રરૂઢ કર્મને લીધે પુનર્જન્મ થાય છે. ૨૯, ૬૨–૭૦

१८६ तन्निरोधेऽविद्याग्रन्थिभेदः । २९, ६८, ७०–७८

૧૮૬ આવા કર્મનાં નાશથીજ અવિદ્યાની ગ્રન્થિ તૂટે છે. ૨૯, ૬૯–૭૦, ૭૮

१८७ गृहेपिऽमोहादीनामभावः कुशलकर्मणाम् । ३०, १९–२०

૧૮૭ સર્વનું મંગલ કરનાર માણસોને ઘરમાં પણ મોહ વગેરેનો અભાવ હોય છે. ૩૦, ૧૯–૨૦

१८८ श्रेयोऽवधिर्हरिप्रियत्वं, तत्साधनानि । ३१–१४

१ दयया सर्वभूतेषु । २ सन्तुष्टया येन केन वा । ३ सर्वभूतोपशान्त्या ।

૧૮૮ કલ્યાણનો અવધિ ભગવત્પ્રીતિ છે. તેનાં સાધનો નીચે પ્રમાણે છે. ૩૧, ૧૯

૧ પ્રત્યેક પ્રાણી માત્ર ઉપર દયા, ૨ જે કાંઈ મળે તેનાથી સંતોષ અને ૩ દરેક પ્રાણીની શાન્તિમાં પોતાની શાંતિ.

१८९ रसज्ञो हरिरधनात्मधनप्रियत्वात् । ३१–२१

૧૮૯ નિર્ધનને પોતાનું ધન માની તેના પર પ્રેમ રાખવાથી ભગવાન રસજ્ઞ છે.

इति चतुर्थ स्कन्धः

पञ्चमः स्कन्धः

स्थानलक्षणः


स्थानम्
स्वरूपस्थितिः
अ-१५
देशस्थितिः
अ-११
अ-६
भगवति
षडैश्वर्यत्वात्
अ-१-६
अ-८
योगे
अष्टांगत्वात्
अ-७-१४
अ-१
ज्ञाने
एकत्वात्
१५
अ-५
भूः
अ-१६-२०
अ-३
भुवः
२१-२३
अ-३
स्वः
२४-२६

स्थाने पञ्चमः वैकुण्ठविजयप्रदर्शकत्वात् ।

પંચમસ્કંધનું લક્ષણ સ્થાન છે કારણ કે તેમાં ભગવાનનો વિજય બતાવ્યો છે.

ભગવાને બનાવેલાં વિશ્વનું નિયમબદ્ધ ચંક્રમણ એ બતાવે છે. માનવના નિયમમાં ગમે તેટલી નિયમિતતા છતાં પ્રત્યવાય આવે છે. જ્યારે ઇશ્વરના બનાવેલા વિશ્વનિયમમાં જરા પણ ભંગ પડતો નથી. એ ભગવાનનો વિજય છે. એ બતાવવા માટે પંચમ સ્કન્ધનું સ્થાનલક્ષણ છે.

આ સ્કંધનાં મુખ્ય બે પ્રકરણ છે. પહેલું સ્વરૂપસ્થિતિ પ્રકરણ

૧૫ અધ્યાયનું છે. સ્વરૂપ સ્થિતિ, એટલે આત્મનિષ્ઠા. એ ત્રણ રીતે સાધી શકાય, (૧) अहंता ममतानाशे (૨) सर्वथा निरहंकृतौ (૩) स्वरूपस्थो यदा जीवः=અહંતા-મમતાનો નાશ, સમૂળ અહંકારનો ત્યાગ, અને એ ત્યાગપૂર્વક સ્વરૂપમાં સ્થિતિ કરે, આત્મનિષ્ઠ બને તોજ જીવ कृतार्थः=स निगद्यते। કૃતાર્થ થાય. એનાં ત્રણ સાધન-ભક્તિ યોગ અને જ્ઞાન, આમ પહેલા પ્રકરણનાં ત્રણ અવાંતર પ્રકરણો છે.

બીજાં દેશસ્થિતિ પ્રકરણમાં પરમાત્માએ ઉત્પન્ન કરેલાં ભવ્ય વિશ્વનું વર્ણન છે. એમાં પણ ત્રણ પ્રકરણ છે પહેલાં ભૂ=પ્રકરણમાં ૫ અધ્યાય દ્વારા પૃથ્વી ઉપરના ખંડ, પર્વતો, નદીઓનું વર્ણન. બીજાં ભુવઃ=પ્રકરણમાં સૂર્ય ચંદ્રાદિ આકાશી પદાર્થોનું અને ત્રીજાં સ્વઃ પ્રકરણમાં પાતાલો તથા અંતરીક્ષમાં રહેલાં નરકાદિનું વર્ણન છે. આ બતાવી સાર્વભૌમ ચક્રવર્તી મહારાજા પરીક્ષિતને સર્વથા નિરહંકારી બનાવવાનો ઉપદેશ છે.

શિશુમાર દર્શનમાં ભગવાનનું વિભૂતિદર્શન છે.

पञ्चमः स्कन्धः

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકોના છે.)

१९० प्रियव्रतस्य कर्मबन्धः पराभवः गृहासक्तेः । १, १

१ भागवतः । २ अवगतपरमार्थतत्त्वः । ३ सकलकारकक्रियाकलापः अपि ।

૧૯૦ મહારાજા પ્રિયવ્રતને ઘરમાં મોહ થવાથી કર્મબંધન થયું અને તેને લીધે તેમનો પરાભવ થયો. ૧, ૧ જો કે તે–

(૧) ભગવદ્ ભક્ત. (૨) પરમાર્થતત્ત્વને જાણનાર તથા (૩) સર્વ ઇંદ્રિયોની ક્રિયાના સમુદાયને ઈશ્વરાર્પણ કરનાર હતા, છતાં આમ બન્યું.

१९१ अव्यक्तदिष्टो देहयोगः । १, १३

૧૯૧ એક દેહનો બીજા દેહ સાથે યોગ થવો તે ન સમજી શકાય એવી ઇશ્વરની ઇચ્છાથી થાય છે. ૧, ૧૩

१९२ अनवद्यो गृहाश्रमो जितेन्द्रियस्यात्मरतेः । १, १७

૧૯૨ જિતેન્દ્રિય તથા આત્મારામ પુરુષ માટે ગૃહસ્થાશ્રમ નુકસાનકારક નથી. ૧, ૧૭

१९३ ऊर्जस्वत्युशनसोः देवयानी प्रसूतिः । १, ३४

૧૯૩ શુક્રને ત્યાં ઉર્જસ્વતીથી દેવયાનીનો જન્મ થયો. ૧, ૩૪

અથવા

પવિત્ર દેહબલ તથા આત્મબલ સાથે મળે તો દેવયાન–શ્રેયોમાર્ગ પ્રાપ્ત કરવો સુલભ થાય.

१९४ द्रव्यदेशकालमन्त्रर्त्विग्दक्षिणाविधानो श्रद्धाप्रधानो यागः । ३,२

૧૯૪ યજ્ઞની સફળતા દ્રવ્ય, દેશ, કાળ, મંત્રશુદ્ધિ, ઋત્વિજો, દક્ષિણા, વિધિ અને શ્રદ્ધા ઉપર આધારિત છે. ૩, ૨

१९५ ऋषभः नाभिमेरुदेव्योः संयोगात् साम्योपशमवैराग्यादि कारणात् च । ४, १

१ आत्मतन्त्रत्वात् । ४, १५. २ केवलानन्दानुभवत्त्वात् । ४, १५. ३ स्वस्थप्रशान्तकरणपरिमुक्तसंगत्वात् । २, ७–१० ४ हृदये धर्मत्वात् । ५, ५, १९.

૧૯૫ સમાનતા, ઇન્દ્રિય નિગ્રહ અને વૈરાગ્ય વગેરેને લીધે નાભિ અને મેરુદેવીના પુત્ર ‘ઋષભ’* કહેવાયા. ૪, ૧

(૧) આત્મતંત્ર હોવાથી, ૪, ૧૫ (૨) (જીવનની પ્રત્યેક અવસ્થામાં) આનન્દમય હોવાથી, ૪, ૧૫ (૩) ગમે તે અવસ્થામાં આત્મનિષ્ઠ, ગમે તે સ્થિતિમાં શાંત પ્રકૃતિના, તથા ગમે તે સંગમાં પણ અસંગ હોવાથી, ૨–૭–૧૦ (૪) તેમના હૃદયમાં ધર્મ વ્યાપૃત હતો તેથી તેમને ઋષભ સંજ્ઞા અપાયેલી છે. ૫, ૧૯

१९६ आत्मपराभवो मोहात् । ५, ९

१ मोहोऽहं ममेति । ५, ८ २ स च क्रियात्मकः । ५।५ ३ ततोऽविद्योपाधिः ४ तेन स्मृतिभ्रंशाद्बन्धः । ५, ७

૧૯૬ મોહથી આત્મબંધન પરાભવ થાય છે. ૫, ૫

પ્રક્રિયા (૧) મોહ એટલે ‘હું અને મારું,’ ૫,૮ (૨) એવો

[* ઋષભ એટલે ધર્મથી શોભનાર. ઋષ–ધર્મ, ભ–શોભનાર. નાભિ એટલે મૂલાધાર અને મેરુદંડના સંયોગથી ‘ઋષભ’ સહજ યોગ થાય છે.]

મોહ થતાં કર્મ કરવામાં આવે છે. ૫,૫ (૩) આવાં મોહવાળાં કર્મો અવિદ્યા ઉપજાવે છે, ૫-૬ (૪) આવી અવિદ્યાથી સારાસારની વિવેક બુદ્ધિ નો નાશ થતાં બંધન અને પરાભવ થાય છે. ૫, ૭

१९७ तन्निवृत्यै साधनानि ५, १०-१३

१ भक्त्यनुवृत्तिः । २ द्वन्द्वतितिक्षा । ३ जीवव्यसनज्ञानम् । ४ ईहानिवृत्तिः । ५ निर्वैरत्वम् । ६ साम्योपशमः । ७ वाक्संयमः । ८ एकान्तसेवनम् । ९ सर्वत्रप्रभुदर्शनम् । ५, १०-१३

૧૯૭ આત્મબંધનને દૂર કરનારાં સાધનો. ૫, ૧૦-૧૩

(૧) નિરન્તર પ્રભુભક્તિ ૨ તિતિક્ષા ૩. પારકાંના દુઃખને પોતાનું માનવું. ૪ એષણાની નિવૃત્તિ ૫ નિર્વૈરતા. ૬ સુખ દુઃખની સમાનતા માની તેમાં શાન્તિ ૭. વાણીનો સંયમ. ૮ એકાંત સેવન અને ૯ સર્વત્ર પ્રભુદર્શન,

१९८ ब्रह्मत्वं ब्राह्मणत्वं-शमादिभिः । ५, २४

शमदमसत्यानुग्रहतपस्तितिक्षानुभवज्ञानभक्तिभिः ।

૧૯૮ શમ વગેરે દ્વારા બ્રહ્મત્વ અને બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે. ૫-૨૪

શમ વગેરે એટલે શમ, દમ, સત્ય, અનુગ્રહ (બીજાનું દુઃખ જોઇ તેને દૂર કરવાનો પ્રયત્ન, તપશ્ચર્યા, સહનશીલતા, અનુભવ, જ્ઞાન અને ભક્તિ.

१९९ आर्याः साधव उपशमशीलाः कृपणसुहृदः स्वभावत एव । ८, १०

૧૯૯ આર્ય લોકો સ્વભાવથી જ સત્પુરુષો, શાન્ત ચારિત્ર્ય વાળા અને દીનબન્ધુ હોય છે, ૮-૧૦

२०० शमादियुक्तोऽङ्गिराः । ९, १

अङ्गानि रातीत्यङ्गिराः ।

२०० અંગિરા નામના ઋષિ અથવા શમ વગેરે છ અંગો જેમાં પૂર્ણપણે હોય તે ‘અંગિરા’. ૯, ૧

શમાદિ છ અંગો નીચે પ્રમાણે છે.

(૧) શમ, (૨) દમ, (૩) ઉપરમ (નિવૃત્તિ) (૪) . શ્રદ્ધા, (૫) તિતિક્ષા અને (૬) સમાધાન.

२०१ नेन्द्रियप्रीतिनिमित्तोऽबधूतः । ९ ९

१ विष्टिवेतनयाञ्चामार्गैर्यदृच्छयावृत्तिं कुर्वन् । २ निवृत्तनिमित्तस्वसिद्धविशुद्धानुभवानन्दः । ३ द्वन्द्वनिमित्तासंभावितदेहाभिमानः । ४ इषुमात्रावलोकनगतिः । १०, २.

૨૦૧ ઇન્દ્રિયો ઉપરના પ્રેમને ખાતર ‘અવધૂત’ જીવતો નથી. ૯, ૯

અવધૂતનાં ચાર લક્ષણો નીચે પ્રમાણે છે.

૧ ભાગ્યબળે, વિષ્ટિ, મહેનતાણું અથવા ભિક્ષામાર્ગથી કોઈનેપણ પીડા આપ્યા સિવાય આજીવિકા મેળવનાર, સ્વતઃસિદ્ધ, કોઈ પણ કારણ વિનાના વિશુદ્ધ આનંદનો અનુભવ કરનાર, ૩ સુખ કે દુઃખને ઉદ્દેશીને જેને દેહાભિમાન થતું નથી એવો, ૪ ચાલતી વખતે જેની દૃષ્ટિ માત્ર એક બાણ જેટલી (બેથી ત્રણ હાથ) હોય તે, અવધૂત.

२०२आत्मनाशो महदभिचारातिक्रमात् ।९, १९

૨૦૨ મહાપુરુષનું અપમાન કરનારનો નાશ થાય છે. ૯, ૧૯

२०३ अकुतश्चिद्भयोभागवतपरमहंसः ।९, २०

१ विपद्यसंभ्रमत्वात् । २ सर्वसुहृद्भावत्वात् । ३ अप्रमत्तेन भगवता रक्ष्यमाणत्वात् ।

૨૦૩ પરમાત્માના પરમભક્ત સંન્યાસીને કોઈના પણ તરફથી ભય હોતો નથી. ૯, ૨૦

કારણ કે, ૧ વિપત્તિમાં તેને ગભરાટ હોતો નથી. ૨ પ્રાણીમાત્ર તરફ તેને મિત્ર ભાવ હોય છે. ૩ સદા સાવધાન કાળસ્વરૂપ ભગવાનથી તે રક્ષાયેલો હોય છે.

२०४ अवस्तुनि अनध्यारोपितप्रत्ययो ब्रह्मभूतः । १०, ५

१ उपरतानात्म्योपभोगत्वात् । १०, १४. २ उपशमशीलत्वाच्च । १०, १४

૨૦૪ પ્રશાન્તચારિત્ર્યસંપન્ન હોવાથી તથા ઉપભોગદ્વારા મિથ્યાવસ્તુમાં વિશ્વાસ નહિં રાખનાર હોવાથી પરમહંસ બ્રહ્મસ્વરૂપ છે. ૧૦, ૬

२०५ देहधर्माः स्थौल्यादयः । १०, १०

१ स्थूलता । २ कृशता । ३ आधिः । ४ व्याधिः । ५ क्षुधा । ६ पिपासा । ७ क्लेशाः । ८ एषणा । ९ जरा । १० निद्रा । ११ रतिः । १२ क्रोधः । १३ अहंकारः । १४ शोकः ।

૨૦૫ સ્થૂલતા વગેરે દેહના ધર્મો છે. ૧૦-૧૦

૧ જાડાપણું, ૨ પાતળાપણું, ૩ મનોવ્યથા, ૪ વ્યાધિ, ૫ ભૂખ, ૬ તરસ, ૭ કંકાસ, ૮ ઇચ્છા, ૯ વૃદ્ધાવસ્થા, ૧૦ નિદ્રા, ૧૧ મૈથુન, ૧૨ ક્રોધ, ૧૩ અહંકાર અને ૧૪ શોક, આ દેહધર્મો છે.

२०६ संसृतिर्देहेन्द्रियेष्वाशयसन्निकर्षात् । १०, २२

૨૦૬ દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણના પરસ્પરના સંબંધને લીધે સંસાર ઉત્પન્ન થાય છે. ૧૦-૨૨

२०७ मनश्च । ११, १-११

१—गुणत्रयानुविद्धम् कुशलमकुशलं निरङ्कुशं चेति, अदभ्रवीर्यं, उपक्षयैधितम् आत्ममोषम् । २ स्थूलं सूक्ष्मं च । (अ) स्थूलं व्यवहारभूमिः क्षेत्रसाक्षि । (ब) सूक्ष्मं तद्व्यतिरिक्तं क्षेत्रज्ञसाक्षि । ३ गुणानुरक्तं व्यसनाय । नैर्गुण्यं क्षेमाय । ४ विकारः द्रव्यस्वभावाशय कर्मकालैः क्षेत्रज्ञतः । ५ भूमिः पञ्चकर्मेन्द्रियाणि, तन्मात्रा अहंकारश्च । ६ कार्यम् शोकमोहामयरागलोभवैरोत्पादनम् । ७ विजयः संगत्यागात् । आत्मज्ञानात् । हरर्गुरोश्चोपासनया ।

૨૦૭ મનના ધર્મોઃ નીચે પ્રમાણે છેઃ—**૧૧-૧-૧૧**

(૧) સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણને વશ રહેતું, ધર્મ અને અધર્મ કરાવનારું, નિરંકુશ, મહાપરાક્રમી, બેદરકારીથી વધતું, અને આત્મસ્વરૂપને ઢાંકનારું છે, (૨) મનના પ્રકારોઃ સ્થૂલ અને સૂક્ષ્મ, (અ) સ્થૂલ મન દેહનાં સાક્ષીરૂપે જાગ્રત અવસ્થામાં વ્યવહાર કરાવનારું હોય છે. (બ) સૂક્ષ્મ મન આત્માના સાક્ષીરૂપે સ્વપ્નાવસ્થામાં વ્યવહાર કરાવનારું હોય છે. (૩) ગુણોમાં આસક્તિ રાખવાથી દુઃખ આપનાર અને તેજ ગુણોમાં અનાસક્તિ રાખવાથી કલ્યાણ કરનાર હોય છે. (૪) મનનો વિકારઃ—વિષયો, સ્વભાવ, સંસ્કાર, કર્મ અને કાળથી મનમાં આત્માદ્વારા વિકાર ઉત્પન્ન થાય છે. (૫) મનના આધારો પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ તન્માત્રા તથા અહંકાર. (૬) મનનું કાર્ય—શોક, મોહ, ભય, પ્રેમ, લોભ, તથા વૈર (૭) મનનો વિજય (૧) સંગનો ત્યાગ કરવાથી, (૨) આત્મજ્ઞાનથી, (૩) ભગવાન અને ગુરુની ઉપાસના કરવાથી મન ઉપર વિજય મેળવી શકાય છે.

२०८ व्यवहारः क्रियानुमेयः । १२,९

૨૦૮ ક્રિયાના અનુમાનથી વ્યવહાર જણાય છે. ૧૧, ૮

२०९ विशुद्धं ज्ञानं न महत्पादरजोभिषेकादन्यतः ।१२, १२

૨૦૯ મહાપુરુષની ચરણસેવા વિના કૈવલ્યજ્ઞાન થતું નથી. ૧૨, ૧૨

२१० अवमानं पारक्यदृष्टेः। १३ १२

૨૧૦ જે માણસ પારકાની વસ્તુ ઉપર નજર નાખે છે તે અપમાનને પાત્ર થાય છે. ૧૩, ૧૨

२११ वैरवृद्धिरन्योन्यवित्तव्यतिषंगात्। १३, १३

૨૧૧ પરસ્પરના દ્રવ્યના (કપટયુક્ત) વ્યવહારથી વેરની વૃદ્ધિ થાય છે. ૧૩, ૧૩

२१२ नृजन्माखिलजन्मशोभनम् सर्वसाधनसिद्धिभूमेः सत्संगात्। १३, २१

૨૧૨ સર્વ સાધનોના સિદ્ધિદાતા સત્સંગમાં જ માનવજન્મની શોભા છે. ૧૩, ૨૧

२१३ परमपुरुषाराधनलक्षणो धर्मः। १४, २

૨૧૩ પરમપુરુષ પરમાત્માની આરાધનામાં જ ધર્મ રહ્યો છે. ૧૪, ૨

२१४ स्वदेहनिष्पादितकर्मानुभव एव संसारोऽटवी। १४, १

तस्यां १ जीवलोको यात्रापरः। २ दारापत्यादयो वृकसृगालाः। ३ इन्द्रियाणि दस्यवः। ४ गन्धर्वनगरोपमा विषयाः। ५ रजस्वला मतिः। ६ कामकरण्ड आवसथः। ७ उपसर्गा विंशतिः।

१ सुखम् २ दुःखम् ३ रागः ४ द्वेषः ५ भयम् ६ अभिमानम् ७

प्रमादः ८ उन्मादः ९ शोकः १० मोहः ११ लोभः १२ मात्सर्यम् १३ ईर्ष्या १४ अवमानम् १५ क्षुधा १६ पिपासा १७ आधिः १८ व्याधिः १९ जरा २० मरणम् ।

मधुद्विट्सेवानुरक्तमनसां भवाभावः । असंगसुसंगजातज्ञानाद्वा । १२–१६

૨૧૪ પોતના દેહથી જ થતાં કર્મોનો અનુભવ એજ સંસાર. આ સંસાર જંગલ જેવો છે. ૧૪-૧

એમાં ૧ સમગ્ર જીવો યાત્રા કરે છે. ૨ એમાં સ્ત્રી અને પુત્ર પરિવાર વરૂ અને શિયાળ જેવાં છે. ૩ ઇંન્દ્રિયો લૂટારા સમી છે. ૪ વિષયો ગંધર્વનગર અને મૃગજળ સમા (કાલ્પનિક) છે. ૫ બુદ્ધિ રજોગુણ (કામ, ક્રોધાદિ) થી ભરેલી, તથા ૬ ગૃહસ્થાશ્રમ વાસનાના જાળાં સમો છે, ૭ આ સંસારમાં વીસ વિઘ્નો છે.

(૧) સુખ (૨) દુઃખ (૩) મોહ (૪) દ્વેષ (૫) ભય (૬) અભિમાન (૭) પ્રમાદ (૮) ઉન્માદ (૯) શોક (૧૦) વાસના (૧૧) લોભ (૧૨) માત્સર્ય (૧૩) ઈર્ષ્યા (૧૪) અપમાન (૧૫) ક્ષુધા (૧૬) તૃષા (૧૭) આધિ (૧૮) વ્યાધિ (૧૯) વૃદ્ધાવસ્થા (૨૦) મરણ

ભગવાનની સેવામાં તન્મયતાથી, તથા મધુસૂદન ભગવાનની સેવા કરનાર મહાત્માઓના સત્સંગથી ઉત્પન્ન થયેલાં જ્ઞાનથી જ આ સંસારનું આવાગમન મટે છે.

२१५ स्थूलमोपानं सूक्ष्मध्यानम् । १७, ३

૨૧૫ સૂક્ષ્મ અને સ્વયંપ્રકાશ ભગવાનમાં પ્રવેશ કરવાનું પ્રથમ સાધન ભગવાનના સ્થૂલસ્વરૂપ બ્રહ્માંડનું ધ્યાન છે. ૧૬, ૩

२१६ वटदुग्धसेवनात् वलीपलितक्लमजराद्युपसर्गनाशः । १९, २५

૨૧૬ વડના દૂધના સેવનથી ધોળા વાળ થવા, થાક લાગવો, વૃદ્ધાવસ્થા વગેરે વિઘ્નો દૂર થાય છે. ૧૬, ૨૫

२१७ धर्म आत्मविशोधनः । १८, २

૨૧૭ અંતઃકરણને શુદ્ધ કરે તે ધર્મ. ૧૮, ૨

२१८ विचित्रम् भगवद्विचेष्टितम्, १८, ३ यतः जनः

१ घ्नन्तं कालं पश्यन्नपि न पश्यति । २ पितरं पुत्रं वा मृतमुत्सृज्य तद्धनेन जीवितुमिच्छति । ३ आत्मविद्भिः कथ्यमाने नश्वरेऽपि जगति विकर्म करोत्यनश्वरवत् ।

૨૧૮ ભગવાનની લીલા વિચિત્ર છે. ૧૮, ૩ કારણ કે માનવ;

૧ સર્વભક્ષક કાળને જોવા છતાં જોતો નથી. ૨ પિતા કે પુત્રનાં મરણ પછી તેનાં ધનથી જીવવાની ઇચ્છા કરતો પાપ કરે છે. ૩ જ્ઞાનીઓ જગત્‌ને નશ્વર કહે છે. છતાં સ્વયં પોતાને અવિનાશી માની ખોટાં કર્મ કરે છે. ૧૮,૩

२१९ विश्वमङ्गलः प्रह्लादः तीर्थीकरणशीलाचरणात् १८,९ तद्यथा ।

१ स्वस्त्यस्तु विश्वस्य । २ खलः शुद्धबुद्धिमान् भवतु । ३ जनाः मिथः धिया कल्याणं वाञ्छन्तु । ४ भद्रं मन ईश्वरे आवेश्यताम् । ५ भगवत्प्रियेषु सत्संगः भवतु । ६ रजोरागविषादमन्युमानस्पृहाभयदैन्याधिमूलं वासनात्यागात् नश्यतु ।

૨૧૯ પોતાના કર્મ તથા ચારિત્ર્યથી કુલને પવિત્ર કરનાર પ્રહ્‌લાદજી વિશ્વનું મંગલ કરનાર છે. ૧૮, ૯

આ રહી તેમની ભાવનાઓઃ—

૧ સમગ્ર વિશ્વનું કલ્યાણ થાઓ. ૨ દુષ્ટ માણસની બુદ્ધિ ક્રૂરતા છોડી શુદ્ધ થાઓ ૩ પ્રાણીઓ પોતાની બુદ્ધિથી પરસ્પરનું કલ્યાણ ઇચ્છો ૪ કલ્યાણકારી મન ઇશ્વરમાં પ્રવેશો. ૫ ભગવાન તથા પ્રિય ભક્તો સાથે સત્સંગ થાઓ. ૬ તૃષ્ણા, રાગ, ખેદ, ક્રોધ, અભિમાન, સ્પૃહા, ભય, દીનતા તથા મનની પીડાનું મૂળ વાસનાનો ત્યાગ થાઓ.

२२० मर्त्यावतारो रामोमर्त्यशिक्षणार्थमेव । १९, ३-८

૨૨૦ માનવાવતારી રામનો અવતાર માનવને પૂર્ણ માનવતાનાં શિક્ષણ માટે છે. ૧૯, ૩-૮

२२१ क्षणायुषोऽपि भारते जन्म श्रेयः । १९, २३-२८

१ मुकुन्दसेवौपयिकत्वात् । २ यज्ञ सत्संगादिभिरर्थिताय हरिरर्थदत्वात् ।

૨૨૧ ઓછાં આયુષ્ય વાળો પણ ભારતમાં મળેલો અવતાર કલ્યાણકારી છે. ૧૯, ૨૩-૨૮

કારણ કે, ૧ એ દેહ ભગવાનની સેવાના ઉપયોગમાં આવે છે ૨ યજ્ઞ, સત્સંગ વગેરે સાધનોથી પૂજાયેલા શ્રી હરિ ચતુર્વિધ પુરુષાર્થ આપે છે.

२२२ प्रत्नस्य विष्णो रूपं सूर्यः । २०, ५

सत्यर्तब्रह्मामृतदातृत्वात् ।

૨૨૨ પુરાણ પુરુષ વિષ્ણુનું રૂપ સૂર્ય છે. ૨૦, ૫

કારણકે તે સામાન્ય ધર્મ, આનુમાનિક ધર્મ તથા શુભ અને અશુભ ફળનો દાતા છે.

२२३ पितृदेवाधिराजः सोमः । २०, १२

૨૨૩ પિતૃઓ અને દેવોના રાજા ચંદ્ર છે. ૨૦, ૧૨

२२४ जातवेदो हव्यवाट् । २०, १७

૨૨૪ (પરબ્રહ્મને પણ) આહુતિ પહોંચાડનાર અગ્નિ છે. ૨૦, ૧૭

२२५ पुनन्त्यमीवघ्न्य आपः । २०, २३

૨૨૫ પાપનો નાશ કરી પાવન કરે તે જળ. ૨૦, ૨૩

२२६ प्राणादिभिर्भूतानि बिभ्रन्नंतर्यामी वायुः। २०, २८

૨૨૬ પ્રાણ અપાન વગેરે પ્રકારોથી દરેક પ્રાણીના શરીરમાં પ્રવેશ કરી અંતર્યામી સ્વરૂપે રહે તે વાયુનું લક્ષણ છે. ૨૦, ૨૮

२२७ ब्रह्मलिङ्गमाकाशम्। २०, ३३

૨૨૭ બ્રહ્મની પ્રત્યક્ષ મૂર્તિ તે આકાશ. (અદ્વૈત અને શાન્ત). ૨૦, ૩૩

२२८ सर्वजीवनिकायात्मा सूर्यः ईश्वरः। २०, ४५

१ मृतेऽण्डे चित्स्वरूपेण प्रवेशान्मार्तण्डः। २ ब्रह्मांडप्रकाशकत्वाद्धिरण्यगर्भः।

૨૨૮ પ્રત્યેક જીવ સમુદાયનો આત્મા સૂર્ય છે. ૨૦, ૪૬

૧ અચેતન વિશ્વમાં ચૈતન્યરૂપે પ્રવેશ કરવાથી એ 'માર્તંડ' છે. ૨ બ્રહ્માંડનો પ્રકાશક હોવાથી તે 'હિરણ્યગર્ભ' કહેવાય છે.

२२९ ज्योतिर्मयं नारायणहृदयं भगवत्स्वरूपम् शैशुमारम्। २३, ४–७

૨૨૯ નારાયણ જેનું હૃદય છે, આકાશમાં રહેલું શિશુમાર ચક્ર–સૂર્યાદિ સમગ્ર ગ્રહ તથા તારાઓનો સમુદાય–ભગવાનનું પ્રત્યક્ષ જ્યોતિ સ્વરૂપ છે. ૨૩, ૪–૭

२३० स्थूलात् सूक्ष्मं धिया। २५, ३९

૨૩૦ બુદ્ધિપૂર્વક સ્થૂલનું (પરમાત્માએ બનાવેલાં વિશ્વનું) ધ્યાન કરવાથી ભગવાનનું સૂક્ષ્મ સ્વરૂપ પમાય છે. ૨૫, ૩૯

षष्ठः स्कन्धः

पोषणलक्षणः


पोषणम्
अ-१९
नाम
अ-३
ध्यानम्
अ-१४
अर्चनम्
अ-२
श्रवणम्
अ-१
कीर्तनम्
२
स्मरणम्
३
बाह्य
अ-१८
आभ्यन्तर
अ-१९
भगवतः
रूपेण
अ-४
रसेन
५
गन्धेन
६
स्पर्शेन
७
नादेन
८
योगेन
९
द्वेषेण
१०
स्वामित्वेन
११
भगवतः
हीनभावेन
अ-१२
केवलत्वेन
१३
भयेन
१४
भिन्नत्वेन
१५
ज्ञानेन
१६
स्नेहेन
१७
अ-४-१७

ષષ્ઠ સ્કંધના પ્રથમ નામ પ્રકરણમાં શ્રવણ કીર્તન અને સ્મરણ એમ ત્રણ સાધન હોવાથી ત્રણ અધ્યાય છે.

બીજાં ધ્યાન પ્રકરણમાં ભગવાનનાં–

(૧) રૂપનું ધ્યાન કરવાથી મોક્ષદાતા, (૨) રસનું ધ્યાન કરવાથી આનંદદાતા, (૩) ગંધનું ધ્યાન કરવાથી ભક્તિદાતા, (૪) સ્પર્શથી સર્વ તાપ નિવારક, (૫) નાદથી મનોહર, (૬) યોગથી પોતાનામાં પ્રવેશ કરાવનાર, (૭) દ્વેષ કરવાથી મોક્ષદાતા, (૮) સ્વામી તરીકે સ્વીકારવાથી સર્વ સુખદાતા, (૯) હીન ભાવે માનવાથી અનુગ્રહાત્મક કષ્ટદાતા, (૧૦) કૈવલ્યભાવથી સર્વાર્થદાતા, (૧૧) (૧૨) ભેદથી મૃત્યુ, (૧૩) જ્ઞાનથી તેમનાં વિશુદ્ધ સ્વરૂપે પણ, (૧૪) કેવળ પ્રેમલક્ષણા ભક્તિથી જ ભગવાન ભક્તપરતંત્ર બને છે.

यथा नद्य : स्यन्दमाना : समुद्रे ન્યાયે ધ્યાનયોગ સાથે ઉપર જણાવેલાં સાધનોથી ભગવત્પ્રાપ્તિ થાય છે, માટે બીજાં ધ્યાન પ્રકરણના ચૌદ અધ્યાય છે.

ત્રીજાં અર્ચન પ્રકરણમાં ભગવત્પૂજનના બે પ્રકાર (૧) બાહ્ય તથા (૨) આભ્યંતર હોવાથી બે અધ્યાય છે.

पोषणं तदनुग्रहः ।

દેશ, કાળ, ધર્મ કે સ્વભાવ તરફ ન જોતાં કોઇ પણ જીવ ઉપર ઉતરતી અહૈતુકી ભગવત્કૃપા એનું નામ પોષણ–પુષ્ટિ.

यमेवैष घृणुते तेन लभ्य : । મહાપાપી ઉપર પણ તેના દોષ ન જોતાં ઊતરતી ભગવાનની કૃપા તેનું નામ પોષણ.

षष्ठः स्कन्धः

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકોના છે.)

૨૩૧ प्रवृत्तिनिवृत्तिमार्गौ,* १, १–२

१ संसृतिस्त्रैगुण्यविषययोगात् । २ असंसृतिर्ब्रह्मयोगात्, क्रमतः ।

૨૩૧ શાસ્ત્રકારોએ માનવજીવનના બે મહામાર્ગ બતાવ્યા છેઃ પ્રવૃત્તિ માર્ગ અને નિવૃત્તિમાર્ગ. ૧, ૧–૨

૧ પ્રવૃત્તિ લક્ષણ માર્ગ : પિતૃયાન, ધૂમમાર્ગ, સકામમાર્ગ એના પર્યાય વાચક શબ્દો છે. એનાથી સત્વગુણ, રજોગુણ કે તમોગુણવાળા વિષયોમાં ધ્યાન રહેવાથી સંસારની પ્રાપ્તિ થાય છે. ૨ નિવૃત્તિલક્ષણમાર્ગ : દેવયાન, અર્ચિર્માર્ગ નિષ્કામમાર્ગ એના પર્યાયવાચક છે. એનાથી સંસારનિવૃત્તિ અને બ્રહ્મપ્રાપ્તિ થાય છે.

२३२ नात्यन्तिकः कर्मणा कर्मनिर्हारो विद्वदधिकारित्वात् १, ११

૨૩૨ પ્રાયશ્ચિત્તાદિ કર્મથી પાપકર્મનો સમૂળો વિનાશ થતો નથી. માત્ર જ્ઞાનથી જ નાશ થતો હોવાથી જ્ઞાની જ તેનો અધિકારી છે. ૧, ૧૧

२३३ देहवाग्बुद्धिजोऽधःक्षेपस्तप आदिभिः १, १३–१४

૨૩૩ દેહ, વાણી અને બુદ્ધિથી ઉત્પન્ન થતાં પાપ, તપ, બ્રહ્મચર્ય, શમ, દમ, ત્યાગ, સત્ય પવિત્રતા, યમ અને નિયમ વગેરેથી જ દૂર કરી શકાય છે. ૧, ૧૩–૧૪

---

*સરખાવો–**प्रवृत्तिमार्गः–ते तं भुक्त्वा स्वर्गलोकम् ।**
निवृत्तिमार्गः–यद् गत्वा न निवर्तन्ते । (गीता)

२३४ भक्त्यैवेति केचित् । १, १५-१९

૨૩૪ કેટલાક આચાર્યોના મતે માત્ર ભક્તિથી જ પાપ દૂર થાય છે. ૧, ૧૫–૧૯

२३५ कर्मसाक्षिणः सूर्यादयः । १, ४२

૨૩૫ સૂર્ય વગેરે કર્મના સાક્ષીઓ છે. ૧, ૪૨

સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, ગાયો, ચંદ્ર, સંધ્યા, જળ, પૃથ્વી, કાળ, અને ધર્મ આટલા માનવના કર્મસાક્ષી છે.

२३६ देहवान्नाकर्मकृत् गुणसङ्गात्* अवशत्वाच्च । १, ४४-५३

૩૩૬ દેહવાન માનવ સારું કે ખોટું કર્મ કર્યા સિવાય રહી શકતો નથી તેનું કારણ તેમાં રહેલો સત્ત્વગુણ રજોગુણ કે તમોગુણ છે. વિશેષમાં તે પ્રકૃતિને વશ હોવાથી પરતંત્ર છે. ૧, ૪૪–૫૩

२३७ कर्मानुरोधं फलम् हर्षशोकभयार्तिदम् । १, ४३-५१

૨૩૭ દરેકને પોતાના કર્મ પ્રમાણે હર્ષ, શોક, ભય અને દુઃખ મળે છે. ૧, ૪૩–૫૧

२३८ लोकप्रमाणं× महदाचरणम् । २,४

૨૩૮ મહાપુરુષનાં આચરણ સામાન્ય જનસમુદાયના આદર્શ માટે હોય છે. ૨, ૪

२३९ अशेषाघहरं नामग्रहणम् । २, १४

(१) भगवति मतिदातृत्वात् । २, १० (२) सत्वभावनत्वात् ।

---

*સરખાવો–**कारणं गुणसंगोऽस्य । (गीता)**

×સરખાવો–**यद्यदाचरति…जनः (गीता)**

२, १२ (३) कर्मनिर्हारकर्तृत्वात् । २, १२, ४६ (४) जगन्मङ्गलत्वात् । ३, ३१ (५) एकान्तिकनिष्कृतित्वात् । ३, ३१

૨૩૯ ભગવાનનું નામસ્મરણ સર્વ પાપોને દૂર કરે છે, ૨, ૧૪ કારણ કે,

(૧) તે ભગવાન તરફ જ બુદ્ધિને દોરે છે, (૨) અંતઃકરણને શુદ્ધ કરે છે, (૩) કર્મફલને નિર્મૂલ કરે છે, (૪) પાપને દૂર કરી જગતનું મંગળ કરે છે, અને (૫) સમૂલ પાપ નાશ કરનાર પ્રાયશ્ચિત્ત છે.

२४० अजामिल इति । २, ४९

(१) पापावस्थायाम्—अजां—मायां—मिलतीति । (२) शुद्धावस्थायाम्—अजं—परमात्मानम् आ—समन्तान्मिलतीति ।

૨૪૦ અજામિલ એટલે,–૨, ૪૯

(૧) **પાપી અવસ્થામાં :** અજા એટલે માયા તેમાં રચીપચી ગયેલો, (૨) **નામ સ્મરણ કરવાથી થયેલી શુદ્ધ અવસ્થામાં :** अ એટલે નહિ, ज એટલે ઉત્પન્ન થનાર, अज એટલે અજન્મા પરમાત્માને આ એટલે સર્વબાજુથી, પ્રાપ્ત થનાર.

२४१ शास्तृत्वमुपचारः शास्तृवाहुल्ये* ३, ६

૨૪૧ અનેક શાસકોમાં શાસનની કિંમત રહેતી નથી. ૩, ૬

२४२ आत्मनो बन्धुरेव हरिरन्तर्यामित्वाम् ४, १२–१३

---

* સરખાવો–बहवोयत्र नेतारः सर्वेपण्डितमानिनः ।
सर्वे महत्वमिच्छन्ति तद् वृन्दमवसीदति ॥

અર્થાત્ જેમાં ઘણા નેતાઓ હોય, બધા જ પોતાને બુદ્ધિમાન માનતા હોય અને મહત્ત્વાકાંક્ષી હોય તે સમાજની પડતી થાય છે.

(१) तोकानां पितरौ बन्धुः । (२) दृशो बन्धुः पक्ष्म । (३) स्त्रियाः पतिः बन्धुः । (४) प्रजानां नृपः बन्धुः । (५) भिक्षूणां गृही बन्धुः । (६) अज्ञानां बुधः सुहृद् ।

૨૪૨ આત્માનો બંધુ કેવળ પરમાત્મા જ છે કારણ કે તે અન્તર્યામી છે. ૪, ૧૨-૧૩

(૧) બાલકના સહાયક માતાપિતા, (૨) આંખની સહાયક પાંપણ, (૩) સ્ત્રીનો સહાયક પતિ, (૪) પ્રજાનો સહાયક રાજા, (૫) ભિક્ષુકોનો સહાયક ગૃહસ્થી અને, (૬) અજ્ઞાનીનો સહાયક જ્ઞાની છે. પણ આત્માનો બંધુ તો પરમાત્મા જ છે.

२४३ त्रिवृद्भिर्नवशक्तिभिर्गूढस्यान्वेषणे मनीषिणो दार्वग्निवत् ४,२७

१ त्रिवृद्भिः–(१) पुरुष (२) प्रकृति (३) महत्तत्त्वादिभिः । नव शक्तयः विमला, उत्कर्षिणी, ज्ञाना, क्रिया, योगा, प्रह्वी, सत्या, ईशाना, अनुग्रहा ।

૨૪૩ બ્રહ્મવેત્તા પુરુષો ત્રણ તત્ત્વોથી વીંટાયેલા ગૂઢ આત્માને, જેમ અરણીનાં લાકડાંમાંથી અગ્નિ જૂદો પાડે, તેમ નવશક્તિની મદદથી દેહથી જુદો પાડી આત્મદર્શન કરે છે. ૪, ૨૭

ત્રણ તત્ત્વો એટલે પુરુષ, પ્રકૃતિ અને મહત્તત્ત્વ.

નવશક્તિઓ–વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પ્રહ્વી, સત્યા, ઇશાના અને અનુગ્રહા.

२४४ सर्वकारकहेतुरनन्यद् ब्रह्म । ४, ३०

१ विरुद्धधर्मिणोः योगसांख्ययोः समम् । ४, ३२. २ अनामरूपम् । ४, ३३. ३ संज्ञानमात्रमव्यक्तं ब्रह्म । ४, ४७.

૨૪૪ બ્રહ્મસ્વરૂપ સર્વક્રિયાનું કારણ, અદ્વિતીય છે. ૪, ૩૦

તે ૧ વિરુદ્ધ મતવાળા *યોગ અને સાંખ્ય, જ્યાં એકમત થાય છે, એવું, ૨ નામ અને રૂપ વિનાનું અને, ૩ ઇન્દ્રિયાતીત, માત્ર આત્મગમ્ય અને તેથી અવ્યક્ત–ન સમજાય એવું–છે.

२४५ भृत्यार्थमङ्गिनोऽनंगस्यांगानि ४–५६

१ हृदयं–तपः । २ शरीरम्–विद्या । ३ आकृतिः–क्रिया । ४ अङ्गानि–ऋतवः । ५ असवः–सुराः । ३ आत्मा–धर्मः ।

૨૪૫ સ્વયં નિરવયવી હોવા છતાં પોતાના ભક્તોનાં અવલંબન માટેનાં ભગવાનનાં આધારપાત્ર અંગો. ૪, ૪૬

૧ તપ એ ભગવાનનું હૃદય, ૨ વિદ્યા એ ભગવાનનું શરીર, ૩ ક્રિયા એ ભગવાનની આકૃતિ, ૪ યજ્ઞ એ ભગવાનનું અંગ, ૫ દેવો એ ભગવાનના પ્રાણ, અને ૬ ધર્મ એ ભગવાનનો આત્મા છે.

२४६ संसृतिविज्ञानं कूटात्, ५, ७–८

१ एकपुरुषं राष्ट्रम् । २ अदृष्टनिर्गमं बिलम् । ३ बहुरूपा स्त्री ४ पुंश्चलीपतिः पुरुषः । ५ उभयवाहा नदी । ६ पंचपंचाद्भुतं गृहम् । ७ चित्रकथो हंसः । ८ क्षौरपव्या भ्रमिः ।

૨૪૬ સંસારનું વિજ્ઞાન–સમશ્યામાં–૫, ૭–૮

૧ **પ્રશ્ન :** આખા દેશમાં એક જ પુરુષ કયો ?

ઉત્તર :–સમગ્ર બ્રહ્માંડ એ દેશ છે. એમાં અનેક પ્રકારના જુદા જુદા દેહવાળા જીવો છે. તેમનાં દેહ ભલે જુદા હોય પણ આત્મા સર્વનો એક છે.+ એ આત્મા એટલે પુરુષ–

---

*યોગશાસ્ત્ર કહે છે: ભગવાન સાવયવ છે. વેદાન્ત કહે છે: બ્રહ્મ નિરવયવ છે પણ ભેદ–તકરાર–અવયવ માટેની છે, સ્વરૂપ માટેની નથી, બ્રહ્મના સ્વરૂપ વિષે યોગ અને સાંખ્ય એક મત છે.

+સરખાવો–अच्छेद्योऽयमदाह्योऽयम् (गीता)

૨ **પ્રશ્ન :** એવી ગુફા કઈ કે જ્યાં ગયેલો માણસ પાછો આવતો નથી.

ઉત્તર : સ્વયંપ્રકાશ અક્ષરબ્રહ્મમાં ગયેલો આત્મા પાછો આવતો નથી.*

૪ **પ્રશ્ન :** અનેક રૂપ ધારણ કરનાર સ્ત્રી કઈ?

ઉત્તર : ઈશ્વરની અતકર્ય માયા અથવા માનવની બુદ્ધિ.

૪ **પ્રશ્ન :** વ્યભિચારિણી સ્ત્રીનો પતિ કયો ?

ઉત્તર : માયા કે બુદ્ધિની જાળમાં ફસાનાર જીવ.

૫ **પ્રશ્ન :** બન્ને બાજુ વહેતી નદી કઈ ?

ઉત્તર : ઉત્પત્તિ, વિનાશ, હર્ષ, શોક, સુખ, દુઃખ વગેરેના પ્રવાહમાં ઘસડી જનાર પ્રભુની માયા અથવા કાળ.

૬ **પ્રશ્ન :** પચ્ચીસ વસ્તુનું બનેલું ઘર કયું ?

ઉત્તર : દેહ. તે ૫ જ્ઞાનેન્દ્રિયો, ૫ કર્મેન્દ્રિયો, ૫ મહાભૂત, ૫ તન્માત્રા, ૪ અંતઃકરણ અને ૧ આત્મા મળીને ૨૫ તત્ત્વોનો બનેલો છે.

૭ **પ્રશ્ન :** અદ્‌ભુત વાત કરનાર હંસ કયો ?

ઉત્તર : શાસ્ત્ર અથવા સદ્‌ગુરુ (તેઓ બંધન અને મુક્તિ, જડ અને ચૈતન્યના ધર્મોને નીરક્ષીરન્યાયથી સમજાવે છે.)

પ્રશ્ન : જાતે ફરનારૂં તીક્ષ્ણ ચક્ર કયું.

ઉત્તર : સર્વ વિનાશક કાળચક્ર.

२४७ भ्रातृप्रायणो भ्राता पुण्यबन्धुः ५, ३१

૨૪૭ ધાર્મિક ભાઇને અનુસરનાર પુણ્યભાગી છે. ૫, ૩૧

२४८ अं साध्नोतीत्यसाधुः ५-३६

૨૪૮ असाधु-સામાન્ય અર્થ ઢોંગી, દુષ્ટ, બીજા અર્થમાં

---

*સરખાવો-यद्‌गत्वा न निवर्तन्ते. (गीता)

अं वासुदेव साध्नोतीत्यसाधुः अ **એટલે વાસુદેવ-ભગવાન, તેને ભજે તે. ૫, ૩૬**

२४९ विषयतीक्ष्णताज्ञानानुभवो निर्वेदप्रसूतिः । ५–४१

૨૪૯ વિષયોની કટુતાનાં જ્ઞાનનાં અનુભવથી જ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

२५० मूर्तय एव ७, २९–३०

१ आचार्यो ब्रह्मणः मूर्तिः । २ अतिथिर्धर्मस्य मूर्तिः । ३ भ्राता इन्द्रस्य मूर्तिः । ४ माता क्षितेः मूर्तिः । ५ भगिनी दयायाः मूर्तिः । ६ पिता प्रजापतेः मूर्तिः । ७ अभ्यागतोऽग्नेः मूर्तिः । ८ सर्वभूतानि भगवतः मूर्तिः ।

૨૫૦ આ (વ્યક્તિ નહિ પણ) મૂર્તિઓ છે. ૭, ૨૯–૩૦

આચાર્ય બ્રહ્માની, અતિથિ ધર્મની, ભાઈ ઇન્દ્રની, માતા પૃથ્વીની, બ્હેન દયાની, પિતા પ્રજાપતિની, અતિથિ અગ્નિની, અને પ્રાણીમાત્ર ભગવાનની મૂર્તિ છે. (અર્થાત્ આ વ્યક્તિઓને વ્યક્તિ તરીકે ન જોતાં તેમના તરફ જણાવ્યા મુજબ સદ્ભાવ રાખવો.)

२५१ शिलोञ्छनमेव धनमकिञ्चनानाम् । ७, ३६

१ अतएव विश्वरूपः विनिवर्तितसाधुसत्क्रियः विश्वरूपत्वात् वा ।

૨૫૧ શીલોઞ્છન એ જ અકિંચનોનું ધન છે. ૧૭, ૩૬

શીલ : ખેતરના માલીકે અનાજ કાઢી લીધા બાદ રહેવા દીધેલાં અનાજનાં કણસલાં.

ઉંછ : દાણાબજારમાં વેરાયલા દાણા. આ ‘શીલ’ અને ‘ઉઞ્છ’થી મળતાં અન્ન દ્વારા ગુજરાન ચલાવનાર અને અતિથિ સત્કાર કરનાર તે વિશ્વરૂપ અથવા વિશ્વને સ્વસ્વરૂપે જોનાર તે વિશ્વરૂપ.

२५२ षट्शक्तियुतोविद्यातेजस्तपोमूर्तिरात्मा विभुवत् । ८, ११

૨૫૨ જ્યારે આત્મામાં પરમાત્માના છ ધર્મો ઐશ્વર્ય, વીર્ય, શ્રી, કીર્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું આરોપણ કરવામાં આવે છે ત્યારે તે વિદ્યા, તેજ અને તપની મૂર્તિ બને છે-એજ આત્મા સર્વ શક્તિમાન ઇશ્વરનું સ્વરૂપ બને છે. ૮, ૧૧

२५३ अरक्ष्यरक्षणविक्रमो नारायणः, नामरूपास्त्रकीर्तनात् । ८, २८

૨૫૩ ભગવાનનાં નામ અને સ્વરૂપનું કીર્તન અરક્ષિતને સુરક્ષિત બનાવે છે. ૮, ૨૮

२५४ तमसालोकानावृण्वन् वृत्रः । ९, १८

૨૫૪ અજ્ઞાનથી જગત ને ઢાંકે તે વૃત્ર. ૯, ૧૮

२५५ न ज्ञानभूमिः, स्वरूपद्वयाभावात् । ९, ३५

१ कुशलाकुशलं भुञ्जन् जीवस्वरूपेण । २ तत्प्रत्युदासीनोऽसमञ्जसदर्शनो वा । अत एवाज्ञेयः । ९, ३५

૨૫૫ ભગવાનનું વિશુદ્ધ સ્વરૂપ બન્નેથી પર હોવાથી અજ્ઞેય છે. ૯, ૩૫

પરમાત્મા જીવ સ્વરૂપે શુભ તથા અશુભ ફળ ભોગવે છે; અખંડ ચૈતન્ય સ્વરૂપે હોવાથી સાક્ષી રૂપે પણ છે. તેથી તે અજ્ઞેય છે.

२५६ न वा विरोध उभये । ९, ३६

१ दुरवग्रहवादिनां विवादानवसरत्वात् । २ उपरतसमस्तमायामयेऽन्तर्हितमायामयत्वात् दुरवग्रहत्वं, विकल्पवितर्कविचारप्रमाणाभासकुतर्कशास्त्रकलिलान्तः करणत्वात् ।

૨૫૬ ઇશ્વરનાં કૂટસ્થ અને કૈવલ્ય, જીવ અને શિવ એ ઉભય સ્વરૂપો એકજ છે. એમાં વિરોધ નથી, ૯, ૩૬ કારણ કે,

૧ દુરાગ્રહી વાદીઓના વાદ ત્યાં ટકતા નથી કારણ કે બ્રહ્મસ્વરૂપ માટે બધા જ સંપ્રદાયોનો મત એક જ છેઃ એ એક છે, અખંડ છે. નિરવયવ છે. અનાદિ અને એકરસ છે, ૨ જ્યારે આ બ્રહ્મ, માયાનો આશ્રય લઈ પ્રપંચ વિસ્તારે છે ત્યારે વિકલ્પ, વિતર્ક, વિચાર, પ્રમાણ, આભાસ અને કુતર્ક વગેરેના આશ્રયવાળા વિચારોથી મન ડહોળાઈ જાય છે અને એમાં દ્વૈતાભાસ થાય છે. જ્યારે બ્રહ્મ માયાને પોતાનામાં શમાવી લે છે ત્યારે જીવ અને શિવનાં એકત્વ માટે જરાય વિરોધ રહેતો નથી.

२५७ उभयस्वरूपो भगवान् हिरण्यरेतोविस्फुलिंगवत् । ९, ४२

१ सर्वजीवनिकायानामन्तर्हृदयेषु मायाविनोदः (जीवस्वरूपः) २ आकाशशरीरः सर्वप्रत्ययसाक्षी । (परब्रह्मरूपः) ।

૨૫૭ અગ્નિ અને તણખા સમાન ભગવાનનાં બે સ્વરૂપો છે. ૯, ૪૨

૧ નિરંજન નિરાકાર આકાશશરીર, સાક્ષીરૂપ પરબ્રહ્મ સ્વરૂપે.

૨ પ્રત્યેક પ્રાણીમાત્રનાં અંતઃકરણમાં અંતર્યામી સ્વરૂપે રહી દેશ, કાળ અને દેહની અવસ્થાનો અનુભવ કરનાર આત્મારૂપે.

२५८ सर्वगुणाभासोपलक्षितः पर्यवशेषितः स एव नेति नेति वचनात् । ९, ३८

१ सर्ववस्तुस्वरूपः । २ सर्वेश्वरः । ३ सकलजगत्कारणकारणभूतोऽपि ४ सर्वप्रत्यगात्मत्वात् ।

૨૫૮ અનેક ગુણોના આભાસથી જુદાં જુદાં સ્વરૂપે અનુભવાતા ભગવાન શેષ રૂપ છે. તેથી જ શ્રુતિઓ તેમને नेति नेति શબ્દોથી સંબોધે છે. ૯, ૩૮

ભગવાન–૧ સર્વમાં સત્સ્વરૂપ છે, ૨ સર્વેશ્વર છે, ૩ સર્વ જગતનાં કારણોનું પણ કારણ છે, ૪ સર્વાન્તર્યામી છે.

२५९ न वेद कृपणः श्रेयः । ९, ४९

૨૫૯ અજ્ઞાની પુરુષ પોતાનું કલ્યાણ શેમાં છે, એ જાણતો નથી. ૯, ૪૯

२६० प्रेष्ठ आत्मा जिजीविषूणाम् । १०, ४

૨૬૦ જીવને પોતાનો દેહ જ સૌથી પ્રિય છે. ૧૦, ૪

२६१ स्वार्थपरो लोकः परसंकटानभिज्ञत्त्वात् । १०, ६

૨૬૧ સ્વાર્થી લોકો પારકાં દુઃખને અજ્ઞાની હોવાથી જાણતા થથી. ૧૦, ૬

२६२ अव्ययो धर्मः । १०, ९

१ भूतशोकाच्छोकः । २ भूतहर्षाद्धर्षः ।

૨૬૨ આ શાશ્વત ધર્મ છે. ૧૦, ૯

૧ બીજા પ્રાણીઓનાં દુઃખથી દુઃખી થવું અને (૨) બીજાં પ્રાણીઓના આનન્દમાં સુખી થવું.

२६३ अस्वार्थ एवोपकारः । १०, १०

विग्रहाणां क्षणभंगुरत्वात् पारक्यत्वान्मर्त्यत्त्वाच्च ।

૨૬૩ માણસે નિઃસ્વાર્થપણે પરોપકાર કરવો જોઇએ ૧૦, ૧૦ કારણ કે,

શરીર ક્ષણભંગુર, પારકાંતત્વોથી પોષાતું, અને મરણધર્મી છે.

२६४ ध्रुव एव मृत्युः । १०, ३२

૨૬૪ (જન્મેલાને) મરણ નિશ્ચિત છે. ૧૦, ૩૨

२६५ मृत्योर्दुरापत्वद्वयम् । १०, ३३

(१) योगरतस्य जितासोः । (२) धर्मयुद्धेऽनिवृत्तस्य ।

૨૬૫ બે પ્રકારનું મૃત્યુ દુર્લભ છે; (૧) જિતપ્રાણ યોગીનું અને (૨) ધર્મયુદ્ધમાં પીઠ ન બતાવનાર વીરનું- ૧૦, ૩૩

२६६ नहि भीतवधः श्लाघ्यः । ११, ४

૨૬૬ કાયરને મારવાનું કામ પ્રશસ્ય નથી. ૧૧, ૪

२६७ रहितश्चतुर्भिः सम्पन्नः । ११, १६

૨૬૭ સત્તા અને સંપત્તિવાળા માણસને લજ્જા, લક્ષ્મી, દયા અને કીર્તિની પરવા હોતી નથી. ૧૧, ૧૬

२६८ हर्याश्रया विजयश्रीगुणाः । ११, २०

૨૬૮ શ્રી હરિનો આશ્રય કરનારને વિજય, લક્ષ્મી અને સદ્ગુણો પ્રાપ્ત થાય છે. ૧૧, ૨૦

२६९ संपदेव द्वेषादि हेतुः ११, २२

૨૬૯ સંપત્તિથી જ દ્વેષ, ઉદ્વેગ, મનની પીડા, મદ, કલેશ, વ્યસન અને પરિશ્રમ ઉત્પન્ન થાય છે. ૧૨, ૨૨

२७० भगवत्प्रसादस्त्रैवर्गिकायासविघातात् ।

१ दुर्लभः । २ अकिंचनगोचरः ।

૨૭૦ ભગવત્કૃપા પ્રાપ્ત થતાં ધર્મ, અર્થ અને કામ, આ ત્રિવર્ગને સાધવાનો પરિશ્રમ મટે છે.

કારણ કે (૧) એ દુર્લભ છે અને (૨) ગરીબ (ભક્ત)ની એ સંજીવની છે. (ભગવત્કૃપામાં જ આ ત્રણેય પુરુષાર્થો આવી જાય છે.)

२७१ हरेर्दास्यं धर्मः । ११, २४

૨૭૧ ભગવાનનું દાસત્વ અથવા દાસાનુદાસત્વ—અનન્ય શરણાગતિ—એજ પરમ ધર્મ છે. ૧૧, ૨૪

(સામાન્ય રીતે સત્ય, દયા, તપ, પવિત્રતા વગેરે ધર્મ ગણાય છે. પણ પુષ્ટિ માર્ગનો આ ધર્મ સિદ્ધાન્ત છે.)

२७२ अर्थस्तु हरिरेव। ११, २५

૨૭૨ જીવનનો હેતુ–ધ્યેય માત્ર શ્રી હરિ જ છે. ૧૧, ૨૫

'અર્થ' એટલે દ્રવ્ય, કારણ, હેતુ, ધ્યેય. માનવજીવન આમાંથી કોઈપણ બાબત માટે હેતુલક્ષી છે. જો જીવનમાં ધ્યેય ન હોય, તો તે જીવન વેડફાઈ જાય. ભક્તિમાર્ગમાં માનવજીવનનો મુખ્ય હેતુ તો શ્રીહરિ જ છે.

२७३ हरेर्दिदक्षा कामः अजातपक्षखगवत्। ११, २६

૨૭૩ પાંખ ન ઉગેલાં પક્ષીને પંખિણી સિવાય કંઈ ખપતું નથી તેમ ભક્તને ભગવાનનાં દર્શન સિવાય બીજું કંઈ જ ખપતું નથી. ૧૧, ૨૬.

કામ એટલે ઇચ્છા, વાસના, ભાવના. જીવનમાં કામના પ્રથમ ઉત્પન્ન થાય છે; અને કાર્યનો આરંભ પછી થાય છે. વિદ્યાર્થી પ્રથમ ઉપાધિ મેળવવાની ઇચ્છા કરે છે, પછી અભ્યાસ કરે છે. અમુક જગાએ જવાની ઇચ્છા પ્રથમ થાય છે, પછી જ પગ ઊપડે છે. આ માનવીની જન્મજાત નૈસર્ગિક વૃત્તિ છે.

ભક્તિમાર્ગમાં આવી સાંસારિક વાસના ઉપર મોટો કાપ મૂકવામાં આવે છે. જેમ સ્તનંધય બાળકને માતા, જેમ પ્રિયાને પ્રિય અને જેમ પાંખ ન ઊગેલાં પક્ષીને પંખિણી, તેમ ભક્તને ભગવાનનાં દર્શન સિવાય બીજું કંઈજ ખપતું નથી. જીવનમાં ભગવાનની ઝાંખી એ જ ભક્તની મોટામાં મોટી ઇચ્છા હોય છે. (આજ ઇચ્છાએ જગતને શંકરાચાર્ય, શ્રી વલ્લભ, બુદ્ધ, મહાવીર, મહર્ષિ રમણ અને શિવાનંદજી આપ્યા છે.)

२७४ अनासक्तिः सत्संगः स्मरणं मोक्षः संसृतौ । ११, २७

૨૭૪ કોઇ પણ પ્રકારનાં ઇશ્વરદત્ત જીવનમાં દેહ-પુત્રાદિ તરફની અનાસક્તિ, સત્સંગ અને અબાધિત ભગવત્સ્મરણ મળે એ મોક્ષ. (જીવન્મુક્તિ). ૧૧, ૨૭

સામાન્ય રીતે મોક્ષ એટલે જન્મ મરણના સંસૃતિચક્રમાંથી મુક્ત થવું. જીવનું શિવ થવું, નરનું નારાયણ થવું અને પુરુષનું પુરુષોત્તમ થવું એ મોક્ષ. જે આત્મા અનંત શક્તિશાલી, નિરંજન, નિરાકાર, તેજોમય, બ્રહ્મસ્વરૂપમાંથી છૂટો પડ્યો, તેનું પુનઃ બ્રહ્મલીન થવું એ મોક્ષ. પણ ભક્તિમાર્ગ તો કોઈપણ પ્રકારનાં જીવનમાં અને સ્મરણ સત્સંગને જીવન્મુક્તિ માને છે.

२७५ ओजः सहोबलप्राणानां विवशत्वं मृत्युः । १२, ८-९

૨૭૫ દેહની, મનની, ઇન્દ્રિયોની અને પ્રાણોની શક્તિ ક્ષીણ થતાં આવેલી વિવશતા એ મૃત્યુ. ૧૨, ૮-૯

२७६ न गुणाः सुखदा वाच्यतां प्राप्तस्य । १३, ११

૨૭૬ નિન્દાને પ્રાપ્ત થયેલા માણસને પોતાનામાં રહેલા ગુણો સુખ આપતા નથી. ૧૩, ૧૧

२७७ नारदांगिरोभ्यां-भक्तिज्ञानाभ्यां - चित्रकेतोर्जीवस्य - पुत्रो- विवेकः १४, ९-३२

१ नारं द्यतीति नारदः । १४, ९. २ अज्ञानि रातीत्यंगिराः । १४, १४. ३ चित्रं केतुर्धर्मः पक्षे चित्रकेतुः । १४, १०. ४ कृतेन कर्मणा द्योतत इति कृतद्युतिः १४, ३०. ५ पुत्रो विवेकः हर्षशोकदः । १४, ३२.

૨૭૭ આત્મા તથા તેની બુદ્ધિશક્તિ ને ભક્તિ તથા જ્ઞાનદ્વારાજ સુખ દુઃખ આપનાર વિવેક ઉત્પન્ન થાય છે. ૧૪, ૯-૩૨

નારદ અને અંગિરાદ્વારા, ચિત્રકેતુ અને કૃતદ્યુતિને પુત્ર પ્રાપ્તિ થઈ. બીજા અર્થમાં નારદ એટલે ભક્તિ; અંગિરા એટલે જ્ઞાન. ભક્તિ અને જ્ઞાન દ્વારા, ચિત્ર એટલે જુદા જુદા, કેતુ એટલે ધર્મવાળો આત્મા તથા કૃત એટલે કર્મ અને દ્યુતિ એટલે શોભનાર, (કૃતદ્યુતિ–આત્મશક્તિ) બુદ્ધિને પુત્ર–વિવેક પ્રાપ્ત થયો.

२७८ नालब्धकामस्यात्मप्रीतिः । १४, २१

૨૭૮ જયારે ધારેલી ઇચ્છા પૂર્ણ થતી નથી ત્યારે આત્માની પ્રસન્નતા રહેતી નથી. ૧૪, ૨૧

२७९ देहदेह्यविभागोऽविवेकात् । १५, ८

૨૭૯ શરીર અને તેમાં રહેલો આત્મા, એ બન્નેનું જુદાપણું વાસ્તવિક હોવા છતાં અવિવેકથી બન્નેનું એકત્વ ભાસે છે. ૧૫, ૮

२८० क्लेशसन्तापकारणं देहः द्रव्यज्ञानक्रियात्मकत्वात् १५, २५

૨૮૦ દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાશીલ હોવાથી દેહ, કલેશ અને સંતાપનું કારણ બને છે. ૧૫, ૨૫

२८१ ममत्वमनित्यसंबंधान्नित्यस्य । १६, ७

૨૮૧ અનિત્ય દેહ સાથેનો નિત્ય સંબંધ હોવાથી અજર અને અમર આત્માને મમત્વ થાય છે. ૧૬, ૭

२८२ उदासीनः परावरदृक्, ईश्वरवत् । १६, ११

(१) न प्रियाप्रियत्वात् । (२) गुणदोषक्रियाफलविसर्जनात् ।

૨૮૨ પારકા અને પોતાનામાં સમાન દષ્ટિવાળો ઉદાસીન આત્મા ઇશ્વર સમો છે. કારણ કે, ૧૬, ૧૧

કારણ કે, તેને (૧) કંઈપ્રિય કે અપ્રિય હોતું નથી. તેમજ (૨) તેને ગુણ, દોષ, ક્રિયા કે તેના ફળમાં મોહ હોતો નથી.

२८३ शान्तः परमानन्दो निवृत्तद्वैतदृष्टित्वात् १६, १९

૨૮૩ સુખ, દુઃખ, હર્ષ શોક વગેરે ભિન્નદૃષ્ટિ દૂર થતાં આત્મા શાન્ત અને પરમ આનંદમય બને છે. ૧૬, ૧૯

२८४ कामधियां भगवत्यारोपिता कामाः करम्भबीजवत् १६, ३८

૨૮૪ ભક્તો સકામ બુદ્ધિથી કરેલી ભાવનાઓ જ્યારે ભગવદર્થ કે ભગવત્પ્રીત્યર્થ–ભગવાનને સમર્પિત થાય છે ત્યારે તે શેકેલાં બીજની માફક ફળ આપતી નથી–નિર્ગુણ બની જાય છે. ૧૬, ૩૯

२८५ भगवत्प्राप्तिसाधनरूपो भागवतधर्मः । १६, ४३

(१) अनवद्यत्वात् । (२) वैषम्याभावात् ।

૨૮૫ ભાગવત ધર્મ નિષ્કામ ભક્તિ ભગવાનની પ્રાપ્તિનું મહાસાધન છે. ૧૬, ૪૩ કારણ કે–

તે (૧) નિર્દોષ છે, અને (૨) તેમાં વિષમતા નથી.

२८६ अधर्मः स्वपरद्रोहात् । १६, ४२

૨૮૬ પોતાનો તથા પારકાનો દ્રોહ કરવો એ અધર્મ છે. ૧૬, ૪૨

२८७ स्थिरचरसत्त्वकदम्बेऽपृथग्धिय आर्याः १६, ४३

૨૮૭ આર્ય સંસ્કારી અને સભ્ય લોકો સ્થાવર જંગમ સર્વ પદાર્થોમાં એકત્વ જુએ છે. ૧૬, ૪૩

२८८ विश्वसृजां श्वासचित्तिकारणं शेषः । १६, ४८

૨૮૮ વિશ્વમાં ઉત્પન્ન થયેલાં સર્વનાં જીવન (શ્વાસ) તથા ચૈતન્યનું કારણ તે શેષ. ૧૬, ૪૮

२८९ भावभिन्नत्वात् संसृतिः । १६, ५७

१ देहाद्देहरूपा । २ मृतेर्मृतिरूपा च ।

૨૮૯ જ્યારે આત્મા પોતાને પરમાત્માથી જૂદો માને છે, ત્યારે તેને જન્મમરણરૂપ સંસાર પ્રાપ્ત થાય છે. ૧૬, ૪૭

२९० अभयं सङ्कल्पविरामादेव। १६, ५९

१ सङ्कल्पादीहा । २ ईहायां प्रयत्नः क्लेशश्च । ३ ततः फलविपर्ययः । ४ तस्मादेव भयं दुःखं च । अत एव संकल्पत्यागे सुखम् ।

૨૯૦ કોઇપણ પ્રકારના સંકલ્પનો ત્યાગ કરવાથી અભય પ્રાપ્ત થાય છે. ૧૬, ૪૯

કારણ કે, ૧ મનમાં સંકલ્પ કરવાથી ઇચ્છા ઉત્પન્ન થાય છે, ૨ ઇચ્છા ઉત્પન્ન થતાં તે વસ્તુ મેળવવા માટે પ્રયત્ન અને શ્રમ ઉઠાવવો પડે છે, ૩ તેમાંથી જ્યારે વિપરીત પરિણામ આવે છે ત્યારે, ૪ ભય અને દુઃખ પ્રાપ્ત થાય છે. માટે, સંકલ્પત્યાગમાં જ સુખ છે.

२९१ योगनैपुण्यवतां परमः स्वार्थः । १६, ६३

१ परमात्मैकदर्शने । २ ज्ञानविज्ञानसन्तुष्टौ । ४ दृष्टश्रुतमात्रामुक्तौ।

૨૯૧ મહાયોગીઓનો સ્વાર્થ આટલી બાબતોમાં હોય છેઃ ૧૬, ૬૩

૧ પરમાત્માના દર્શનમાં, ૨ જ્ઞાન અને વિજ્ઞાનથી પ્રાપ્ત થતા સંતોષમાં, અને ૩ જોયેલા તથા સાંભળેલા સર્વ વિષયોના ત્યાગમાં.

२९२ अर्थभेदः स्रजिवत्। १७, ३०

१ अविवेककृतत्वात् । २ गुणदोषविकल्पत्वाच्च ।

૨૯૨ આત્મા–અનાત્માના અવિવેકથી એટલે આત્મામાં ગુણદોષના આરોપણથી ગુણદોષના વિકલ્પથી અધ્યાસ સાચી વસ્તુમાં ખોટી વસ્તુનો આરોપ રજ્જૂસર્પન્યાયે થાય છે. ૧૭, ૩૦

२९३ आराधननिराशिषः स्वार्थकुशलाः । १८, ७४

૨૯૩ સ્વાર્થ વિના ભગવાનનું આરાધન કરનાર જ સ્વાર્થકુશળ છે. ૧૮, ૭૪

◆

सप्तमः स्कन्धः

ऊतयः कर्मवासनाः

अ–१५

असद्वासनाप्रकरणम्	सद्वासनाप्रकरणम्	मिश्रवासनाप्रकरणम्
अ–५	अ–५	अ–५
असुराणाम्	देवानाम्	मानवाम्

ऊतयः कर्मवासनाः ।

ऊति શબ્દ સંસ્કૃતના वे વણવું એ ક્રિયાપદ ઉપરથી બન્યો છે. સંસાર વસ્ત્ર જેવો છે. વાસ્તવિક રીતે વસ્ત્રમાં સુતરના તાર સિવાય બીજું કંઈ જ નથી. તાણો અને વાણો તરીકે ગોઠવાયલા તારથી જેમ વસ્ત્ર બને છે અને જેમ તેમાંથી ગમે તે એક, તાણો કે વાણો કાઢી લેતાં વસ્ત્ર રહેતું નથી, તેમ સંસારરૂપી વસ્ત્રના બે તાર છે, કર્મ અને વાસના. એ બંને પરસ્પરાવલંબી છે. જો જીવનમાં માણસ નૈષ્કર્મ્ય સેવે તો સંસાર મટે. અથવા, કર્મનું કારણ વાસના છોડે તો પણ સંસારનિવૃત્તિ થાય.

કર્મ છોડવાં શક્ય નથી. માટે, આ સ્કંધમાં વાસનાત્યાગ અથવા તેમ ન બને તો વાસનાવિશુદ્ધિનો ઉપદેશ છે. વાસના ત્રણ પ્રકારની છે:

૧ અસદ્વાસના : રાક્ષસરાજ હિરણ્યકશિપુની વાસના આ પ્રકારની હતી. જેટલો જલદી એનો ઉદ્ભવ તથા વિકાસ થાય છે

તેટલો જ જલદી એનો નાશ થાય છે. (અ. ૧ થી ૫)

૨ સદ્વાસના : **દૈવી,** પ્રહ્લાદની વાસના આ પ્રકારની ગણાય છે. ઉપર્યુક્ત અસદ્વાસનાને દૂર કરવા માટે એનો ઉદ્ભવ છે. તેનો વિકાસ ધીમો પણ સ્થિર અને શાન્ત હોય છે. (અ. ૬ થી ૧૦)

૩ મિશ્રવાસના : માનવોની વાસના આ પ્રકારની હોય છે; તેઓમાં અસદ્વાસના તથા સદ્વાસના બન્ને માનવ સ્વભાવરૂપે રહેલી હોય છે. (અ. ૧૧ થી ૧૫)

સપ્તમસ્કંધમાં આ ત્રણેય વાસનાઓની વિશુદ્ધિ બતાવવામાં આવી છે.

* * *

सप्तमः स्कन्धः

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકોના છે.)

२९४ प्रमिणोति निर्गुणः प्रधानपुंभ्यां त्रिगुणात्मिकान् कालाश्रयात् । १, २-११

१ सत्त्वविवृद्धौ देवविजयः । २ रजोविवृद्धावसुरविजयः । ३ तमोविवृद्धौ यक्षरक्षसानाम् । ४ मिश्रे मानवानाम् ।

૨૯૪ નિર્ગુણ પરમાત્મા પુરુષ અને પ્રકૃતિનો તથા કાળનો આશ્રય કરી, તેમને સાધન બનાવી, ત્રણ ગુણવાળો (સત્ત્વ, રજસ્ અને તમસ્‌વાળો) સંસાર ચલાવે છે. ૧, ૨-૧૧

તેમાં, ૧ સત્ત્વગુણની વૃદ્ધિમાં દેવવિજય, ૨ રજોગુણ અને તમોગુણની વૃદ્ધિમાં અસુરવિજય અને ૩ તમોગુણની વૃદ્ધિમાં યક્ષ અને રાક્ષસોનો તથા ૪ ત્રણેય ગુણોના સંમિશ્રણમાં માનવધર્મ રહ્યો છે.

२९५ अत एवात्ममथनम् । १, ९

૨૯૫ એટલા માટે જ આત્મમંથન-ચિન્તન,-દેહાત્મ-વિશ્લેષણ જરૂરી છે. ૧, ૯

२९६ अविवेकाभिमानाभ्यां वैषम्यम् ऊतयश्च । १, २२-२५

१ अविवेकान्निन्दनस्तवसत्कारन्यक्काराः । २ अभिमानादहंममेति । ३ वैषम्याद् वैरानुबन्धः । ४ तत एव कर्मवासनाः पारंपर्यात् । ५ सुखदुःखानि फलरूपाणि ।

૨૯૬ સત્ય અને અસત્યને ન જાણવાના અવિવેકથી વિષમતા–અહંકાર, કર્મ તથા વાસના ઉત્પન્ન થાય છે. ૧, ૨૨–૨૫

તેમાં. ૧ અવિવેકથી સ્તુતિ કે નિન્દા તથા સત્કાર કે ધિક્કારનો આવિષ્કાર થાય છે, ૨ અહંકારથી અહંતા અને મમતા થાય છે, ૩ વિષમતાથી વેર થાય છે, ૪ આથી કર્મ અને વાસના આવી સ્વભાવગત પરંપરાથી ઉત્પન્ન થાય છે, ૫ એનું ફળ સુખ અને દુઃખ છે.

२९७ दुर्वासनानामपीश्वरे भक्तिसाधनं निर्गुणत्वात्समत्वाच्च । १, २६–३०

१ कामः गोपिकानात् । २ भयं कंसस्य । ३ द्वेषः शिशुपालस्य । ४ वैरं हिरण्यकशिपोः ।

૨૯૭ પરમાત્મા નિર્ગુણ અને સર્વ જીવો પ્રત્યે સમાન હોવાથી તેના પ્રત્યે કરેલી દુર્વાસના, દુર્વાસના રહેતી નથી; એ ભક્તિનું સાધન બને છે. (ગંગામાં મળતી ગંદા પાણીની નીકની જેમ.) ૧, ૨૬–૩૦

જેમકે, અસદ્‌વાસનાથી ૧, વ્રજગોપીઓનો કામ, ૨ કંસનો ભય, ૩ શિશુપાલનો દ્વેષ અને ૪ હિરણ્યકશિપુનું વેર. આ સર્વ કામભયાદિ ભગવત્પ્રાપ્તિનાં સાધન બન્યાં.

२९८ सद्वासनायां वैशिष्ट्यम् । १, ३०

१ सम्बन्धः यादवानाम् । २ स्नेहः पाण्डवानात् । ३ भक्तिः नारदस्य । फलदा फलदाः तन्मयत्वात् ।

૨૯૮ સદ્‌વાસનાની વિશિષ્ટતા : ૧, ૩૦

૧ યાદવોનો સંબંધ, ૨ પાંડવોનો સ્નેહ, ૩ નારદજીની

ભક્તિ–ભગવત્પ્રાપ્તિનાં સાધન બન્યાં. આ સર્વનું મૂળ તન્મયતા છે અને એથી ફળસિદ્ધિ મળે છે.

२९९ अलिङ्गेलिङ्गभावनैवात्मविपर्यासः । २, २५

ततो मायायोगो वितथाभिनिवेशः कष्टदः । तत्फलं योगवियोगसंभवनाशशोकोऽविवेकचिन्तास्मृतयः ।

૨૯૯ અલિંગ–આત્મામાં દેહની ભ્રાન્તિ એ જ અધ્યાસ-મિથ્યાવાદ. ૨, ૨૫

આ અધ્યાસથી જ દેહમાં અહંભાવના થતાં ખોટો દુરાગ્રહ થાય છે, અને એ જ કષ્ટપ્રદ છે. કારણ કે આ સ્વપ્ન જેવા અધ્યાસથી યોગ-વિયોગ, ઉત્પત્તિ-વિનાશ, શોક, અવિવેક, ચિન્તા અને સ્મૃતિભ્રંશ થાય છે.

३०० गर्भे रक्षन् रक्षिता । २, ३८

૩૦૦ ગર્ભમાં બાળકનું રક્ષણ કરનાર ઇશ્વર જ છે. ૨, ૩૮

३०१ कर्मप्रेरितं दिष्टमेव कारणं रक्षणे नाशे च । २, ४०–४१

सर्वगुणाश्रयोऽपि परः पुमान् मोहजादेहात् जलार्कवत् दर्वाग्निवत् नभवद्वा ।

૩૦૧ માનવનાં રક્ષણ અને નાશમાં કર્મથી પ્રેરિત થયેલું ભાગ્ય જ કારણભૂત છે. ૨, ૪૦–૪૧

પાણીમાં પડેલો પ્રતિબિંબિત સૂર્ય, લાકડાંમાં રહેલો અગ્નિ તથા સર્વમાં રહેવા છતાં સર્વથી પર રહેલું આકાશ, આ ત્રણેયની માફક આત્મા સર્વ ગુણોનો આશ્રયરૂપ હોવા છતાં મોહથી ઉત્પન્ન થયેલા દેહ કરતાં જુદો–અલિપ્ત છે.

३०२ शोच्यः स्वभावोऽन्यथाकर्तुमशक्यत्वात् । २, ४९

૩૦૨ બદલી શકાતો ન હોવાથી સ્વભાવ જ શોક કરવા યોગ્ય છે. ૨, ૪૯

३०३ हिरण्याक्षहिरण्यकशिपू लोभमहालोभावेव । ३, १

१ अजेयम् २ अजरामरम् ३ अप्रतिद्वन्द्वम् ४ एकराजं भवितुमिच्छन् ।

૩૦૩ 'હિરણ્યાક્ષ' એટલે હિરણ્ય-દ્રવ્ય, તેના પ્રત્યે–આંખ રાખનાર દ્રવ્યલાલસી લોભ, અને 'હિરણ્યકશિપુ' એટલે હિરણ્ય-દ્રવ્ય, કશિપુ–ઓશીકું. પરધન, પરદારા, પરવૈભવને ગમે તે માર્ગે પચાવી પોતાની સત્તામાં જ રાખનાર મહાલોભ. ૩, ૧

તેનાં લક્ષણો : ૧ પોતાને જગતમાં કોઈપણ જીતી ન શકે એવી ઇચ્છા રાખનાર, ૨ અર્જર અને અમર બનવાની ઇચ્છા રાખનાર, ૩ બીનહરીફ રહેવાની ઇચ્છા રાખનાર, તથા ૪ સાર્વભૌમ સામ્રાજ્ય પ્રાપ્ત થાય એવી ઇચ્છા રાખે તે હિરણ્યકશિપુ.

३०४ द्विजगवां श्रेयोभूतिक्षेमविजयदातृत्वात्पारमेष्ट्यम् । ३, १३

परमेष्ठीनाम १ जगदभिव्यञ्जन् । २ ज्ञानविज्ञानमूर्तिः । ३ कविः विद्याधीशत्वात् । ४ हिरण्यगर्भः, त्रिपृष्ठः ।

૩૦૪ બ્રાહ્મણો તથા ગાયોને કલ્યાણ, વૈભવ, ઐશ્વર્યાદિ સુખ અને વિજય આપનાર તે પરમેષ્ઠી બ્રહ્મા. ૩, ૧૩

પરમેષ્ઠી એટલે, ૧ જગતને અવ્યક્તમાંથી વ્યક્ત કરનાર, ૨ જ્ઞાન અને વિજ્ઞાનની મૂર્તિ, ૩ વિદ્યાના અધિપતિ કવિ દ્રષ્ટા, ૪ બ્રહ્માંડ શરીરમાં હોવા છતાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાલથી પર.

३०५ महालोभस्यैषणापरिणतिर्विश्वकष्टे । ४, ५–२८

१ सत्तासंपद्भ्यां त्रैलोक्यजयो बलात्। २ देववेदगोविप्रसाधुधर्मेश्वरप्रद्वेषः। ३ निर्वैरभक्तद्रोहः।

૩૦૫ હિરણ્યકશિપુ-મહાલોભની વધતી જતી તૃષ્ણા સમગ્ર વિશ્વનાં કષ્ટમાં પરિણમે છે. ૪, ૫-૨૮

મહાલોભની એષણાઓ: ૧ સત્તા અને સંપત્તિના બળથી બળાત્કારે ત્રૈલોક્યવિજય કરવો, ૨ દેવ, વેદ, ગાયો, બ્રાહ્મણો, સાધુઓ, ધર્મ અને ઇશ્વર પ્રતિ પ્રદ્વેષ રાખવો, ૩ નિર્વૈર ભક્તો ઉપર અનાચાર કરવો. હિરયકશિપુની આ સર્વ ઇચ્છાઓ વિશ્વને દુઃખી કરે છે.

३०६ सत्तासंपद्भाजां नाशयोनिस्तदुत्पन्नो लोकधिक्कारः। ४, २७

૩૦૬ સત્તા અને સંપત્તિવાળા માણસોના નાશનું કારણ પણ તેમના પોતાના દુરાચારથી ઉત્પન્ન થયેલો લોકધિક્કાર છે. ૪, ૨૭

३०७ कविग्राह्यगुणः प्रह्लादः विभुवत्। ४, ३१–३४

१ ब्रह्मण्यः। २ शीलसम्पन्नः। ३ सत्यसन्धः। ४ जितेन्द्रियः। ५ सर्वभूतसुहृद्। ६ सन्नतार्यांघ्रिः। ७ दीनवत्सलः। ८ स्निग्धः। ९ ईश्वरभावनः। १० विद्यार्थरूपजन्मादिष्वपि निरहंकारः। ११ मानस्तंभविवर्जितः। १२ व्यसनेऽनुद्विग्नः। १३ गुणेष्ववस्तुदृक्। १४ प्रशान्तकामः।

૩૦૭ જેના ગુણો સુજ્ઞ પુરુષો ગ્રહણ કરે તેવા ઈશ્વરસમા પ્રહ્લાદજી (પ્ર-ઉત્તમ, હ્લાદ-આનન્દ) પરમાનન્દ સ્વરૂપ હતા. ૪, ૩૧-૩૪

તેમના ગુણો : ૧ બ્રહ્મણ્ય, ૨ ચારિત્ર્યસંપન્ન, ૩ સત્યવાદી, ૪ જિતેન્દ્રિય, ૫ પ્રાણીમાત્રના મિત્ર, ૬ મહાપુરુષના દાસ, ૭ દીનવત્સલ, ૮ કોમળ, ૯ દરેકમાં પ્રભુનું દર્શન કરનાર, ૧૦ વિદ્યા,

દ્રવ્ય અને રૂપ જન્મથી જ પ્રાપ્ત થવા છતાં નિરભિમાની, ૧૧ અભિમાન અને દંભથી રહિત, ૧૨ દુઃખમાં ઉદ્વેગ ન કરનાર, ૧૩ ગુણો અને વસ્તુઓમાં અનિત્યતા જોનાર અને ૧૪ સદાય નિષ્કામ.

३०८ सोपानानि भक्तेः । प्रथमं सोपानं भक्तेः । ५, ५

१ असद्ग्रहगृहान्धकूपत्यागः । २ हर्याश्रयः ।

૩૦૮ ભક્તિમાર્ગનાં પગથિયાં. પહેલું પગથિયું: ૫, ૫

૧ ખોટા આગ્રહને લીધે વળગેલાં, આત્મનાશ કરનાર, અંધારા કૂવા જેવા ઘરનો ત્યાગ, ૨ પરમાત્માનો આશ્રય.

द्वितीयं दैह्यम् । ५, २३

१ श्रवणम् । २ कीर्तनम् । ३ स्मरणम् । ४ पादसेवनम् । ५ अर्चनम् । ६ वन्दनम् ।

બીજું પગથિયું : શરીરલક્ષી. ૫, ૨૩

૧ ભગવાનનું શ્રવણ, ૨ કીર્તન, ૩ સ્મરણ, ૪ ચરણોપાસના, ૫ પૂજન અને ૬ વંદન.

तृतीयम् आत्मीयम् ५, २३

१ दास्यम् । सख्यम् । ३ आत्मनिवेदनम् ।

ત્રીજું પગથિયું : આત્મલક્ષી. ૫, ૨૩

૧ દાસ્ય, ૨ સખ્ય અને ૩ આત્મનિવેદન.

तत्फलम्–५, ४७

१ अप्रमेयानुभावत्वम् । २ अकुतश्चिद्भयत्वम् । ३ अमरत्वं च ।

આવી ભક્તિનું ફળ : ૫, ૪૭

૧ અબાધિત પ્રભાવ, ૨ નિર્ભયતા અને અમરત્વ.

३०९ भक्तिर्नैसर्गिकीमतिराकर्षायोवत् । ५, २८

૩૦૯ ચુંબક લોખંડને ખેંચે તેમ ભક્તિ ભગવાન તરફ આકર્ષનારી કુદરતી બુદ્ધિ છે. ૫, ૨૮

३१० धर्माचरणं कौमार एव। कथमिति चेत् । ६, १–१८

१ युवावस्थायां स्त्रीबालासक्तिः । २ पौढः सन् पुत्रपौत्रदुहितृपितृकर्तव्यं वृत्तिक्लेशादयः । ३ वृद्धः अशक्तोऽपीहमानः लोभाभिभूतो निःसत्त्वः दुरन्तमोहोऽविरक्तः कोशस्कृद्वत् ।

૩૧૦ કૌમાર અવસ્થાથી જ ભક્તિ કરવી જોઇએ, ૬, ૧–૧૮ કારણ કે,

૧ યુવાવસ્થામાં સ્ત્રી તથા બાળકો પ્રત્યે સ્વાભાવિક આસક્તિ હોય છે, ૨ પ્રૌઢાવસ્થામાં પુત્ર, પૌત્ર, દીકરીના દીકરાઓ, દીકરીઓ અને એ સૌ તરફનું વડીલ તરીકેનું કર્તવ્ય તથા ખર્ચ વધતાં આવકની ચિન્તા હોય છે, ૩ વૃદ્ધાવસ્થામાં અશક્તિ આવે છે; છતાં વાસના ઘટતી નથી. લોભ વધે છે. બળ ઘટે છે. અપાર મોહ હોય છે, તેથી વૈરાગ્ય આવતો નથી. અને જેમ રેશમનો કીડો પોતે ઉત્પન્ન કરેલા તંતુના કોશેટામાં સ્વયં પૂરાઈ જાય છે તેમ ગુંગળાઈને મરે છે.

३११ केवलानुभवानन्दस्वरूपः परमेश्वरः ६, २३

व्याप्यव्यापकनिर्देश्योऽप्यनिर्देश्यत्वात् ।

૩૧૧ પરમેશ્વર માત્ર અનુભવથી જ સમજાય એવા આનંદસ્વરૂપ છે. ૫, ૨૩

ઘરમાં રહેલું આકાશ અને વસ્ત્રમાં રહેલું કેવળ સૂતરના તારમાં છુપાયેલું વસ્ત્રત્વ અનુભવાવા છતાં બતાવી શકાતું નથી તેમ.*

---

*(સરખાવો : **रसो वै स :।**)

३१२ निगमस्थं स्वात्मार्पणं भागवतो धर्मः । ६, २६

૩૧૨ નિગમ-વેદવિદ્યામાં કહેલું આત્મનિવેદન-ભગવાનમાં અનન્ય શરણાગતિ-એ જ ભાગવત ધર્મ. ૬, ૨૬

३१३ आत्मगुणा द्वादश। असद्भावनिवृत्तिस्तज्ज्ञानात् । ७,१९-२०

૩૧૩ આત્માના બારગુણો છે. તેનાં જ્ઞાનથી અસદ્‌ભાવ (હું અને મારું)ની નિવૃત્તિ થાય છે. ૭, ૧૯-૨૦

આત્મા નિત્ય નિર્વિકાર, શુદ્ધ, એક, ક્ષેત્રજ્ઞ, આશ્રયરૂપ, વિક્રિયાહીન, સ્વપ્રકાશ, સર્વકારણ, વ્યાપક, અસંગ અને આવરણરહિત છે.

३१४ पर आत्मा देहात्, नेति नेत्यनुभूतेः । ७, २२-२६

१ बुद्धेर्वृत्तित्रयानुभूतित्वादध्यक्षः । २ क्रियाबुद्धिभेदपरः वायुवत् ।

૩૧૪ શરીરનાં પ્રત્યેક અંગો આત્મા નથી, એવો અનુભવ થતાં 'આત્મા દેહથી જુદો છે' એ સમજાય છે. ૭, ૨૨-૨૬

આત્મા જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ દેહની વૃત્તિઓનો અનુભવ કરનાર હોવાથી અધ્યક્ષ છે, વાયુની માફક ક્રિયા તથા બુદ્ધિનાં પરિણામથી પર છે.

३१५ अपार्थः संसारः स्वप्नवत् । ७, २७

१ गुणकर्मनिबन्धनत्वात् । २ अज्ञानमूलत्वाच्च ।

૩૧૫ સંસાર સ્વપ્ન જેવો અસત્ય છે. ૭, ૨૭

કારણ કે, (૧) તેનું બંધારણ ગુણ અને કર્મ ઉપર હોય છે અને (૨) તે અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે.

३१६ भागवतधर्मसाधनानि फलं च । ७, ३०-५५

१ गौणानि–(१) गुरुशुश्रूषा । (२) सर्वलब्धार्पणम् । (३) सत्सङ्गः । (४) ईश्वराराधनम् । (५) निर्जितषड्वर्गत्वम् । (७) प्रपंचनिवृत्तिः ।

२ प्रधानानि–(१) एकान्तभक्तिः । (२) सर्वत्र प्रभुदर्शनम् ।

३ फलम्–(१) मुक्तसमस्तबन्धनत्वम् । (२) निर्दग्धबीजानुशयत्वाज्जीवन्मुक्तिः ।

૩૧૬ ભાગવતધર્મમાં સાધનો અને ફળ : ૭, ૩૦–૫૫

૧ ગૌણ સાધનો : (૧) ગુરુસેવા, (૨) સર્વસમર્પણ, (૩) સત્સંગ, (૪) ઈશ્વરની સેવા, (૫) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર ઉપર વિજય અને (૬) સંસાર ઉપર વૈરાગ્ય.

૨ પ્રધાન સાધનો : (૧) ભગવાન ઉપરની એકનિષ્ઠ શ્રદ્ધાપૂર્વકની ભક્તિ અને (૨) સર્વવ્યાપક પ્રભુદર્શન.

૩ ફળ : (૧) જગતનાં સર્વબંધનમાંથી મુક્તિ અને (૨) શેકેલાં બીજની માફક વાસના નિષ્ફળ થવાથી જીવન્મુક્તિ.

३१७ काल एवेश्वर उरुक्रमत्वात् । ८, ९

१ चिज्जडानामिशित्वात् । २ ओजःसहःसत्त्वबलेन्द्रियात्मत्वात् । ३ गुणत्रयेशत्वाच्च ।

૩૧૭ કાલ મહાબળવાન હોવાથી ઈશ્વરસ્વરૂપ છે. ૮, ૯

કારણ કે, ૧ ચૈતન્ય અને જડ ઉપર તેની સત્તા છે, ૨ ઇન્દ્રિયશક્તિ, મનઃશક્તિ અને દેહશક્તિના એ આશ્રયરૂપ છે તેમજ ૩ સર્જન (રજોગુણ), પાલન (સત્ત્વ ગુણ) અને સંહાર (તમોગુણ) એને લીધે જ થાય છે.

३१८ उत्पथस्थिताजितात्मनो मन एव विद्विड् । ८, १०

तन्नाश:–१ आसुरभावत्यागात् । २ समत्वाच्च ।

૩૧૮ આત્મવિજય વિનાના માણસનું અવળે માર્ગે ગયેલું મન જ તેનો શત્રુ છે. ૮, ૧૦

આવાં મન ઉપર ૧ આસુરીભાવનો ત્યાગ કરવાથી તથા, ૨ દરેકને સમાનભાવે (ઐકાત્મભાવે) જોવાથી જ વિજય થાય છે.

३१९ नोत्पथस्थः कुशलाय । ८, ५०

૩૧૯ કુમાર્ગે જનારનું કદિય કલ્યાણ થતું નથી. ૮, ૫૦

३२० हिरण्यकशिपोर्लक्ष्मीर्न प्रभुप्रसादाय । ९, २

૩૨૦ હિરણ્યકશિપુ (મહાલોભી)એ (અન્યાયથી) મેળવેલી લક્ષ્મી પ્રભુને પ્રસન્ન કરી શકતી નથી ૯, ૨

३२१ दुस्तरं संसारचक्रम् । ९, २०, २१

१ कर्ममयम् पृथक्स्वभावकारकत्वात् । २ बलीयः । ३ छन्दोमयम् । ४ अजयार्पितषोडषारम् ।

૩૨૧ સંસારચક્ર ન તરી શકાય એવું છે. ૯, ૨૦, ૨૧

કેમકે એ ૧ જૂદા જૂદા સ્વભાવને લીધે અનેકવિધ કર્મવાળું, ૨ બળવાન, ૩ સ્વચ્છંદી અને ૪ અવિદ્યાથી ઉત્પન્ન થતા સોળ વિકારવાળું છે.

३२२ जगदेव हरिरादिमध्यान्तेष्ववसितत्त्वात् । ९, ३०

૩૨૨ જગતના આદિ મધ્ય અને અંતમાં તેમાં વ્યાપક રહી અંતમાં શેષ સ્વરૂપે બાકી રહેતા હોવાથી પરમાત્મા જ જગત્સ્વરૂપે વિલસે છે. ૯, ૩૧

३२३ अपार्थात्मपरबुद्धिर्माया । ९, ३१

૩૨૩ આ મારું અને આ બીજાનું એવી અસત્ય બુદ્ધિ એટલે માયા. ૯, ૩૧

३२४ इदं सदसत्तदेव वृक्षबीजवत् । ९, ३१

जन्मनिधनस्थितीक्षणात् । *

૩૨૪ સદ્ અને અસત્રૂપ જગતમાં, જગતથી પર હોવા છતાં પ્રભુ વૃક્ષ બીજ ન્યાયે વ્યાપક છે. ૯, ૩૧

કારણ કે તે જન્મ મરણ અને સ્થિતિના દ્રષ્ટા છે.

३२५ सुखमैन्द्रियं कण्डूतिवत् । ९, ४५

૩૨૫ મોક્ષની ઇચ્છાવાળાઓએ ઇન્દ્રિયજન્ય સુખોને ખંજવાળની માફક સહન કરવાં જોઈએ. ૯, ૪૫

३२६ मौनादयः साधनानि ह्यापवर्ग्याणाम् । तान्येव वार्तासाधनं दाम्भिकानाम् । ९, ४६ ×

૩૨૬ મોક્ષના સાધકો મૌન, વ્રત, શાસ્ત્રપરાયણતા, તપ, વેદાધ્યયન, સ્વધર્માચરણ, વ્યાખ્યાન, એકાન્તસેવન, જપ તથા સમાધિને, મોક્ષનાં સાધન માને છે; જ્યારે દાંભિકો એના ઉપર ગુજરાન ચલાવે છે.
૯, ૪૬

३२७ कामानां हृद्यसंरोह एव भगवद्वरः । १०, ७–९

---

*સરખાવો : (१) तदनन्यत्वमारंभणशब्दादिभ्य । ब्र. सू. २. १. ४
(२) वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् । (छा. उ. ६. १–४

× સરખાવો: किमर्था वयम्। नानुध्यायेत् बहून् शब्दान् वाचो विग्लापनं हि तत् । (बृ. आ. ४. ४. २१)

१ भगवत्त्वं तत एव । कथमितिचेत्, इन्द्रियमनःप्राणात्माधर्मधृतिमतिह्रीस्तेजःस्मृतिसत्यादीनां विनाशकः काम एव । *

૩૨૭ વાસનાઓનો અંકુર પણ હૃદયમાં ન ઊઠે, એ જ ભગવાનનું મહા વરદાન છે. ૧૦, ૭–૯

૧ એથી જ ભક્ત ભગવત્સ્વરૂપ બને છે, કેમકે, ઇન્દ્રિયો, મન, પ્રાણ, આત્મા, ધર્મ, ધૈર્ય, સદ્બુદ્ધિ, લજ્જા, લક્ષ્મી, તેજ, સ્મૃતિ અને સત્યનો નાશ કરનાર વાસના જ છે.

३१८ मुक्तबन्धत्वम् । १०, १३

१ भोगेन पुण्यस्य । २ कुशलेन पापस्य । ३ कालेन कलेवरस्य क्षयात् ।

૩૨૮ બંધનમાંથી મુક્તિઃ ૧૦, ૧૩

૧ પુણ્યનાં બંધન ભોગ ભોગવ્યાથી, ૨ પાપનાં બંધન સત્કર્મથી અને ૩ દેહના બંધન યથાકાળે મૃત્યુ વખતે અનાસક્તિથી દૂર થાય છે.

३२९ क्रूरनिसर्गाणां वरः सर्पदुग्धवत् । १०, ३०

૩૨૯ સ્વભાવથી જે ક્રૂર હોય તેને વરદાન આપવું એ સર્પને દૂધ પાવા સમાન છે. ૧૦, ૩૦

३३० ऋतादयो मानववृत्तयः । ११, १८–२०

१ ऋतमुञ्छशिलम् । २ अमृतमयाचितम् । ३ मृतं याच्ञादि । ४ प्रमृतं कर्षणम् । ५ सत्यानृतं वाणिज्यम् । मानवजीवनं न श्ववृत्त्येति ।

૩૩૦ માનવીની આજીવિકાના ઋત વગેરે પ્રકારો. ૧૧, ૧૮–૨૦

---

*સરખાવો: यदा सर्वे प्रमुच्यन्ते...समश्नुते ।
(कठोपनिषद् २. ६. ३४)

૧ ऋतम्–ખેડૂત ખેતરમાંથી અનાજ લઈ જાય પછી ત્યાં પડી રહેલા દાણા અથવા અનાજનાં બજારમાં રસ્તામાં વેરાયલા દાણા વીણી તે ઉપર ગુજરાન ચલાવવું તે. (ઉત્તમ)

૨ अमृतम्–યાચના કર્યા વિના મળેલું. (ઉત્તમ)

૩ मृत–યાચના કરીને મેળવેલું. (મધ્યમ)

૪ प्रमृतम्–ખેતી કરીને મેળવેલું. (મધ્યમ)

૫ वाणिज्यम्–સાચું જૂઠું કરી વેપાર કરવો. (મધ્યમ)

૬ श्ववृत्ति–નીચ માણસની નોકરી કરીને માણસે શ્વાનવૃત્તિથી જીવવું તે. (કનિષ્ઠ)

३३१ स्वभावविहितो धर्मः शर्मकृत् । ११, २१–२४

१ ब्रह्मलक्षणं शमादयः । २ क्षत्रलक्षणं शौर्यादयः । ३ वैश्यलक्षणं उद्यमादयः । ४ शूद्रलक्षणं सन्नत्यादिः । ५ अन्त्यजादीनामचौर्यादिः ।

૩૩૧ સમયે સમયે દેશ, કાળ અને પાત્ર અનુસાર ધર્મ બદલાતો રહે છે. તેને અનુસરીને સત્વાદિ સ્વભાવને અનુરૂપ કર્તવ્યપાલન એ ધર્મ.*

૧ બ્રાહ્મણધર્મ : શમ, દમ, તપ, પવિત્રતા, સંતોષ, કપટનો અભાવ, જ્ઞાન, દયા, તપ, પ્રભુમય જીવન અને સત્ય.

૨ ક્ષત્રિયધર્મ : શૌર્ય, પરાક્રમ, ધૈર્ય, તેજસ્વિતા, ત્યાગ, મનોવિજય, ક્ષમા, સદ્‌ભાવ, સત્યનિષ્ઠા અને રક્ષણ કરવું.

---

*ધર્મ : **धृतिक्षमादमोऽस्तेयं...दशकंधर्मलक्षणम् । (मनु. ६. ९२)**
વ્યક્તિગત : જેને માટે કાયદો બનાવી ન શકાય. ધૃતિ, દમ, શૌચ, ધી, વિદ્યા.

સમાજવિષયક : જેને માટે બીજાની જરૂર પડે અથવા કાયદો કરવો પડે. ક્ષમા, અસ્તેય, ઇન્દ્રિયનિગ્રહ, સત્ય, અક્રોધ.

૩ **વૈશ્યધર્મ** : દેવ, ગુરુ અને પ્રભુની ભક્તિ; ધર્મ, અર્થ અને કામનું પોષણ, ઉદ્યોગ અને નિપુણતા.

૪ **શૂદ્રધર્મ** : નમ્રતા, પવિત્રતા, નિષ્કાપટ્ય, સેવા, જપ; ચોરી ન કરવી, સત્ય તથા ગોબ્રાહ્મણ અને નિર્બલની રક્ષા.

૫ **વર્ણસંકરનાધર્મ** : સત્ય, ચોરી ન કરવી, પોતાની પરંપરાનો (બાપદાદાનો) ધંધો કરવો તે.

३३२ न कामशान्तिः कामसेवनादग्निवत् । ११, ३४

૩૩૨ જેમ અગ્નિમાં પડતાં ઘીથી અગ્નિ શાન્ત થતો નથી, તેમ વાસનાની શાન્તિ, વાસનાના સેવનથી થતી નથી. ૧૧. ૩૪

३३३ ब्रह्मचर्यं द्विविधमुपकुर्वाणं नैष्ठिकं च । *

૩૩૩ બ્રહ્મચર્ય બે પ્રકારનું છે, ઉપકુર્વાણ અને નૈષ્ઠિક.

३३४ क्षराहुतिरक्षरे चिन्मात्रशेषावधि । १२, २६-३१

---

*(१) **उपकुर्वाणब्रह्मचर्य**-અભ્યાસ કરી રહ્યા બાદ સમાવર્તન સંસ્કાર પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ સુધીનું બ્રહ્મચર્ય.

ઉપકુર્વાણના ધર્મો : ઇન્દ્રયસંયમ, વિદ્યા તથા ગુરુ પર પ્રેમ, જપ, મૌન, સચ્ચારિત્ર્ય, અલ્પભોજન, અલ્પવિહાર, સ્ત્રીઓ સાથે માત્ર જરૂર પૂરતો વ્યવહાર વગેરે.

२. **नैष्ठिकब्रह्मचर्य**-ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ ન કરતાં જીવનભર બ્રહ્મચર્ય પાળી જનતા અને જનાર્દનની સેવામાં જીવન પસાર કરવું તે.

નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મો : अनृत्तदर्शी-કોઈ પણ અસત્ય કે અસભ્ય વસ્તુની ઉપેક્ષા, **सभासमाजांश्चागन्ता**-સભા અને સમાજમાં રહીને તેની સેવા કરવી, **अजनवादशील**-લોકનિંદાથી પર રહેવું, **रहःशील**-એકાન્ત સેવન અને **अकर्ता स्वैरकर्मणि**-સ્વચ્છંદાચરણનો અભાવ. મૃદુ, શાન્ત, અક્રોધન અને પવિત્ર રહેવું, વગેરે.

१ वाचः अग्नौ । २ करयोरिन्द्रे । [illegible] पादयोर्विष्णौ । ४ उपस्थस्य प्रजापतौ । ५ पायोर्मृत्यौ । ६ श्रोत्रयोर्दिक्षु । [illegible] त्वचः वायौ । ८ चक्षुषोः सूर्ये । ९ जिह्वाया वरुणे । १० नासिकाया [illegible]श्विनोः । ११ मनसः चन्द्रे । १२ बुद्धेर्ब्रह्मणि । १३ अहङ्कारस्य रुद्रे । १४ चि[illegible] क्षेत्रज्ञे । १५ क्षेत्रज्ञस्य परब्रह्मणि लयः । एषा क्षरस्याक्षरप्रतिपादनात्मिका प्रा[illegible] ।

૩૩૪ નૈષ્ઠિક બ્રહ્મચારી, વાનપ્રસ્થી અથવા સંન્યાસીનો અંતિમ ધર્મ વિનાશીનો અવિનાશીમાં, માત્ર ચેતનાત્મા બાકી રહે ત્યાં સુધી, વિલય કરવામાં છે. (રાજયોગની આ વિશિષ્ટ પ્રક્રિયા છે.) ૧૨, ૨૬–૩૧

૧ વાણીનો અગ્નિમાં, ૨ હાથનો ઇન્દ્રમાં, ૩ પગનો વિષ્ણુમાં, ૪ ઉપસ્થ(લિંગ)નો પ્રજાપતિમાં, ૫ ગુદાનો મૃત્યુમાં, ૬ કાનનો દિશાઓમાં, ૭ ચામડીનો વાયુમાં, ૮ નેત્રનો સૂર્યમાં, ૯ જીભનો વરુણમાં, ૧૦ નાકનો અશ્વિનીકુમારમાં, ૧૧ મનનો ચંદ્રમાં, ૧૨ બુદ્ધિનો બ્રહ્મમાં, ૧૩ અહંકારનો રુદ્રમાં, ૧૪ ચિત્તનો આત્મામાં અને ૧૫ આત્મા (ક્ષેત્રજ્ઞ)નો પરબ્રહ્મમાં વિલય કરવો.

વિનાશીને અવિનાશીમાં જોડી–તેના ઉપરનું સમગ્ર મમત્વ ઉઠાવી લઈ–માત્ર ચિન્માત્રાવશેષ બ્રહ્મમય બનવાની (अहं ब्रह्मास्मिની) આ ઉત્તમ પ્રક્રિયા છે. આનું જ નામ જીવન્મુક્તિ.

३३५ नाभिनन्द्ये मृत्युजीविते ध्रुवाध्रुवत्वात् । १३, ६

૩૩૫ નિશ્ચિત મૃત્યુ કે અનિશ્ચિત જીવન–બંને આદરણીય (ચિંતા કરવા લાયક કે વિશ્વાસપાત્ર) નથી. ૧૩, ૬

३३६ स्वानुभूत्या सत्यदृष्टिर्मुनेः । १३, ४४

१ तृष्णा भववाहिनी मृगतृष्णिकावत् । २ कामोऽपूरोऽनलवत् । ३

देहो देवतन्त्रः । ४ अर्थाद्भयमर्थिभ्यः । ५ जनाः स्वभावविषमाः । ६ सङ्ग्रहोः मधुकरवत् । ७ त्यागो ह्याजगरः ।

૩૩૬ નીચે જણાવેલા સ્વાનુભવથી મુનિઓની દૃષ્ટિ સત્ય બને છે. ૧૩, ૪૪

૧ **તૃષ્ણા** : સંસારને ચલાવનાર મૃગજળ જેવી, ૨ **કામવાસના** : આહુતિથી કદિય ન ધરાતા અગ્નિ જેવી, ૩ **દેહ** : ઈન્દ્રિયો, ભાગ્ય અથવા ઈશ્વરને આધીન હોઈ પરતન્ત્ર, ૪ **દ્રવ્ય** : રાજા, ચોર, શત્રુ, સ્વજન, યાચકો અને કાળ તરફથી ભયવાળું, નિદ્રાના અભાવવાળું, અને પ્રત્યેક તરફ શંકાની દૃષ્ટિવાળું, ૫ **માણસો** : દરેકના સ્વભાવનાં જુદાપણાંને લીધે થતા દુરાગ્રહથી પરિણામે ક્લેશવાળા, ૬ **મધમાખી** : અતિસંગ્રહ કરેલી વસ્તુ સાથે પોતાનો નાશ કરાવનાર, ૭ **અજગર** : સંતોષી..

३३७ स्वीयत्वं जठरपूरणावधि । १४, ८

ततोऽधिकमिच्छंस्तेनो दण्ड्यश्च ।

૩૩૭ જેટલાથી પોતાનું પેટ ભરાય તેટલું જ આપણું. ૧૪, ૮

જરૂરિયાત કરતાં વધારેની ઇચ્છા રાખનાર અને સંગ્રહ કરનાર સમાજનો ચોર છે અને શિક્ષાપાત્ર છે.

३३८ कलेवरं कृमिविड्भस्मान्तम् । १४, १३

૩૩૮ શરીરનો અંત જીવજંતુના ભક્ષણમાં, વિષ્ટા કે ભસ્મ–રાખ બનવામાં છે. ૧૪, ૧૩

३३९ पितृदेवनृभूतेभ्यः प्रदत्तमेव दानमनश्वरम् । १४, २५

૩૩૯ પિતૃઓ, દેવો, માનવો કે પ્રાણીઓને આપેલું દાન સફળ છે. ૧૪, ૨૫

३४० यत्र सत्पात्रलाभः स एव पुण्यतमो देशः । १४, २७

૩૪૦ જ્યાં સત્પાત્ર મળે તે દેશ પવિત્ર ૧૪, ૨૭

३४१ अच्युतेज्यया सर्वजीवात्मतर्पणम् । १४, ३६

૩૪૧ ભગવત્પૂજનથી સર્વ પ્રાણીઓની તૃપ્તિ થાય છે. ૧૪, ૩૬ અથવા પ્રાણીમાત્રની તૃપ્તિમાં પણ ભગવત્પૂજા છે.

३४२ अधर्मशाखाः पञ्च । १५, १२–१४

१ विधर्मो धर्मबाधः । २ परधर्मोऽन्यप्रेरितः । ३ आभासधर्मः पाखण्डयुतः । ४ उपमाधर्मः दम्भान्वितः । ५ छलधर्मः शब्दार्थव्यत्यययुतः । त्याज्या एते ।

૩૪૨ અધર્મની પાંચ શાખાઓ છે : ૧૫, ૧૨–૧૪

૧ વિધર્મ : જે ધર્મ કરતાં સ્વધર્મને બાધ આવે તે, **૨ પરધર્મ** : બીજાને લાગુ પડતા ધર્મનો સ્વીકાર. જેમકે, બ્રાહ્મણ ક્ષત્રિયધર્મ પાળે તે, **૩ આભાસધર્મ** : શાસ્ત્રવિરુદ્ધ, મનમાન્યો, પાખંડયુક્ત, **૪ ઉપમાધર્મ**: બીજાને છેતરવા માટે પળાતો, **૫ છલધર્મ** : શબ્દના અર્થો જુદા કરી પોતાને અનુરૂપ અર્થ ગોઠવી પળાય તે. આ બધાનો ત્યાગ કરવો જોઈએ.

३४३ सन्तोषात्सुखमसन्तोषादधःपातः । १५, १६–२१

૩૪૩ સંતોષથી સુખ અને અસન્તોષથી અધઃપાત થાય છે. ૧૫, ૧૬–૨૧

३४४ कामादिदोषजये साधनानि । १५, २२–२५

१ कामम् असङ्कल्पात् । २ क्रोधम् कामवर्जनात् । ३ लोभम् अनर्थेक्षया । ४ भयम् तत्त्वावमर्शात् । ५ शोकमोहौ आत्मानात्मविवेकात् । ६ दम्भम् महदुपासनया । ७ भूतजं दुःखं कृपया । ८ निद्रां सत्त्वनिषेवया । ९ रजस्तमसौ सत्त्वात् । १० सत्त्वम् शान्त्या, जयेत् ।

૩૪૪ વાસના વગેરે જીતવાનાં સાધનો : ૧૫, ૨૨–૨૫

૧ સંકલ્પનો ત્યાગ કરવાથી કામવાસનાને, ૨ વાસનાનો ત્યાગ કરવાથી ક્રોધને, ૩ ધનના અનર્થના જ્ઞાનથી લોભને, ૪ તત્ત્વવિચારથી ભયને, ૫ આત્મવિદ્યાથી શોક તથા મોહને, ૬ મહાપુરુષની ઉપાસનાથી દંભને, ૭ દયાથી માનવીય દુઃખને, ૮ સાત્ત્વિક પદાર્થના સેવનથી નિદ્રાને, ૯ સત્ત્વગુણથી રજોગુણ તથા તમોગુણને અને ૧૦ શાન્તિથી સત્ત્વગુણને જીતવો.

३४५ विडम्बनपेक्षणीयमेव । १५, ३८–३९

१ गृहस्थस्य क्रियात्यागः २ ब्रह्मचारिणो व्रतत्यागः । ३ तपस्विनो ग्रामसेवा । ४ संन्यासिनः इन्द्रियलौल्यम् । त्याज्या एते ।

૩૪૫ ઢોંગ ઉપેક્ષા પાત્ર છે. ૧૫, ૩૮–૩૯

જો, ૧ ગૃહસ્થી પોતાની ફરજ ન પાળે, ૨ બ્રહ્મચારી અભ્યાસાદિ વ્રત છોડે, ૩ વાનપ્રસ્થી ગામમાં વસે અને ૪ સંન્યાસી અજિતેન્દ્રિય હોય, તો તેમનો ત્યાગ કરવો.

३४६ नृकाये रथे चरमलक्ष्यो रथी जीवः, रागादिशत्रुमारण एव संसृतिविजेता १५, ४१–४५

१ रथोपकल्पः कायः । हयाः इन्द्रियाणि । मनः प्रग्रहः । विषयाः मार्गाः । बुद्धिः सारथिः । चित्तं बन्धनम् । अक्षाः प्राणाः । चक्रे धर्माधर्मौ ।

२ रथी जीवः । धनुः प्रणवः । शरः आत्मा । असिः ज्ञानम् ।

३ शत्रवः रागादयः । **४ लक्ष्यम् ब्रह्म** ।

૩૪૬ માનવશરીરરૂપી રથમાં જીવ એ રથનો સ્વામી છે. એનું અન્તિમ લક્ષ્ય બ્રહ્મપ્રાપ્તિ છે. મોહાદિ શત્રુઓને મારીનેજ એ સંસાર તરી પોતાનું લક્ષ્ય સાધી શકે છે. ૧૬, ૪૧-૪૫

શરીરરૂપી રથનું રૂપક નીચે પ્રમાણે છે:

શરીર–રથ, ઇન્દ્રિયો–ઘોડા, વિષયો–માર્ગો, મન–લગામ, બુદ્ધિ–સારથિ, ચિત્ત–રાસ, પ્રાણ–ધરી, ધર્મ-અધર્મ–પૈડાં, પ્રણવ–ધનુષ્ય, આત્મા–બાણ, જ્ઞાન–તરવાર, કામાદિ–શત્રુઓ, લક્ષ્ય–બ્રહ્મ.

३४७ द्विविधं कर्म प्रवृत्तं निवृत्तं च । १५, ४७

१ प्रवृत्तेनावृत्तिः । २ निवृत्तेनानावृत्तिः । ३ आत्मयाज्येवोपशान्तत्वात् ।

૩૪૭ કર્મના બે પ્રકાર છે: સકામ અને નિષ્કામ. ૧૫, ૪૭

૧ સકામથી પુનર્જન્મ, ૨ નિષ્કામથી મુક્તિ, ૩ પરમાત્માની નિષ્કામભાવે ઉપાસના કરનારનેજ ચિરંતની શાન્તિ પ્રાપ્ત થાય છે.

३४८ भावक्रियाद्रव्येष्वद्वैतानुभूतिर्मुक्तिः । १५, ६२-६५

१ भावाद्वैतं पटतन्तुवत् । २ क्रियाद्वैतं कर्मसमर्पणात् । ३ द्रव्याद्वैतं स्वार्थकामयोरैक्यत्वात् ।

૩૪૮ વિચાર, દ્રવ્ય અને ક્રિયામાં એકત્વનો અનુભવ એટલે મુક્તિ. ૧૫, ૬૨-૬૫

૧ જેમ સૂતરનો તાર અને વસ્ત્ર એક જ છે, કાર્યકારણરૂપ છે, તેમ જગત અને જગદીશ્વર એકરૂપ છે એવું માનવું તે ભાવાદ્વૈત, ૨ મન, વાણી અને શરીરથી થતાં કર્મને પરબ્રહ્મમાં સમર્પણ કરવાથી ક્રિયાનું અદ્વૈત સધાય છે. ૩ બધા દેહધારીના દેહ પંચમહાભૂતથી બન્યા છે. તેનો ભોક્તા જીવરૂપે એક જ છે, એમ માનવું તે દ્રવ્યાદ્વૈત છે. આ ત્રણેય અદ્વૈતની અનુભૂતિ એટલે જીવન્મુક્તિ.

॥ ॐ नमः श्रीकृष्णाय ॥

अथाष्टमः स्कन्धः

मन्वन्तरलक्षणः


१
२
हरिस्मरणम्
अ–४ १–४
दानप्रकरणम्
अ–१० ५–४
स्वोक्तनिर्वाह
अ–९
१५–२३
मत्स्यावतार
,२४मो
अ–१
धर्म
अर्थ
काम
मोक्ष
दानप्रकरणे
प्रदर्शितानि
प्रथमानि नव
सत्त्व–सत्त्व
सत्त्वरजस्
सत्त्वतमस्
रजःसत्त्व
रजोरजः
रजस्तमः
तमःसत्त्व
तमोरजः
तमस्तम :
निर्गुणम्

मन्वन्तरः सद्धर्मलक्षणः ।

સદ્ધર્મના લક્ષણોવાળો આ મન્વન્તર (અષ્ટમ) સ્કંધ છે. અષ્ટમસ્કંધમાં મનુઓની કાલગણના સાથે પ્રત્યેક મન્વન્તરમાં સત્યધર્મનું પાલન કેવી રીતે કરી શકાય એનો આદેશ છે.

સપ્તમસ્કંધમાં કર્મ અને વાસનાની વિશુદ્ધિ બતાવી. આ વાસનાઓ સદ્ધર્મથી નિર્મૂલ બને છે. જે દેહાદિથી ક્રિયાઓ–ઇન્દ્રિય ધર્મો–થાય છે એ પ્રાકૃત ધર્મો છે. કારણ કે પ્રકૃતિ ૨૪ પ્રકારની છે. ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૫ મહાભૂત, ૫ તન્માત્રા; ૪ અને અન્તઃકરણ ચતુષ્ટય. આમ, ૨૪ પ્રકારના પ્રાકૃત ધર્મો સદ્ધર્મથી

દૂર થાય છે. શરીરથી ૧૦ પ્રકારે, વાણીથી ૧૦ પ્રકારે અને મનથી ૪ પ્રકારે, એમ સદ્ધર્મ પણ ૨૪ પ્રકારનો બની કર્મવાસનાઓને નિર્મૂલ કરે છે, માટે ૨૪ અધ્યાય છે. (વિશેષ માટે જુઓ–સુબોધિની સ્કં–૨, અધ્યાય–૨)

અથવા

કર્મવાસનામય સંસારનાં બે ફળ છે. સુખ અને દુઃખ માનવજીવનમાં કોઈવાર કેવળ સુખ, કોઈવાર કેવળ દુઃખ, અથવા સુખ–દુઃખનું સંમિશ્રણ હોય છે. તે તે વખતે માનવનો કયો ધર્મ છે, તે અષ્ટમ સ્કંધ દર્શાવે છે.

(૧) દુઃખ વખતે હરિસ્મરણ. (ગજેન્દ્ર મોક્ષ) (૨) સુખ વખતે સર્વ પ્રભુનું છે, એમ માની ભગવદર્થ સર્વસમર્પણ. (બલિરાજ ચરિત્ર) (૩) સુખ–દુઃખ વખતે હરિસ્મરણ અને સર્વદાન (સમુદ્ર-મંથન) (૪) આમ કરવાથી માણસ સત્યવ્રત બને છે, અને પ્રલયકારી દુઃખમાં ભગવાન મત્સ્ય બનીને તેને પણ તારે છે. (મત્સ્યાવતાર ચરિત્ર)

अष्टमः स्कन्धः

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકોના છે.)

३४९ सत्यस्वरूपः स्वयंज्योतिरीशः । १, ९–१३

१ शयानेऽखिले जागरूकः । २ आत्मावास्योऽपि भूतनिलयः । ३ आद्यन्तरहितो विश्वकायः । ४ अजां दधानोऽपि निरीहः ।

૩૪૯ ભગવાન સત્ય સ્વરૂપ અને સ્વયંપ્રકાશ છે. ૧, ૯–૧૩

૧ જ્યારે સમગ્ર વિશ્વ સુષુપ્ત હોય છે, ત્યારે તે જાગૃત છે. ૨ સ્થાવર જંગમમાં આત્મસ્વરૂપે રહી સત્તા અને ચૈતન્ય આપે છે. આથી જગત્ જગદીશ્વરનું રહેઠાણ છે. ૩ આદિ અને અંતરહિત છતાં વિશ્વ એની કાયા છે. ૪ માયાનો સ્વીકાર કરવા છતાં અમાયી–ઈચ્છા રહિત છે.

३५० आर्तमुक्तिर्गजेन्द्रवद्व्यवसितबुद्ध्या । अ. २–३

१ **गजः**–हस्ती, पक्षान्तरे जीवः । २ **त्रिकूटः**–पर्वतः, पक्षान्तरे त्रिष्वपि कालेषु, अवस्थासु वा कूटः–अज्ञेयः संसारः। ३ **सरोवरम्**–सरः, पक्षान्तरे गृहम् । ४ **ग्राहः**–मकरः, पक्षान्तरे मृत्युः । ५ **करिण्यः**–ज्ञातयः, पक्षान्तरे संबन्धिनः । ६ **अम्बुजम्ः**–कमलम् , पक्षान्तरे मनः ।

૩૫૦ પરમાત્મામાં એકનિષ્ઠ બુદ્ધિથી દુઃખી ગજેન્દ્રની –જીવની–મુક્તિ થાય છે. અ. ૨–૩

૧ ગજેન્દ્ર–હાથી, પક્ષાન્તરે જીવ. ૨ ત્રિકૂટ–પર્વત, પક્ષાન્તરે ત્રણે કાલ અથવા અવસ્થામાં ન સમજાય એવો સંસાર. ૩ સરોવર–અથવા

ઘર. ૪ મગર–અથવા દરેકને પકડનાર મૃત્યુ. ૫ હાથિણી–સંબંધીઓ અથવા સગાંવહાલાં. ૬ કમલ અથવા મન

સંસાર કદિય સમજાય એવો નથી. બાલ્યાવસ્થા, યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં ત્રિગુણાત્મક હોવાથી ફૂટ છે. એમાં મદોદ્ધત જીવાત્મા બહાર તેમજ ઘરમાં વિહાર કરે છે. એને મૃત્યુનું ભાન નથી. મૃત્યુ એને મગર રૂપે ખેંચે છે. શરૂઆતમાં જીવ અને મૃત્યુ વચ્ચે યુદ્ધ થાય છે. છેવટે જીવ બુદ્ધિપૂર્વક સગાવહાલાંના મોહ ખેંચાણને સ્વયં દૂર કરે છે અને એકનિષ્ઠ બની ભગવાનને પોકારે છે, અને જ્યારે મન રૂપી કમળ સમર્પણ કરે છે. ત્યારે ભગવાન એનો ઉદ્ધાર કરે છે.

३५१ परस्मात्परः परेशः, ज्ञानपक्षे । ३, ३

१ यस्मिन्, यतः, येनेदम् । २ तमसः पारेऽभिविराजमानः । ३ दुरत्ययानुक्रमणत्त्वात् । ४ मनोगिरां विदूरत्त्वात् । ५ निषेधशेषोऽप्यशेषः । ६ अजमगुणं मोक्षदमुभयान्वयि । ७ अभिन्नमपि सर्वपरम् ।

૩૫૧ પરબ્રહ્મ સ્વરૂપ સર્વથી પર–અલગ–જૂદું છે. ૩, ૩ જ્ઞાનપક્ષમાં બ્રહ્મસ્વરૂપ,

૧ જેમાં આ સમગ્ર વિશ્વ, બીજવૃક્ષન્યાયે રહ્યું છે, જેમાંથી અને જેની ઇચ્છાથી વિશ્વ ઉત્પન્ન થાય છે. ૨. વિશ્વના સંપૂર્ણ લય પછી જે શોભે છે. ૩ કદિય પાર ન પામી શકાય એવી ક્રિયાવાળું છે. ૪ મન અને વાણી જેનું વર્ણન કરી શકતાં નથી. ૫ જે દેવ, અસુર, સ્ત્રી, પુરુષ, ગુણ કર્મ, સત્ કે અસત્ પણ નથી. સર્વનો નિષેધ કરતાં સર્વાશ્રય સ્વરૂપે અશેષ બાકી રહે છે. ૬ જન્મસ્થિતિ નાશ રહિત, અગુણ, મોક્ષસુખ–સિન્ધુ, અણુથી પણ અણુ અને મોટાથીય મોટું–ઉભયાન્વયી છે. ૭ જગતના આદિ, મધ્ય, અન્તમાં જે જગતમાં માટી અને ઘડાની જેમ અભિન્ન

છતાં કારણ કે કાર્ય રૂપે ન હોવાથી સર્વથી પર છે, તે બ્રહ્મસ્વરૂપ છે.

३५२ प्रपन्नपाशविमोक्षणो, भक्तिपक्षे । ३, १७

१ अदभ्रदयत्त्वात् । २ नामधामरूपचरित्रमङ्गलत्त्वात् ।

૩૫૨ શરણે આવેલા ભક્તનાં દુઃખનો નાશ કરનાર સગુણ બ્રહ્મરૂપે ભગવાન ૩, ૧૭ (ભક્તિપક્ષ)

૧ અત્યંત દયાળુ છે. ૨ તેમનું નામ, ધામ, રૂપ અને ચરિત્ર મંગલકારી હોવાથી તે સર્વમંગલ છે.

३५३ गुणसंप्रवाहयोनिः, सांख्यपक्षे । ३, २३

૩૫૩ અવ્યક્ત, સૂક્ષ્મ, પ્રધાન ૨૪ ગુણ સંખ્યાના કારણરૂપ પરમાત્મા છે. ૩, ૨૩ (સાંખ્યપક્ષ)

३५४ योगेशः, योगपक्षे । ३, २०

हृदियोगविभावितत्त्वात् ।

૩૫૪ જેમ મહેનત કરતો માણસ લાકડાંથી અગ્નિ, ગાયથી ઘી અને પૃથ્વીથી અન્ન તથા જળ મેળવે તેમ યમનિયમાદિ સાધનોથી હૃદયમાં જેમનું દર્શન કરી શકાય એવા યોગેશ્વર છે. ૩, ૨ (યોગપક્ષ)

३५५ कालातीतो न्यायपक्षे । ३, ५

૩૫૫ સર્વ કાલથી ભગવાન પર છે. ૩, ૫ (ન્યાયપક્ષ)

३५६ गरुडश्छन्दोमयः । ३, ३१

૩૫૬ ભગવાનનું વાહન ગરુડ વેદ સ્વરૂપ છે. ૩, ૩૧

३५७ देहश्चक्रवत् । ५, २८

१ अजयेर्यमाणम् । २ पञ्चदशारम् । ३ त्रिणाभि । ४ अष्टनेमि । ५ विद्युच्चलम् ।

૩૫૭ આ દેહયંત્ર ચક્રસમાન છે. ૫, ૨૮

આ દેહયંત્ર (૧) તે માયાથી ચાલતું, (૨) દશ ઈન્દ્રિયો અને પાંચ પ્રાણ રૂપ આરાવાળું, (૩) ત્રણ ગુણો રૂપી (આરાના આધારભૂત) ખીલા વાળું, (૪) પ્રકૃતિના આઠ પાટાવાળું, અને (૫) વિદ્યુત્ સમું ચંચલ છે.

३५८ त्रियुगोऽक्षरो वरेण्यः । ५, २६–२७

१ अविक्रियो, निष्कलोऽप्रतर्क्यः । २ वचसानिरुक्तः । ३ प्राणमनोधियात्मनां विपश्चित् । ४ अनिद्रः । ५ अव्रणः । ६ छायातपाभ्यां रहितः ।

૩૫૮ ભગવાન અવિનાશી હોઈ વરણીય છે. ૫, ૨૬–૨૭

કારણ કે તે (૧) વિકાર રહિત, અવિનાશી, ઉપાધિરહિત, તર્કરહિત, (૨) વાણીથી પર, (૩) પ્રાણ, મન, બુદ્ધિ તથા અંતઃકરણના જ્ઞાતા, (૪) સદાય જાગૃત, (૫) અવિચ્છિન્ન, અને (૬) વિદ્યા તથા અવિદ્યા રૂપ પાંખ વગરના છતાં સર્વવ્યાપક છે.

३५९ भूतयो महाविभूतेः । ५, ३२–३४

१ पद्भ्यां–पृथ्वी । २ रेतसः–जलम् । ३ मनसः–चन्द्रः । ४ मुखात्–अग्निः । ५ चक्षुषः–सूर्यः । ६ प्राणेभ्यः–प्राणाः । ७ श्रोत्रात्–दिशः । ८ नाभेः–प्राणाः । ९ बलात्–इन्द्रः । १० कृपायाः–देवाः । ११ क्रोधात्–शिवः । १२ बुद्धेः–ब्रह्माः । १३ छिद्रेभ्यः–छन्दांसि । १४ वक्षसः–लक्ष्मी । १५ छायायाः–पितरः । १६ स्तनात्–धर्मः । १७ पृष्ठतः–अधर्मः । १८ शीर्ष्णः–आकाशः । १९ विहारात्–अप्स-

रसः । २० मुखात्—ब्राह्मणाः । २१ भुजाभ्याम्—राजानः । २२ ऊर्वोः—वैश्याः । २३ पद्भ्याम्—शूद्राः । २४ ऊर्ध्वोष्ठात्—कामः । २५ अधरात्—लोभः । २६ स्पर्शात्—कामः । २७ भ्रूवोः—यमः । २८ पक्ष्मणः—कालः । अत एव स्वाराज्यलाभप्रतिपूरितात्मा ।

૩૫૯ વિભૂતિમાન પરમાત્માની આ વિભૂતિઓ છેઃ ૫, ૩૨–૪૪

૧ ચરણ–પૃથ્વી. ૨ વીર્ય–જળ ૩ મન–ચંદ્ર ૪ મુખ–અગ્નિ ૫ આંખ–સૂર્ય ૬ પ્રાણ–પ્રાણ ૭ કાન–દિશાઓ ૮ નાભિ–પ્રાણ ૯ બલ–ઈન્દ્ર ૧૦ કૃપા–દેવો ૧૧ ક્રોધ–શિવ ૧૨ બુદ્ધિ–બ્રહ્મા ૧૩ રોમછિદ્ર–વેદમંત્રો ૧૪ છાતી–લક્ષ્મી ૧૫ છાયા–પિતૃઓ ૧૬ સ્તન–ધર્મ ૧૭ પીઠ–અધર્મ ૧૮ મસ્તક–આકાશ ૧૯ વિહાર–અપ્સરાઓ ૨૦ મુખ–બ્રાહ્મણ ૨૧ હાથ–ક્ષત્રિય ૨૨ જાંગ–વૈશ્ય ૨૩ પગ–શૂદ્ર ૨૪ ઉપલો હોઠ–કામ–અસત્ય ૨૫ નીચલો હોઠ–લોભ ૨૬ સ્પર્શ–કામ ૨૭ ભમ્મર–યમ ૨૮ પાંપણો–દિવસ અને રાત્રિ–કાળ. આથીજ ભગવાન સ્વતંત્ર, પૂર્ણકામ અને આનંદમય છે.

३६० कार्यार्थगौरवे । ६, २०, २४–२५

१ वर्तनंम्—शत्रुं प्रत्यहिमूषकवत् । २ लोभरोषसंरंभत्यागः ।

(૧) મોટું કામ પાર પાડવું હોય તો શત્રુ સાથે જેમ કરંડિયામાં પૂરાયેલ સાપ ઉંદર સાથે કરંડિયામાં છિદ્ર પાડવા શરુઆતમાં મૈત્રી સાધી પછીથી એને ખાઈ નીકળી જાય છે. તેમ વર્તવું. (૨) તે સમયમાં લોભ, ક્રોધ અને તકરાર ન કરવી. તોજ કાર્ય સિદ્ધ થાય. ૬, ૨૦, ૨૪–૨૫

३६१ महादेवः त्रैलोक्यदहनविषात् प्रजारक्षणव्याजात् । ७, २१

१ प्रपन्नार्तिहरः । २ सदसद्भावभावनः । ३ नीलकण्ठः दीनवात्सल्यात् ।

૩૬૧ ત્રણેય લોકને બાળી નાંખે એવાં ઝેરનું પ્રજારક્ષણ માટે પાન કરે છે, માટે સદાશિવ મહાદેવ છે. ૭, ૨૧

૧ તે શરણે આવનારનું દુઃખ હરણ કરનાર, ૨ સત્ અને અસત્ જેની પાસે આવતાં એક રૂપ જ્યોતિર્મય બને છે એવા, તેમજ ૩ ઝેર અને વેરને ન તો જીભ ઉપર કે હૃદયમાં રાખનાર, દીન વત્સલ હોવાથી ગળામાંજ ઘુંટી સ્વયં કષ્ટ સહન કરનાર નીલકંઠ છે.

३६२ लोकतापतपनाः साधवः । ७, ४४

૩૬૨ સન્તો બીજાનાં દુઃખથી દુઃખી થાય છે. ૭, ૪૪

३६३ गुणेऽपि दोषदर्शनम् श्रियः श्रीमतो वा । अथवा गुणानाम् अपि दोषसंभूत्या वैफल्यम् । ८, २०-२१

१ मन्युना तपसः । २ सङ्गेन ज्ञानस्य । ३ कामेन महत्तायाः । ४ क्रौर्यात् धर्मस्य । ५ दम्भात् त्यागस्य वैफल्यम् ।

૩૬૩ લક્ષ્મીને–લક્ષ્મીવાનને–ગુણોમાં પણ દોષ દેખાય છે.

અથવા

ગુણોમાં પણ એક દોષ આવતાં ગુણો નિષ્ફળ બને છે ૮, ૨૦, ૨૧. જેમકે

૧ ક્રોધથી તપ, ૨ દુઃસંગથી જ્ઞાન, ૩ તૃષ્ણા–લોભથી મહત્તા, ૪ ક્રૂરતાથી ધર્મ અને ૫ દંભથી ત્યાગ નિષ્ફળ બને છે.

३६४ श्रीनिरपेक्षः सुमङ्गलः । ८, २२

૩૬૪ જે લક્ષ્મીના લોભમાં તણાતો નથી તેનું જીવન સુમંગલ છે. ૮, ૨૨

३६५ निःसत्त्वत्त्वं लोलुपत्त्वं उद्योगराहित्यं निरपत्रपत्वं च लक्ष्म्यभावात् । ८, २९

૩૬૫ લક્ષ્મીના અભાવમાં માણસ બલહીન, લોભી, ઉદ્યમ-રહિત અને નિર્લજ્જ બને છે. ૮, ૨૯

३६६ निःश्रीकत्वं पूज्यपूजाव्यतिक्रमात् । ५, १६

૩૬૬ પૂજ્યની પૂજાનો અનાદર કરવાથી માણસની લક્ષ્મી તથા કીર્તિ નાશ પામે છે. ૫, ૧૬

३६७ परस्य पुंस आराधनं लोकतापतपनात् । ७, ४४

एतदाराधनं परस्य पुंसः ।

૩૬૭ જનસમાજનાં દુઃખથી દુઃખી થવું એજ પરમપુરુષની મહાપૂજા છે. ૭, ૪૪

આ જ પરમપુરુષની મહાપૂજા છે.

३६८ निष्फलत्वमसदाग्रहान्मूलनिषेचनवत् शुभकर्मणाम् । ९, २९

૩૬૮ દેહ, પુત્ર, ધન વગેરે તરફના મોહથી ભેદભાવ રાખીને કરવામાં આવતાં શુભકર્મ પણ જેમ વૃક્ષનાં મૂલનાં જલસિંચન વિના વૃક્ષ નિષ્ફળ થાય છે તેમ નિષ્ફળ બને છે. ૯, ૨૯

३६९ न विश्वासभूमिः पुंश्चली सालावृकवत् । ९, १०

૩૬૯ હિંસક વરૂની માફક વ્યભિચારિણી સ્ત્રી વિશ્વાસપાત્ર નથી-૯, ૧૦

३७० असुरामृतदानं सर्पवत् । १०, १९

૩૭૦ રાક્ષસોને અપાયેલ અમૃત, સર્પને અપાતાં દૂધ સમાન છે. ૧૦, ૧૯

३७१ हरिस्मृतिः सर्वविपद्विमोक्षणम् । १०, ५५

૩૭૧ ભગવાનનું સ્મરણ સર્વ વિપત્તિને દૂર કરવા સમર્થ છે, ૧૦, ૧૯

३७२ पराजयेऽपि खेदाभावः । ११, ४८

१ प्रत्यापन्नेन्द्रियस्मृतेः । २ लोकतत्त्वविचक्षणस्य ।

૩૭૨ તેને પરાજયમાં પણ ખેદ થતો નથી: ૧૧, ૪૮

૧ જેની ઇન્દ્રિયો અને બુદ્ધિ સ્થિર હોય અને ૨ લોકસ્વભાવને જે બરોબર ઓળખતો હોય.

३७३ स्वाश्रयात्मनिवेदनतपोमूर्तिबलिः । १५, ३

अत एव भगवानपि वामनः ।

૩૭૩ બલિરાજ સ્વાશ્રય, આત્મનિવેદન અને તપની મૂર્તિ હતા. ૧૫, ૩

તેથી જ ભગવાનને પણ તેની આગળ યાચના કર્યા સિવાય અને વિરાટમાંથી વામન બન્યા સિવાય બીજો માર્ગ ન હતો.

३७४ गृहं नाम त्रिवर्गक्षेत्रम् । १६, ११–१२

१ अग्निहोत्रात् । २ अतिथिसेवनात् । ३ प्रजाक्षेमत्त्वात् । ४ ऐश्वर्ययशसोर्धिष्ण्यत्वात् च ।

૩૭૪ ઘર ત્રિવર્ગનું–ધર્મ, અર્થ અને કામનું ક્ષેત્ર છે. ૧૬. ૧૧–૧૨

કારણકે તે (૧) અગ્નિહોત્ર–નિત્ય અગ્નિમાં હોમ કરવાનું (૨) અતિથિસત્કારનું (૩) પ્રજાકલ્યાણનું અને (૪) ઐશ્વર્ય તથા યશનું સાધન છે.

३७५ यज्ञस्त्रयीविद्यात्मा (पूर्वमीमांसायाम्) । १६, ३१

१ द्विशीर्षाः—जडचैतन्यवर्गौ । २ त्रिपात्ः—विराड्हिरण्यगर्भाव्याकृतरूपाः । ३ चतुःश्रृङ्गः—विश्वप्राज्ञतैजसतुरीयाः । ४ सप्तहस्तः—भूः भुवः, स्वः, महः, जनः, तपः, सत्यम् इति

૩૭૫ યજ્ઞનો આત્મા ત્રયી વિદ્યા (મંત્ર, બ્રાહ્મણ અને ઉપનિષદ્) છે. ૧૬, ૩૧ (પૂર્વ મીમાંસા)

૧ એનાં બે મસ્તક છે. જડ અને ચૈતન્ય વર્ગ. ૨ ત્રણ પગ છે. વિરાટ્, હિરણ્યગર્ભ, અને અવ્યાકૃત ૩ ચાર શૃંગો છેઃ વિશ્વ, પ્રાજ્ઞ, તૈજસ્ અને તુરીય. ૪ સાત હાથ છેઃ ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ અને સત્ય.*

३७६ श्रवणमङ्गलनामधेयो विभुः । १७, ८

१ आपन्नलोकवृजिनोपशमत्त्वात् । २ उपबृंहितपूर्णबोधव्यापादिततमस्त्वात् ।

૩૭૬ ભગવાન શ્રવણમંગલ અને નામમંગલ છે. ૧૭, ૮

કારણ કે તે (૧) આપત્તિમાં આવી પડેલા દુઃખી લોકોનાં દુઃખને દૂર કરે છે, તથા (૨) નિરંતર પૂર્ણ જ્ઞાનવડે અંતઃકરણમાં રહેલા અંધકાર–કામક્રોધાદિ–ને દૂર કરે છે.

३७७ पथिचरन्नसुरोऽप्यवारणीय ईश्वरानुकूल्यत्वात् । १७, १६

૩૭૭ અસુર પણ જ્યારે ઇશ્વર સાનુકૂલ હોય અને નીતિને માર્ગે જતો હોય, ત્યારે અજેય બને છે. ૧૭, ૧૬

३७८ गृहागते भगवति । १८, ३०

१ पितृतृप्तिः । २ कुलपावित्र्यम् । ३ यज्ञसाफल्यम् ।

૩૭૮ ભગવાન જ્યારે આપણે ઘેર (દેહમાં) પધારે ત્યારે,

[* સરખાવો—**चत्त्वारि श्रृंगा यजुर्वेद.**]

(૧) પિતૃઓ તૃપ્ત થાય છે, (૨) કુલ પવિત્ર થાય છે અને (૩) યજ્ઞ સફળ થાય છે. ૧૮–૩૦

३७९ अज्ञानप्रभवो मन्युर्वैरानुबन्धश्चाहंमानात् मरणावधि। १९, १२

૩૭૯ અહંકારથી, અજ્ઞાનભૂમિ ક્રોધ અને વેર મરણ સુધી જતાં નથી. ૧૯, ૧૨

३८० यावदर्थपरिग्रहो न पापभाक्। १९, १७

૩૮૦ જરૂરિયાત પૂરતું (દાન) લેનાર પાપી નથી. ૧૯, ૧૮ તેને પરદ્રવ્ય લેવાનો દોષ લાગતો નથી.

३८१ यदृच्छालाभतोषादनुत्तमसुखलाभः, तद्विरोधे सुखनाशो जलाग्निवत्। १९, २१–२६

૩૮૧ (ભાગ્યયોગે અથવા ઇશ્વરેચ્છાથી) મળતા લાભમાં સન્તોષ રાખવાથી ઉત્તમ સુખ મળે છે. એથી ઉલટું (લોભથી મળતા વધારે લાભમાં) પાણી જેમ અગ્નિને બુઝાવી દે છે. તેમ સુખનો નાશ થાય છે–૧૯, ૨૧–૨૬

३८२ नरकनिष्ठा प्रतिश्रुतादानात्। १९, ३५

૩૮૨ વચન આપ્યા પછી તે મુજબ દાન ન આપવાથી નરકપ્રાપ્તિ થાય–૧૯, ૩૫

३८३ न दानं शुभवृत्तिहानिकरं, यज्ञादि साधनत्वात्। १९, ३६

૩૮૩ જેનાથી આજીવિકાને હાનિ પહોંચે, એ દાન પ્રશસ્ય નથી; કેમકે તે (દ્રવ્ય) યજ્ઞ, તથા કર્મનું સાધન છે. ૧૯, ૩૬.

३८४ पञ्चधा विभक्तिरर्थस्य न्याय्या। १९, ३७

१ धर्माय । २ यशसे । ३ अर्थाय । ४ कामाय । ५ स्वजनाय ।।

૩૮૪ આપણે મેળવેલ સંપત્તિને પાંચ ભાગમાં વહેંચવી યોગ્ય છેઃ ૧૯, ૩૭

(૧) ધર્મ માટે, (૨) યશ માટે, (૩) બીજું ઉત્પાદન કરવા માટે (૪) જરૂર પૂરતા ભોગવિલાસ માટે અને (૫) સ્વજનો માટે.

३८५ आत्मवृक्षफलं सत्यम्, आत्मशोषस्तद्विरोधात् । १९, ३९–४०

૩૮૫ આત્મવૃક્ષનું પરમફળ સત્ય છે. તેના વિરોધમાં (અસત્યથી) તે વૃક્ષ સુકાઇ જાય છે. ૧૯, ૩૯–૪૦

३८६ नानृतं जुगुप्सितम् (एतेषु) । १९, ४३

१ स्त्रीषु । २ नर्मविवाहे । ३ वृत्यर्थे । ४ प्राणसंकटे ५ गोब्राह्मणस्य हिंसायां च ।

૩૮૬ આટલી બાબતમાં અસત્ય બોલવું પાપ નથી. ૧૯, ૪૩

(૧) પત્ની સાથે વિનોદમાં (૨) વિવાહ કર્યા બાદ વર કન્યાનું અહિત દેખાતાં અથવા લગ્નોત્સવમાં ગવાતાં આનંદગીતોમાં (૩) આજીવિકા તૂટી જતી હોય ત્યારે (૪) પ્રાણ જાય એવાં સંકટમાં તેમજ (૫) ગાય કે બ્રાહ્મણની હિંસામાં.

३८७ न ह्यसत्यात्परोऽधर्मः । २०, ४

૩૮૭ અસત્ય કરતાં બીજો અધર્મ નથી. ૨૦, ૪

३८८ यशोऽधिगतानां न कालग्रासः । २०, ८

૩૮૮ કાળ યશસ્વીના યશનો નાશ કરી શકતો નથી. ૨૦, ૮

३८९ आत्मसिद्धिस्त्रिपददानादेव । २१, २९

दास्यसख्यात्मनिवेदनरूपत्वात् । तदपूर्णता, ऋत आत्मनिवेदनात् । अत एव याञ्चावसः । भगवदादेशोऽनुग्रहरूपः,

૩૮૯ ત્રણ પદનાં દાનથીજ આત્મવિજય થાય. ૨૧, ૨૯

આ સૂત્ર સમજવા માટે થોડો અર્થવિસ્તાર કરીએ. બલિરાજ નીતિમાન્ અને તદ્દન વિશુદ્ધ ચારિત્ર્યસંપન્ન હોવાથી ભગવાન મહાવિષ્ણુને પણ તેને સ્થાનભ્રષ્ટ કરાવવા વામન બનીને યાચક રૂપે આવવું પડ્યું. બલિરાજ જાતે દેવ સમો પણ એના અમાત્યો–અમલદારો રાક્ષસો–એટલે પ્રજાને ત્રાસ થાય. એક બલિરાજને નમાવતાં દુનિયા રાક્ષસોના ત્રાસમાંથી મુક્ત થાય. એથી બલિરાજને નમાવવા ભગવાનને આ કાર્ય કરવું પડ્યું. એમણે **पदानि त्रीणि**–કહી ત્રણ પદ માગ્યાં. એમાં બે અર્થ થાય છે.

૧ પદ એટલે પગલાં–(સ્થૂલ અર્થ). વામનનાં કે વિરાટ્નાં ? એ અધ્યાહાર રાખ્યું.

૨ પદ એટલે સ્થાન.

‘ મારા પગના માપનાં ’ (**संमितानि**)

એમાં પણ પાઠ ભેદથી બે અર્થ થાય છે.

જો ‘ પદનો ’ અર્થ ‘ પગલું ’ કરીએ તો ‘ મારાં પગલાંનાં માપનાં ’ એવો અર્થ થાય.

૨ જો ‘ પદ ’ નો અર્થ ‘ સ્થાન ’ લઈએ તો પાઠભેદથી **सम्मतानि** નો અર્થ માન્ય કરેલાં એવો થાય. એટલે ભગવાનની માગણીના બે અર્થ થયા:

(૧) માર પગલાંના માપનાં ત્રણ પગલાં આપો અને અથવા (૨) જેને મેં માન્ય કર્યાં છે, તે ત્રણ પદ–સાધન–આપો.

આ બન્નેનો ક્રમશઃ વિચાર કરીએઃ (૧) પ્રથમ બાબતમાં બલિરાજ પાસે બે પાદથી દ્યાવાપૃથિવી લઈ લીધાં, ત્રીજાની ઉઘરાણી

કરી અને બલિરાજે ત્રીજાં પગલાં તરીકે પોતાનો પાર્થિવ દેહ સમર્પણ કર્યો.

(૨) બીજી બાબતમાં શ્રી પૂર્ણેન્દુનારાયણસિંહા સુંદર વિચાર આપે છે. ભક્તિના ૯ પ્રકારમાં પ્રથમ છ–શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન અને વંદનનો સંબંધ દેહ સાથે છે. દાસ્ય, સખ્ય અને આત્મનિવેદનનો સંબંધ આત્મા સાથે છે. આ ત્રણ પૈકી બલિરાજે દાસ્ય અને સખ્ય બે પદ આપ્યાં; પણ જ્યાં સુધી જીવાત્મા આત્મનિવેદન ન કરે ત્યાં સુધી પૂર્ણ અનુગ્રહ ન થાય, અને તેથી ભગવાને ત્રીજું પદ આત્મનિવેદન માગ્યું, અને બલિરાજે पदं तृतीयं कुरु शीर्ष्णि मे निजम्–સ્વનું સમર્પણ કર્યું આમ ત્રીજું પદ એટલે દેહાદિ સાથે આત્મ સમર્પણ*

३९० आत्मनिवेदनोपलक्षणं तृतीयपददानम् । २१, २

૩૯૦ ત્રીજુ પદ એટલે આત્મનિવેદન.×

३९१ तन्निश्चयात् सिद्धिः, देहिक्याध्यात्मिकी च । २२, ३१–३६

१ दैहिकीः–(अ) इन्द्रपदम् । (ब) आधिव्याधिक्लमतन्द्रारहितं सुतलम् ।

२ आध्यात्मिकी–१ आसुरभावनाशः । २ सुदर्शनम्, भगवद्रक्षा । ३ द्वारपालत्वं–सान्निध्यं भगवतः ।

૩૯૧ બોલનાં ત્રીજાં પદનાં દાનથી થતી ભૌતિક અને આધ્યાત્મિક સિદ્ધિ. ૨૨, ૩૧–૩૬

ભૌતિકસિદ્ધિઃ–

(૧) ઇન્દ્રપદની પ્રાપ્તિ અને (૨)આધિ, વ્યાધિ, ઉપાધિરહિત સુતલપાતલની પ્રાપ્તિ.

---

*સરખાવો:—Ethical Conceptions of Bhagawat.

×સરખાવો:—(જુઓ સૂત્ર ૩૮૯ ની વ્યાખ્યા)

આધ્યાત્મિક સિદ્ધિઃ–

આત્મનિવેદન કરવાથી (૧) આસુરભાવ–કામ–ક્રોધાદિનો નાશ. અથવા વિજય (૨) સુદર્શન ચક્ર દ્વારા રક્ષા. અથવા સુદર્શન–સર્વવ્યાપક પરમાત્મદર્શન. તેમજ (૩) ભગવાન ભક્તના દ્વારપાલ બને એટલે કે ભક્તનાં ઈન્દ્રિયદ્વારોના રક્ષક બને.

३९२ अन्तराया भक्तौ । २२, २९–३०

१ क्षीणरिक्थत्वम् । २ स्थानच्युतिः । ३ आक्षेपो बन्धनं च । ४ ज्ञातित्यागः । ५ यातनाः । ६ गुरुभर्त्सनादयः ।

૩૯૨ ભક્તિમાં આવતાં વિઘ્નોઃ ૨૨, ૩૧–૩૬

(૧) દ્રવ્યનાશ (૨) સ્થાનભ્રષ્ટતા (૩) આક્ષેપ અને બંધન (૪) સગાવહાલાંનો ત્યાગ (૫) દેહકષ્ટ (૬) વડીલો તરફથી તિરસ્કાર.

३९३ यज्ञनैष्फल्यहेतवः । २३, १६

१ मन्त्रतः । २ तन्त्रतः । ३ देशतः । ४ कालवस्तुपात्रैः ।

૩૯૩ યજ્ઞની નિષ્ફળતાનાં કારણો–૨૩, ૧૬

(૧) મન્ત્રોચ્ચારની અશુદ્ધિથી (૨) પદ્ધતિની ખામીથી (૩) દેશ, (૪) કાલ અને પાત્રની અપવિત્રતાથી, યજ્ઞ સંપૂર્ણપણે ફળ આપતો નથી.

३९४ तन्निरोधो नामसंकीर्तनात् । २३, १६

૩૯૪ આ દોષો ભગવાનનાં નામ સંકીર્તનથી દૂર થાય છે. ૨૩, ૧૬.

३९५ आयुषोऽपव्ययः । २२, ९

१ शरीरस्य त्यागस्वभावात्। २ रिक्थहारि स्वजनत्वात्। ३ संसृतिहेतुत्वात्।

૩૯૫ આયુષ્યનો દુરપયોગ અને તેથી થતો અધઃપાત નીચેનાં કારણોને આભારી છે. ૨૨, ૯

(૧) નાશવંત શરીર પ્રત્યે અમરત્વની ભાવના, (૨) દ્રવ્ય તરફ દૃષ્ટિ રાખનાર સ્વજનોનો મોહ તથા (૩) સંસારનાં કારણ ભૂત ઘર સ્ત્રી વગેરે ઉપરની આસક્તિ.

३९६ वेददेवधर्मयशःश्रीमंगलव्रतस्वर्गापवर्गकल्प उपेन्द्रः। २३, २२

૩૯૬ વામન ભગવાન વેદ, દેવ, ધર્મ, યશ, લક્ષ્મી, મંગળ, વ્રત, સ્વર્ગ અને મોક્ષ દાતા હોવાથી ‘ઉપેન્દ્ર’ કહેવાયા. ૨૩, ૨૨.

३९७ प्रलयेऽपि रक्षणं भगवदनुग्राहात् सत्यव्रतस्य। अ–२४

१ **सत्यव्रतः**–राजर्षिः, पक्षे सत्यव्रतः

२ **कृतमाला**–नदी, पक्षे कर्तव्यमाला

३ **मत्स्यः**–भगवत्स्वरूपम्, पक्षे वेदोद्धारकः क्षोणीमयः सकलजीवनिकायः।

४ **नौः**–नौका, पक्षे शरीरम्

५ **सप्तर्षयः**–सप्त ऋषयः, पक्षे मुखम् नासिकाकर्णनेत्राणां षड्द्वाराणि।

६ **सर्पः**–सर्पः, पक्षे मनः

૩૯૭ ભગવાન પ્રલયકાળે પણ સત્યવ્રતનું રક્ષણ કરે છે.

૧ સત્યવ્રત રાજા. અથવા સત્યવ્રતધારી ૨ કૃતમાલા નદી અથવા કર્તવ્યમાળા. ૩ મત્સ્યાવતારી ભગવાન વેદોદ્ધારક, સર્વ જીવોનું સ્થાન. ૪ નૌકા અથવા શરીર ૫ સપ્ત-ઋષિઓ અથવા

બે કાન, બે આંખ બે નાકનાં છિદ્રો અને મુખ ૬ વાસુકીનાગ અથવા ચંચળ મન.

અધ્યાત્મપક્ષે: જો માણસ સત્યવ્રતી અને કર્તવ્યનિષ્ઠ હોય અને જો એના ઉપર વિપત્તિનાં મહાપૂર ઉલટી આવે, તો ભગવાન તેના અનુગ્રહભાજન ભક્તનું નીચેની પદ્ધતિથી રક્ષણ કરે છે.

૧. જો તે શરીર રૂપી નૌકામાં; ૨ બે કાન, બે આંખ, બે નસકોરાં અને મુખને ઋષિ બનાવી–ઋષિધર્મ આપી ૩ પોતાનાં ચંચલ મન રૂપી વાસુકીનો એક છેડો શરીર સાથે અને બીજો પ્રભુ સાથે જોડે તો સત્યવ્રતની રક્ષા ભગવાન અવશ્ય કરે.

३९८ अविदुषोऽबुधोगुरुरन्धस्याग्रणीरिव । २४, ५०

૩૯૮ મૂર્ખ માણસને મળેલો અજ્ઞાની ગુરુ આંધળા નેતા જેવો છે. ૨૪, ૫૦

नवमः स्कन्धः

ईशानुकथालक्षणः


अध्यायः २४
ईशस्य दुःखनिवारणम्
तदनुवर्तिनाम् सुखप्राप्तिः
अ–१४–२३
अ–२४
अ–१–९
अ–१०
अ–११–१३
सगुणभक्तद्वारा
ज्ञानिद्वारा
भगवच्चरित्रद्वारा
भक्तानां
भगवतः
अ–९
अ–१
अ–३
अ–१०
अ–१
ज्ञानम्
कर्म
भक्तिः
अ–११
अ–१२
अ–१३
(१)
(१)
(१)

ईशानुकथाप्रवर्तको नवमः ।

१ क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः ईशः । २ तदनुवर्तिनाम् । ३ भक्तभगवतोः समानगुणकर्मस्वाभावात् तत्कथा भद्रदा ।

નવમ સ્કંધનું લક્ષણ ઈશાનુકથા છે. (ઈશ+અનુ+કથા .)

ઇશઃ–ક્લેશ, કર્મ, પરિણામ કે ઇચ્છા જેના ઉપર જરાય અસર ન કરે, જે સર્વ સત્તાધીશ હોય તે ઇશિ–પરમાત્મા.

અનુઃ–ભગવાનને અને તેના માર્ગને અનુસરનાર–ભક્તો.

કથાઃ–ભગવાન તથા તેમના ભક્તો શીલ, ગુણ, કર્મ અને સ્વભાવમાં સમાન હોવાથી, એ બન્નેની કથા કલ્યાણકારી છે.

અષ્ટમ સ્કંધના સદ્ધર્મપાલનથી ભક્તના હૃદયમાં ભગવાનની સહજ સ્વભાવે સ્ફૂર્તિ (**वैष्णवत्वं हि सहजम्**) થાય છે, તેથી ભક્ત પણ ભગવત્સમ હોવાથી વન્દ્ય બને છે. અને તેથી એની કથા પાવન છે.

नवमः स्कन्धः

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકોના છે.)

३९९ कविर्विषयेषु निस्पृहः । २, १५

૩૯૯ વિષયોમાં નિઃસ્પૃહ હોય તે કવિ–જ્ઞાની.* ૨, ૧૫

४०० स्वापराधफलं मुदा सहमाना सुकन्या । ३, २, ९–१०

૪૦૦ પોતાના અપરાધનાં ફળને આનંદપૂર્વક સહન કરે તે સુકન્યા. ૩, ૨, ૯–૧૦

४०१ सत्रपरिशिष्टो रुद्रभागः । ४, ५–७

૪૦૧ યજ્ઞ પૂરો થયા બાદ વધેલું દ્રવ્ય રુદ્રભાગ ગણાય છે. ૪, ૫–૭

અને તે યજ્ઞ કરનારથી બીજા કોઈ પણ કામમાં લેવાય નહિ.

४०२ पितृभक्त्या भक्तपुत्रलाभो नाभागवत् । ४, १३

૪૦૨ પિતાની ભક્તિ કરનારને નાભાગની માફક ભક્ત પુત્ર થાય છે. ૪, ૧૩

४०३ सति जीविते कष्टदो दायभागो नभगवत् । ४, १–२

૪૦૩ પોતાના જીવતાં પુત્રોને મિલ્કતનો ભાગ વહેંચી આપનાર પિતા નભગની માફક દુઃખી થાય છે. ૪, ૧,–૨

---

*સરખાવો—कविं पुराणमनुशासितारम् । (गीता)

४०४ रागात्मिकायां (पुष्टिभक्तौ) साधनान्यम्बरीषवत् । ४, १९-२७

१ लौकिकसाधनत्यागस्तस्मिन्नौदासिन्यम् वा । कथमिति चेत् (अ) आदौ मनःसमर्पणम् । (ब) तदनु इन्द्रियाणि भगवदर्थानि । २ यज्ञदानादि कर्माणि भगवत्प्रीत्यर्थमेव, न स्वर्गापवर्गार्थम् । ३ उत्तमश्लोकजनाश्रया रतिः । ४ सर्वात्मभावः । ५ असन्मतिरसद्विषयेषु ।

૪૦૪ રાજર્ષિ અંબરીષ પૂર્ણ પુષ્ટિભક્ત હતા, તેમનાં પુષ્ટિભક્તિનાં સાધનો: ૪, ૧૫–૨૭

૧ સર્વ લૌકિક સાધનોનો ત્યાગ, અથવા ૨ તે સાધનો પ્રત્યે ઉદાસીનતા. આ બે ક્રિયાઓ કરવાથી નીચેની ક્રિયા સિદ્ધ થાય છે: (૧) પ્રથમ શ્રીચરણમાં મનનું સમર્પણ (૨) બાકીની સર્વ ઇન્દ્રિયોનો ભગવદર્થે જ ઉપયોગ, ૨ યજ્ઞ, દાન વગેરે વિહિત કર્મો સ્વર્ગ કે મોક્ષ માટે નહિં, પણ ભગવત્પ્રીત્યર્થ કરવાં, ૩ ભગવદ્ભક્તો ઉપર, જ પ્રેમ, ૪ સર્વાત્મભાવ, અને ૫ સંસારના સર્વ વિષયો તથા પદાર્થો પ્રત્યે તે સર્વ વિનાશી છે, એવી દૃષ્ટિ.

४०५ दुर्वाससः कृत्यानाशः सुदर्शनात् । ४, ४६–४८

૪૦૫ રાજર્ષિ અંબરીષ ઉપર દુર્વાસાએ મૂકેલી કૃત્યાનો નાશ સુદર્શનથી થયો. ૪, ૪૬–૪૮

અથવા, ભગવાનનાં સમ્યગ્ દર્શનથી (સુદર્શનથી) દુર્વાસા દ્વારા થતાં અભિચારકર્મો (કૃત્યા) નો નાશ થયો. આમ, ભગવદ્ભક્તને બીજાએ કરેલાં અભિચારકર્મો અસર કરતાં નથી.

४०६ पुष्टिमार्गे भगवान् । ४, ६३

१ भक्तपराधीनः । २ अस्वतन्त्र इव । ३ साधुग्रस्तहृदयः । ४ भक्तजनप्रियः ।

૪૦૬ પુષ્ટિમાર્ગમાં ભગવાન. ૪, ૬૩

(૧) ભક્તાધીન, (૨) અસ્વતંત્ર. (૩) સત્પુરુષોએ જેમનું હૃદય હરી લીધું છે એવા, અને (૪) ભક્તજનોને પ્રિય હોય છે.

४०७ सत्प्रहितं तेजः प्रहर्तुरशिवाय । ४, ५९, ५, ९-१९

૪૦૭ સત્પુરુષ પ્રત્યે દુર્જને કરેલો અભિચાર (મારણ પ્રયોગ) તેનુંજ અકલ્યાણ કરે છે. ૪, ૫૯, ૫, ૯-૧૯

४०८ सुदर्शनमिति सदसत्परावरं धर्ममयं पौरुषं तेजः । ५, ७

૪૦૮ સુદર્શન એટલે સત્ અને અસત્થી પર, ધર્મમય પરમપુરુષ પરમાત્માનું તેજ, ૫, ૭

४०९ कृतागःसु मङ्गलानीहमानः साधुः । ५, १४

૪૦૯ સાધુ એટલે પોતાનું અમંગલ કરનારનું પણ કલ્યાણ ઇચ્છનાર. ૫, ૧૪

४१० मिथुनव्रतिसङ्गाद्विनिपातः सौभरिवत् । ६, ५५

૪૧૦ વ્યભિચારના (માનસિક) સંગ માત્રથી પણ મહર્ષિ સૌભરિની માફક અધઃપાત થાય છે. ૬, ૫૧

સૌભરિ ઋષિએ જળમાં માછલાંનાં જોડાંની રતિક્રિયા જોઇ. અતિવૃદ્ધ હતા, છતાં તેને લગ્ન કરવાનું મન થયું. માંધાતા રાજા પાસે કન્યાની માગણી કરવી પડી, અને ઉપાધિમાં પડ્યા.

४११ न रोषो पृथङ्मतिर्वा जगत्पवित्रात्मनि । ८, १३-१४

૪૧૧ જગતને પવિત્ર કરનાર મહાત્માને ક્રોધ કે ભેદબુદ્ધિ હોતાં નથી. ૮, ૧૩-૧૪

४१२ सगरपुत्रनाशः कपिलाग्नेः । ८, ५-१२

१ **सगरः**–नृपः, पक्षे गरेण सहितः

२ **पुत्राः**–पुत्राः षष्ठि सहस्राणि, पक्षे सगरस्य वासनामयकर्माणि ।

३ **कपिलाग्निः**–कपिलस्यदेहजोऽग्निः, पक्षे ज्ञानाग्निः*

૪૧૨ કપિલદેવના (નેત્રમાંથી) નીકળેલા અગ્નિએ સગરના સાઠ હજાર પુત્રોનો નાશ કર્યો. ૮, ૫-૧૨

૧ **સગરઃ**એટલે–ગર=વિષ; સગર–વિષયુક્ત–ઝેરવાળા

૨ **સાઠહજાર પુત્રોઃ**–સહસ્રાવધિ વાસનામય કર્મો.

૩ **કપિલાગ્નિઃ**–કપિ એટલે ચંચલ મન, તેનો લ (લા ધાતુ ઉપરથી) નિગ્રહ કરે તે–જ્ઞાન. કપિલાગ્નિ જ્ઞાનાગ્નિ વાસનામય હજારો કર્મોને બાળી નાખે છે.

४१३ सत्यव्रतनामापि त्रिशंकुः । ७, ५

१ पितुश्चापरितोषात् २ गोवधात् ३ मंत्राप्रोक्षितोपभोगात् । अत एव मध्यान्तरः ।

૩૧૩ સત્યવ્રત પણ ત્રિશંકુ બન્યો. ૭, ૫

શંકુ એટલે પાપ–એણે જીવનમાં ત્રણ મહાપાપ કર્યાં.

(૧) પિતાને અસંતોષ થાય એવાં કામ કર્યાં (૨) દૂઝણી ગાયનો વધ કર્યો અને (૩) મંત્રથી પવિત્ર કર્યા સિવાયની

---

* સરખાવો—**ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन. गी०**

(અપવિત્ર)વસ્તુનો ઉપયોગ કર્યો. આથી સત્યવ્રત નામ હોવા છતાં ત્રિશંકુ વસિષ્ઠના શાપથી ચાંડાલ થયો, પણ વિશ્વામિત્રે પોતાના તપના પ્રભાવથી તેને સ્વર્ગમાં મોકલ્યો. દેવોએ ઉપર જણાવેલાં પાપને લીધે તેનો સ્વર્ગપ્રવેશ અટકાવ્યો. જ્યારે તે પૃથ્વી ઉપર પાછો આવતો હતો, ત્યારે વિશ્વામિત્રે તેને અટકાવ્યો. આમ તે ન રહ્યો દેવમાં અને ન રહ્યો માનવમાં. તેથી 'ત્રિશંકુ' કહેવાયો.

४१४ अज्ञातो भगवान् ज्ञानघनत्वात् जनानां विसर्गसृष्टृत्वाच्च ८, २२–२५कथमिति चेत्

(अ) १ देहभाजां त्रिगुणप्रधानत्वम् । २ बहिः प्रकाशत्त्बम् । ३ मनः शरीरधीर्विसर्गसृष्टत्वम् । ४ मुग्धत्वम् ।

(ब) भगवतः—१ स्वसंस्थत्त्वम् २ स्वभावप्रध्वस्तमायागुणभेदत्त्वम् । ३ सदसद्विमुक्तत्वम् । ४ प्रशान्तमायागुणकर्मलिङ्गत्वम् । ५ अनामरूपत्त्वम् ।

૪૧૪ પરમાત્મા અજ્ઞેય છે. કારણ કે તે જ્ઞાનઘન (સંપૂર્ણ જ્ઞાનમય) છે, અને સૃષ્ટિના ઉત્પાદક છે. ૮, ૨૨–૨૫

(अ) (૧) માણસમાં ત્રણ ગુણોનું પ્રાધાન્ય છે. જ્યારે ભગવાન ગુણાતીત છે. (૨) માનવદૃષ્ટિ બહિર્મુખી* છે. જ્યારે પ્રભુનાં દર્શન આભ્યંતરદૃષ્ટિથી જ થાય છે. (૩) માણસનાં મન, શરીર અને બુદ્ધિ મર્યાદિત છે જ્યારે ભગવાન અપ્રમેય છે. (૪) માનવ મોહાધીન ચર્મચક્ષુ છે. ભગવાન મોહાતીત હોવાથી દિવ્ય દૃષ્ટિથી જ જ્ઞેય છે.

(ब) ભગવાન (૧) 'સ્વસંસ્થ' (પોતે પોતાનામાં જ રહેલા) છે, (૨) માયાના ગુણો અને ભેદનો પોતાના પ્રમેય-

---

*સરખાવો:–**पराञ्चि खानि व्यतृणत् स्वयंभूः**

બળથી વિલય કરનાર છે, (૩) સત્ અને અસત્‌થી—જડ, અને ચૈતન્યથી પર છે. (૪) માયાના સત્ત્વાદિ ગુણ કર્મ તથા જન્માદિથી પર છે. ઉપરનાં કારણોથી ભગવાન અજ્ઞેય છે.

४१५ जगदिदं शिवे शाटीतन्तुवत्* ९, ७

૪૧૫ જેમ સાડીમાં તાણા વાણારૂપ ગોઠવાયેલું સૂતરજ છે, તેમ કલ્યાણકારી ભગવાનૂમાં જગત ઓતપ્રોત છે. ૯, ૭

४१६ सगरात्मजमुक्तिर्गङ्गाजलात् । ९, १२

१ सगरात्मजाः—दुर्वासनाः । २ गंगाजलम्—ज्ञानवारि ।×

૪૧૬ સગરના પુત્રોની મુક્તિ ગંગાજલથી થઇ ૯, ૧૨

આધ્યમિકપક્ષે વાસનાત્મક કર્મોની શુદ્ધિ જ્ઞાનથી થાય છે.

४१७ सद्योमुक्तिः खट्वांगवत् । ९, ४३–४७

१ विप्रादरात् । २ अधर्माभावात् । ३ मायारचितगुणसंगत्यागात् । ४ तस्यैव भगवति स्थापनात् ।

૪૧૭ ખટ્વાંગની સદ્યોમુક્તિનાં પ્રધાન અંગોઃ ૯, ૪૩–૪૭

૧ બ્રાહ્મણો પ્રત્યે અત્યંત આદર. ૨ અધર્મનો સદંતર અભાવ. ૩ માયારચિત ગુણો અને તેથી થતા મોહ–સંસર્ગનો સર્વથા ત્યાગ અને ૪ સર્વવૃત્તિનું ભગવાનમાં સમર્પણ.

४१८ रमन्ते योगिनो यस्मिन्निति रामः, धर्मज्ञः, ब्रह्मण्यदेवः, आचारेणधर्मं शिक्षयन्, मर्यादापुरुषोत्तमः । अ. ९, १०

---

*સરખાવો:–**पटवच्च (ब्र. सू.)**

×સરખાવો—**ऋते ज्ञानान्नमुक्तिः** અથવા **ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन (गी०)**

૪૧૮ યોગીઓ જેમાં રમણ કરે તે રામ છે. ધર્મજ્ઞ, બ્રહ્મણ્યદેવ, પોતાના આચારથી ધર્મનું રક્ષણ કરનાર હોઇ ‘તેઓ મર્યાદા પુરુષોત્તમ ’ કહેવાયા અ. ૯, ૧૦

४१९ रामराज्यम् , १०, ५२–५४

१ प्रजाः स्वधर्मनिरताः । २ रामस्य सर्वभूतसुखावहत्वम्। ३ आधिव्याधिजरादीनामभावः । ४ भूमिः कामदुघा ।

૪૧૯ રામરાજ્યનાં લક્ષણો:-૧૦, ૫૨-૫૪

(૧) સ્વધર્મનું પરિપાલન કરતી પ્રજા (૨) પ્રાણી માત્રને સુખી કરવાની શ્રી રામની ઇચ્છા અને તે મુજબ કર્તવ્ય પાલન (૩) પ્રજામાં આધિ, વ્યાધિ તથા અકાલ વૃદ્ધત્વનો અભાવ તેમજ (૪) કામદુધા પૃથ્વી.

४२० सुसूक्ष्मं अशून्यं शून्यकल्पितं ब्रह्म, वागादीनामविषयत्वात् । ९, ४९

૪૨૦ જે વ્યાપક છતાં અતિસૂક્ષ્મ છે અને જેની શૂન્યાકારે કલ્પના કરવામાં આવે છે. (ॐ खं ब्रह्म) તે પરમતત્ત્વ બ્રહ્મ છે. મન, બુદ્ધિ, વાણી વગેરે તેનું વર્ણન કરી શકતાં નથી, ૯, ૪૯

४२१ अशुद्धबुद्धिस्ताटका रक्षःस्वसा । १०, ९

૪૨૧ દુર્બુદ્ધિ (અવિદ્યા)નું મૂર્તસ્વરૂપ એ તાટકા. ૧૦, ૯

४२२ त्रैलोक्यरावणः पुरुषादो रावणः । १०, १५–२२

૪૨૨ ત્રિલોકીને ત્રાસ આપનાર માનવભક્ષી હોય એ રાવણ. ૧૦, ૧૫-૨૨

४२३ प्रेमानुवृत्तिशीलभावज्ञा प्रश्रयावनता सीता । १०, ५६

૪૨૩ પ્રેમ, આજ્ઞા પ્રમાણે વર્તન, ચારિત્ર્ય, પતિના ભાવને જાણી તે પ્રમાણે કરવું, વિનય અને નમ્રતાનું સ્વરૂપ એ સીતા ૧૦, ૫૬

४२४ शूर्पणखाविरूपकरणः सेवाव्रतोऽनन्तबलोऽग्रजानुकरणतत्परो लक्ष्मणः । १०, ४१

૪૨૪ શૂર્પણખા-અવિદ્યાને વિરૂપ કરનાર, સેવાવ્રતી, અનન્ત બલશાલી (છતાં નમ્ર) મોટાભાઈની આજ્ઞાનું અનુકરણ કરવામાં તત્પર, એ લક્ષ્મણ. ૧૦, ૪૧

४२५ त्यागव्रती भरतः । १०, ३४–३५

संप्राप्तेऽपिराज्ये (अ) गोमूत्रयावकः । (ब) वल्कलाम्बरधरः । (क) स्थण्डिलेशयः भ्रातृस्नेहात् ।

૪૨૫ ભરત ત્યાગવ્રતી છે. ૧૦, ૩૪–૩૫

રાજ્યપ્રાપ્તિ થવા છતાં ભરત (૧) ગોમૂત્રમાં જવ બાફી તેનો આહાર કરનાર, (૨) વલ્કલ વસ્ત્રો ધારણ કરનાર, અને (૩) દર્ભાસન ઉપર શયન કરનાર હતા.

४२६ दुराराध्यो लोकः बहुमुखत्वात् असंवित्तत्त्वाच्च । ११, १०

૪૨૬ જનસમાજ, અનેક મુખે બોલનાર અને અધુરાં જ્ઞાનને લીધે સમજાવી ન શકાય એવો હોય છે. ૧૧, ૧૦

४२८ स्त्रीपुंप्रसंगस्त्रासदो महतामपि । ११, १७

૪૨૭ પતિ–પત્નીના વિયોગના પ્રસંગો મહાપુરુષોને પણ દુઃખ આપે છે. ૧૧, ૧૭.

४२८ देहबन्धनाभावात् विदेहः । सदसन्मन्थनान्मिथिलश्च ।१३, १३

૪૨૮ જનકરાજા દેહબંધનના અભાવે વિદેહ, અને સત્યાસત્યનું મંથન કરી સત્યનો સ્વીકાર કરવાથી ‘મિથિલ’ કહેવાયા’ ૧૩, ૧૩.

४२९ अभिषिक्तराजवधो ब्रह्मवधाद्गुरुतरः १५, ४१

૪૨૯ અભિષિક્ત થયેલા રાજાનો વધ, બ્રહ્મવધ કરતાંય મોટો છે. ૧૫, ૪૧

४३० श्रेयः प्रेयसोःश्रेय एव श्रेष्ठम् यदुवत्, भगवत्प्राप्तिकरत्वात्। १८, ६, ७, २३, ३६

१ **ययातिः**—नृपः। पक्षे यातुमिच्छतीति ययातिः आत्मा।

२ **देवयानी**—शुक्रकन्या। पक्षे देवयानगतिः। श्रेयोमार्गः।

३ **शर्मिष्ठा**—वृषपर्वणः कन्या, पक्षे वृषो धर्मः पर्वणि पर्वणि सङ्ग्रहीतः. तत्प्राप्तव्या सकामवृत्तिः—प्रेयोमार्गः

४ शर्मिष्ठया देवयानीवस्त्रग्रहणादनर्थः

५ देवयानात् कृष्णप्राप्तिः, पितृयानात् शर्मिष्ठाया—सकामकर्मेच्छया पार्थदुर्योधनादयः।*

૪૩૦ શ્રેય અને પ્રેય આ બે માર્ગોમાં, શ્રેયોમાર્ગ જ શ્રેષ્ઠ છે, અને યદુની માફક ભગવત્પ્રાપ્તિ કરાવનાર છે. ૧૮, ૬, ૭, ૨૩ ૩૬.

ચંદ્રવંશના યયાતિ રાજાને બે પત્નીઓ હતી. દેવયાની (શુક્રાચાર્યની પુત્રી) અને શર્મિષ્ઠા. (વૃષપર્વા રાજાની પુત્રી) દેવયાનીથી થયેલ પુત્ર યદુરાજના વંશમાં ભગવાન શ્રી કૃષ્ણ જન્મ્યા, શર્મિષ્ઠાના પુરુ નામના પુત્રના વંશમાં કૌરવ–પાંડવો થયા.

---

*સરખાવો—**श्रेयश्च प्रेयश्च...**

અધ્યાત્મ દૃષ્ટિએઃ–

(૧) **યયાતિઃ**–યા ધાતુ–જવું. તેનું ઈચ્છાદર્શક રૂપ યયાતિ. નિત્ય ગમનશીલ–આત્મા. તેની સામે બે માર્ગ.

(૨) **દેવયાનીઃ**–શુક્રપુત્રી–પુરુષાર્થસાધ્ય–દેવયાન–શ્રેયો માર્ગ અર્ચિમાર્ગ–નિષ્કામમાર્ગ

(૩) **શર્મિષ્ઠાઃ**–શર્મ–કલ્યાણ જેને ઇષ્ટ છે એવી વૃષપર્વાની પુત્રી. વૃષ–ધર્મઃપર્વ–ધીમે ધીમે અથવા પ્રતિપર્વ પ્રાપ્ત કરેલો. પ્રેયોમાર્ગ, ધૂમમાર્ગ અથવા સકામમાર્ગ,

૪ શર્મિષ્ઠાએ દેવયાનીનાં વસ્ત્રો પહેર્યાં તેથી અનર્થ થયો. જ્યારે સકામકર્મ નિષ્કામકર્મ કર્યાનો દંભ કરે, ત્યારે અનર્થ જ થાય.

૫ દેવયાનથી કૃષ્ણપ્રાપ્તિ, સકામમાર્ગથી કૌરવ પાંડવો પરસ્પરના વૈમનસ્યથી યુદ્ધ કરનાર થયા.

४३१ पुत्रश्च, १८, ४४

१ (पितुः) चिन्तितं कुर्वन् उत्तमः । २ प्रोक्तकारी मध्यमः । ३ अश्रद्धया कुर्वन् अधमः । ४ अकर्ता (प्रतीपं वा) अधमाधमः ।

૪૩૧ પુત્ર, જે–૧૮, ૪૪

૧ પુત્ર પિતાનું મનમાં ધારેલું કામ કરે તે ઉત્તમ, ૨ પિતાનું કહેલું કામ કરે તે મધ્યમ, ૩ પિતાનું કહેલું કામ અશ્રદ્ધાથી કરે તે અધમ અને ૪ પિતાનું કામ ન કરનાર કે વિરુદ્ધ કરનાર અધમાધમ છે.

४३२ न कामः कामोपभोगशमक्षमः १९, १४

૪૩૨ વાસનાના ઉપભોગથી વાસના કદિય શાન્ત થતી નથી, ૧૯, ૧૪

४३३ सर्वाः सुखमयाः दिशः । १९, १५

१ सर्वभूतेषु मङ्गलदृष्टेः । २ समदृष्टेश्च ।

૪૩૩ તે માણસના જીવનની સર્વ દિશાઓ સુખમય બને છે. ૧૯, ૧૫

(૧) જે માણસ પ્રત્યેક જીવ તરફ મંગલદૃષ્ટિ અને (૨) સમાનતા રાખે છે.

४३४ दुःखनिवहा तृष्णाजीर्यमाणा । १९, १६

૪૩૪ અનેક દુઃખ લાવનારી તૃષ્ણા કદિય (જાતે) ઓછી થતી નથી. ૧૯, ૧૬

४३५ बलवानिन्द्रियग्रामः । १९, १७

૪૩૫ ઇન્દ્રિય સમુદાય અતિ બલવાન છે ૧૯, ૧૭

४३६ दृष्टं च श्रुतं चासत् , संसृतिस्तदनुध्यानात् । १९, २०

૪૩૬ વિષયોનાં દર્શન અને શ્રવણ (કુમાર્ગે દોરનાર હોવાથી) ખોટાં જાણવાં. એના ધ્યાનમાત્રથી સંસારનો મોહ થાય છે. ૧૯, ૨૦ (જે આત્મનાશ સરજે છે.) ૧૯, ૨૦

४३७ सर्वार्तिनिवृतिः जिजीविषोर्जलादिदानात् रन्तिदेववत् । २१, १३

૪૩૭ રાજા રન્તિદેવની માફક બીજાનાં જીવન માટે અન્ન જલનાં દાનથી સર્વ દુઃખની નિવૃતિ થાય છે. ૨૧, ૧૩.

४३८ मायाचेष्टानिवृत्तिरात्मलाभो भगवदनुग्रहात् । २४, ५८

૪૩૮ ભગવાનની કૃપાથીજ માયાની નિવૃત્તિ અને આત્મ-દર્શન થાય છે (અન્યથા નહિ) ૨૪, ૫૮

॥ दशमः स्कन्धः ॥


निरोधलीला अ–१–९०
१
जन्मप्रकरणम् अ–४
व्यूहप्राकट्यम्
वासुदेव संकर्षण प्रद्युम्न अनिरुद्ध
हेतुः उद्यम रूपान्तरम् मायानाट्यम्
(१) (२) (३) (४)
२
तामसप्रकरणम् अ–२८
प्रमाणम् अ–६ ऐश्वर्यम् अ–१ धर्मी
क्षेपकाः अ–३
प्रमेयः अ–७
साधनम् अ–७
फलम् अ–७
प्रमाणप्रकरणम्
३
राजस प्र. अ–२८
प्रमाणम् अ–६ ऐश्वर्यम् अ–१ धर्मी
प्रमेयः अ–६ ऐश्वर्यम् अ–१ धर्मी
साधनम् अ–६ ऐश्वर्यम् अ–१ धर्मी
फलम् अ–६ ऐश्वर्यम् अ–१ धर्मी
४
सात्विक प्र. अ–२१
प्रमेयः अ–६ ऐश्वर्यम् अ–१ धर्मी
साधनम् अ–६ ऐश्वर्यम् अ–१ धर्मी
फलम् अ–६ ऐश्वर्यम् अ–१ धर्मी
५
गुणप्रकरणम् अ–६
१ १ १ १ १ १
ऐश्वर्य वीर्यम् यशः श्रीः ज्ञानम् वैराग्यम्

दशमः स्कन्धः

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકના છે.)

શ્રીમદ્ભાગવતના ૧૨ સ્કંધો ભગવાનનાં બાર અંગોનાં બોધક છે. એ પૈકી દશમ સ્કંધ ભગવાનનું હૃદય અને એકાદશસ્કંધ મસ્તક છે. માનવઅંગમાં આ બન્ને અંગ પ્રધાન છે. એ ન હોય તો માણસ તરત જ મરણ પામે છે. મસ્તક એ જ્ઞાનનું સ્થાન છે, અને હૃદય એ ભક્તિનું સ્થાન છે. આગળ ભાગવતનાં માહાત્મ્યમાં ભક્તિને જ્ઞાનની જનની કહી છે. ભક્તિપૂર્વકનું જ્ઞાન એજ અપેક્ષ્ય છે. આથી, દશમસ્કંધ એટલે ભક્તિ અને એકાદશસ્કંધ એટલે જ્ઞાન—આ બન્નેનું ફલ નિરોધ છે.

अथ निरोधे दशमः ।

निरोधो नाम....१ योगश्चित्तवृत्तिनिंरोधः–[यो–सू] २ निरोधोऽस्यानुशयनमात्मनः सह शक्तिभिः । (श्री–भा) ३ निरोधस्तु लोकवेदव्यापारन्यासः । (ना–भ) ४ प्रपंचविस्मृतिपूर्विका कृष्णासक्तिः निरोधः (सुबो.)

દશમસ્કંધનું લક્ષણ નિરોધ છે. 'નિરોધ' એટલે—

(૧) અટકાવવું–સંયમ રાખવો. જેમકે, ચિત્તવૃત્તિનો **સંયમ** એટલે યોગ (પાતંજલ યોગસૂત્ર)

(૨) લય : આત્માની સર્વશક્તિઓનો પરમાત્મશક્તિમાં લય–તલ્લીનતા–(ભાગવત–સ્કં–૨–અ–૧૦)

(૩) ત્યાગઃ–ભગવદર્થે કે ભગવત્પ્રીત્યર્થે લોકવ્યવહાર તથા વેદમાન્ય સકામ કર્મવ્યવહારનો ત્યાગ (નારદભક્તિસૂત્ર)

(૪) પ્રપંચ–સંસારનાં વિસ્મરણપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણમાં પૂર્ણાસક્તિ (શ્રી વલ્લભાચાર્ય)

આ સિવાય જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી શ્રીધરાદિ ટીકાકારોએ 'નિરોધ' શબ્દના જુદા જુદા અર્થો પણ આપ્યા છે. ઉપર આપેલાં લક્ષણો પૈકી ૪ થું લક્ષણ સંસારમાં રહેવા છતાં, પ્રત્યેક કામ કરવા છતાં, દેહ માત્ર યંત્રવત્ કામ કરે, પણ તેમાં જરાય મોહ ન રહેતાં દેહ તથા આત્માની સર્વ વૃત્તિઓ કેવળ ભગવન્મુખી થાય, એનું નામ નિરોધ. આમ થતાં સર્જનમાંથી મોહ; રક્ષણમાંથી અહંકાર અને વિનાશમાંથી શોક સદંતર દૂર થાય એટલે જીવન્મુક્ત દશા પ્રાપ્ત થાય. નિરોધ એટલે કેવળ પ્રેમસાધન દ્વારા ભક્તનું ભગવાન બનવું, નરનું નારાયણ બનવું, અને આત્માનું પરમાત્મા બનવું–ભાવ, ક્રિયા અને દ્રવ્યનું પ્રભુમાં સમર્પણ–આનું જ નામ पूर्णमदः–पूर्णमिदम् । ब्रह्मलीनत्व–સાકાર બ્રહ્મસાયુજ્ય એટલે નિરોધ.

४३९ भवौषधमुत्तमश्लोकगुणानुवादः । १, ४

१ निवृत्ततर्षैरुपगीयमानत्वात् । २ श्रोत्रमनोभिरामत्वात् ।

૪૩૯ ભગવાનના ગુણાનુવાદ એ સંસારના રોગને મટાડનાર મોટામાં મોટું ઔષધ છે. ૧, ૪ કારણ કે–

(૧) તૃષ્ણા રહિત મહાપુરુષોએ ગાવાથી તે અનુભવયુક્ત છે.

(૨) શ્રવણ કરવામાં આનંદદાયી છે.

લૌકિક રોગ મટાડવા જુદાં જુદાં ઔષધો લેવામાં:–

(૧) રોગ મટે કે ન મટે તેની ખાત્રી નથી, (૨) અનુપાન જોઈએ (૩) પરેજી પાળવી પડે (૪) અમુક સમયે જ લેવું પડે (૫) બેસ્વાદ હોય, આંખને ન ગમે એવું પણ હોય, જ્યારે

ભગવદ્ભજન રૂપ ઔષધ આ સર્વથી મુક્ત છે, છતાં નિશ્ચિત ફલ આપે છે.

४४० उभयान्वयि कृष्णस्वरूपम् । १, ७

१ अन्तः पुरुषरूपेण * । २ कालरूपेण बहिः ।

૪૪૦ ભગવાન શ્રીકૃષ્ણ બન્ને સ્વરૂપે છે. ૧, ૭

(૧) પ્રત્યેક જીવના હૃદયમાં આત્મસ્વરૂપે રહેવાથી અમૃત રૂપે (૨) બહાર કાલસ્વરૂપે

४४१ वसुदेवः पक्षे शुद्धसत्त्वम् । १, २९

१ सत्त्वं विशुद्धं वसुदेवसंज्ञितम् । २ वेदार्थः । (कृ. उ.) ३ वसुभिस्तपोव्रतादिभिर्दिव्यतीति ।

૪૪૧ વસુદેવ એટલે વિશુદ્ધ આત્મા.

વસુદેવ : શૂરની મારિષા નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ પુત્ર, બીજું નામ આનક દુન્દુભિ. ૧, ૨૯

અધ્યાત્મપક્ષમાં–

(૧) વિશુદ્ધ આત્મા ભા. ૪–૩–૨૩.

(૨) વસુદેવ એટલે વેદાર્થ (કૃ. ઉ.)

(૩) તપ વ્રત આદિ વસુથી શોભે તે.

४४२ देवकी प्रज्ञा ब्रह्मविद्यारूपत्वात् । १, २८

१ सर्वजगन्निवासनिवासभूता । २ सरस्वती । ३ देवं काययतीति देवकी । ४ देवात् कं सुखं यस्याः सा । ५ एषा तु पूर्वादिग्देवकीति श्रुतेः ।

૪૪૨ દેવકી: વસુદેવની પત્ની શ્રીકૃષ્ણની માતા ૧, ૨૯

(૧) જગન્નિવાસ ભગવાનના નિવાસરૂપ (૨) એક આચાર્ય-

---

* સરખાવો–**पूरणात् सदनाच्चैव ततोऽसौ पुरुषोत्तमः ।**

મતે સરસ્વતી (૩) દેવને બોલાવે–આકાર આપે તે (૪) દેવથી જેને સુખ થાય તે (૫) પૂર્વદિશા.

४४३ मथुरा द्विविधा । १, २७

१ यत्र (देहे) सन्निहितो हरिः २ मथ्यते तु जगत्सर्वं ब्रह्मज्ञानेन येन वा । तत्सारभूतं यद्यस्यां मथुरा सा निगद्यते । (गो. ता) ३ मधु राति इति (कंसयुता) ।

૪૪૩ મથુરા બે પ્રકારની છે. ૧, ૨૭

(૧) કૃષ્ણવાળી (૨) અને કંસવાળી. પ્રથમ પ્રકારની મથુરા–કૃષ્ણવાળી.

(૧) જેમાં ભગવાન વસતા હોય એવો દેહ.

જ્યાં બ્રહ્મજ્ઞાનનો સાર તથા મંથન થતાં તેના સારરૂપે બ્રહ્મસ્વરૂપ વસતું હોય તે મથુરા–દેહ.

(૨) મથુરા બીજા પ્રકારની–કંસવાળી.

मधु रातीति मथुरा । જેમાં વિષયભોગનાં મદ્ય ઉછળતાં હોય તે અહંકાર યુક્ત દેહ. જે દેહમાં અભિમાન હોય ત્યાં કૃષ્ણ વસતા નથી–અહંકારને મારીને જ તેમાં વસે છે.

४४४ कंस उग्रसेनपुत्रः १, ३० पक्षे

१ कं सुखं स्यतीति, अहंकारः । २ कलिः कंसः (कृ. उ.) ३ कालनेमिनाम्नोऽसुरस्यावतारः । (८–१–५६)

૪૪૪ કંસ : ઉગ્રસેનનો પુત્ર, દેવકીનો ભાઈ ૧, ૩૦

અધ્યાત્મપક્ષમાં (૧) સુખનો નાશ કરે તે–અહંકાર (૨) ક્લેશ, કલિયુગનો અવતાર (कृ. उ. ३०) (૩) કાલનેમિ દૈત્યનો અવતાર. (અષ્ટમ સ્કંધ) ૮–૧–૫૬

४४५ उत्पातः कंसप्रग्रहत्वात् । १, ३४

१ वसुदेवदेवक्यो रथाश्वरश्मिः कंसेन गृहीतः तदोत्पातः । अर्थात्
२ जीवप्रज्ञयोरभिमानग्रहादुत्पातः ।

૪૪૫ જે રથમાં વસુદેવ-દેવકી બેઠાં હતાં તેના ઘોડાની રાસ કંસે પકડી, ત્યાં ઉત્પાતની શરૂઆત થઇ. ૧, ૩૪

અધ્યાત્મ પક્ષમાં :-

જ્યારે આત્મા અને પ્રજ્ઞા પોતાના દેહની ઇન્દ્રિયોરૂપ ઘોડાની મનરૂપી લગામ અહંકારને આપે તો ઉત્પાત થાય જ.

એથી વિરુદ્ધ-

અર્જુને-નરે પોતાના રથની-દેહની લગામ-પ્રભુને સોંપી-પરિણામે વિજય.

४४६ मृत्युरष्टमात् । १ ३४

प्रज्ञायाः समाधिनाष्टमयोगादेवाहंकारनाशः ।

૪૪૬ દેવકીના આઠમા બાળકથી કંસનું મૃત્યુ ૧, ૩૪

અધ્યાત્મપક્ષમાં :

દેવકી-બ્રહ્મવિદ્યા-યોગવિદ્યા-તેનો આઠમો બાળક સમાધિ-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. સમાધિથી અહંકાર નાશ પામે. ભક્તિમાર્ગની દૃષ્ટિએ છેલ્લી ભૂમિકા વ્યસનદશા. (નિરંતર કૃષ્ણસ્મૃતિ)

४४७ ध्रुवोऽपि मृत्युर्बुद्धिमतापोह्यः । १, ३८, ४८

૪૪૭ બુદ્ધિમાન માણસે નિશ્ચિત મૃત્યુને પણ અટકાવવા પ્રયત્ન કરવો જોઇએ. ૧, ૩૮, ૪૮

४४८ देहिनः कर्मानुगत्वं तृणजलूकावत्* । १, ४०

૪૪૮ જેમ ખડમાકડી એક પાંદડાનું અવલંબન કરી સ્થિર થતાં બીજું પાંદડું છોડે છે તેમ જીવ પણ પોતાના કર્માનુસાર એક જન્મમાંથી બીજો જન્મ ધારણ કરે છે. ૧, ૪૦

४४९ आवर्तने निवर्तने च सनिमित्तो मृत्युरग्निवत् । १, ५०, ५१ ५, २५

૪૪૯ જન્મ અને મરણને અગ્નિની માફક નિમિત્તની જરૂર પડે છે. કારણ કે એ બન્ને ક્યારે થાય એ સમજાતું નથી. ૧, ૫૦, ૫૧, ૫, ૨૫

४५० अशरीरिणी वागिति परा वाणी । १, ५४

૪૫૦ આકાશવાણી એટલે પરાવાણી. ૧, ૫૪

४५१ मृत्युरपोहनं शब्दच्छलात् । १, ४८, ५४×

वसुदेवेन षट् पुत्राः कंसाय प्रदत्ताः, सप्तमस्य गर्भाकर्षणात् न प्रश्नः । श्रीकृष्णोऽष्टमः कथं न प्रदत्त इति प्रश्ने एतच्छब्दच्छलसामर्थ्यम् ।

(अ) पुत्रान्, न भगवन्तं, दिव्य, चतुर्भुजस्वरूपदर्शनात् ।

(ब) यतस्ते भयमुत्थितमिति वाक्ये 'ते' शब्दस्य दीर्घोच्चारात् अवग्रहरूपो अकारः अवग्रहिणा न श्रुतः । अतः 'यतः ते अभयम् उत्थितम्' इति वाक्यात् बुद्धिमता वसुदेवेन मृत्युरपोहितो वचनच्छलात् ।

(क) जीवप्रतिज्ञाया भगवदादेशो वरीयान् ।

---

* સરખાવો–**यदातृणजलूका...उपसंहरति** । (बृ. आ. ४, ४३)

×સરખાવો

–सप्तगर्भा भुवनस्य रेतो, विष्णोस्तिष्ठन्ति प्रदिशा विधर्मणि ।
ते धीतिभिर्मनसा ते विपश्चितः, परिभुवः परिभवन्तिविश्वतः ॥
(सं. भा. गो. का. ९)

૪૫૧ વસુદેવજીએ શબ્દના છલભેદથી મૃત્યુને દૂર કર્યું.
૧, ૪૮, ૫૪

વસુદેવજીએ દેવકીને બચાવવા પ્રતિજ્ઞા કરી, તે બોલવામાં કપટ વાપર્યું.

પ્રશ્ન એ છે, કે વસુદેવજી સત્યપ્રતિજ્ઞાવાળા હતા, તો તેમણે પહેલા દેવકીના છ પુત્રો કંસને આપ્યા અને તેમને કંસે મારી નાંખ્યા. સાતમાનો ગર્ભપાત થવાથી એનો પ્રશ્ન રહ્યો નહિં. આઠમા શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો ત્યારે કૃષ્ણને આપવા ગયા નહિં. છાનામાના ગોકુલ પધરાવી આવ્યા. આમ થવાથી વસુદેવની સત્યપ્રતિજ્ઞા ખોટી ઠરે છે. તેનું સમાધાન નીચે મુજબ:–

૧ બુદ્ધિવાન્ માણસે આવતાં મૃત્યુને બુદ્ધિથી રોકવું. (શ્લો. ૪૮) એને અનુસરી તેણે ઉપરનો અર્ધો શ્લોક કંસને કહ્યો. (શ્લોક નં. ૫૪) તેમાં.

૨ पुत्रान् શબ્દ વાપર્યો. આગલા છ દિકરા હતા, પણ આઠમા તો સ્વયં પરમાત્મા હતા–અદ્ભુત–શંખચક્ર ગદાપદ્મધારી (અ ૩ શ્લો. ૯–૧૦). એણે દિકરાઓ આપવાની પ્રતિજ્ઞા કરેલી, પ્રભુને આપવાની નહિં.

૩ यतस्तेभयमुत्थितम् આ વાક્ય બોલતી વખતે એણે તે ને વધારે લંબાવ્યો. એટલે એમાં अ નો ધ્વનિ આવ્યો. यतस्तेऽभयम् એટલે અર્થ ફરી ગયો. જેનાથી તને નિર્ભયતા છે, તે હું તને આપીશ, તને મારનારને નહિં.

૪ ભગવાનના પ્રાદુર્ભાવ પછી ભગવાને કહ્યું,—‘ મને ગોકુલમાં પધરાવો ’. ભગવદાજ્ઞા આગળ જીવપ્રતિજ્ઞા ગૌણ છે. તેથી વસૃદેવજીએ કંસને કૃષ્ણ આપ્યા નહિં.

४५२ दुष्करं सुकरं सताम् । १, ५८

१ किं दुःसहं साधूनाम् ? २ किमपेक्षितं विदुषाम् ? ३ किमकार्यं कदर्याणाम् ? ४ धृतात्मनां किं दुस्त्यजम् ?

૪૫૨ સજ્જનો માટે અઘરૂં કાર્ય પણ સહેલું હોય છે. ૧, ૫૮

(૧) સત્પુરૂષો બધું જ સહન કરી શકે છે. (૨) વિદ્વાનો નિરપેક્ષ હોય છે. (૩) કંજૂસ માણસો (પોતાના સ્વાર્થ માટે) સર્વ અપકૃત્યો કરે છે. જ્યારે (૪) ધૈર્યવાન સર્વનો ત્યાગ કરી શકે છે.

४५३ सर्वहन्नसुतृप् । १, ६७

૪૫૩ ઘાતકી માણસ સર્વનાશ વહોરે છે. ૧, ૬૭

४५४ देवक्याः षट्पुत्राः । २, ४

१ यमादीनां षण्णां ध्याने समाधौ च प्राप्ते सति लुप्तत्वं अनावश्यकत्वात् । (पक्षे) स्मरादीनां षण्णां [१०–८५–५१] अदर्शनं अहंकारपोषकत्वात् ३–पक्षान्तरे शमदमतितिक्षाउपरमश्रद्धासमाधानाः ।

૨૫૪ દેવકીના ૬ પુત્રો-૨, ૪

૧ ધ્યાન (બળરામ) અને સમાધિ (શ્રીકૃષ્ણ) પ્રાપ્ત થતાં તેની આગળના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધારણારૂપ છ સાધનોની આવશ્યકતા રહેતી નથી માટે લોપ થયો.

અથવા અધ્યાત્મપક્ષમાં.

૨ સ્મર=વાસના, ઉદ્ગીથ=આત્મશ્લાઘા, પરિષ્વંગ=આસક્તિ, પતંગ=ચંચલવૃત્તિ, ક્ષુદ્રભૃત્=હલકા આચાર વિચાર, ઘૃણી=ઈર્ષ્યાળુવૃત્તિ. (૧૦–૮૫–૫૧) દેવકીના આ છ પુત્રો કંસને ગમ્યા. કારણ કે આ છ અહંકારના પોષક છે. જ્યાં સુધી આ છ જીવતા હોય ત્યાં સુધી ૭મા સંકર્ષણ–અક્ષરબ્રહ્મ અને આઠમા

પૂર્ણ પુરુષોત્તમ પધારે નહિં; માટે નારદ–જ્ઞાન કે ભક્તિ દ્વારા–તેનો નાશ થયો. પછી જ બળરામ અને શ્રીકૃષ્ણ પધાર્યા.

૩ કેટલાક આચાર્યોના મતે (૯–૨૪–૫૪) કીર્તિમાન સુષેણ, ભદ્ર, ઋજુ, સંમર્દન અને ભદ્ર આ છ શમ, દમ, તિતિક્ષા, ઉપરમ, શ્રદ્ધા અને સમાધાન વાચક છે એ પૂર્ણ થતાં અક્ષરબ્રહ્મ સંકર્ષણ અને પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે.

४५५ सप्तमोऽनन्तोऽक्षरब्रह्मत्वात् ध्यानभूमिः संकर्षणः* । २, ५

૪૫૫ સાતમા પુત્ર અનંત અક્ષરબ્રહ્મ તરીકે ધ્યાન ભૂમિ સંકર્ષણ થયા. ૨, ૫

४५६ आयुःश्रीर्यशोहरः स्त्रीवधः । २, २१

૪૫૬ સ્ત્રી વધ આયુષ્ય, લક્ષ્મી અને યશનો નાશ કરે છે. ૨, ૨૧

४५७ मनस्त इति वेधदीक्षया । २, १८

वेधदीक्षोपदेशस्तु मानसः ।

यथा कूर्मः स्वतनयान् ध्यानमार्गेण पोषयेत् ।
वेधदीक्षोपदेशस्तु तादृशः कथितः प्रिये ॥ (कुलार्णवे)

૪૫૭ મનથી એટલે વેધદીક્ષાથી. ૨, ૧૮

દેવકીએ વસુદેવજીથી વેધદીક્ષા દ્વારા ગર્ભ ધારણ કર્યો. એને

---

*સરખાવો–

(१) य ईं चकार न सो अस्य वेद य ईं ददर्श हिरुगिन्नु तस्मात् ।
स मातुर्योना परिवीतो अन्तर्बहुप्रजा निर्ऋतिमाविवेश ॥
(सं. भा. गो. कां. १०)

(२) कृष्णं त एमरुशतः पुरोभाश्चरिष्ण्वर्चिर्वपुषामिदमेकम् ।
यदप्रवीता दधते ह गर्भं सद्यश्चितो भवसीदुदूतः ॥
(मं. भा. गो. कां. ११)

કૌર્મીદીક્ષા પણ કહે છે. કાચબા કાચબીની પ્રજોત્પત્તિ અને પોષણ માત્ર દર્શન અને ધ્યાનથી થાય, તેમ.

४५८ सत्यव्रतो भगवान् । २, २६

सत्यव्रतः–(१) तस्मान्मच्छरणमित्यादि । १०–२५–१८ (२) त्रिष्वपिकालेषु परः । (३) महाभूतयोनित्वात् । तेषु (४) अन्तर्यामित्वात् च त्रिसत्यः । (५) ऋतसत्यनेत्रत्वात् ।

૪૫૮ ભગવાન સત્યવ્રત છે. ૨, ૨૬

૧ એમનું વ્રત–કોઈપણ સંયોગમાં શરણાગતનું રક્ષણ. ૨ સરખાવો ૧૦–૨૫–૧૮

૨ ભગવાન ત્રિસત્ય છે, ત્રણેય કાલમાં, ત્રણેય અવસ્થામાં એકરસ–સુંદર. ૧ વૃન્દાવનલીલા–બાલપણ–શ્યામસુંદર ૨ મથુરાલીલા–યુવાવસ્થા–ભુવનસુંદર ૩ દ્વારકાલીલા–વૃદ્ધાવસ્થા–સકલસુંદર; કારણ કે સર્વ અવસ્થામાં ભગવાન યોગસુંદર છે.

૩ સત્યયોનિ : પંચમહાભૂતના ઉત્પાદક હોવા છતાં તેમાં વ્યાપક.

૪ સત્યમાં રહેલા અન્તર્યામી

૫ ઋત અને સત્યરૂપી નેત્રવાળા. ઋત : સત્ય પ્રિય અને હિતવાણી અને–સર્વપ્રતિ સમાનદૃષ્ટિ.

४५९ संसारो वृक्षवत् । २, २७

१ एकायनः–प्रकृतेः अपि आश्रयत्वात् । २ द्विफलः–सुखं दुःखं च । ३ त्रिमूलः–त्रयोगुणाः । ४ चतूरसः–धर्मादयः । ५ पंचविधः–ज्ञानेन्द्रियाणि । ६ षडात्मा–ऊर्मयः बुभुक्षा, पिपासा, शोक, मोह, जरा, मृत्यु । ७ सप्तत्वक् धातवः । ८ अष्टविटपः–अष्टधा प्रकृतिः । ९ नवाक्षः–नवच्छिद्राणि । १० दशच्छदीः–दशप्राणाः । ११ द्विखगः–जीवेश्वरौ ।

૪૫૯ આ સંસારરૂપી વૃક્ષ– ૨, ૨૭

૧–નું ઉત્પત્તિસ્થાન ભગવાન્ છે, ૨–નાં બે ફળ છે, સુખ અને દુઃખ, ૩–નાં ત્રણ મૂળ–સત્ત્વ, રજસ અને તમસ્, ૪–ના ધર્મ, અર્થ, કામ, મોક્ષ, ચારરસ, ૫–ના પાંચ ઈન્દ્રિયોનાં કાર્ય તેથી પાંચ પ્રકારે જણાતો, ૬–પાંચ જ્ઞાનેન્દ્રિય અને છઠ્ઠા મનરૂપી જીવન તત્ત્વવાળો અથવા ઊર્મિ, બુભુક્ષા, પિપાસા, શોક, મોહ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ, ૭–છાલ–સાત ધાતુઓ છે, ૮–પંચ મહાભૂત મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ ડાળીઓ છે, ૯–નવ છિદ્રો બે કાન, બે નાક, બે આંખ, મુખ, શિશ્ન અને ગુદા, આમ નવ છિદ્રોવાળો, ૧૦–દશ પ્રાણ એ પાંદડાં છે, ૧૧–ની ઉપર જીવ અને ઈશ્વરરૂપી બે પક્ષીઓ વસે છે.

४६० नानात्वं मायावृतचित्तव्यपदेशात् । २, २८

૪૬૦ માયાનાં આવરણને લીધે થતા મનના ભ્રમથી. જગત્ અને જગદીશ રૂપે ભગવાન સત્યરૂપ હોવા છતાં તેમાં ભિન્નત્ત્વ ભાસે છે. ૨, ૨૮

४६१ वपुर्नाम शरीरिणां श्रेय उपायनम् । २, ३४

૪૬૧ ‘વ’ એટલે અમૃત, ‘પુ’–પોષે તે વપુ–અર્થાત્ શરીર–એ જીવનાં કલ્યાણ માટે પ્રભુએ આપેલી ભેટ છે. ૨, ૩૮

४६२ अशेषेऽपि शेषः । ३, २५

૪૬૨ **જ્યારે** મહાપ્રલય થાય ત્યારે કાલના વેગથી **સર્વ વસ્તુઓ** દૃશ્યમાંથી **અદૃશ્ય બને,** અને ભૂતાદિ સર્વ તત્ત્વો પ્રધાન તત્ત્વમાં ભળે, **ત્યારે જે બાકી રહે તે શેષ.** સર્વની ઉત્પત્તિ અને લયનું કારણ.* ૩, ૨૫

४६३ सुतपाः तपोयुक्तः, प्रश्निः–प्रश्नपरंपरा×अत एव प्रश्निगर्भः । ३, ३२

---

*સરખાવોઃ–योऽवशिष्येत सोऽस्म्यहम् ।

×સરખાવો : **तद्विद्धि प्रणिपातेन...(गीता)**

૪૬૩ સુતપા અને પ્રશ્નિથી ભગવાન પ્રશ્નિગર્ભ થયા. ૩, ૩૨

આધ્યાત્મ પક્ષમાં

સુતપા–જીતેન્દ્રિય બની તપ કરનાર

પ્રશ્નિ–પ્રશ્ન પરંપરા.

આ બેથી જ્ઞાનસ્વરૂપ પ્રશ્નિગર્ભ પ્રાપ્ત થાય.

४६४ पूर्वावतारौ । ३, ४२

कश्यम् तत्पिबतीति धैर्यम् । अदितिः क्षमा । ताभ्यां संसारविषं वामयतीति वामनः । ३, ४२

૪૬૪ વસુદેવ અને દેવકીના પૂર્વાવતારો. ૩, ૪૨

કશ્ય–ચાબુક જેવાં પ્રવૃત્તિ ધર્મનાં ફળ તેને વિબતિ ન ગણકારે–તે કશ્યપ–નિષ્કામ,

અદિતિ :– अ નહિં दिति ઈર્ષ્યા અથવા ક્રોધ; આદિતિ–કામ ક્રોધાદિનો સદંતર અભાવ. આમ નિષ્કામ વૃત્તિ તથા કામ ક્રોધાદિના સદંતર અભાવથી સંસારનાં વિષને वामयति વમન કરાવે તે વામન.

४६५ माहात्म्यज्ञानपूर्वकः स्नेहो पुष्टिधर्मः । ३, ४९

૪૬૫ માહાત્મ્યજ્ઞાનપૂર્વકનો સ્નેહ એટલે રાગાત્મિકા ભક્તિ–પુષ્ટિ. ૩, ૪૬

સ્નેહ :– ભગવાનને પુત્ર ભાવે જોવાથી. આમ ભગવાન ઉપર સંપૂર્ણ સ્નેહ રાખવા છતાં ભગવાનની મહત્તાની મર્યાદા જરાય ભૂલાય નહિં, એનું નામ રાગાત્મિકા–પુષ્ટિભક્તિ

४६६ वसुदेवेन गोकुले भगवत्स्थापनात् कंसभयनिवृत्तिः। ३, ४५

१ वसुदेवः–शुद्ध आत्मा । २ गोकुलम्–इन्द्रियसमुदायः । ३ कंस-

---

*સરખાવો–**यद्गोपावददितिः शर्म भद्रम् । (मं. भा. गो. का. १५)**

भयम्—अहंकारभयम् । अहंकारभयनिवृत्तिर्जीवस्येन्द्रियेषु भगवत्स्थापनात् ।

૪૬૬ વસુદેવજીએ ભગવાનને ગોકુલમાં પધરાવ્યા તેથી કંસનો ભય દૂર થયો. ૩, ૪૫

અધ્યાત્મ પક્ષમાં :–

જો જીવને અહંકાર સતાવતો હોય તો ભગવાનને ગો– ઈન્દ્રિયો, કુલ–સમુદાય; પ્રત્યેક ઈન્દ્રિયોમાં સ્થાપો. આમ સર્વ ઈન્દ્રિયો ભગવન્મુખી બનતાં અહંકાર નિવૃત્તિ થશે.

४६७ बन्धनमुक्तो वसुदेवः कृष्णवाहत्त्वात् । ३, ४८–५०

१ द्वाः स्थाः—पक्षे इन्द्रियस्थचिच्छक्तयः । सुप्ताः—पक्षे हृतप्रत्ययवृत्तयोऽभूवन् । २ द्वारः पक्षे इन्द्रियाणि, पिहिताः उद्घाटिताः कृष्णाश्रयत्वात्* । ३ शेषः साधनात्मकं छत्रम् ५ भयानकावर्तशताकुला नदी मार्गं ददौ । पक्षे दुष्करो भक्तिमार्गः सरलः संवृत्तः ।

૪૬૭ ભગવાન શ્રીકૃષ્ણને મસ્તક ઉપર પધરાવતાં વસુદેવ બંધનમુક્ત થયા. ૩, ૪૮, ૪૫

અધ્યાત્મ પક્ષમાં–

જ્યારે જીવ (વસુદેવ) ભગવાનને મસ્તકે પધરાવે અર્થાત્, પોતાના આત્મા સાથે સર્વ દેહ વૃત્તિઓ ભગવાનને સમર્પણ (અનન્ય પ્રપત્તિ) કરે તો સંસાર કારાગૃહનાં સર્વ બંધન સ્વયં તૂટે.

૧ દ્વારપાલો ઉંઘી જાય :–ઈન્દ્રિય વૃત્તિઓ શાન્ત થાય. ૨ દ્વાર ઉઘડી જાય–ઈન્દ્રિયનાં દ્વાર ઉઘડી જાય. ૩ શેષ–સાધનમાર્ગ છત્ર ધરે. ૪ ભયાનકદુસ્તર; યમુના–ભક્તિ માર્ગ, સરળ બને સકામ ભક્તિ નિષ્કામ બનતાં માર્ગ આપે.

४६८ बन्धनप्राप्तिर्मायोपादानात् । ३, ५१, ५२

---

*સરખાવો–**भिद्यते हृदयग्रन्थिः...** ।

૪૬૮ *મહામાયાનો સ્વીકાર કરવાથી અને ભગવાનને છોડી દેવાથી ગયેલાં બન્ધનો વસુદેવ-જીવ-ને પાછાં આવે. ૩, ૫૧, ૫૨

४६९ निद्रयापगतस्मृतिः । ३, ५३

परमानन्दप्राप्तित्वात्संसारविस्मृतिः ।

૪૬૯ પુષ્ટિભક્તિ સ્વરૂપા યશોદાજીને પરમાનન્દની પ્રાપ્તિ થતાં, સંસારવિસ્મૃતિ થઇ. ૩, ૫૩

४७० माया नाम भगवद्विलासः । ४, ९

१ अम्बरंगता अष्टभुजायोगरूपा प्रथमा । २ कंसविद्राविणी अपरा ।

૪૭૦ *ભગવાનનો વિલાસ એટલે માયા. ૪,૯

(૧) હૃદયાકાશમાં રહેનાર અષ્ટભુજા–અણિમાદિ આઠ સિદ્ધિ રૂપ ભુજા વાળી. (૨) કંસને અહંકારને–ઓગાળનારી.

४७१ कंसान्वन्तकः सहैव । ४, १२

૪૭૧ અહંકાર પાછળ તેને ઉતારનાર મૃત્યુ પણ (અદૃશ્ય રૂપે) સાથેં જ હોય છે. ૪, ૧૨

४७२ जन्त्ववस्थितिर्नैकत्र दैवाधीनत्वात् । ४, १८

૪૭૨ જીવો દૈવાધીન હોવાથી સર્વદા સાથે રહી શકતા નથી. ૪, ૧૮

४७३ संसृतिरात्मविपर्ययात् । ४, २०

૪૭૩ દેહમાં આત્મબુદ્ધિ થતાં સુખદુઃખાદિ સંસાર ઉત્પન્ન થાય છે. ૪, ૨૦

४७४ न कालदर्शनं पृथग्दृशां शोकादिभिः । ४, २७

---

*સરખાવો–माया नाम विलासेच्छा. (सुबो.)

૪૭૪ શોક મોહ વગેરેથી ભિન્ન થયેલ દષ્ટિવાળાને મૃત્યુનું દર્શન થતું નથી. ૪, ૨૭

૪૭૫ दौर्बल्यं देवानाम् । ४, ३२,–३६

१ समरभीरवः । २ उद्विग्नमनसः । ३ क्षेमशूराः । ४ असंयुगविकत्थनाः । देवाः नाम भाग्यबलेनैव भगवत्कृपया वा सत्तासंपत्तिमन्तः ।

૪૭૫ દેવો બલહીન છે, ૪, ૩૨, ૩૬

કેમકે તેઓ ક્યાં તો ભાગ્યયોગે અથવા ઈશ્વરની કૃપાથી સત્તા અને સંપત્તિવાન થયા હોય છે. તેઓ–(૧) યુદ્ધમાં ડરપોક (૨) (સત્તા અને સંપત્તિના બચાવ માટે) સદાય શોકાતુર (૩) પોતાનુંજ કલ્યાણ કરવામાં શૂરા અને (૪) યુદ્ધ ન હોય ત્યારે બડાશ મારનાર હોય છે.

૪૭૬ रिपुर्बद्धबलोऽचलो रोगवत् । ४, ३८

૪૭૬ જો શત્રુ બળવાન થાય તો તે હઠીલા રોગ જેવો નિશ્ચલ બને છે. ૪, ૩૮

૪૭૭ श्रेयोनाशो महदतिक्रमात् । ४, ४६

आयुः श्रीर्यशोधर्माः श्रेयांसि ।

૪૭૭ મહાપુરુષનાં અપમાનથી આયુષ્ય લક્ષ્મી યશ, ધર્મ અને કલ્યાણ નાશ પામે છે. ૪, ૪૬

૪૭૮ नन्द इति–५, १

मनोवाक्कर्मभिर्नन्दयन् । तद्गृह एव परमानन्दप्राप्तिः । ५, १

૪૭૮ નન્દ એટલે. ૫, ૧

મન વચન અને કર્મથી સર્વને આનંદ આપે તે નન્દ–તેને ત્યાંજ પરમાનન્દ આવે.

४७९ शुद्धिः कालादिभिः । ५, ४

१ कालः । २ स्नानम् । ३ शौचम् । ४ तपः । ५ संस्काराः । ६ यज्ञः ७ दानम् ८ सन्तोषः । ९ अध्यात्मविद्या ।

૪૭૯ શુદ્ધિનાં સાધનો. ૫, ૪

(૧) કાળ (૨) સ્નાન (૩) પવિત્રતા (૪) તપ (૬) યજ્ઞ (૭) દાન (૮) સંતોષ અને (૯) આત્મજ્ઞાન.

४८० व्रजः रमाक्रीडं हरिवासात् । ५, ११, १८

१ व्रजः व्रजभूमिः—पक्षे शरीरम् । व्यापनाद् व्रज उच्यते इति वचनात् । २ रमाक्रीडं लक्ष्मीनिवासम् , पक्षे सर्वसमृद्धिमान् । ३ गोप्यः इन्द्रियवृत्तयः । ४ नन्दालयम्—पक्षे परमानन्दस्थानम् । ५ व्यालोलकुण्डलाः—सांख्ययोगौ कुण्डले । तावविगणय्य । ६ पथिशिखाच्युतमाल्यवर्षाः ।

૪૮૦ ભગવાનના નિવાસથી વ્રજમાં લક્ષ્મીજીએ નિવાસ કર્યો. ૫, ૧૧, ૧૮

અધ્યાત્મપક્ષમાં—

(૧) **व्रज—व्यापनाद्व्रज उच्यते ।** (स्कं० पु०) શરીરમાં આત્મા વ્યાપક હોવાથી વ્રજભૂમિ—(૨) શરીરમાં પરમાત્માનો નિવાસ થતાં તે અનંત ગુણયુક્ત, શ્રીનું સ્થાન બન્યું (૩) ગોપીઓ—ગોપિકાઓ અથવા ઈન્દ્રિય વૃત્તિઓ. (૪) નન્દાલય—પરમાનન્દ સ્થાન. (૫) કાનનાં કુંડલો હાલી ઉઠ્યાં. અથવા ગોપી એટલે પ્રેમલક્ષણા ભક્તિ કુંડલ એટલે સાંખ્ય અને યોગ. પ્રેમલક્ષણા ભક્તિમાં ભગવાનનાં દર્શન વખતે જ્ઞાન અને યોગ સાધન હાલી ઉઠે છે.—જરૂર નથી. (૬) વેણીમાં ગૂંથેલાં ફૂલોથી રસ્તો ભરાઈ ગયો—ભક્તિમાર્ગમાં દેહ અને તેની શોભા કે શણગાર દેહાસક્તિ— સદંતર ભૂલાય તો જ ભગવદ્દર્શન થાય.*

---

*સરખાવો—**देहगेहात्मविस्मृतिः ।**

४८१ सुहृदर्थस्त्रिवर्गोऽर्थाय । ५, २८

૪૮૧ જો મિત્રવર્ગ અથવા કુટુંબ સુખી હોય તો જ ધર્મ, અર્થ અને કામ સુખ આપી શકે. ૫, ૨૮

४८२ न मोहोऽदृष्टनिष्ठस्य । ५, ३०

૪૮૨ ભાગ્યમાં નિષ્ઠા રાખનાર અને તેને આધારે જીવનારને મોહ થતો નથી. ૫, ૩૦

४८३ पूतनेति* ६, २-१४

१ पूतना-राक्षसी, पक्षे-अविद्या २ कंसेन प्रहिता-अहङ्कारप्रेरिता । ३ घोरा-भयङ्करा । ४ बालघातिनी-अज्ञनाशिनी । ५ खेचरी-इन्द्रियव्यापिनी । ६ त्रिगव्यूतिमद्देहवती अविद्या, अस्मिता, रागः, द्वेषः, अभिनिवेशः, स्वरूपविस्मृतिः ।

૪૮૩ પૂતના એટલે-૬, ૨, ૧૪

પૂતનાનાં લક્ષણો-પૂતના-એક રાક્ષસી અથવા (૧) પવિત્રમાં પવિત્રને પણ પોતાના સકંજામાં લે તે અવિદ્યા. (૨) કંસે મોકલેલી, અધ્યાત્મ પક્ષે-અહંકારપ્રેરિત. (૩) ઘોર, (૪) બાલઘાતિની અથવા અજ્ઞાનીનો નાશ કરનારી, (૫) આકાશગામિની અથવા ખ-ઇન્દ્રિયોમાં ફરનારી (૬) છ ગાઉના દેહવાળી. અથવા અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ તથા સ્વરૂપવિસ્મૃતિ વાળી.

४८४ निमीलितेक्षणः पूतनागमात्× ६, ८

૪૮૪ પૂતનાના આવવાથી ભગવાને આંખ બંધ કરી. ૬, ૮

४८५ गोविन्दरतिः व्रजसौरभ्यं च पूतनानाशादेव ६, ४४

---

*સરખાવો-अनित्याशुचिदुःखानात्मसु नित्यसुखात्मख्यातिरविद्या ।
स्थानादीनाद्युपष्टंभात् निस्यंन्दान्निधनादपि ।
काय आधेयाशौचत्वात् पूतनां ह्यशुचिं विदुः ॥ (सु. का.)

×સરખાવો-ध्यानहेयास्तद्वृत्तयः (पा. यो. द.)

૪૮૫ પૂતના-અવિદ્યાના નાશથી જ ભગવાનમાં પ્રેમ થાય તથા દેહમાં સુવાસ ફેલાય.* ૬, ૪૪

પક્ષે-અવિદ્યાની વૃત્તિઓનો, આંખ બંધ કરવાથીજ-વિષયોની ઉપેક્ષા કરવાથીજ નાશ કરી શકાય. પછી જ ભગવત્પ્રેમ સંભૂતિ, અને વ્યાપકત્વ.

४८६ हारमिति मनोहारि भगवन्माला वा । ७, २

सा पंचविधा १ संसारेऽरतिः । २ वितृष्णा । ३ सत्त्वशुद्धिः । ४ हरिभक्तिः । ५ सत्सङ्गः ।

૪૮૬ હાર એટલે મનને હરણ કરનાર અથવા ભગવન્માલા. ૭, ૨

આ માળા પાંચ લક્ષણ વાળી છે. (૧) સંસાર તરફ અભાવ (૨) તૃષ્ણારાહિત્ય (૩) સત્ત્વશુદ્ધિ (૪) હરિભક્તિ અને (૫) સત્સંગ.

४८७ शकटविवर्तनं भगवदंघ्रिघातात्* । ७, ७, ८

१ शकटम्-पक्षे संसारः नानारसभाजनः । २ अंघ्रिपातात् कष्टरूपिणो भगवदनुग्रहात् । ३ व्यत्यस्तचक्रम्-स्त्रीपुरुषात्मके तयोरेकस्य नाशात् द्वितीयस्य व्यत्यस्तत्वम् । ४ तत्फलं-×भगवद्रसात्मकोऽनुग्रहः ।

---

*સરખાવો-**पूतनाश्रुतिः-**

हेति पक्षिणी न दधात्यस्मान् आराष्ट्रायां पदं कृणुते.
अग्निधाने शं नो गोभ्यः पुरुषेभ्यश्चास्तु मा नो हिंसीरिह देवा इति ।
(मं. भा. गो. कां. २१)

×**शकटभंगश्रुतिः-**
पृथुरयो दक्षिणाया अयोज्यैनं देवासो अमृता सो अस्थुः ।
कृष्णादुदस्थादर्या विहायांश्चिकित्सन्ति मानुषाय क्षयाय ।
सं. भा. गो. कां. २०

*१ चित्तोद्वेगं विहायापि (न. र.) २ ददामिबुद्धियोगं तं० (गीता) ३ त्रैवर्गिकायासविघात० (भागवत) ४ यस्याहमनुगृह्णामि० (भागवत)

૪૮૭ ગાડાની નીચે સૂતેલા શ્રીકૃષ્ણે લાત મારતાં ગાડું ઊંધું પડી ગયું. ૭, ૭૮

ભગવાન્ શ્રી કૃષ્ણનાં આ ચરિત્રનું રહસ્ય ખૂબ સુંદર છે. જ્યારે નંદાદિ ગોપ તથા યશોદાજી વગેરે અન્યના સન્માનમાં તથા ભૌતિક ઉત્સવમાં પડી શ્રી કૃષ્ણને ભૂલી ગયાં ત્યારે તેમનું ધ્યાન ખેંચવા શ્રી કૃષ્ણે આ લીલા કરી. તેમાં–૧ ગાડું એટલે સંસાર એનાં બે ચક્રો એટલે પતિ–પત્ની, એમાં જીવનના સર્વ રસો–ખાટો ખારો, તીખો, કડવો, તુરો અને મધુર રસો રહ્યા છે. આ રસો સંસારાભિમુખ હતા. ૨. તેને ભગવાને લાત મારી. કષ્ટદાયી અનુગ્રહ કર્યો. ૩ એ સંસારને ભગવાનની લાત વાગતાં બે માંથી એક ચક્ર સ્ત્રી કે પુરુષ–તૂટી ગયું, બીજું ચક્કર ચક્કર ફરવા લાગ્યું. તેના ફળ રૂપે તેમના જીવનના સર્વ રસ મધુર બની કેવળ ભગવાન તરફ વળ્યા અને ફરતું અશાન્ત ચક્ર આમ ભગવદભિમુખ બનતાં શાન્ત થયું. સરખાવો:–તુલસી મીરાં નરસિંહ વગેરે.

४८८ सफला आशिषः सत्यशीलानाम् । ७, १३

असूयानृतदम्भेर्ष्याहिंसामानविवर्जितानाम् ।

૪૮૮ સત્યશીલની આશિષ સફળ થાય છે. ૭, ૧૩

કારણકે તેઓમાં અસૂયા (બીજાની ચઢતી જોતાં દુ:ખ થાય તે) અસત્ય, દંભ, અદેખાઇ, હિંસા કે અભિમાન હોતાં નથી.

४८९ तृणावर्तो रजोगुणः* । ७, २०–२२

१ स्वयं तृणवन्निःसत्त्वोऽपि अन्यबलेनार्ध्वं नयन् २ सत्तया संपत्त्या च परान् संपीडयन् ३ चक्षूंषि रजसा मुष्णन् ४ तृणावर्तः कामक्रोधरूपः।

---

*સરખાવો–તૃણાવર્તશ્રુતિ

(१) साकं यक्ष्म प्रपतचाषेण...। (मं. भा. गो. कां. २२)
(२) तृणवत्सकलं विश्वमावर्तयति सर्वथा ।
तृणावर्तस्ततः प्रोक्तस्तमादौ प्राहिणोत्ततः ॥ (सुबो.)

૪૮૯ તૃણાવર્ત એટલે કંસે મોકલેલો રાક્ષસ; અધ્યાત્મ પક્ષમાં રજોગુણ. ૭, ૨૦, ૨૦

૧ બીજાનાં બળથી બળવાન બની નિર્બલને પછાડનાર, ૨ સત્તા અને સંપત્તિથી બીજાંને દુઃખ આપનાર, ૩ બીજાની આંખમાં ધૂળ નાખનાર–છેતરનાર, ૪ આખી દુનિયાને નિર્બળ માની ભાડુતી સત્તા અને સંપત્તિથી રંજાડનાર–કામ ક્રોધની મૂર્તિ. (સુબોધિની)

४९० मुखे विश्वदर्शनम्* । ७, ३७

૪૯૦ યશોદાજીએ શ્રીકૃષ્ણના મુખમાં વિશ્વદર્શન કર્યું. ૭, ૩૭

४९१ गर्गः अशुभसंस्कारनिगीरणात् । ८, १

૪૯૧ અશુભસંસ્કારને ઓગાળે તે ગર્ગ–૮, ૧

યાદવોના આચાર્ય

४९२ आकर्षणनिर्वृत्या स्वसत्तया कृष्णः । ८, १३

निस्त्रैगुण्यत्वाच्च ।

---

*સરખાવો–(१) यथा न तोयतो भिन्नास्तरङ्गाफेनबुद्बुदाः ।
परेशान्न तथा भिन्नं विश्वमात्मविनिर्गतम् ॥ (अ.गी.)
(२) यस्यान्तः स्थानि भूतानि येन सर्वमिदं ततम् । (गी.)
(३) पटवच्च । (ब्र. सू.)
पटो यथा तन्तुवितानसंस्थः । (भा.)
(४) इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान् ।
एकं सद्विप्रा बहुधा वदन्ति अग्निं यमं मातरिश्वानमाहुः ॥
(उपनि.)
(५) यत्कृष्णो रूपं कृत्वा प्राविशत्स्वं वनस्पतीन् ।
ततस्त्वामेव कविं शतधा संभरामि सुसंभृता ॥
(मं. भा. गो. का. ७)
(६) आश्चर्यवत्पश्यति कश्चिदेनम् । (गी०)

૪૯૨ પોતાની સ્વતંત્ર સત્તાથી આકર્ષણ કરી આત્યન્તિકી શાન્તિ આપે તે શ્રીકૃષ્ણ, ૮, ૧૩

કારણ કે તે ગુણાતીત છે.

४९३ भगवत्सुखसुखित्वं पुष्टिः। ८, १९

श्रीः कीर्त्यनुभावत्यागेनापि।

૪૯૩ લક્ષ્મી, કીર્તિ અને મહત્તાનો ત્યાગ કરવો પડે તો તે કરીને પણ ભગવાનનાં સુખમાં સુખી થવું એ પુષ્ટિ-ધર્મ. ૮, ૧૯

४९४ आनन्दो वत्साकृष्टत्वात् परमानन्दस्य। ८, २४

वत्सः गोवत्सः—पक्षान्तरे भक्तः।

૪૯૪ વાછરડાંને-ભક્તોને-અનુસરવામાં કૃષ્ણનો-પરમાનન્દનો આનંદ છે. ૮, ૨૪

४९५ कृष्णचौर्यमनुग्रह एव*। ८, २९

१ वत्सान् मुञ्चन् असमये। वत्सान्—पक्षे भक्तान्। असमये—देशकालपात्राणि अविगणय्य। अजामिलवत्। २ क्रोशसञ्जातहासः। विपत्प्रदानं मनसः सन्निकर्षार्थम्। तस्मिन् भक्ताक्रोशोऽज्ञानात्। भगवतः भक्ताकर्षणे आनन्दः। ३ गोरसाः इन्द्रियरसाः। ४ कल्पितैः स्तेययोगैः—स्वतन्त्राज्ञातमार्गैः। ५ मर्कटान्—चंचलानि मनांसि। ६ यात्युपक्रोश्य तोकान् —विपदं प्रसादत्वेन न गणयतामज्ञानां त्यागः। ७ अनुग्रहफलम्—गृह—कृत्येषु सुव्यग्रचित्तत्वम्।

---

*સરખાવો-देशकालादिवाधको भगवद्धर्मः-पुष्टिः॥

×શ્રીકૃષ્ણની માખણચોરી : अवस्यवस्यवेषणे...। (मं. भा. गो. कां. २५)

ગોપીઓની યશોદાને ફરિયાદ : अयं रोचयद्रुचानो। (मं. भा. गो.कां.२७)

૪૯૫ ભગવાન શ્રીકૃષ્ણની ચોરી એ જ અનુગ્રહલીલા. ૮, ૨૯

૧ કસમયે વાછરડાંને છોડી મૂકે છે. અથવા,

अ. વત્સ–વાછરડાં અથવા પ્રિય ભક્તો, અથવા જેમના ઉપર ભગવાન કૃપા કરવા ઇચ્છતા હોય તેને–

ब. અસમયે–કવેળા, અથવા દેશ કાલ કે પાત્રતાનો વિચાર કર્યા વિના પણ મુક્ત કરે છે, જેમ કે અજામિલ.

૨ વત્સ–વાછરડું અથવા ભક્ત આક્રંદ કરે ત્યારે ભગવાન હસે છે. ભક્તના મનનું પોતાના તરફ આકર્ષણ વિપત્તિ વિના ન થાય. વિપત્તિ એ અનુગ્રહ છે, તે વખતે ભક્ત અજ્ઞાનથી એનું શુભ પરિણામ જાણતો ન હોવાથી રડે છે, જ્યારે ભગવાન ભક્ત ઉપર અનુગ્રહ કર્યાનો આનંદ મેળવે છે. અને તેથી હસે છે.

૩ ગોરસ–દૂધ દહિં માખણ વગેરે. અથવા ગો એટલે ઇન્દ્રિયો તેનો રસ. ભક્તના આ રસોની ભગવાન ચોરી કરે છે. તેથી અજ્ઞાત રીતે ભક્તની વિષયાભિમુખી વૃત્તિઓ ઇશ્વરાભિમુખી બને છે.

૪ સ્વતંત્ર અજ્ઞાતમાર્ગથી અજામિલ જેવાને નામના બહાના હેઠળ, તુલસીદાસને રત્નાના વચનને બહાને, રામદાસને 'સાવધાન' શબ્દથી મહાન્ બનાવ્યા.

૫ માંકડાને–ચંચળ મનને–પોષે છે.

૬ બાળકોને રડાવીને જાય છે. બીજા પક્ષમાં વિપત્તિને પ્રસાદ તરીકે ન ગણનાર અજ્ઞાનીઓને રડાવે છે. આ છે ભગવાનની ચોરી. તેનું ફળ,–

૭ ઘરનાં કામમાં–વ્યવહારમાં–કૃષ્ણાસક્તિને લીધે વ્યગ્રતા.

४९६ संसर्गदोषनाशो माहात्म्यप्रकाशो मृद्भक्षणात् । ८,३२–३७

१ व्रजमृत्तिकया भगवतो भक्तानां च चरणामृतेन संसर्गदोषनाशः अत एव भगवत्सेवायां स्वपापनिवृत्त्यर्थं चरणामृतस्य प्रथमः संप्रयोगः* ।

૪૯૬ માટી ખાઇને ભગવાને માહાત્મ્યનો પ્રકાશ કર્યો અને સંસર્ગદોષનો નાશ કર્યો. ૮, ૩૨, ૩૭

૧. સંસર્ગદોષનાશ—પૂતના—અવિદ્યા—ના સંસર્ગમાત્રથી અપવિત્ર થયેલાં શરીરનું તથા એ પૂતનાના પયઃપાન દ્વારા પોતાના ઉદરમાં આવેલા જીવોનો ઉદ્ધાર, ભગવાને પોતાની તથા ભક્તોની ચરણરજ મુખમાં મૂકીને કર્યો. એટલા માટે જ સ્નાન કરી પુષ્ટિ ભક્તો સૌ પ્રથમ સેવાના અધિકાર માટે વ્રજરજ—ભક્તો અને ભગવાનના ચરણની રજ મુખમાં મૂકે છે.

૨ પોતાનું મુખ ખુલ્લું કરવાથી વિશ્વદર્શન દ્વારા પોતાના માહાત્મ્યનો પ્રકાશ.

४९७ प्रेम्णा धारणया च भगवत्प्राप्तिः ८, ४८

द्रोणः प्रेमपात्रम्, धराधारणा । तावेव यशोदानन्दौ ।

૪૯૭ ભગવત્પ્રેમ અને ધારણાથી ભગવત્પ્રાપ્તિ. ૮, ૪૮

દ્રોણ—એ નામના વસુ અથવા ભગવાનના પ્રેમનું પાત્ર.
ધરા :— દ્રોણની સ્ત્રી અથવા ધારણા તે બન્ને નન્દ અને યશોદા.

४९८ सर्वतन्त्रस्वतन्त्रोऽपि भक्तपरतन्त्र उलूखलबन्धनात् ।
९, १–१९

१ यशोदा नन्दगेहिनी पुष्टिभक्तिः । २ रोहिणी दया, ‘दया सा रोहिणीमाता’ । रोहं—रोदुम् इच्छतीति रोहिणी—निष्कामवृत्तिः । (कृ. उ.), ३ गृहदास्यः देहवृत्तयः, तासां दूरीकरणम् । ४ कुण्डले सांख्ययोगौ । ५

---

*સરખાવો—देवोभूत्वा देवान् यजेत् ।
उनुते महिम्नः समस्यास्मत् (मं. भा. गो. कां. ३०)

कङ्कणौ विधिनिषेधात्मकं कर्म । ६ कबरम् उपनिषद्, सर्वेषां कम्पः । ७ लौकिकासक्त्यालौकिकत्यागात् रोषदर्शनं भाण्डभेदात् । ८ तत्रापि भक्तहृदयरूपनवनीतपिण्डधारणं स्वहस्त एव । ९ साधनरूपा यष्टिः, तत्त्याग एव भगवद्वशित्वे परं साधनम् 'न वेदयज्ञाध्ययनैर्न दानै'रिति वचनात् । १० सात्त्विकं प्रेमबन्धनम् । ११ तदपि द्व्यंगुलं न्यूनमहंताममतारूपत्वात् १२ स्ववशोऽपि भक्तवश्यः भक्तपरिश्रमदर्शनकातरत्वादनुग्रहाच्च ।*

૪૯૮ ખાણીયા સાથે બંધનની લીલાથી સર્વતંત્ર-સ્વતંત્ર ભગવાન, ભક્તપરતંત્ર બને છે. ૧, ૧૯

(૧) યશોદા, અથવા પુષ્ટિભક્તિ. (૨) રોહિણી–અથવા દયા. (૩) ઘરની દાસીઓ અથવા દેહની વૃત્તિઓને દૂર કરીને (૪) કુંડલ-જ્ઞાન અને યોગ (૫) કંકણ–વિધિનિષેધાત્મક કર્મ (૭) એક વખત માતા યશોદા (પુષ્ટિભક્તિ) એ બધી દાસીઓને–ઇન્દ્રિય વૃત્તિઓને દૂર કરી રોહિણી–નિષ્કામ વૃતિ–સાથે દધિમંથન કરવા માંડયું ત્યારે કુંડલ–જ્ઞાન અને યોગ–તથા કંકણ–વિધિનિષેધાત્મક કર્મ–હાલી ઉઠયાં, એ વખતે અલૌકિક ભગવાને પાલવ પકડયો. અને દધિમન્થન અટકાવ્યું.[1] [2] માતા સ્તનપાન–પોષણ કરાવવા લાગી. એટલામાં દૂધ ઉભરાતું જોઇ માતાએ લૌકિક પદાર્થને વહાલો ગણી અલૌકિક કૃષ્ણનો ત્યાગ કર્યો ધન, યશ, પુત્ર વગેરે માટે અલૌકિક પરમાત્માનો ત્યાગ કરવામાં આવે ત્યારે પ્રભુ ગુસ્સે થાય છે. તેમણે ગોળી ફોડી નાંખી અને (૮) ભક્તહૃદય રૂપ માખણનો પિંડ પોતાના હાથમાં ધર્યો. નવનીતપ્રિયજી બન્યા. માતાએ આવીને આ જોયું–ભગવાનને વશ કરવા–વ્રત, જપ, તપ વગેરે વગેરે સાધનો–રૂપે

***(१) यत्र मन्थां विबध्नते रश्मीन् ।**

ता नो अद्य वनस्पती । (मं. भा. गो. का. २८, २९)

(२) भगवता मन्थननिषेधः । कथमिति चेत्–

ग्रन्थमभ्यस्य मेधावी ज्ञानविज्ञानतत्परः ।

पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः ॥

લાકડી લીધી. છતાં ભગવાન પકડાયા નહિં. (૯) લાકડીનો–સાધનોનો ત્યાગ કર્યો. ભક્તિમાર્ગમાં સર્વ સકામ સાધનનો ત્યાગ અને દૈન્ય આ બે મહાસાધન. યશોદાજીએ લાકડી ફેંકી દીધી (૧૦) ભગવાન પકડાયા.[1] ત્યારે સાત્વિક ગર્વાંશ ને લીધે ભગવાનને બાંધવાનો વિચાર કર્યો–દોરડી આણી–सात्त्विकं प्रेमबन्धनम् । પણ ભગવાન બંધાયા નહિં. (૧૧) જ્યારે માતાનાં મુખ ઉપર સંપૂર્ણ દૈન્ય આવતાં અહંતા અને મમતાના બે આંગળ ટૂંકી[2] પડેલી દોરડી સ્વયં લાંબી થઇ. અને (૧૨) સર્વતંત્રસ્વતંત્ર ભગવાન ભક્તપરતંત્ર બન્યા.

४९९ नलकूबरमणिग्रीवौ । ९, २३

૪૯૯ નલકૂબર અને મણિગ્રીવ–કુબેરના બે પુત્રો.

५०० बुद्धिभ्रंशो रजोगुणः श्रीमदादाभिजात्याच्च । ११–८

१ यत्र स्त्रीद्यूतमासवः । २ तदञ्जनं दारिद्र्यमेव ।

૫૦૦ લક્ષ્મી અને કુળના અભિમાનથી રજોગુણ ઉત્પન્ન થાય છે. ૧૧, ૮

એનું પરિણામ સ્ત્રીસંગ, જુગાર અને મદિરા. ઉપદેશથી એ ન સુધરે. (૨) દ્રવ્યનો અભાવ એજ એને સુધારવાનો ઉપાય.

५०१ देहः साधारणत्वान्नात्मनोऽपि । ११, १२

૫૦૧ માનવજીવન એટલે સાર્વજનિક મિલ્કત. ૧૧, ૧૨

પોતાને માટે જીવે એ માનવ નહિં. પોતાના સિવાય સર્વને માટે જીવે એ માનવ.

५०२ जीवसाम्यं कण्टकविद्धाङ्गवत् १०, १४

૫૦૨ પોતાને કાંટો વાગવાથી જેવી પીડા થાય, તેવી બધાંને થાય, એવો ભાવ, એટલે સમદૃષ્ટિ. ૧૦, ૧૪

---

*(१) भक्त्यात्वनन्यया ग्राह्यः (गी.)

(२) अत्यतिष्ठद्दशांगुलम् (यजु.)

५०३ ईश साधनप्रयुक्तानीन्द्रियाणि मुक्तये संसिद्ध्यै १०,३८

१ वाणी गुणकथने । २ श्रवणौ कथायाम् । ३ हस्तौ–पादौ सेवायाम् । ४ मनः–स्मृतौ । ५ शिरः–प्रणामे ।

૫૦૩ જો ઇન્દ્રિયોનો વિનિયોગ, ઈશ્વરપ્રાપ્તિનાં જુદાં જુદાં સાધનોમાં કરવામાં આવે તો તે મુક્તિદાતા બને છે. ૧૦, ૩૮ માટે–

(૧) વાણીને ભગવાનના ગુણકથનમાં (૨) કાનને કથાશ્રવણમાં (૩) હાથ પગ ભગવાનની સેવામાં (૪) મન–ભગવાનનાં સ્મરણમાં, અને (૫) મસ્તક–ભગવાનને પ્રણામ કરવામાં વાપરવાં.

५०४ साधुदर्शनाद् बन्धनाभावः । १० ४१

समचित्ताः भगवत्कृतात्मनः साधवः ।

૫૦૪ સત્પુરુષોનાં દર્શનથી બંધનો દૂર થાય છે. ૧૧, ૪૧

કારણ કે સત્પુરુષો સમાનચિત્તવાળા ભગવાનમાંજ આત્મસમર્પણ કરનાર હોય છે.

५०५ वत्सबकौ वञ्चकावुभावेव । ११, ४२, ४८

१ बहिर्नम्रः अन्त उग्रः वत्सासुरः । २ बके विशेषः । उपरिस्थिता चञ्चूरसत्यम् । अधः स्थिता चञ्चूर्लोभः । लोभमसत्येनावृण्वन् दम्भरूपो बकासुरः ।

૫૦૫ વત્સાસુર અને બકાસુર બન્ને વંચક છે. ૧૧, ૪૨, ૪૮

(૧) વત્સાસુર એટલે બહારથી નમ્ર અને અંદરખાને ઉગ્ર સ્વભાવવાળો

(૨) બકાસુર–બગલા જેવો અસુર અથવા દંભ–વંચકવૃત્તિ. બહારથી સફેદ અને શાન્ત, પણ માછલું પગ પાસે આવતાં ઉગ્ર, તેનું સાધન–ચાંચ. ઉપરની પહોળી ચાંચ એ અસત્ય, નીચેની સાંકડી ચાંચ એ લોભ. દંભનો સ્વભાવ લોભને અસત્યથી ઢાંકવાનો છે.

५०६ त्रिविधं कृष्णचरितम् अध्यात्मभक्तिसामान्यभावतः* ।
१२, ११

१ सतां ब्रह्मसुखानुभूतिदम् । २ भक्तानां परदैवतम् । ३ मायाश्रितानां लोकोत्तरमहापुरुषत्वम् । सर्वेऽपि पुण्यभाजः ।

---

*સરખાવો–धन्यं तव यशः कृष्ण मन्यन्ते श्रुतिवित्तमाः ।
गायन्तस्तव चौर्याणि नमन्ति च पदे पदे ॥
मनुष्यत्वं वर्णयन्तः शंसन्ति परमं पदम् ।
वासुदेवमभिख्यायन् सर्वात्मत्वं प्रचक्षते ॥
गोपगोपीश्रुतो नादः सोऽपूर्वोऽनुग्रहः स्मृतः ।
कपटं लौकिकदृष्ट्या ब्रह्मत्वं तेन लभ्यते ॥
गायन्तस्तव बाल्यानि चरितानि परात्मनः ।
रासक्रीडां वर्णयन्तः सिद्धसिद्धिं प्रचक्षते ॥
स्त्रैणत्वं वर्णयन्तो ये आप्तकामं ब्रुवन्ति ते ।
भीरुत्वं वर्णयन्तोऽपि ब्रुवन्ति बलसागरम् ॥
संसारिणं वर्णयतां दृष्ट्या योगेश्वरः प्रभुः ।
द्विभुजो मुरलीवाद्य एकबाहुर्गिरीन्द्रधृक् ।
उत्पातान् ख्यापयन्तो त्वां वदन्ति परमंगलम् ॥
सखित्वेऽपि च दासत्वं महित्वे मानदो भवान् ।
यथेष्टाचारसंहारविहारोऽपि जगद्गुरूः ॥
दोषाकरं ख्यापयन्तो वदन्ति गुणवारिधिम् ।
दोषाकरोऽपि कुटिलोऽपि कलंकितोऽपि ।
नाथ त्वमेव मम जीवनकर्णधारः ।
एकान्वयोऽपि भगवन्नुभयान्वयी त्वम्
ध्यानं सदैव भवतात् चलमानसे मे ॥
(विश्वनाथ चक्रवर्ती)

૫૦૬ ભગવાન્ શ્રીકૃષ્ણનું ચરિત્ર* ૩ પ્રકારનું છે. ૧૨, ૧૧

૧. આધ્યાત્મ દૃષ્ટિએ સત્પુરુષોને બ્રહ્મસુખની અનુભૂતિ કરાવનાર, ૨. ભક્તિની દૃષ્ટિએ ભક્તોનું પરમ દૈવત, ૩. માયામાં રહેલા જીવો માટે લોકોત્તર મહાપુરુષ તરીકે. આ ત્રણમાંથી કોઇ પણ પ્રકારે ઉપાસના કરનાર પુણ્યશાળી છે.

५०७ पापशरीरोऽघासुरः । १२, १३-२३

१ कंसानुशिष्टः-अभिमानप्रयुक्तः । २ बकीबकानुजः—वञ्चकवृत्त्यनुगः । ३ धराधरोष्ठोजलदोत्तरोष्टः—व्यापकः । ४ ध्वान्तान्तरास्यः—अन्तोऽन्धकारमयः । ५ दावोष्णखरवातः पीडाप्रदः । ६ दुर्गन्धः—पुरस्तादेव परिणामं ख्यापयन् ।

---

* શાસ્ત્રજ્ઞ વિદ્વાનો, હે કૃષ્ણ! આપનાં ચારિત્રને ધન્ય માને છે. તમારી ચોરી લીલાનાં ગાન કરી દરેક ડગલે વંદન કરે છે. જે માણસો આપને મહામાનવ તરીકે ઓળખે છે, તે આપની પૂર્ણ માનવતાની પ્રશંસા કરે છે. વાસુદેવ તરીકે ઓળખનારા આપને સર્વાન્તર્યામી માને છે. ગોપ અને ગોપિકાઓએ જે વેણુનાદ સાંભળ્યો, તેને અદ્ભુત અનુગ્રહ માને છે. લોકદૃષ્ટિએ દેખાતાં આપનાં કપટથી બ્રહ્મત્વની પ્રાપ્તિ થાય છે. આપની રાસક્રીડાને સિદ્ધોની પણ સિદ્ધિ તરીકે જુએ છે. જ્યાં આપનું સ્ત્રીવશપણું છે, તેમાં સંપૂર્ણ કામ વિજય–વાસનાવિજય છે. ડરપોક તરીકેનું વર્ણન કરનાર આપને બળસાગર કહે છે. આપ સંસારી હોવા છતાં યોગેશ્વર છો. આપ જ્યારે બે હાથથી મુરલીવાદન કરો છો, ત્યારે તેજ બાલ્યાવસ્થામાં એક હાથે ગિરિધારી પણ છો. આપના ઉત્પાતોમાં પણ પરમમંગલ છે. આપ મિત્ર હોવા છતાં દાસ, અને મહાન્ હોવા છતાં માન આપનાર છો. ઇચ્છાપૂર્વકનો સંહાર અને વિહાર કરનાર હોવા છતાં જગદ્ગુરુ છો. આપના દોષ જોનારા પણ આપને ગુણસાગર કહે છે.

આપ ભલે દોષના ભંડાર હો, કુટિલ હો કે કલંકિત હો, પણ મારા તો જીવનનૈયાના નાવિક છો, આપ એકાન્વયી છતાં ઉભયાન્વયી છો. મારા ચંચલ મનમાં સદાય આપનું ધ્યાન રહો. (વિશ્વનાથ ચક્રવર્તી)

૫૦૭ અઘાસુર-કંસે મોકલેલો રાક્ષસ અથવા અઘ–પાપરૂપી રાક્ષસ.* ૧૨, ૧૩, ૨૩

તેનાં લક્ષણ.–૧ કંસે મોકલેલો–અભિમાનથી પ્રેરિત ૨ પૂતના અને બકાસુરનો નાનો ભાઈ, અથવા અવિદ્યા અને દંભને અનુસરનાર. અવિદ્યા અને દંભ પછી જ પાપનો પ્રવેશ થાય છે ૩. વ્યાપક ૪. અંદરથી અંધકારમય. ૫. અજગરના શરીરવાળો–પક્ષે માણસને ગળી જનાર. દાવાનળ જેવા પવન વાળો ૬. દુર્ગન્ધવાળો ગભરાટ કરાવનાર. આગળથી પરિણામ જણાવનાર.

५०८ तन्निरोधो भगवत्प्रवेशात् । १२, २८

૫૦૮ ભગવાનના પ્રવેશથી જ પાપ અટકે. ૧૨, ૨૮

५०९ निरुद्धमार्गो । पापस्य मार्गनिरोधादेव नाशः । १२, ३१

૫૦૯ પાપના માર્ગને અટકાવવાથી જ પાપનો નાશ થાય છે. ૧૨, ૩૧

५१० आजगरं चर्म बभूवाक्रीडगह्वरम् । १२, ३६

शुष्कं कर्माशयमबन्धायः× ।

૫૧૦ પાપરૂપી અજગરનું ચામડું રમત માટે કામ લાગ્યું. ૧૨, ૩૬

પક્ષે–પાપ ચાલ્યું જતાં કર્મ શુષ્ક બને છે. પછી તેનું બન્ધન રહેતું નથી.

५११ निसर्गरूपा साधुवार्ता सतां सारभृताम् । १३, २

૫૧૧ સાર ગ્રહણ કરનાર સત્પુરુષો ભગવાન અને ભગવદીયની વાર્તાને નિત્ય નૂતન દૃષ્ટિથી સાંભળે છે. ૧૩, ૨

---

*સરખાવો:–અઘાસુરનાશ–अजोनक्षांद्राधार० (मं. भा. वृ. कां. २९)

×સરખાવો–**भर्जिताः क्वथिता धाना प्रायो बीजाय नेष्यते ।**

८१२ गोवत्सरक्षार्थं सपाणिकवलो गोपालः । १३, १४

૫૧૨ શ્રીકૃષ્ણ હાથમાં દહિં ભાતનો કોળીયો મુખમાં ન મુકતાં (બ્રહ્માએ હરેલી) ગાય તથા વાછરડાંની–રક્ષા માટે દોડયા. માટે તે ગોપાલ કહેવાયા. ૧૩, ૧૪

५१३ सर्वस्वरूपः*कृष्णः सर्वं विष्णुमयं गिरोऽङ्गवत् । १३, १९-३९

૫૧૩ વાણી અને અર્થની માફક, સર્વસ્વરૂપ શ્રીકૃષ્ણ સર્વમાં વિષ્ણુસ્વરૂપે વ્યાપક છે. ૧૩, ૧૯, ૩૯

५१४ विमोहो विश्वमोहनः कृष्णः । १३, ४४

૪૧૪ જાતે નિર્મોહ રહી વિશ્વને મુગ્ધ કરે, તે કૃષ્ણ. ૧૩, ૪૪

५१५ ध्वस्तकालस्वभावसंस्कारभावकर्मगुणमहित्वं विभुत्वम् । १३, ४३

सत्यज्ञानानन्दरसमूर्तित्वात् ।

૪૧૫ ભગવાન, બીજાના કાલ, સ્વભાવ, સંસ્કાર, ભાવના, કર્મ, જ્ઞાન અને ગુણનું પોતાનામાં તિરોધાન કરે છે માટે તે વિભુ છે. ૧૩, ૫૩

કારણ કે તેઓ સત્ય, જ્ઞાન અને આનન્દની મૂર્તિ છે.

८१६ फलं अजितावासाद् विष्णुदर्शनाच्च । १३, ६०

१ निसर्गवैरशान्तिः मैत्री च । २ रुट्तर्षकादिनाशः ।

૫૧૬ સર્વવ્યાપક વિષ્ણુદર્શનનું ફળ: ૧૩, ૬૦

(૧) કુદરતી વેરની શાન્તિ (૨) ભૂખ તરસનો નાશ.

---

*સરખાવો–**वागर्थाविव संप्रक्तौ०** (रघुवंश)

गिरा अरथ जलबीचि सम...(गो. तुलसीदास)

५१७ माधुर्यगुणात् ईड्यः । १४, १

१ तडिदम्बरः गुणातीतोऽपि २ गुंजावतंसः—साकारः । ३ पिच्छलसन्मुखः—अंगसंगरहितप्रेमधारकः

૫૧૭ ભગવાન્ માધુર્યગુણને લીધે પ્રશસ્ય છે. ૧૪,૧

(૧) વિદ્યુતવાળાં આકાશ જેવાં વસ્ત્રવાળા.—ગુણાતીત (૨) ગુંજામાલા ધારણ કરનાર. સાકાર બ્રહ્મસ્વરૂપ (૩) મયૂરપિચ્છ ધારણ કરનાર મોરમાં અંગસંગ વગરનો પ્રેમ છે, તેવા પ્રેમને ધારણ કરનાર.

५१८ स एव मोक्षाधिकारी । १४, ८

१ भगवत्कृपां समीक्षमाणः । २ आत्मकृतं विपाकं भुञ्जन् । ३ हृद्वाग्वपुषा, नमस्कुर्वन् ।

૫૧૮ તે માણસ મોક્ષાધિકારી છે. ૧૪, ૮

કે જે (૧) ભગવત્કૃપા જુએ (૨) પોતાનાં કરેલાં કર્મનું સારૂં નરસું ફળ આનંદથી ભોગવે (૩) તથા હૃદય, વાણી અને શરીરથી સર્વને નમે.

५१९ नारायणइति । १४, १४

नरभूजलायनात् सर्वदेहिनामात्मत्वाद् अखिललोकसाक्षित्वात् नारायणः । १४, १४

૫૧૯ નારાયણ એટલે. ૧૪, ૧૪

(૧) જડ–ચેતન સર્વના અન્તિમ સ્થાન રૂપ (૨) દરેક પ્રાણીના આત્મારૂપ, તથા (૩) સર્વ લોકના સાક્ષી રૂપ હોય, તે નારાયણ.

५२० अमितमद्वयं ब्रह्म । १४, १८

१ एकमेव·निमित्तोपादानकारणत्वात् । २ मध्ये विवर्तत्वात् । ३ अन्तेऽद्वयत्वेन शेषत्वाच्च ।

૫૨૦ બ્રહ્મ અમાપ અને એક જ છે. ૧૪, ૧૮

નિમિત્ત અને ઉપાદાન કારણ એક જ હોવાથી, (અભિન્નનિમિત્તોપાદાન) (૨) મધ્ય દશામાં પાણી અને તરંગની માફક જૂદું દેખાવા છતાં એક હોવાથી (૩) અન્તે લય પછી પણ શેષ તરીકે રહેવાથી.

५२१ असदपि सदिवाभासं जगत् । १४, २२

१ स्वप्नाभम् । २ अस्तधिषणम् ३ अप्रत्ययम् परिवर्तनशीलत्वात् । ४ पुरुदुःखदुःखम् ।

૫૨૧ આ જગત્ અસત્ય છતાં સત્ય જેવું ભાસે છે. ૧૪, ૨૨ તે

(૧) સ્વપ્ન જેવું (૨) પ્રતિભારહિત, (૩) જેના ઉપર વિશ્વાસ ન રખાય તેવું (૪) પરિવર્તનશીલ (–ફેરફાર વાળું) છે, માટે (૫) ઘણાં દુઃખનું સ્થાન છે.

५२२ प्रियत्वं देहात्मनोः । १४, ५०–५३

१ देहात्मवादिनां प्रियतमो देहः सर्वं तदनु । २ आत्मवादिनां ममताभाग् देहः नात्मवत् प्रियः ।

૫૨૨ વહાલું કોણ ? શરીર કે આત્મા ? ૧૪, ૫૦, ૫૩

(૧) શરીરને જ આત્મા માનનારને સૌથી પ્રિય દેહ હોય છે.

(૨) આત્માને દેહથી જૂદો માનનારને દેહ ઉપર મમતા હોય, પણ તે દેહ આત્મા જેટલો પ્રિય નહિં. જ્યારે રોગથી દેહ બહુ દુઃખી થાય છે, ત્યારે એને દેહની મમતા રહેતી નથી. આપઘાત કરે છે. કષ્ટ સહન કરી શકતો નથી, એથી સમજાય છે કે દેહ કરતાં પણ આત્મા પ્રિય છે.

५२३ वृन्दावन श्रीमत् रसर्द्धिमत् च । १५, ९

१ श्रीमत्—सतां निसर्गस्तरुभ्रमरमयूरहरिणकोकिलैः । वृक्षाः—तमोऽपहत्यै जितासनयोगिवत् । अलिः कीर्तनपरायणः । मयूरः नर्तनभक्तः । मृगः—श्रवणपरायणः । कोकिलः—संगीतपरायणः ।

२ रसर्द्धिमत्—चकोरे—शृङ्गारः । क्रौंचे—करुणः । भारद्वाजे अद्भुतः । बर्हिणि हास्यरसः । व्याघ्रे—रौद्रः । सिंहेः—भयानकः । सर्वरसत्वात् 'रसो वै सः' इति श्रुतेः ।

૫૨૩ ભગવાનના નિવાસને લીધે વૃન્દાવન શ્રીમાન્ અને રસસમૃદ્ધિવાન બન્યું. ૧૫, ૯

(૧) શ્રીમાન્ શા માટે? વૃક્ષો—અંતરના તાપને દૂર કરવા જીતાસન બની બેઠેલા યોગી જેવાં, ભ્રમર—કીર્તન પરાયણ ભક્તો જેવા, મયૂર—નર્તન ભક્તો જેવા, મૃગ—શ્રવણભક્તો જેવા, કોયલ—સંગીત ભકતો જેવા.

(૨) રસસંપત્તિમાન્ શા માટે? ચકોરમાં શૃંગારરસ, ક્રૌંચમાં કરુણરસ, ભરદ્વાજમાં અદ્ભુતરસ, મોરમાં હાસ્યરસ, વાઘમાં રૌદ્રરસ, સિંહમાં ભયાનકરસ.

આ સર્વ જડ ચૈતન્યમયી સૃષ્ટિ શ્રી કૃષ્ણમાં એકરસ બની. કારણ કે તે रसो वै सः હતા.

५२४ तालवने धेनुकासुरनाशो बलेनैव १५, २१

१ तालवनं मदनिर्जरः संसारः । तत्र प्रवेष्टुमिच्छतां गोपानां—भक्तानांरक्षणार्थमेव सबलस्य कृष्णस्य प्रवेशः ।

२ **धेनुकासुरनाशः**—धेनुकासुरः—पक्षे धेनुः गौः इन्द्रियाणि, कं सुखं देहाध्यासः—सकामभावः । तल्लक्षणानि १ स्वयं पतन् अन्यान् पातयन् २ पराक्स्थितिः ३ अपरपद्भ्यां प्रहारः कामक्रोधाभ्याम् । ४ उपक्रोष्टा । ५ खररूपश्च ६ स्वभावेऽपि । ७ कदन्नमुपभुंजन् ८ परार्थमेव भारं वहन् ९ स्नातोऽपि भस्मलुण्ठकः । विदन्ति मर्त्याः प्रायेण

विषयान् पदमापदाम्। तथापि भुञ्जते कृष्ण तत्कथं श्वखराजवत् ×(११, १३, ८) इति वचनात्।

३ बलेन—पक्षे भद्रात्मबलेन अक्षरब्रह्मत्वात् तन्नाश*

૫૨૪ તાલવનમાં ધેનુકાસુરનો બળરામ દ્વારા નાશ થયો. ૧૫, ૨૧

(૧) તાલવન–

એટલે તાડનું વન અથવા મદ–ઝરતો સંસાર, તેમાં પ્રવેશ કરવા ઇચ્છતા ગોપબાળકોનાં રક્ષણ માટે જ બળરામ સહિત શ્રી કૃષ્ણે પ્રવેશ કર્યો, અને–

૨ ધેનુકાસુરઃ–

ધેનુક નામનો રાક્ષસ. પક્ષે ધેનુ–ગો–ઈન્દ્રિયો તેને ક એટલે મોહજન્ય સુખ આપનાર દેહાધ્યાસ–તેનાં લક્ષણો, (૧) જાતે પડે અને બીજાને પાડે, (૨) અવળીવૃત્તિ, (૩) પાછલા બે પગ–કામ અને ક્રોધથી પ્રહાર, અથવા ભરોસા વગરના શરીર ધર્મ વાળો. (૪) ભૂંકનારો આનંદમાંય ભૂંકે અને શોકમાંય ભૂંકે–જેના બોલવાની કિંમત નહિં. (૫) ઓછું ખાવું અને કામ વધારે કરવું એ ગધેડાંના સ્વરૂપવાળો, (૬) સ્વભાવમાં પણ ગધેડા જેવો (૭) ઉકરડા ચાટનારો, (૮) પારકાને માટે જ ભારવહન કરનાર (૯) સ્નાન કરીને પણ રાખમાં–વિષયોમાં આળોટનાર. ધેનુકાસુર એટલે દેહજ આત્મા છે એવું માનવું તે દેહાધ્યાસ. એનો નાશ બળરામથી–પક્ષે–ભદ્ર આત્મબળથી જ થાય. કારણ કે બળરામજી અક્ષરબ્રહ્મ છે.

५२५ कालिन्दीविषनाशो गोबिन्दानुग्रहात्। १९, ४७–५२

१ कालिन्दी यमुना, पक्षे कलिं द्यतीति कलिन्दः तस्येयं कालिन्दी–

---

*'समिन्द्रगर्दभं मृणनुवं' (मं. भा. वृ. कां. ६)

×व्याधिस्त्यानसंशयालस्याविरतिभ्रान्तिदर्शनचित्तविक्षेपास्तेऽन्तराया इति योगसूत्रवचनाच्च।

कलिक्लेशशमना । तुर्यप्रियासेवात्मिका भक्तिः । २ कलिक्लेशनाशो भगवदनुग्रहात् ।

૫૨૫ ભગવાનના અનુગ્રહથી યમુનાજીનાં વિષનો નાશ થયો. ૧૫, ૪૯, ૫૨

(૧) કાલિન્દી–યમુના અથવા કલિ–કામ ક્રોધ મોહથી ઉત્પન્ન થનાર કલેશ–તેને કાપે તે કાલિન્દી. યમુનાજી ચતુર્થપ્રિયા સેવા સ્વરૂપા ભક્તિ ૨ કલેશનો નાશ ભગવાનની કૃપાથી જ થાય.

५२६ कालिय इति । १६, ४–३०

१ कालियोमहासर्पः पक्षे इन्द्रियाध्यासः २ शतैकशीर्षः वासनामयत्वात् । ३ निर्विषत्वमस्य भगवच्चरण धारणात् ।

૫૨૬ કાલિય એટલે–૧૬, ૪–૩૦

કાલિય–મહાસર્પ અથવા ઈન્દ્રિયાધ્યાસ અનેક વાસનાં તેનાં મસ્તકો. જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય, તથા મન આમ ૧૧ ઈન્દ્રિયોથી સેંકડો મસ્તકવાળો, સર્વ ઇન્દ્રિયો તથા મનમાં ભગવાનનાં ચરણની સ્થાપના થવાથી તેનાં ઝેરવેરની નિવૃત્તિ–ઈન્દ્રિયાધ્યાસ–નિવૃત્તિ.

५२७ न्याय्यो दण्डोऽसतां कल्मषापहरत्वात् । १६, ३३

अयमेवानुग्रहः

૫૨૭ પાપને દૂર કરનાર હોવાથી દુષ્ટને આપવામાં આવતી શિક્ષા ન્યાયી છે, ૧૬, ૩૩

એ એક પ્રકારનો અનુગ્રહ જ છે.

५२८ शासनसमन्वयात् नागदमनः । १६, ३९–४८

---

*સરખાવો–अपारहस्तो अपूतन् । (मं. भा. बृ. कां. ४.)

૫૨૮ શાસનના સમન્વય (યોગ્ય ઉપયોગ)થી ભગવાન નાગદમન કહેવાયા-૧૬, ૩૯-૪૮

५२९ कालियस्य गरुडभीतिनिवृत्तिश्चरणचिह्नात् । १७, १२

कालियस्य—पक्षे इन्द्रियाध्यासनिवृत्तिर्भगवच्चरणस्थापनात्—दैन्यपूर्वकं अनन्यशरणागतेः । तदेव भक्तानां तिलकं आज्ञाचक्रे ।

૫૨૯ કાલિયનાગનો ગરુડ તરફનો ભય ભગવાનનાં ચરણચિહ્નથી દૂર થયો. ૧૭, ૧૨

કાલિય એટલે ઈન્દ્રિયાધ્યાસ—ની નિવૃત્તિ દૈન્યપૂર્વક અનન્યશરણાગતિ સાથેનાં ભગવાનનાં ચરણચિહ્નથી થઈ. તે જ વૈષ્ણવોનાં લલાટનું તિલક બન્યું. વૈષ્ણવસેવામાં બે વસ્તુઓ પ્રથમ કરવામાં આવે છે. ચરણામૃત ગ્રહણ અને તિલક.

ભગવાને માટી ખાવાની લીલાથી ચરણામૃતની મહત્તા વધારી, ચરણામૃત એટલે ભગવાન અને ભગવદીયોની ચરણરજ. એ રજ લેવાથી પૂતના—અવિદ્યા—(અહંતા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ અને સ્વરૂપવિસ્મૃતિ)નો નાશ થાય. અવિદ્યાનો નાશ થયા બાદ જ ભગવત્સેવાનો અધિકાર પ્રાપ્ત થાય.

તિલક : કાલિયનાગનાં મસ્તકો ઉપર ભગવાને પોતાનો ચરણ મૂકી તેનું વિષ દૂર કર્યું. એ ચરણચિહ્ન કાયમ રહ્યું. એનાથી ઈન્દ્રિયાધ્યાસ દૂર થયો.

આ છે તિલકની ભાવના. દરેક વૈષ્ણવો સેવા કરતાં પહેલાં તિલક કરે છે.—એ લલાટ—આજ્ઞાચક્ર ઉપર ધારણ કરવામાં આવે છે. તિલક કરવાથી સર્વ ઈન્દ્રિયો અને મનને વિશુદ્ધ કર્યા બાદ જ ભગવાનની સેવાનો અધિકાર પ્રાપ્ત થાય. देवो भूत्वा देवं यजेत् ।

५३० प्रलम्बनाशो भाण्डीरके बलभद्रात्* । १८, १७-३०

१. **प्रलम्बः**-राक्षसः, पक्षे अन्तःकरणाध्यासः गोपरूपः

२. **भाण्डीरके**—वने, पक्षे शरीरे ।

३. **बलभद्रात्**—बलात्, पक्षे भद्रादात्मबलात् क्रीडामात्रेण

૫૩૦ ભાંડીરક નામનાં વનમાં બલભદ્રે પ્રલંબાસુરનો નાશ કર્યો-૧૮, ૧૭-૩૦

૧ પ્રલંબ-કંસે મોકલેલ રાક્ષસ-અથવા અહંકારથી પ્રેરિત અંતઃકરણ. ગમે તેટલું લાંબું થાય. માટે પ્રલંબ,×

૨ ભાંડીરક—વન, પક્ષે શરીર.

૩ બલભદ્ર—કલ્યાણકારી આત્મબળથી.

બળરામજીએ ભાંડીરકવનમાં પ્રલંબાસુરનો નાશ કર્યો. અથવા દેહમાં રહેલા અંતઃકરણાધ્યાસની આત્મબલથી—અક્ષરબ્રહ્મની ઉપાસનાથી શાન્તિ થઈ.

५३१ दावाग्निशान्तिः प्रपत्तित्वात् नेत्रनिमीलनाच्च । १९, १-१३

दावाग्निः पक्षे संसाराग्निः । संसारोऽग्निवत्कथमिति चेत्—(१) दूरचारिणीषु गोषु—बहिर्मुखीषु इन्द्रियवृत्तिषु २ क्रीडासक्तेषु गोपेषु—तदधिष्ठितचैतन्यांशेषु—भगवन्तं त्यक्त्वा तृणलोभात् अज्ञानगह्वरे प्रविष्टेषु, अतः संसारोऽग्निवत् ।

तत्फलम्—१ जातानुतापाः । २ नष्टजीव्याः । ३ विचेतसः ।

तस्यशान्तिः—प्रपत्तित्वात् शरणागतित्वात् । २ नेत्रनिमीलनात्—संसारभावोपेक्षयैव ।

---

*સરખાવો-**न विजानामि ऋचे अक्षरे परमे व्योमन् ।**
(मं. भा. वृं. का. ७, ८)

×સરખાવો—**यज्जाग्रतो दूरमुपैति यजुर्वेद मनःसंकल्प स्तोत्र**

૫૩૧ દાવાગ્નિની શાન્તિ આંખ બંધ કરવાથી અને શરણે આવવાથી થઇ. ૧૯, ૧-૧૩

૧ સ્વયં ભગવાન અને અક્ષરબ્રહ્મરૂપ બળરામજી પાસે હોવા છતાં, ગાયો સૂકાં ઘાસના લોભથી તેમને છોડી ગઈ, ગોવાળીઆઓ રમતમાં પડ્યા, ત્યારે દાવાગ્નિ પ્રગટ્યો.

ગાયો એટલે ઈન્દ્રિયવૃત્તિઓ અને ગોવાળીયા એટલે ઈન્દ્રિયની શક્તિઓ, ઈશ્વરને છોડી સંસારના વિષયોરૂપ સૂકાં ઘાસના લોભે અજ્ઞાનાન્ધકારમાં પ્રવેશે છે, ત્યારે સંસારમાં આગ લાગે છે. તે વખતે અપારકષ્ટ થાય છે. આ સ્થિતિમાં ભગવાને બે આદેશ આપ્યા. (૧) આંખો બંધ કરો. (૨) મારે શરણે આવો. આંખો બંધ કરવી એટલે સંસારના બનાવોની ઉપેક્ષા કરવી. અને પ્રભુને શરણે જવું.* જ્યારે ગાયો અને ગોવાળોએ આ બે વસ્તુ કરી, ત્યારે ભગવાને એ દાવાગ્નિ-સંસારનાં અપાર કષ્ટોનું પાન કર્યું, સર્વદુઃખો દૂર થયાં. એટલા માટે જ ભગવાન યોગેશ્વર છે.

૫૩૨ प्रावृषि । २०, ३-३०

१ अस्पष्ट ज्योतिराच्छन्नं व्योम सगुणब्रह्मवत् । २ वर्षीयसी मही काम्यतपसस्तनुवत् । ३ ग्रहा हीनसत्त्वाः कलौ वेदा इव । ४ क्षुद्रनद्यः उत्पथवाहिन्योऽसतां देहद्रविणसंपद्वत् । ५ अपक्वयोगिचित्तवत् सिन्धुक्षोभः । ६ मेघश्छन्नश्चन्द्रोऽहंमत्या पुरुषवत् ।

૫૩૨ વર્ષાઋતુમાં- ૨૦, ૩-૩૦

(૧) આકાશ વીજળીવાળા મેઘથી છવાયેલું અને અસ્પષ્ટ પ્રકાશવાળું સગુણ બ્રહ્મસમું બન્યું.

(૨) સકામ તપથી તપ કરતા તપસ્વીનાં શુષ્ક શરીર જેવી

---

*સરખાવો-पराञ्चि खानि व्यतृणत् स्वयंभूः ।
सर्वधर्मान् परित्यज्य (गी०)

ધરતી વરસાદથી પુષ્ટ બનવા લાગી.

(૩) સાચા ગ્રહ અને તારાઓ કલિયુગમાં વેદની માફક ઢંકાઈ ગયા. ખોટા આગિયા પાખંડીની માફક ચમકવા લાગ્યા.

(૪) જેમ દુષ્ટ માણસ પાસે આવેલું દેહ અને દ્રવ્યનું બળ મર્યાદા ઓળંગે તેમ નાના વહેળાઓ કિનારા તોડી ઉભરાવા લાગ્યા.

(૫) અપક્વ યોગીના મન સમો સમુદ્ર ખળભળવા લાગ્યો.

(૬) જેમ અહંકારથી પુરુષ ઢંકાઈ જાય તેમ ચંદ્ર વાદળથી ઢંકાઈ ગયો.

५३३ भूतशाबल्यहारिणी शरद् कृष्णभक्तिवत् । २०, ३२–४९

१ जलदाः शुभ्राः त्यक्तैषणा मुनय इव । २ गाधवारिचरक्लेशोऽजितेन्द्रियगृहस्थवत् । ३ निश्चलाम्बुः समुद्रः आत्माराममुनिरिव । ४ विमलतारकं व्योम शब्दब्रह्मार्थदर्शनवत् चित्तमिव ।

૫૩૩ ભૂત (માણસો તથા પંચ મહાભૂત) માત્રની કલુષિતતાને દૂર કરનારી શરદ્ઋતુ કૃષ્ણભક્તિ સમી નિર્મળ બની. ૨૦, ૩૨–૪૯

૧ વર્ષાૠતુના અતિસંગ્રહી વાદળાં કાળાં બની નીચે આવ્યાં હતાં, પણ તેજ વાદળાં પોતાનું ધન (જળ) બીજાના કલ્યાણ માટે આપી દેવાથી સર્વ કામનાઓનો ત્યાગ કરનાર મુનિની માફક ધોળાં બન્યાં અને તેમની ઊર્ધ્વગતિ થઈ.

૨ છીછરાં પાણીમાં રહેલા જલચરોને અજીતેન્દ્રિય સંસારી જેવું કષ્ટ થવા લાગ્યું.

૩ પોતાના આત્મામાં જ રમણ કરનાર મુનિની માફક સમુદ્રનો ખળભળાટ શાન્ત થયો.

૪ સત્ત્વ ગુણયુક્ત મન જેમ શબ્દ બ્રહ્મ વેદવાણીના અર્થનું દર્શન કરાવે તેમ નિર્મળ તારાવાળું આકાશ શોભવા લાગ્યું.

५३४ वंशी मुरली वेणुनादः । २१, २–५

१. वंशी–चिज्जडानामाकर्षिणी गोगोपयमुनादीनां स्वर्णरत्नमयी द्वादशांगुलपरिमिता ।

२. **मुरली**–ब्रह्मेन्द्रादीनां महानन्दावष्टंभकरी ।

३. वेणुः–भक्तानुग्रहात्मिकान्तरंगस्वरा काष्टमय्येव सप्तच्छिद्रा द्वादशांगुलपरिमिता कृपाभाजनैर्भक्तैरेव श्रूयमाणा भगवतो वरणात् । 'यमेवैष वृणुते तेन लभ्य' इति वचनात् ।

४. वेणुः पक्षे वम् अमृतम् इः विषयसुखम् अणुः तुच्छम् । यस्य भगवतः अमृतमयस्य सुखस्याग्रे संसारसुखानि यदा तुच्छानि भवन्ति स एव वेणुनादः अनुग्रहरूपः* ।

५. मुरली–वंशी–देवमानवजडचैतन्यवशीकरी आत्मानन्दा ब्रह्मानन्दा च । वेणुः भगवद्वशीकरी संमोहनशीला परमानंदैव ।

૫૩૪ વંશી મુરલી વેણુનાદ. ૨૧, ૨–૫

૧ વંશી–વાંસળી–બંસી. સુવર્ણની અને રત્નજડિત, જડ, ચૈતન્ય, ગાયો ગોવાળીયા અને શ્રીયમુનાજી વગેરેનું આકર્ષણ કરનાર, ૧૨ આંગળ લાંબી.

૨ મુરલી : બ્રહ્મા, ઈન્દ્ર વગેરેનું આકર્ષણ કરનારા સૂરવાળી–ચૈતન્યાત્મક અને ગતિશીલની ગતિ રોકનાર.

૩ વેણુ : કેવળ વાંસનાં કાષ્ઠની બનેલી, સાત છિદ્રવાળી ૧૨ આંગળ લાંબી, અંતરંગ સ્વરવાળી, કેવળ અનુગ્રહભાજન ભક્તોને જ સંભળાતી, માત્ર ભગવાનની ઈચ્છા અને કૃપા જેના ઉપર હોય તેને જ અનુગ્રહભાજન બનાવનારી.

---

*સરખાવો–વેણુનાદ : **गायन्ति त्वा गायत्रिणो । यत्सानोसानु ।**
(मं. भा. वृं. कां. ३३, ३४)

*સરખાવો––**यमेवैष वृणुते तेन लभ्यः ।**

૪ અધ્યાત્મપક્ષમાં વ એટલે અમૃત ઙ એટલે સંસાર સુખ, અણુ એટલે તુચ્છ; ભગવાનની ભક્તિનાં અમૃતસમાં સુખ આગળ જ્યારે સંસારનાં લક્ષ્મી, કીર્તિ, પુત્રાદિ સુખો તુચ્છ લાગે, તે ભગવાનના અનુગ્રહ રૂપ વેણુનાદ. જેમકે સિદ્ધાર્થ, બુદ્ધ, ભર્તૃહરિ શિવાનન્દ, તુલસી, મીરાં, રામતીર્થ વગેરે.

૫ મુરલી અને વંશી–દેવ, માનવ, જડ–ચેતનને પોતાના સ્વરથી વશ કરનાર આત્માનન્દ અને બ્રહ્માનન્દ દેનારી; પણ વેણુ. ભક્તાનુગ્રહ કરનાર, ભક્તોનેજ સંમોહનશીલ માત્ર પરમાનન્દસ્વરૂપ.

५३५ अक्षण्वतां फलं भगवद्दर्शनम् । २१, ७

૫૩૫ આંખવાળા (દેખતા)નું આંખનું પ્રયોજન-ફળ માત્ર ભગવાનનું દર્શન છે. ૨૧, ૭

५३६ हरिदासवर्यः सर्वस्वात्मसमर्पणात् । २१, ११–१३

वेणुस्वनश्चिज्जडानेकरस आप्यायनात् । अनाहतनादवत् ।

૫૩૬ ગિરિરાજ હરિદાસોમાં શ્રેષ્ઠ છે, કેમકે તે, ૨૧, ૧૧–૧૩

૧ ભગવાનનાં ચરણ સ્પર્શથી પુલકિત બને છે અને પોતાનું સર્વ સમર્પણ કરે છે.

૨ વેણુનાદ જડને ચેતન અને ચેતનને જડ બનાવી, બન્નેને એક પ્રેમરસમાં અનાહતનાદની માફક તરબોળ કરે છે.

५३७ व्रजकुमारिकावासोग्रहणं* प्रसादीकरणार्थमेव । २२, १–२६

१. कुमारिका–पञ्चवर्षावधि कौमारम्, षड्वर्षीयः कृष्णः । अतो न दोषो व्यावहारिकः । २ पक्षे वासांसि वासनाः । कोऽपि भक्तः प्रबलेनापि

---

*સરખાવો–**कौमारे आचरेत्प्राज्ञः । ७, ६, १**

વસ્ત્રહરણલીલા : गौरीर्मिमाय सलिलानि । ओर्वीप्रा अमर्त्या ।

(सं. भा. वृ. कां. ३०, ३१)

प्रयत्नेन वासनां व्यक्तुं न शक्नोति, भगवतैव ताः कृपयाऽकृष्य स्वीकृत्य पुनः स्वप्रसादीरूपेण प्रदत्ताः । अनेन वासनाक्षयो भक्तानां भर्जितान्नवत् ।

૫૩૭ વ્રજકુમારિકાઓની વસ્ત્રહરણલીલા પ્રસાદ અને અનુગ્રહાર્થ છે. ૨૨, ૧-૨૬

૧ કુમારિકા : पंचवर्षाव्दं कौमारम् । કુમારિકા એટલે પાંચ વર્ષની કન્યા. ભગવાન શ્રીકૃષ્ણની તે સમયની ઉંમર છ વર્ષની. આથી જો શ્રીકૃષ્ણે વસ્ત્ર લઈ લીધાં હોય તો પણ એ ઉંમરમાં વિકારના અભાવને લીધે દોષ નથી.

અધ્યાત્મ પક્ષમાં :

વસ્ત્ર બે પ્રકારનાં—દેહનાં અને આત્માનાં. અસલ સ્વરૂપને ઢાંકે તે વસ્ત્ર. સુતરાઉ રેશમી વગેરે કપડાં દેહને ઢાંકે તેમ કામ-ક્રોધ વગેરે આત્માનાં વિશુદ્ધ સ્વરૂપનું આવરણ કરે છે. માણસ પોતે ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં એ આવરણો દૂર કરી શકતો નથી. ભગવત્કૃપા જ તેને દૂર કરાવી શકે, અથવા એની એ જ વૃત્તિઓને પોતાના તરફ વાળી શકે.

શિશુપાલ વગેરે દ્વેષથી, કંસ ભયથી, અને હિરણ્યકશિપુ ક્રોધથી ભગવાનને ભજતા હતા. (ભા-૭-૧-૨૯) જેમ ગંગામાં આવતું ગટરનું પાણી પણ વિશુદ્ધ થઈ ગંગા રૂપ જ બને છે, તેમ ઈશ્વરને અનુલક્ષીને કરેલા આ દોષ, ગુણ બની જાય છે.

આ વાસનાઓ ભગવાનની પ્રસાદીરૂપ થવાથી નિર્દુષ્ટ બને છે અને શેકાયેલાં અનાજની માફક લૌકિક ફળ આપી શકતી નથી.

५३८ चतुर्विधपुरुषार्थो वृक्षवत् । २२, ३२-३५

१ धर्मः परार्थैकान्त जीवनम् । २ अर्थः सर्वप्राण्युपजीवनम् । ३ कामः सर्वमनोरथतृप्तिः । ४ मोक्षः प्राणैरर्थैर्धिया वाचा भद्राचरणम् ।

૫૩૮ જડ વૃક્ષો પાસેથી માણસોએ લેવાનો ચતુર્વિધ પુરુષાર્થનો બોધ-૨૨, ૩૨-૩૫

૧ કેવળ પારમાર્થિક જીવન એ **ધર્મ**.

૨ સર્વપ્રાણીનાં જીવનમાં પોતાનો નિઃસ્વાર્થ ઉપયોગ–**અર્થ**.

૩ પત્ર, પુષ્પ, ફલ, છાયા વગેરેનું બીજાને દાન કરી તેમના સંતોષમાં તૃપ્તિ–**કામ**.

૪ પ્રાણથી, દ્રવ્યથી, બુદ્ધિથી અને વાણીથી બીજાનું ભલું કરવું એ **મોક્ષ**.

५३९ यज्ञसाफल्ये साधनानि देशादीनि । २३, १०

(१) देशः (२) कालः (३) द्रव्यम् (४) मन्त्रः (५) तन्त्रः (६) ऋत्विजः (७) अग्निः (८) देवाः (९) यजमानः (१०) क्रतुः–क्रियाशुद्धिः (११) श्रद्धा, (१२) धर्मश्च ।

૫૩૯ યજ્ઞની સફળતાનાં અંગો. ૨૩, ૧૦

(૧) દેશ (૨) કાળ (૩) દ્રવ્ય (૪) મંત્ર (૫) તંત્ર–પ્રયોગવિધિ (૬) ઋત્વિજો (૭) અગ્નિ (૮) દેવો (૯) યજમાન (૧૦) ક્રિયાશુદ્ધિ (૧૧) શ્રદ્ધા અને (૧૨) ધર્મભાવના–(એમાં એકની પણ ન્યૂનતા અથવા દોષ, યજ્ઞફળ ઓછું કરે છે.)

५४० स्वागतं महाभागानां सर्वरससमर्पणात् २३, १७–३०

१. भक्तस्य भगवत्स्वागताभिव्यक्तिः सामान्या । अत्र भगवता भक्तानां स्वागतं कृतं को विशेष इति चेत्–(अ) सर्वरससमर्पणात् (ब) सत्यपि संसारबन्धने निषेधे च सत्वरं समागमनात् । (क) भगवति धृताशयत्वात् । (ड) स्वप्रियाप्रियकरणात् । (३) अहैतुक्यव्यवहिता भक्तित्वात् महाभागाः। २. भक्तानां महाभागत्वादेव स्वागतम् ।

૫૪૦ પોતાનાં જીવનના સર્વ રસો ભગવાનને સમર્પણ કરનાર ભક્ત મહાભાગ્યશાળી છે. કારણ કે ભગવાન એનું સ્વાગત કરે છે. ૨૩, ૧૭–૩૦

કારણ કેઃ—(૧) જીવનના સર્વ રસોનું સમર્પણ–

(૨) સંસારનાં બંધનમાં તથા અટકાવોમાં પણ તે સર્વ છોડી ભગવાન તરફ અભિરુચિ અને ગતિ.

(૩) અંતઃકરણ અને તેની વૃત્તિઓનું ભગવાન તરફ જ આકર્ષણ.

(૪) સંસારના મોહક પદાર્થોનો સદંતર ત્યાગ અને વિરાગ.

(૫) નિઃસ્વાર્થ અને અસ્ખલિત ભક્તિ; આટલાં કારણોથી ભક્તો ભાગ્યશાળી છે અને તેથી ભગવાનનાં સ્વાગતના અધિકારી છે.

५४१ अङ्गसङ्गाद्वरीयान मनोयोगो भगवत्प्राप्तिकरत्वात् ।*२३, ३२

૫૪૧ અંગના સંગ કરતાં મનનો ધ્યાનયોગ, ભગવત્પ્રાપ્તિ માટે બળવાન છે. ૨૩, ૩૨

५४२ निःसाधनत्वं परं साधनं पुष्टिमार्गे । २३, ४२-४३

तादृशत्वं चैकमेव दृढभक्तिरूपम् ।

૫૪૨ પ્રેમલક્ષણા (પુષ્ટિ) ભક્તિમાં તપ, વ્રત વગેરે સર્વ સાધનોનો ત્યાગ-નિઃસાધનત્વ એ જ પરમ સાધન છે. ૨૩, ૪૨-૪૩

આવાં દૈન્ય સાથેની દૃઢભક્તિવાળા ભક્તો તાદૃશ ભક્તો કહેવાય છે. સ્ત્રીઓમાં આ સંસ્કાર કુદરતી આવે છે. તેમના સંસ્કાર સમગ્ર સમાજ ઉપર પડે છે અને તેથી તેઓ સમાજસુધારણાની ગુરુ છે. અહિં ચતુર્વેદી પંડિતો પણ કૃષ્ણદર્શન પામેલી આ સ્ત્રીઓને અભિનન્દન આપે છે. **अहो वयं धन्यतमाः** અમે આ પત્નીઓથી ધન્ય છીએ કે જેમને લીધે અમને શ્રીકૃષ્ણમાં દૃઢ બુદ્ધિ થઈ.×

५४३ तुभ्यमिति चतुर्थी अगोचरगोचरत्वात् । २३, ५०

---

*સરખાવો—**मानसी सा परा मता ।**

×સરખાવો–**यत्र नार्यस्तुपूज्यन्ते (मनु०)**

૫૪૩ 'નમસ્તુભ્યં' આ શબ્દ પ્રયોગમાં ભગવાનનું પ્રત્યક્ષપણું બતાવ્યું. ૨૩, ૫૦

ભગવાન્ પ્રત્યક્ષ તો આ બ્રાહ્મણોની સામે નહોતા પણ વિપ્રપત્નીઓની ભક્તિથી અગોચર ભગવાન પ્રત્યક્ષ બન્યા અને તેથી 'तस्मै' ને બદલે 'तुभ्यम्' શબ્દ વાપર્યો.

५४४ कंसाद् भीताः कृष्णमुद्दिश्य न त्वात्मकृते । २३, ९२

૫૪૪ કંસથી ડરેલા એટલે–૨૩, ૫૨

'कंसात् भीताः' જો સીધોસાદો અર્થ કરવામાં આવે તો 'કંસથી ડરેલા બ્રાહ્મણો ભગવાન પાસે ગયા નહિ' એમ અર્થ થાય, પણ આવા ભક્તિસંસ્કારી બનેલા બ્રાહ્મણો મૃત્યુથી ડરે નહિં. એટલે 'કંસથી ડરેલા'નો અર્થ, 'આપણા જેવા ચતુર્વેદી બ્રાહ્મણો કૃષ્ણ પાસે જાય. એ વાતની ખબર કંસને પડે તો તરત કંસ આપણા ઉપર વિશ્વાસ મૂકી શ્રીકૃષ્ણને વધુ ઉપદ્રવ કરે' તેથી દૂરથી નમન કરીને સંતોષ માન્યો. ભગવાનના સ્વૈરવિહારને બાધ આવે માટે દર્શનથી વંચિત રહ્યા.*

५४५ अस्तस्वपरमित्रामित्रोदासीनशत्रुः सुहृद् । २२, ४, ९

૫૪૫ પોતાના, પારકા, મિત્ર, કે અમિત્ર, ઉદાસીન કે શત્રુપ્રત્યે જે તટસ્થ રહે તે સુહૃદ. ૨૪, ૪૫

५४६ परंपरागतो धर्मो न त्याज्यः । २४, ११

१ कामलोभभय द्वेषादिभिः ।

૫૪૬ કામ લોભ ભય કે દ્વેષને લીધે કુળ-પરંપરાથી ચાલ્યો આવતો ધર્મ છોડવો નહિં. ૨૪, ૧૧

५४७ कर्मदैवतो जनः स्वभावतन्त्रत्वात् । २४, १३-१८

१ स्वभावात् कर्माणि २ ततः सुखादयः

---

*સરખાવો:-तत्सुखसुखित्वम् (ना. भ. सू.)

૫૪૭ માણસ કર્મ પ્રમાણે દૈવને આધીન છે. ૨૪, ૧૩-૧૮

(૧) માણસ સ્વભાવથી કર્મ કરે છે અને (૨) તેનાથી ભાગ્ય પ્રમાણે સુખદુઃખ મળે છે.

५४८ गोवर्धनधारणं असद्दर्पघ्नं शरणरक्षणायनम् स्वात्मयोगात् ।*
२५, १९

१ गोवर्धनधारणम्:—गिरिधारणम् पक्षे गाः वर्धन्ते यस्मिन् इति गोवर्धनो भक्तदेहः, तद्धारणम् ।

२ स्वात्मयोगात्, अकिंचित्करेषु सर्वाश्रयसाधनेषु स्वतन्त्रा लौकिकक्रिययान्यबुद्धिप्रदानात् 'यमेवैष वृणुते तेन.लभ्यः' 'ददामि बुद्धियोगं तम्' इति वचनात्

३ सत्यव्रतत्वाच्च ।

४ सिद्धिस्तच्चरणार्चनात् ।

५ निसर्गवैरशान्तिः

૫૪૮ દુષ્ટોનાં અભિમાનના નાશ માટે, અને શરણે આવેલાંનાં રક્ષણ માટે ભગવાને સ્વતંત્ર યોગબળથી ગોવર્ધન ધારણ કર્યો. ૨૫, ૧૯

(૧) ગોવર્ધન ધારણ : ગોવર્ધન નામના પર્વતને ઉઠાવ્યો. અધ્યાત્મપક્ષે—ગો એટલે ઇન્દ્રિયો, તેનું વર્ધન એટલે પોષણ. ભક્તની ભગવાનના પ્રત્યે વળેલી ઇન્દ્રિયો મન વગેરે પાછાં સંસારમાં ન જાય તે માટે પોતાનાં માહાત્મ્યના તેમજ તેટલા જ પ્રમાણમાં પ્રેમનાં સાધનથી તેમને પુષ્ટ કરવો તે. क्व सप्त॰ हायनो बालः સાત વર્ષનો બાલક અને તે ગિરિરાજ ઉઠાવે એ **માહાત્મ્ય.** तं प्रेमवेगान्निभृता व्रजौकसः । થી સર્વાધિક **સ્નેહ.** બન્નેમાં તરબોળ કરી પોતાનું વ્રત સત્ય કરી બતાવ્યું.× જ્યારે

---

*સરખાવો—**आम्रावभिरहन्येभि॰ तामस्यरीतिं परशोरिव॰ तमस्य राजा वरुण॰** (मं. भा. वृं. कां. १५, १६, १७)

×સરખાવો—**माहात्म्यज्ञानपूर्वस्तु** (षो. ग्रं.)

ભક્તની (૧) અનન્ય શરણાગતિ હોય (૨) ગોષ્ઠ–ઈન્દ્રિયો આત્મનિષ્ઠ હોય (૩) કેવળ ઈશ્વરાભિમુખ હોય અને (૪) ભગવાનને જ નાથ તરીકે સ્વીકારે ત્યારે, ભગવાન સત્યવ્રત બની તેની આત્મયોગથી રક્ષા કરે છે.

(૨) આત્મયોગ–એટલે જ્યારે ભક્તનાં આશ્રયસ્થાનો તથા વ્રત જપાદિ સાધનો નિષ્ફળ બને, ત્યારે ભગવાન સ્વતંત્ર લૌકિક ક્રિયા (નાગદમન, ગિરિધારણ, દાવાનલપાન)થી અથવા અન્યને સાધન બનાવી રક્ષણ કરે છે. જેમકે નરસિંહ (ભાભીનાં વચન) રામદાસ (સાવધાન શબ્દ) વગેરે.

(૩) ભગવાન સત્યવ્રત છે. (આ ગોવર્ધનધારીનું સ્વરૂપ શ્રીનાથજી છે.)

(૧) તેઓ ખડે પગે ઉભા છે. કેવળ ભક્તરક્ષણ માટે. (૨) વામ બાહુથી–ગિરિધારણ મુદ્રાથી સંકટમાંથી ભક્તનું રક્ષણ કરે છે. (૩) જમણા હાથની અભય મુદ્રાથી ભક્તને નિર્ભયતાનાં દાન દે છે. (૪) હાથમાં પ્રબળ શત્રુઓનો નાશ કરવા છતાં શસ્ત્રો નહિં, કેવળ ઇચ્છાશક્તિ એજ હથિયાર, (૫) નેત્ર ઢળેલાં જે ભક્તો પોતાનાં ચરણને શરણે આવ્યા હોય તેમના ઉપર પૂર્ણ કૃપાદષ્ટિ.

૪ ભગવાંન ગોવર્ધનનાથની ચરણસેવાથી સર્વસિદ્ધિ અને ૫ કુદરતી વૈરશાન્તિ. એ શ્રીનાથજીની શરણાગતિનું ફળ.

५४९ प्रतिलोमः पुष्टिमार्गः २५, २९.

१ सत्यपि माहात्म्यज्ञाने भगवते अप्याशीः प्रदानात्।

૫૪૯ પુષ્ટિમાર્ગ પ્રતિલોમ (અવળો) છે. ૨૫, ૨૯

(૧) એની આચાર્ય પ્રેમમયી અભણ ગોપિકાઓ છે. (૨) સર્વ મર્યાદા સાધનોનો ત્યાગ એજ સાધન. (૩) માહાત્મ્યજ્ઞાન હોવા છતાં સ્નેહમય ક્રિયાઓથી ભગવાનની સેવા જેમકે अ આશિષ આપવી, ब રક્ષાબંધન કરવું, क ખેલ ખેલવા વગેરે.

५५० दुरत्ययः काल उपात्तदण्डः । २७, ६

૫૫૦ દંડ ધારણ કરનાર કાલનું શાસન ઓળંગી શકાય તેવું નથી; કેમકે તે ઇશ્વરરૂપ છે. ૨૭, ૬

५५१ संपद्भ्रंशोऽनुग्रहः श्रीमदान्धानाम् २७, १६

૫૫૧ લક્ષ્મીથી મદોન્મત્ત થયેલાની સંપત્તિનો નાશ એ ભગવાનનો અનુગ્રહ છે. ૨૭, ૧૬

५५२ समाहितानामेव ब्रह्मदर्शनं गुणापाये । २८, १५

૫૫૨ શમ દમાદિથી એકાગ્ર મનવાળાને જ ગુણાતીત (ત્રણે ગુણથી પર) બનતાં બ્રહ્મદર્શન (सत्यं ज्ञानमनन्तं ब्रह्म) થાય છે. ૨૮, ૧૫

५५३ रासो नाम २९–३३

व्याख्या–१ अष्टौ षोडश द्वात्रिंशद्यत्र नृत्यन्ति नायकाः ।
पिण्डीबन्धानुसारेण तन्नृत्यं रासकं स्मृतम् ।

२ हल्लीसकमिति केचित् । हल्लीसकक्रीडनं स्त्रीभिः क्रीडनं एकस्यैव पुंसः बहुभिः रासः (हरिवंश २ । २ । ३५)

३ मण्डलेन तु यत्स्त्रीणां नृत्यं हल्लीसकं तु तत् । तत्र नेता भवेदेको गोपस्त्रीणां यथा हरिः । (सरस्वतीकण्ठाभरण २ । १५)

४ अध्यात्मपक्षे, रसानां समूहो रासः; सर्वरसानां कट्वम्लादीनां वीरश्रृंगारादीनां वा चिद्वृत्तिसहितानामिन्द्रियाणां रसेशे समर्पणपूर्वकं आत्मनः भावाद्वैतं रासः

५ भक्तिपक्षेः–ब्रह्मानन्दात् परमानन्दप्राप्ती रासः

२. रासनायकः श्रीकृष्णः–१ भगवान्–षडैश्वर्यपूर्णआलंबनोद्दीप-

नविभावज्ञो मन्मथमन्मथः मायाविग्रहः । २ योगेश्वरः । ३ आत्मारामः ४ अच्युतः, द्विदलात्मकरसस्वरूपः

२. रासनायिका गोप्यः । ताः चतुर्विधाः (१) श्रुतिरूपाः (२) ऋषिरूपाः (३) देवरूपाः (४) गोपकन्याश्च । ता अपि द्विविधाः (अ) साधनसिद्धाः (ब) नित्यसिद्धाश्च ।

अध्यात्मपक्षेः—

१. गाः पान्तीति, इन्द्रियाणि रक्षन्तीति गोप्य इन्द्रियवृत्तयः २ ब्रह्म गोपायति समावृणोतीति गोपी । ब्रह्मपक्षे ३ स्वातिरिक्तास्तित्त्वभ्रमं नामरूपाभ्यां गोपायतीति गोपी । जीवपक्षे—४ भगवच्छक्ति स्वरूपाः ता अपि त्रिविधाः

(अ) सन्धिनी—भगवान् यया सर्वदेशकालद्रव्यादि प्राप्तिकरीं सत्तां दधाति धारयतीति सन्धिनी (भा—सं)

(ब) संविद्—ज्ञानस्वरूपोऽपि यया संवेत्ति संवेदयतीति संवित् —ज्ञानस्वरूपा

(क) ह्लादिनी—ह्लादरूप आनन्दस्वरूपोऽपि ययोत्कर्षरूपयाह्लादं संवेत्ति संवेदयतीति वा ह्लादिनी आनन्दस्वरूपा । अत एव भगवान् सच्चिदानन्दः । ता एव त्रिविधा तटस्थबहिरङ्गान्तरङ्गाः क्रमात् ललिता चन्द्रावली राधेति ।

४ रासस्थलम्ः—(१) वृन्दावनम् , पक्षे देहः ।

सर्वतो व्यापकश्चाहं न त्यजामि वनं क्वचित् ।
तेजोमयमिदं देहमदृश्यं चर्मचक्षुषाम् ।
कालिन्दीयं सुषुम्णाख्या परमामृतवाहिनी ।
(पद्म—पु—पा—खं) ७५, १०—१३

५. राससमयः—(१) शरद्—सात्विका, स्वच्छा (२) उत्फुल्ल

मल्लिकाः—अघटित घटनापि योगमायाप्रभावात् उत्फुल्लमल्लिकापदोपलक्षितानि यावन्ति संसारसुखानि तानि शरवत् द्यति खण्डयति यासु तासु रात्रीषु—पक्षे राकारात् दानपरायणा, त्राकारात् त्राणपरायणासु इत्यनेन गोपीनां समयस्य च पात्रत्वं सिध्यति । चन्द्रवतीषु, पक्षे आनन्दामृतसिन्धुवत्सु ।

६ **रासफलम्** १ हृद्रोगनाशः २ भावाद्वैतक्रियाद्वैतद्रव्याद्वैतत्त्वात्, प्रपंचविस्मृतिः कृष्णासक्तित्वात् तदाश्रयत्त्वात् जीवन्मुक्तिः देहेन्द्रियप्राणान्तःकरणात्मना तल्लीनत्वात् तदेकत्त्वम् पूर्णत्वं च ।

૫૫૩ રાસ એટલે-૨૯-૩૩

(૧) સામાન્યપક્ષ

૧ આઠ, સોળ અથવા બત્રીસ નાયક–નાયિકાઓ એકબીજાના હાથ પકડી ગોળાકાર નૃત્ય કરે તે રાસ, ૨ કેટલાક એને હલ્લીસક્રીડા કહે છે. એક જ નાયકની અનેક સ્ત્રીઓ સાથેની નર્તનક્રીડાં, તે રાસ. હરિવંશ–૨–૨–૩૫. ૩ ઉપર મુજબ જ સરસ્વતી કંઠાભરણ. ૨, ૧૫૬

(૨) અધ્યાત્મપક્ષ

૧ રસોનો સમુદાય તે રાસ. જીવનના સર્વ રસો, (ભૌતિક–કડવો, મીઠો વગેરે. તથા આધ્યાત્મિક, વીર, શૃંગાર, હાસ્ય વગેરે)નું ઇન્દ્રિયોની ચૈતન્યશક્તિ સાથે આત્માનું રસેશ્વર શ્રીકૃષ્ણમાં સમર્પણ એટલે રાસ.

૨ ભાવ, ક્રિયા અને દ્રવ્યનું પરમાત્મા સાથેનું અદ્વૈત એટલે રાસ.

આત્માનું પરમાત્માં લીન થવું એ રાસ. માટે એ ગોપ્ય અને પૂર્ણ.

(૩) યોગપક્ષ

જ્યારે કુંડલિની શક્તિ જાગૃત થઈ ષટ્ ચક્રનું ભેદન કરે છે ત્યારે મન તથા ઈન્દ્રિયો સર્વ વિષયોનો પરિત્યાગ કરી પરમાત્મામાં એકરૂપ બને છે. આમ પ્રકૃતિ પુરુષનો મિલન સંયોગ એ રાસ. (સત્યાર્થવિવેક)

(૪) વેદાન્તપક્ષ

अ પરબ્રહ્મ સ્વરૂપ શ્રીકૃષ્ણનો પોતાની જ ચિત્‌શક્તિ પ્રકૃતિ સાથેનો વિહાર· તે રાસ. (દેવી ભાગવત)

ब ભગવાન્ શ્રીકૃષ્ણ તત્ પદાર્થ છે. ગોપાંગનાઓ ત્વં પદાર્થ છે બન્ને સચ્ચિદાનન્દ રૂપ જ છે. એની પારસ્પરિક ક્રીડા એ રાસ. ભગવત્તત્વ–(શ્રી કરપાત્રીજી મહારાજ)

(૫) અન્યપક્ષ–

अ શ્રીધરસ્વામી–

ब्रह्मादि विजयसंरूढदर्पकन्दर्पदर्पहा। બ્રહ્માદિ દેવો ઉપર વિજય મેળવવાને લીધે દૃપ્ત થયેલા કામદેવ ઉપરનો વિજય એ રાસ. કથામાં શૃંગારનું સ્થાન પણ નિવૃત્તિપરાયણ.

શ્રી એની બીસેન્ટ

What but an unclean mind can see aught that is impure in the child dancing as lover and beloved? Let us turn from this rememerring that till the ninteenth eentury this story provoked only devotion and not rebaldry, and it is only with the coming of the grosser type of western thought, that you have these idias put into Bhagvat Puran.

(૬) ભક્તિપક્ષ

આત્માનન્દ કે બ્રહ્માનન્દમાંથી પરમાનન્દની સિદ્ધિ એ રાસ.
ब्रह्मानन्दात्समुद्धृत्य परमानन्दयोजने. (भा. निबन्ध)

(૭) શ્રુતિપક્ષ

રાસલીલાના ઉદ્ગમની મૂળ શ્રુતિનો ઉલ્લેખ હરિવંશ ઉપરની પં. નીલકંઠની ટીકામાં મળે છે. એ મંત્ર નીચે મુજબ છે.

पद्या वस्ते पुरुरूपा वपूंष्यूर्ध्वा तस्थौ त्र्यविं रेरिहाणा । ऋतस्य सद्म विचरामि विद्वान्महद्देवानामसुरत्वमेकम् ।

આ મંત્રમાં **पद्या** અને **पुरुरूपा** આ બે વિશેષણ શ્રીકૃષ્ણ માટે વપરાયાં છે. **पद्या** એટલે ગોપીઓના અભિસાર યોગ્ય મૂર્તિ–વિગ્રહ **पुरुरूपा**–અનેક સ્વરૂપોવાળું **वपूंष्यास्ते** શરીર ધારણ કર્યું. **ऊर्ध्वा** રાસમંડળમાં રહેવા છતાં ભગવાનના એ વિગ્રહોથી પર હતા. **त्र्यवि** ત્રણે બાજુએ **रेरिहाणा** ગોપીઓ એકી સાથે તેમનાં દર્શન કરતી.

(૨) રાસનાયક શ્રી કૃષ્ણ.

(૧) ભગવાન્–ષડૈશ્વર્યપૂર્ણ (૨) યોગેશ્વર–યોગમાયાના આશ્રયી. (૩) આત્મારામ. આત્મરતિ, આત્મતૃપ્ત. (૪) *આલંબન ઉદ્દીપન વિભાવને જાણનાર, મન્મથમન્મથ. (૫) માયાવિગ્રહ ધારણ કરનાર સ્વયં શ્રીહરિ.

गोपरूपो हरिः साक्षात् मायाविग्रहधारणः । कृ–उ.
यथार्भकः स्वप्रतिबिंबविभ्रमः । (भाग०)

(૩) રાસનાયિકા ગોપીઓ

ગોપીકાઓ ચાર પ્રકારની (૧) શ્રુતિરૂપા–વેદના મંત્રો સ્વયં સગુણબ્રહ્મની ઉપાસના માટે ગોપી રૂપે આવેલા, તે–

(૨) ઋષિરૂપા–રામાવતાર વખતે જે ઋષિઓને વચન આપ્યાં

---

*સરખાવો–આલંબનનું બીજું નામ આધાર, રાસ પ્રસંગમાં ભગવાન અને ભક્ત બન્ને આલંબન છે, પણ ભગવાન રતિના વિષય છે, જ્યારે ભક્ત તેનો આધાર છે, ભાવને ઉત્તેજીત કરે તે ઉદ્દીપન આલંબન–આધાર–ને ધ્યેય તરીકે રાખી જે ભાવને ઉત્તેજીત કરે તે ઉદ્દીપન.

હતાં તે. भवान्तरे कृष्णावतारे यूयं गोपिका भूत्वा मामालिङ्गथ–
(कृष्णोपनिद्)

(૩) દેવરૂપા :–ભગવાન્ શ્રીકૃષ્ણે જન્મ વખતે જેમને ગોપિકા થવાનો આદેશ આપ્યો હતો તે–(ભા. ૧૦–૧–૨૩)

(૪) ગોપ કન્યાઓ:–જેમને ભગવાને વચન આપ્યું હતું તે (ભા–૧૦–૨૨–૨૭) એમાં પણ બે પ્રકાર–સાધનસિદ્ધા અને નિત્યસિદ્ધા.

સાધનસિદ્ધા :–તપ વગેરે સાધનનોથી સિદ્ધ થયેલી, ઋષિ અને શ્રુતિરૂપા

નિત્યસિદ્ધા :–કોઇ પણ પ્રયત્ન વિના સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરનાર શ્રી રાધાજી. શ્રી ચંદ્રાવલીજી વગેરે.

૨. અધ્યાત્મપક્ષમાં. ગોપી એટલે,

(૧) ઇન્દ્રિયોનું રક્ષણ કરે તે વૃત્તિ (૨) બ્રહ્મને આવૃત કરે તે (બ્રહ્મપક્ષ) (૩) જે વૃત્તિદ્વારા પોતાના સિવાય નામ રૂપાદિનો અસ્તિત્વભ્રમ દૂર થાય તે આત્માની ચિત્શક્તિ. (૪) ભગવાનની શક્તિ–આ શક્તિ ત્રણ પ્રકારની છે. (૧) સંધિની (૨) સંવિત્ (૩) હ્લાદિની.

(૧) **સંધની:**–જેનાથી ભગવાન સર્વ દેશ, કાળ અને દ્રવ્યને વશ કરી સત્તા ધારણ કરે છે તે–

(૨) **સંવિત્:**–જે શક્તિદ્વારા જ્ઞાનસ્વરૂપ પરમાત્મા જ્ઞાન પ્રાપ્ત કરાવે તે–

(૩) **હ્લાદિની:**–ભગવાન આનંદસ્વરૂપ હોવા છતાં જેના ઉત્કર્ષથી આનંદ વ્યક્ત કરે અને કરાવે તે આનંદ સ્વરૂપા.

આ ત્રણે શક્તિને અનુક્રમે લલિતા, ચંદ્રાવલી અને રાધાજી કહે છે. આ ચારેય પ્રકારને ગોપી કહે છે. ગોપી એટલે પ્રેમલક્ષણા

અથવા રાગાત્મિકા ભક્તિનું મૂર્તસ્વરૂપ.

૪ રાસસ્થલ :–

(૧) વ્રજભૂમિ, પક્ષે, દેહમાં વ્યાપક હોવાથી વ્રજ એટલે શરીર. व्यापनाद् व्रजउच्यते (स्कं पु०) (૨) વૃન્દાવન–પક્ષે હું સર્વ-વ્યાપક હોવાથી વૃન્દાવન છોડતો નથી. સામાન્ય માણસો ન જોઇ શકે એ દેહ–વૃન્દાવનમાં પરમામૃતવાહિની સુષુમ્ણા યમુના છે. (પદ્મ પુ૦ પા–ખં ૭૫,૧૦–૩૦)

(૫) રાસસમય :–

શરદૃઋતુની મોગરાથી ખીલેલી ચંદ્રવતી રાત્રિ. શરદૃ–સાત્ત્વિક સ્વચ્છ નિર્મળ મોગરાથી ખીલેલી:– મોગરાનાં ફૂલ ચૈત્ર વૈશાખમાં આવે, આ માદક પુષ્પો છે. જેટલાં સંસાર સુખો છે તે પણ માદક છે, શરદૃઋતુમાં આ અઘટિતઘટના કરીને એની માદકતા–સંસારસુખની માદકતા–ભગવાને સ્વેચ્છાથી દૂર કરી.

ચંદ્રવતી :– આનંદામૃતસિંધુ વાળી

(૬) રાસફળ

(૧) હૃદયના રોગ–કામક્રોધાદિની શાન્તિ (૨) સંસાર વિસ્મરણ પૂર્વક કૃષ્ણાસક્તિ (૩) દ્રવ્ય, ક્રિયા અને ભાવનામાં અદ્વૈત-સિદ્ધિ (૪) ભગવાનનોજ આશ્રય રહેવાથી આનંદપ્રધાન જીવન્મુક્તિ (૫) ભક્તની ભગવાન સાથે તદેકતા, તદ્રૂપતા, તદ્રસતા અને તલ્લીનતા તેથી પૂર્ણત્વ.

५९४ कृष्णासक्तिरनङ्गवर्धनवेणुगीतश्रवणात् २९, ४

१ अनङ्गः कामः, पक्षे न विद्यन्ते अङ्गानि, वेदान्तन्याययोग-शिक्षाकल्पव्याकरणादीनि, केवलं भक्त्यैकशेषं भावं वर्धयत् वेणुगीतम् तच्छ्रवणात् ।

૫૫૪ ભગવાને વેણુમાં ‘કલી’ બીજનું ગાન કર્યું તેથી ગોપીઓના હૃદયમાં અપ્રાકૃત કામ જે બીજરૂપે હતો, તે પલ્લવિત થયો-૨૯, ૪

જ્યારે ભક્તના હૃદયમાં અપ્રાકૃત ભાવના ઉત્પન્ન થાય ત્યારે ભગવાનનાં દર્શન માટે તે વ્યાકુલ થાય છે.

ટૂંકમાં અનુગ્રહીત ગોપિકાઓમાં અપ્રાકૃત કામ-ભગવત્પ્રેમ-ઉત્પન્ન થયો.

વેદાન્તપક્ષમાં-અનંગવર્ધન એટલે-અંગ-વેદાન્ત, ન્યાય, યોગ, શિક્ષા કલ્પ, વ્યાકરણ. આ સર્વનો અભાવ અનંગ-થતાં કેવળ ભક્તિભાવ ઉત્પન્ન થતાં ભગવદ્દર્શનની તીવ્ર લાલસા ઉત્પન્ન કરનાર ભગવાનનું વેણુગાન સાંભળતાં કૃષ્ણાસક્તિ થઇ.

५५५ प्रापणेऽभिसृतिर्जारबुद्ध्या २९, ४-११

(१) संगक्रियामोहकर्तव्यधर्मादि प्राकृतबन्धनत्यागात् एव भगवत्प्राप्तिः ।

(२) जारबुद्धिः—व्यभिचारबुद्धिः, पक्षे जरयति कामवासनामिति जारबुद्धिस्तया (विशुद्धरसदीपिका)

૫૫૫ જારબુદ્ધિનાં અભિસરણથી જ ભક્તને ભગવાનની પ્રાપ્તિ થઇ-૨૯, ૪-૧૧

(૧) અભિસરણ-અભિ-સામે, સરણ-જવું તે. ભગવાનની સન્મુખ જવું. સંસારના સર્વ વિષયો છોડયા સિવાય ભગવત્પ્રાપ્તિ અશક્ય છે જેમ કોઇ અભિસારિકા જગત્‌નાં કોઇ પણ બંધનને ન ગણકારી પ્રિયને મળવા જાય છે, તેમ ભક્ત ગોપી પણ લૌકિક બંધનોનો ત્યાગ કરે છે. તેનાં લક્ષણો:-

૧. ભક્તો કોઇને જણાવતા નથી, ભક્તિના માર્ગ ગુપ્ત હોય

છે. (બુદ્ધ, ગોપીચંદ) ૨. દરેકના માર્ગ જૂદા હોવા છતાં ધ્યેય એક હોય છે. (શંકર, રામાનુજ, વલ્લભ) ૩. સંગ, કુટુંબ, ક્રિયા, મોહ કર્તવ્ય, વગેરે પ્રાકૃત બંધનોનો સદંતર ત્યાગ. ૪. જે પ્રમાણે વ્યભિચારિણી સ્ત્રી, ઉપરના ત્યાગ ઉપરાંત ઘૃણા, શંકા, ભય, લજ્જા, જુગુપ્સા આદિને પણ ઠોકર મારે છે. તે પ્રસાણે આદર્શ ભક્તને પણ ભય વગેરે કે લોકલજ્જા હોતાં નથી. જગતની દૃષ્ટિએ જે વ્યભિચારી બુદ્ધિ નિન્દ્ય છે, તે ભક્તિમાર્ગનું મહાસાધન છે. અથવા જાર બુદ્ધિ એટલે जरयति कामवासनामिति કામ વાસનાને બાળે તે (વિશુદ્ધરસદીપિકા)

५५६ वाचः पेशः शब्दार्थनिष्ठवाग्विन्यासः । २९, १७

१ अत एव वदतां वरः ।

૫૫૬ ભગવાન શ્રેષ્ઠવક્તા છે, કારણ કે એમની વાણી–શબ્દ અર્થનિષ્ઠ અને મંગલમય છે. ૨૯, ૧૭

५५७ भयार्तिमोहस्वार्था प्राकृतभक्तिहेतवः । २९, १८–२२

૫૫૭ સામાન્ય માણસો દુઃખ, ભય, મોહ વગેરે સ્વાર્થમાં જ ભગવાનને ભજે છે. ૨૯, ૧૮–૨૨

५५८ औपपत्यं भयावहम् अस्वर्ग्यादिभिः २९, २६

૫૫૮ વ્યભિચાર નરક આપનાર હોવાથી ભયપ્રદ છે. ૨૯, ૨૬

५५९ गोप्यो भक्ताः शब्दप्रमाणात् । २९, ३१

૫૫૯ 'भक्ता भजस्व' આ વાક્ય ગોપિકા એટલે આદર્શ ભક્ત એમ સ્પષ્ટ બતાવે છે. ૨૯, ૩૧

५६० कृष्णे भगवद्दृष्टिर्गोपीनाम् २९, ३१–४१

१ आदिपुरुषः सुरलोकगोप्ता । २ उपदेशपद आत्मबन्धुः ३ नित्यप्रियः ४ ध्यानभूमिः ५ वृजिनार्दनः

૫૬૦ ગોપીકાઓની શ્રીકૃષ્ણ પ્રત્યે ભગવાન તરીકેની દષ્ટિ હતી. ૨૯, ૩૧-૪૧

કારણ કે તેઓ-૧ આદિપુરુષ-દેવોના રક્ષક ૨ ઉપદેશપરાયણ-સર્વ પ્રાણોના આત્મા. ૩ નિત્યપ્રિય ૪ ધ્યાનભૂમિ અને ૫ દુઃખહરણશીલ હતા.

५६१ वैजयन्तीति । २९, ४४

१ तुलसीकुन्दमन्दार पारिजातसरोरुहैः । पञ्चभिः पुष्पकैरेतैर्वनमाला प्रकीर्तिता ॥ भा० १०–२१–५ प्रेममञ्जरी टी.

२ पञ्चरूपा तु या माला वैजयन्ती गदाभृतः । सा भूतहेतुसङ्घाता वनमाला च वै द्विज । वि० पु० १–२२–७२

३ आजानुलम्बिनीमाला सर्वर्तुकुसुमोज्ज्वला । मध्ये स्थूलकदम्बाढ्या वनमालेति कीर्तिता ॥ (हलायुधकोषविवृत्ति व्याख्या)

४ वरुणः स्रजं वैजयन्तीं मधुना मत्तषट्पदाम् । भा. ८–८–१५

५ स्वमायां वनमालाख्यां नानागुणमयीं दधत् । भा–१२-११-११

૫૬૧ વૈજયન્તીમાલા. ૨૯, ૪૪

વૈજયન્તીમાળા-વનમાળા ૧ તુલસી, કુન્દ, મન્દાર, પારિજાતક, અને કમલ આ પાંચ જાતનાં પુષ્પોથી બનેલી (ભા. ૧૦-૨૧-૫ પ્રે. મં. ટી.) ૨ મોતી, માણેક.મરકત, ઇન્દ્રનીલ, તથા હીરાની બનેલી-પંચ મહાભૂતના પ્રતિનિધિ તરીકે ભગવાન આ માલા ધારણ કરે છે. (વિ.પુ--૨૨-૭૨) ૩ સર્વ ઋતુઓનાં પુષ્પો જેમાં ગૂંથવામાં આવ્યાં હોય, છેક નીચે કદમ્બ પુષ્પનો ગુચ્છ હોય અને ઘૂંટણ સુધી લાંબી હોય તે (હલાયુધ કોષ-વિવૃત્તિ) ૪ મદોન્મત્ત ભ્રમરવાળી અને મધ ઝરતાં પુષ્પવાળી માલા. (ભા. ૮-૮-૧૫) વેદાન્ત પક્ષમાં ૫ ત્રિગુણાત્મિકા માયા એ વનમાલા.

ભગવાનજ એને ધારણ કરી શકે. પરમાત્માની ધારણાથી એ નિર્ગુણ થાય. ભા. ૧૧-૧૧-૧૧.

५६२ केशवान्तर्धानं प्रशमाय प्रसादाय च २४, ४८

१ केशवः

(अ) कश्च ईशश्च केशौ, तयोर्वम् यस्मादिति **केशव**

(ब) अंशवो ये प्रकाशन्ते मयैव केशसंज्ञिताः । सर्वज्ञाः **केशवं** तस्मात् मामाहुर्द्विजसत्तमाः । महा० शां० ३४२–४८

(क) यस्मात् त्वयैव दुष्टात्मा हतः केशी जनार्दन । तस्मात्**केशव**नाम्नात्वं ख्यातो लोके भविष्यसि वि. पु. ५-१६–२३

કેશવ (૧) ક=બ્રહ્મા, ઇશ=શંકર એ બન્નેને અમૃતાનંદ આપનાર–માટે કેશવ. (૨) પ્રકાશિત થનારા કિરણોને કેશ કહેવામાં આવે છે. તેમના દ્વારા વ અમૃતત્વ આપનાર–માટે કેશવ. (મહા૦ શાં૦ ૩૪૨–૪૮) (૩) કેશી નામના દૈત્યને મારી વ્રજભક્તોનું કલ્યાણ કર્યું માટે કેશવ–(વિ૦ પુ૦ ૫–૧૬–૨૩)

५६३ अन्तर्धानम् (अन्तः अधीयत) २९, ४८

१ अदृश्य स्वरूपेणावस्थितिः गोपीप्रेमपरीक्षार्थं कामविजयघोषणार्थं वा ।

२ अन्तःस्थितिः, अद्यावधि बहिः स्थितो भगवान् सूक्ष्मस्वरूपेण गोपीहृदये सन्निविष्टः (ईश्वरः सर्व० गी०)

प्रशमाय प्रसादाय सौभगमदशमनार्थम्,

अन्तः स्थितत्वात् प्रसन्नता सिद्ध्यर्थं च.

૫૬૩ મદ અને માનને મટાડી ગોપીઓ ઉપર પ્રસન્નતા દર્શાવવા ભગવાન કેશવ અંતર્ધાન થયા. ૨૯–૪૮

ભગવાન અંતર્ધાન થયા–અદૃશ્ય થયા.

કારણ કે (૧) વિકાસોન્મુખ ગોપીઓનાં અંતઃકરણમાં અભિમાન અને મદ ઉત્પન્ન થતાં તેમનો વિકાસ અટકે—ભગવત્પ્રાપ્તિની અસંભવના થાય માટે થોડી ઉપેક્ષા કરી, અદૃશ્ય બન્યા (૨) મદ ગોપીજનોનો, માન સ્વામિનીજીનું, તેને દૂર કરવા. અદૃશ્ય બન્યા. (૩) ગોપીઓના પ્રેમની પરીક્ષા કરવા. (લોલિંબરાજ, હરિવિલાસ, ૨, ૧૪) માટે અદૃશ્ય બન્યા, આમ કરી કામવિજયની ઘોષણા માટે અદૃશ્ય બન્યા.

વેદાન્તપક્ષમાં (૧) अन्तः—અંદરઃ अधीयत—સ્થિર થયા અત્યારસુધી પ્રત્યક્ષ દેખાતા કૃષ્ણ અદૃશ્ય થઈ, દરેક ગોપીના અંતઃકરણમાં સ્થિર થયા. આમ કરવાથી ગોપીઓને સંસારનું પૂર્ણ વિસ્મરણ થાય, સર્વત્ર પ્રભુદર્શનની ઉત્કટતા જાગે, સર્વવ્યાપક પ્રભુદર્શન થાય,* માટે અદૃશ્ય થયા तदात्मिकाः प्रतिरूढमूर्तयः भा—१०—३०—३

५६४ अन्तर्हिते भगवत्यद्वैतसिद्धिस्त्रिविधा । ३०, १—४४

१ क्रियाद्वैतम्ः

अ. शारीरिकं गतीक्षणस्मितैः

ब. मानसं अनुरागविभ्रमविचेष्टाभिः

क. मनोरमालापैः, कृष्ण चेष्टाभिश्च

२ भावाद्वैतम्

असावहमिति प्रतिरूढमूर्तित्वात्

३ द्रव्याद्वैतम्

अ तद्गुणानेव पुरस्कृत्य प्रश्नत्वात्
ब पदचिह्नदर्शनं,* क श्री राधादर्शनं च

४ तत्फलम्—

अ तन्मनस्काः
ब तदालापाः

---

*સરખાવો—**पदे इव निहितेदस्मे अनन्तस्तयो० मं. भा. अ. कां—१९**

क तद्विचेष्टाः

ड तदात्मिकाः

अत एव प्रपंच विस्मृतिपूर्विका कृष्णासक्तिर्निरोधः प्रतिपद्यते ।

૫૬૪ ભગવાન અંતર્ધ્યાન થતાં ગોપીઓને ત્રણ પ્રકારનાં અદ્વૈતની સિદ્ધિ થઇ. ૩૦, ૧–૪૪

अ–શરીરનું અદ્વૈત, ગતિ, સ્મિત, દર્શન, ભાષણ વગેરે ચેષ્ટાથી–

ब–મનનું અનુરાગ, વિભ્રમ, ચિત્તવૃત્તિની અસ્થિરતાથી.

क–વાણીનું–સુંદર આલાપથી.

(૨) ભાવાદ્વૈત–ભાવમાં એકતા. શ્રી કૃષ્ણ એજ હું છું એવી રૂઢ ભાવનાથી

(૩) દ્રવ્યાદ્વૈતઃ–अ વૃક્ષો, લતા, પૃથ્વી, તુલસી વગેરે સજીવ છે, એમ માની માત્ર શ્રી કૃષ્ણવિષયક પ્રશ્ન કરવાથી.

ब. क. શ્રી કૃષ્ણ તથા શ્રી રાધાજીના પદ ચિન્હનાં દર્શનમાં એકાત્મભાવ થવાથી.

આ અદ્વૈતસિદ્ધિનું ફળઃ–આથી ગોપિકાઓ (૧) તેમાંજ (શ્રી કૃષ્ણમાંજ) મનવાળી (૨) શ્રી કૃષ્ણ માટે જ બોલનારી (૩) શ્રી કૃષ્ણ માટે જ ચેષ્ટા કરનારી અને (૪) તન્મય બની 'સ્વ'ને ભૂલનારી બની, આનુંજ નામ નિરોધ. પ્રપંચ–સંસાર–નિવૃત્તિ અને સંપૂર્ણ કૃષ્ણાસક્તિ.

५६९ अनया राधितेति राधा । ३०, २८

१ मूलप्रकृतिस्वरूपा । (रामानुज)

२ 'एकोऽहं बहु स्याम्' इति वचनात्, । 'रसो वै सः' 'स एकाकी न रमते' 'स द्वितीय मैच्छत्' 'आत्मानं द्वेधाऽपातयत्' इति श्रुतिवचनात् ।

भोक्तुर्भोग्यस्वरूपाऽऽह्लादिनी चिन्मयी शक्ती राधा (श्री वल्लभः)

३ अप्रमेयस्याव्ययस्य परब्रह्मणो स्त्रीपुंभावात्मको विवर्त एव पुरुषप्रकृतिरूपः कार्पाससूत्रवत् (शंकरः)

४ सर्व समर्पणेऽप्यसमर्पणभावो विप्रयोगात्मकः राधा,

५ कृष्णेनाराध्यत इति राधा। कृष्णं समाराधयतीति वा 'स एवायं पुरुषः स्वयमेव समाराधन तत्परोऽभूत्' इति वचनात्।

६ स्वयमेव प्रकृति समाराधनमकरोत्, अतो लोके वेदे श्री राधेति गीयते (सामरहस्योपनिषद्)

७ राकारो दानवाचकः धाकारो निर्वाणप्रदः। रसिकानन्दं प्रदाय निर्वाणदात्री भगवत आह्लादिनी अन्तरंगशक्ती राधा.

૫૬૫ કોઇ ગોપીકાએ આરાધના કરી પ્રભુને પ્રસન્ન કર્યા. માટે રાધા. ૩૦, ૨૮

રાધાજી એટલે વૃષભાનુ પુત્રી, શ્રી કૃષ્ણપ્રેયસી,

અથવા આધ્યાત્મ પક્ષમાં ૧ મૂલપ્રકૃતિનું વિશુદ્ધ સ્વરૂપ (રામાનુજ) ૨ 'હું એક છું તેમાંથી બહુ સ્વરૂપે થાઉં' 'ભગવાન રસ સ્વરૂપ છે' 'તે એકલો રમી શકતો નથી, તેથી તેમણે બીજાની ઇચ્છા કરી' 'પોતાનાંજ સ્વરૂપના બે ભાગ–સ્ત્રી અને પુરુષ બનાવ્યાં' પુરુષ ભોક્તા બન્યો, સ્ત્રી ભોગ્ય બની–આ આનંદમયી ચિન્મયી ભગવાનની સ્વતંત્ર શક્તિ. તે રાધા. (શ્રી વલ્લભાચાર્ય) (૩) અપ્રમેય અને અવ્યય પરબ્રહ્મનો સ્ત્રી પુરુષભાવનો વિવર્ત–કપાસ અને સૂતર જેવો–તે પુરુષ અને પ્રકૃતિ તેમાં પુરુષ એ શ્રી કૃષ્ણ અને પ્રકૃતિ એ રાધા–(શ્રીશંકરાચાર્ય) (૪) સર્વ સમર્પણ કરવા છતાં 'મે કંઇ કર્યું નથી' એવી ભાવનાથી ઝૂરતા, તેને માટે તલસતા વિપ્રયોગાત્મક પ્રેમની મૂર્તિ, એ રાધા. (૫) શ્રી કૃષ્ણે આરાધના કરી અથવા, પ્રકૃતિએ પુરુષની

આરાધના કરી, માટે રાધા. અથવા પોતે (પુરુષે) પોતાની (પ્રકૃતિ) આરાધના કરી, માટે રાધા. (૬) રા–દાન આપનાર ધા–ધારણ કરનાર. અર્થાત્ રસિકશિરોમણિ પરમાનન્દની એક અંતરંગ આનંદમયી શક્તિ. આ શક્તિ પ્રેમનું દાન કરી તેની ધારણા કરે છે, માટે. રાધા–આ શક્તિ પ્રભુથી અલગ નથી.

५६६ श्रयत इन्दिरा। ३१, १

१ इन्दिराश्रयम् व्रजमण्डलम् अथवा गोपीगीतमिन्दिरारागाश्रयम्, तल्लक्षणम्।

अ–प्रत्येकस्मिन् पादे प्रथमस्य सप्तमाक्षरस्य च समत्वात्। यथा 'जयति तेऽधिकं जन्मना....'

ब–प्रत्येकपादे द्वितीयाक्षरस्य समत्त्वात् तद्यथा, 'जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि। दयित दृश्यतां दिक्षु तावका स्त्वयि धृतासवस्त्वांविचिन्वते'।

૫૬૬ લક્ષ્મી આશ્રય કરે છે. ૩૧, ૧

(૧) ઇન્દિરા–લક્ષ્મી. વ્રજમંડલમાં રહી છે. અથવા, (૨) ગોપીગીત ઇન્દિરાવૃત્તમાં છે. તેનાં લક્ષણ. (૧) દરેક ચરણમાં ૧લો અને ૭મો અક્ષર એક આવે જેમ કે जयति तेऽधिकं जन्मना (૨) દરેક ચરણમાં બીજો અક્ષર સમાન હોય, जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्रहि। दयित दृश्यतां दिक्षु तावका स्त्वयि धृतासवस्त्वां विचिन्वते।

५६७ भयपंचकात् रक्षा भगवदनुग्रहादेव*। ३१, ३

---

*સરખાવો–वीरस्य नु० देवस्त्वष्टा० महीसमैरच्चमस्वा
म. भा. अ. कां–२२, २३, २४
विषान्महाग्नेः भा. १–८–२४

१ विषजलात् , पक्षे कामक्रोधादि संसारेविषेभ्यः ।
२ अधासुरात् , पक्षे पापराक्षसात्
३ वृष्टिमरुद्भ्यः, पक्षे विपन्नैरन्तर्यात्
४ दावानलात् , पक्षे संसाराग्नेः
५ अरिष्टासुरात् , पक्षे दम्भमानाद्यरिष्टेभ्यः

૫૬૭ પાંચ પ્રકારના ભયમાંથી ભગવત્કૃપા જ રક્ષા કરી શકે. ૧૦, ૩૧–૩

૧. ઝેરથી અથવા સંસારના ઝેરવેરથી ૨ અઘાસુર દૈત્યથી અથવા અઘ=પાપ, એ રૂપી રાક્ષસથી. ૩ વાતવર્ષાથી અથવા સંસારમાં પડતી વિપત્તિની ઝડીથી (૪) દાવાનલથી અથવા સંસાર રૂપી અગ્નિથી (૫) અરિષ્ટાસુરથી અથવા, દંભ માન મદ જેવા અકલ્યાણ કરનાર રાક્ષસ જેવા દુર્ગુણોથી.

५६८ गोप्योऽपि द्विविधा ३१, १–१८–१९

अनन्यपूर्वान्यपूर्वेति भेदात् ।

૫૬૮ ગોપીજનો બે પ્રકારનાં છે. ૩૧, ૧, ૧૮–૧૯

(૧) અનન્યપૂર્વા–ગોપીગીત–શ્લોક–૧–થી ૯ (૨) અન્યપૂર્વા–શ્લોક–૧૦–૧૮ (૩) બન્ને–શ્લો. ૧૯

५६९ भगवतः सांगोपाङ्गदर्शनं भद्रकारि । ३१, ५–१४

अ–करः–संसृतिभयादभयदः ।

ब–मुखम्ः–निजजनस्मयध्वंसनस्मितम् ।

क–पदाम्बुजम्ः–१ पापकर्शनम् २ हृच्छयकामक्रोधादि शमनम् । ३ कोमलत्वेऽपि, कठोरतरम् ४ प्रणतकामदम् ५ धरणिमंडनम् ६ आपदि ध्येयम् ७ शन्तमम् ८ आधिहन्तृ ।

ड–वाणी–मधुरा, वल्गुवाक्यसुन्दरातिसुन्दरा सत्यप्रियहितस्वभावा, –विवेकप्रधाना,–विधिकरी,–आप्यायिन्यधरामृतनिष्यन्दिनी।

इ–कथास्मरणं संकीर्तनं च।

१ तप्तजीवनशान्तिदम् २ कल्मषापहम् ३ श्रवणमङ्गलम् ४ श्रीमत्

फ–विहारः ध्यानमङ्गलः।

ग–अधरामृतम्। चुम्बनम् पक्षे

अधरादोष्ठान्निसृतममृतम् यथा, व्यासाधरामृतम्–ब्रह्मसूत्रादि; शुकाधरामृतम्–भागवतम्, कृष्णाधरामृतम्–गीता, वाल्मीक्यधरामृतम्–रामायणम्, एतदधरामृतम् एव आप्यायनम्॥

१ सुरतवर्धनम्–सुतरां रताः सुरताः भक्ताः, तेषां वृद्धिपुष्टिकरम्। २ शोकनाशनम् ३ वेणुचुम्बितम्–अनुग्रहभूषितम् ४ इतररागविस्मारणम्।

૫૬૯ ભગવાનનાં અંગ પ્રત્યંગો તથા ક્રિયાઓનું સાંગોપાંગ દર્શન કલ્યાણકારી છે. ૩૧, ૫–૧૪

अ. हस्त–સંસારમાં અભયદાતા.

ब. मुख–પોતાના ભક્તોને થતાં અભિમાનને દૂર કરી હાસ્ય કરનારૂં.

क.–चरण–(૧) પાપને દૂર કરનાર, (૨) અંતરમાં રહેલાં કામ ક્રોધને શમાવનાર, (૩) શ્રીનું સ્થાન હોવાથી અતિકોમલ નાગરાજની ફણા ઉપર નૃત્ય કરનાર હોવાથી અતિ કઠોર, આમ ઉભયાન્વયી. (૪) પ્રણામ કરનારની ઇચ્છા પૂર્ણ કરનાર (૫) પૃથ્વીની શોભા રૂપ (૬) આપત્તિમાં ધ્યાન કરવા યોગ્ય (૭) પરમકલ્યાણકારી. (૮) દુઃખહરણશીલ.

ड–वाणी–મધુર, સુંદર વાક્યવાળી, સુંદરાતિસુંદર, કેમકે સત્ય, પ્રિય અને હિત સ્વભાવવાળી, વિવેકપ્રધાન, વિધિકરી, અધરામૃતનિષ્યન્દિની હોવાથી અત્યંત તૃપ્તિ આપનાર.

इ भगवत्कथाः–સ્મરણ, કીર્તન. ૧ સંતપ્ત હૃદયને શાન્ત કરનાર ૨ પાપ દૂર કરનાર, ૩ શ્રવણમાત્રથી મંગલ કરનાર, ૪ અતિરુચિકર–શોભન.

फ विहार–ધ્યાનમંગલ.

ग अधरामृत–એટલે સ્થૂલ અર્થમાં ચુંબનઃ–આઠ વર્ષની ઉંમરના બાલકૃષ્ણને જો ગોપીકાઓએ, અથવા ભગવાને ગોપિકાઓને ચુંબન કર્યું હોય તો તેમાં લૌકિક વાસનાની ગંધ નથી. ઉલટો એ નૈસર્ગિક પ્રેમનો અવિષ્કાર છે. બીજી રીતે અધર–હોઠ તેમાંથી નીતરતું અમૃત–શાસ્ત્ર. વ્યાસનું અધરામૃત–બ્રહ્મસૂત્ર; શ્રી કૃષ્ણનું અધરામૃત–ગીતા; શુકસ્વામીનું અધરામૃત–ભાગવત; વાલ્મીકિનું અધરામૃત; રામાયણ. આવાં અધરામૃતનું ફળ. (૧) સુરત વર્ધન–સુરત આનંદક્રીડાની વૃદ્ધિ કરનાર. પક્ષે સુ–સારી રીતે, રત લીન રહેલા ભક્તો–તેના ભક્તિપ્રેમની વૃદ્ધિ કરનાર. (શાસ્ત્રો ભક્તોના ભક્તિભાવની વૃદ્ધિ કરે છે.) (૨) શોકને દૂર કરનાર. (૩) વેણુને ચુંબન કરનાર–પક્ષે વેણુ–અનુગ્રહ–તેનાથી પુષ્ટ (૪) બીજા પ્રેમને ભૂલાવનાર–પક્ષે સંસાર પ્રત્યેના પ્રેમનું વિસ્મરણ કરાવનાર.

५७० अनिर्वचनीयं प्रेमस्वरूपम् । ३१, १२–१९

अ–कुरूपे सुरूपदर्शनम् ।

ब–क्षणेऽपि युगदर्शनम् ।

क–निसर्गे विघ्नदर्शनम् ।

ड–सर्वत्यागः ।

इ–प्रेमधिष्ण्ये जने स्वल्पस्यापि दुःखस्य महद्दुःखानुभवः, तदर्थं सर्वत्यागः ।

૫૭૦ પ્રેમનું સ્વરૂપ અવર્ણનીય છે. ૩૧, ૧૨–૧૯ તે,

(अ) કુરૂપતામાં સૌન્દર્ય જુએ છે.

(ञ) ક્ષણનો વિયોગ યુગ સમો લાગે છે.

(क) કુદરતી સામાન્ય દુઃખમાં વિઘ્ન અને આશંકા જુએ છે,

(ड) સંસારનો સર્વથા ત્યાગ–પોતાની સર્વ વસ્તુઓનો ત્યાગ કરે છે.

(इ) પ્રેમ પાત્રને જરા જેટલું દુઃખ થતાં પોતે વિના દુઃખે અનેકગણાં દુઃખનો અનુભવ કરે છે. અને પ્રેમીના સુખ માટે પોતાનાં સર્વ સુખનો ત્યાગ કરે છે.

५७१ कृपासिन्धुदर्शनम् सर्वथाहंकारत्यागात् शरणागतित्त्वादेव । ३२, १तत्क्रियाः–

१ भगवल्लीलागानम् २ तदनुकरणम् ३ तत्कृते प्रलापाः रुदनं च ।

૫૭૧ કૃપાસિન્ધુ ભગવાનનું દર્શન, અહંકારનો સર્વથા ત્યાગ કરવાથી તથા અનન્ય શરણાગતિથી થાય છે. ૩૨, ૧૨

તે અંગેની ક્રિયાઓ (૧) ભગવાનનું લીલાગાન, (૨) ભગવાનની અનુક્રિયા, તથા (૩) ભગવાન માટે પ્રલાપ અને રુદન.

५७० निर्वृतिस्तापत्यागश्च केशवालोकात् । ३२, ४–९

गोपीषु अष्टौ वा प्रधाना भगवत्सख्यः–

(१) चन्द्रावली (२) श्यामा (३) शैब्या (४) पद्‌मा (५) श्रीराधा (६) ललिता (७) विशाखा (८) भद्रेति । आद्याश्चतस्रः दक्षिणाः अपरामानिन्यः ।

(१) **चन्द्रावल्या** भगवतः करग्रहणम् श्रमापनोदनार्थम् ।

(२) श्यामा–भगवद्‌बाहुं स्वांसे दधार ।

(३) शैब्या–अञ्जलिना ताम्बूलचर्वितं दधार ।

(४) पद्‌मा–श्रीचरणं हृदये दध्यौ ।

(५) श्रीराधा–सक्रोधं प्रेमविह्वलदृष्ट्या दर्शनमकरोत् ।

(६) ललिता–भगवन्मुखाम्बुजदर्शनं 'सन्तस्तच्चरणं यथा' कृतवती ।

(७) विशाखा–नेत्ररन्ध्रेण भगवन्तं हृदि संस्थाप्यं नेत्रे निमील्य, परमानन्दसंप्लुता, योगीव

(८) भद्रा–कृष्णकृष्णेतिवादिनी नान्यद् सस्मारानन्दनिर्वृतित्वात् सर्वासां गोपीनां–तादृशानां भक्तानामेष एव निरोधः ।

૫૭૦ ભગવાનના દર્શનથી અપાર શાન્તિ તથા સંસારનાં દુઃખોનું સદંતર વિસ્મરણ-થયું. ૩૨, ૪-૯

ગોપિકાઓમાં આઠ મુખ્ય છે. (૧) ચંદ્રાવલી (૨) શ્યામા (૩) શૈબ્યા (૪) પદ્મા (૫) શ્રી રાધા (૬) લલિતા (૭) વિશાખા અને (૮) ભદ્રા.

આ પૈકી પ્રથમ ચાર. અનુવર્તિની અને બીજી ચાર માનિની છે. ૧. ચંદ્રાવલિએ ભગવાનના શ્રીહસ્ત પકડયા અને ભગવાનના હસ્તસ્પર્શે શ્રમ દૂર કર્યો. ૨. શ્યામાએ ભગવાનનો ચંદન ચર્ચિત હસ્ત પોતાના ખભા ઉપર મૂકી વિયોગજન્ય પરિતાપ દૂર કર્યો. ૩. શૈબ્યાએ બંને હાથથી તાંબૂલચર્વણ લીધું. ૪. પદ્માએ ભગવાનનો ચરણ હૃદય ઉપર મૂકી વિરહતાપ દૂર કર્યો. ૫. શ્રી રાધાજી માનિની છે. એમણે ભમ્મર ચઢાવી ઓઠ કરડી ક્રોધનો ભાવ પ્રકટ કર્યો. આ ક્રોધમાં પણ પ્રણયભાવના ઓતપ્રોત હતી. એનું બીજું નામ ગાંધર્વી હતું. (ગો-તા૦ ૩૦-૫) ૬. લલિતા અનિમિષ નેત્રથી ભગવાનના સૌન્દર્યપીયૂષનું દૂરથી પાન કરતી રહી. ૭. વિશાખાએ આંખો બંધ કરી, ભગવાનને હૃદયમાં પધરાવી આલિંગન કરી યોગીની માફક આનંદસમુદ્રમાં અવગાહન કર્યું. ૮. ભદ્રા. આ આઠમી સખીનું વર્ણન ભાગવતમાં નથી. વિષ્ણુપુરાણમાં છે. તે માત્ર કૃષ્ણ કૃષ્ણ બોલતી પ્રેમવિભોર બની. બીજું કંઈ બોલી શકી નહિં. (જીવ-ગોસ્વામી, વિશ્વનાથ ચક્રવર્તી)

આમ તાદૃશ ભક્તોનો નિરોધ થયો.

५७१ योगेश्वरान्तर्हृदिकल्पितासनः कृष्णः ३२, १४

૫૭૧ યોગેશ્વરોનાં અંતઃકરણમાં જેમનું આસન છે તે શ્રીકૃષ્ણ, (સ્વયં પરમાત્મા છે.) ૩૨, ૧૪

५७२ भजने विभक्तिः ३२, १७-२१

१ मिथो भजन्तः स्वार्थपराः २ अभजतो भजन्तः करुणापराः ३ भजतोऽभजन्तः अकृतज्ञाः ४ स्वार्थे उज्झितवेदलोकव्यापारान् परोक्षे भजन् भगवान् ।

૫૭૨ ભક્તિના ભેદ ; ૩૨, ૧૭-૨૧

(૧) એક બીજાને ભજે તે સ્વાર્થી, તેમાં મિત્રતાપૂર્ણ પ્રેમ હોતો નથી. (૨) પ્રેમ નહિં રાખનાર ઉપર પણ પ્રેમ રાખે તેમાં એક પક્ષમાંજ ધર્મ અને પ્રેમ રહ્યો છે. જેમકે માતા-પિતા. એમાં પણ સાચો પ્રેમ નથી. (૩) પ્રેમ રાખનાર ઉપર પ્રેમ ન રાખે એવા-એમાં બે પ્રકાર છેઃ-

૧. નિજાનન્દમાં મસ્ત. જેમની બધી કામના પૂર્ણ થઈ હોય. આવા સન્તો અથવા ૨. અકૃતજ્ઞ. ઉપકારની કદર ન કરનાર ૩. વડિલોનો દ્રોહ કરનાર. ૪. ભગવાનને માટે જેમણે લૌકિક અને વૈદિક ધર્મોને તજ્યા છે, તેને પરોક્ષ રીતે ભજે તે ભગવાન.

५७३ निरवद्यसंयुजां साधुकृत्यफलं भगवत्सौजन्यमयः कृपाभाव एव । १०, ३२-२२

अध्यात्मपक्षेऽपि इन्द्रियवृत्तीनां सर्वविषयप्रपंचत्यागेन 'आवृत्तिरसकृदुपदेशादि'ति ब्रह्मसूत्रवचनात् । भगवद्ध्यानेनैव ब्रह्मसाक्षात्कारः नान्यथा । तत्फलमपि तदेव ।

૫૭૩ ન તોડી શકાય એવી સંસારની સાંકળો તોડી. તદ્દન નિર્દોષ સાહચર્યયોગનું ફળ ભગવાન બ્રહ્મદેવનાં-

મન્વંતર જેટલાં આયુષ્યથી પણ આપી શકે તેમ નથી ભગવાનનો સૌજન્યમય કૃપાભાવ-અનુગ્રહ એ જ એનું પરમ ફળ છે, ૧૦, ૩૨-૨૨

અથવા કોઈ પણ જન્મમાં દેશ, કાળ, સ્થિતિ વગેરે ન ગણતાં ભક્તોની તદ્દાકારવૃત્તિ એ એનું ફળ છે.

અધ્યાત્મ પક્ષમાંઃ-

ગોપીઓ-ઈન્દ્રિયવૃત્તિઓ જ્યારે સર્વ વિષયપ્રપંચનો ત્યાગ કરી ભગવાનનાં ધ્યાનથી બ્રહ્મસાક્ષાત્કાર કરે, તેજ પરમ ફળ. પ્રત્યુપકાર-ભક્તિનું ફળ-ન આપી શકવાનાં ત્રણ કારણો છે. (૧) પ્રેમનો બદલો પ્રેમથી વાળવો એ જીવધર્મ છે. પરબ્રહ્મનો નહિં. ભગવાન્ સ્વયં પૂર્ણબ્રહ્મ છે. (૨) સગુણબ્રહ્મ તરીકે હોવા છતાં અવતારદશામાં ભગવાને માતા, પિતા, ભાઈ તથા બીજા સર્વ સંબંધીઓ ઉપર પ્રેમ રાખવો પડે. અને એ પ્રેમ મર્યાદિત હોય. ગોપીઓનો પ્રેમ એકદેશીય અને પૂર્ણ. એનો બદલો પૂર્ણપ્રેમથી જ વાળી થકાય. અવતાર દશામાં એ અશકય (૩) જેમ ગોપીજનોએ પોતાની સર્વ સાંસારિક વૃત્તિઓ છોડી શ્રી કૃષ્ણમાં કેન્દ્રિત કરી તેમ અવતારદશામાં શ્રી કૃષ્ણ સ્વયં ભગવાન હોવા છતાં એકદેશીય પ્રેમ કરી શકે નહિં.

५७४ एकोऽप्यनेक कायव्यूहाद्योगेश्वरत्वाच्च । * ३३, ३-२०

૫૭૪ ભગવાન એક હોવા છતાં યોગેશ્વર હોવાથી અનેકરૂપે થયા. ૩૩, ૩-૨૦

५७५ तेजीयसां धर्मव्यतिकरो न दोषाय, वह्निवत् । ३३, ३०

૫૭૫ તેજસ્વીને અગ્નિની માફક ધર્મબાધ આવતો નથી-૩૩, ૩૦

---

*સરખાવો-पद्यावस्तेपुरुरूर्वपूंषि० मं. भा. अ० कां. १८

५७६ पूर्णमदः पूर्णमिदमितिदर्शनो महारासः । ३३, ४०

तत्फलम्--१ पराभक्तिः* २ कामविजयत्वाद्हृद्रोगशान्तिश्च ।

૫૭૬ અખંડ મંડલાકાર રાસ. ૩૩, ૪૦

पूर्णमदः पूर्णमिदं મંત્રની વ્યાવૃત્તિ રૂપ છે. એમાં ૧ ગોપિકાઓ ૨ ભગવાન ૩ રસ ૪ રાસ (નૃત્ય વાદ્ય સંગીત) અને ૫ જગન્મંડલ આ સર્વ પૂર્ણ છે. એકરસ છે.

તેનું ફલ. (૧) પરાભક્તિ (૨) કામક્રોધાદિ હૃદયરોગની શાન્તિ (૩) નરનું નારાયણ બનવું.

५७७ शयानस्य नंदस्य (आत्मानन्दस्य) एव ग्रासो भुजगात् (संसारसर्पात्), मुक्तिर्भगवच्चरणाश्रयात् । ३४, ५–९

૫૭૭ સૂતેલા નંદરાયને અજગરે ગળવા માંડ્યા; ભગવાનના (અજગરને કરેલા) ચરણાસ્પર્શથી મુક્તિ થઇ. ૩૪, ૫૯

પક્ષે નંદ–આત્માનો વિશુદ્ધ આનંદ જ્યારે સૂઈ જાય–નિષ્ક્રિય બને, ત્યારે અજગર–સંસાર રૂપ મહાસર્પ તેને ગળી જાય. ભગવાનનાં ચરણથી સંસારસર્પ મુક્ત થાય.

५७८ उरगत्वं विरूपप्रहसनात् । ३४, १३

૫૭૮ કદરૂપાંને હસવાથી–મશ્કરી કરવાથી–અજગરનો અવતાર આવે. ૩૪, ૧૩

५७९ दूरदर्शनसिद्धिर्गोपीनामनुद्रुतचेतसाम् । ३५, १

૫૭૯ ભગવાન શ્રીકૃષ્ણની પાછળ જ ચિત્ત રાખનાર ગોપિકાઓને 'દૂરદર્શન' સિદ્ધિ અનાયાસે મળી–૩૫, ૧

મહારાસમાં લૌકિક જારકર્મ (વ્યભિચારી ભાવ)નો વૈદિક પરિહારઃ–

*સરખાવે–**साकंजानां सप्तथमाहुरेकज० अतारिषुभरतोगव्यवः० स्त्रियः सतीस्तां० (मं. भा. बृ. कां. ३५, ३६, ३७)**

**५८० प्रतिमासं भगवच्छृंगारदर्शकंयुग्मगीत मिति वल्लभः ।
३५, १–२६**

૫૮૦ પ્રતિમાસે ભગવાનનો શૃંગાર બતાવનાર યુગ્મગીત છે. એમ શ્રી વલ્લભનું માનવું છે. ૩૫, ૧–૨૬

५८१ वियोगे विप्रयोगो* युग्मगीतफलम् । ३५, २६

૫૮૧ વિયોગમાં વિપ્રયોગ એ યુગ્મગીતનું ફળ. ૩૫, ૨૬

ભક્તિમાર્ગમાં વિપ્રયોગ એ મહામૂલો શબ્દ છે. તે નીચેની કંડિકા ઉપરથી સમજાશે.

૧. યોગ–એક બીજાનું જોડાણ–જન્મ–ઈશ્વરાધીન–દૈવાધીન.
૨. સંયોગ–માનવાધીન. સુખપ્રદ.
૩. વિયોગ–દૈવાધીન–ઈશ્વરેચ્છાને આધીન–દુઃખપ્રદ. પણ
૪. વિપ્રયોગ–સ્વાધીન–ઇશ્વરકૃપા અને પુરુષાર્થસાધ્ય. અનંત દુઃખમાં પણ નિરવધિ આનંદદાતા.

સ્વજનના અકાલ વિયોગમાં માણસ હતાશ અને દિશાશૂન્ય બને છે. 'સ્વ'ને ભૂલે છે. કર્તવ્યભ્રષ્ટ થાય છે. દુઃખી જગતનાં ભાડુતી આશ્વાસન ટકતાં નથી. દુઃખ દૂર કરવાનો કોઈ જ ઉપાય નથી, એ વખતે, વિપ્રયોગ કેળવવો.

વિપ્રયોગનું સ્વરૂપઃ–૧ ઇશ્વરની ઈચ્છામાં પોતાની ઈચ્છા શમાવી દેવી. ૨ સંસારની અસારતા લક્ષ્યમાં લેવી. ૩ પોતાના કરતાં વધારે દુઃખી તરફ દૃષ્ટિ રાખવી (એથી દુઃખ હળવું થશે.) ૪ જેનો વિયોગ થયો હોય તેનું સ્મરણ કરી તેનાં અધૂરાં કાર્યો પૂરાં કરવાં ૫ શેષ સમય ભગવાનનાં સ્મરણ–કીર્તનમાં ગાળવો.

---

*સરખાવોઃ–यं मत्वा चापरं लाभं थी योगोऽनिर्विण्ण चेतसा ।
(ગી. અ. ૬, ૨૧–૨૨)

આથી વિયોગ વિપ્રયોગ બની જતાં જીવન આનંદમય બનશે. આજ ક્રિયાને પુષ્ટિમાર્ગમાં ‘તાપક્લેશ’ કહે છે. એમાં ભગવાનનાં મિલનના તલસાટમાં અપૂર્વ આનંદની અનુભૂતિ હોય છે. શ્રી મહાપ્રભુજી આ આનંદમાં हा नाथ रमणप्रेष्ठ० શ્લોકનું રટણ કરતા.–

५८२ वृषभासुरनाशो विषाणग्रहणात् ।*३६, १–१४

१ वृषेण धर्मेण भातीति धर्मध्वजः २ विषाणम्–शृङ्गम्, पक्षे विषमानयतीति, तस्यैव दुर्वासनाभिः ।

૫૮૨ ભગવાને શિંગડાં પકડી વૃષભાસુરનો નાશ કર્યો. ૩૬, ૧.–૧૪

પક્ષે. ૧ વૃષભ. વૃષ–ધર્મ, ભ–શોભે તે. બહારથી ધાર્મિક, અંદરથી નીચ કર્મવાળો–આખલા જેવો મદોન્મત્ત અને નિરંકુશ

૨ વિષાણુ–શિંગડું અથવા विषमानयतीति–તેનાં ઝેરી દુષ્કર્મો તેને જ પકડી–ઉઘાડાં પાડી માર્યો. વૃષભાસુર એટલે દંભ.

५८३ नारदो देवदर्शनः । ३६, १६

भगवतेऽपि कर्तव्यप्रदर्शकत्वात् ।

૫૮૩ ભગવાન શ્રીકૃષ્ણને પણ કર્તવ્યનું દર્શન કરાવવાથી નારદ દેવદર્શન છે. ૩૬, ૧૬

५८४ दैवमेव फलसाधने सिद्ध्यसिद्धिप्रदात् । ३६, ३८–३९

૫૮૪ સિદ્ધિ અને અસિદ્ધિરૂપી ફળમાં પ્રારબ્ધ જ મોટું સાધન છે. ૩૬, ૩૮–૩૯

વૃષભાસુર અને કેશીના નાશની શ્રુતિઃ–

*સરખાવો–न ता अर्वा रेणुककाहो० हस्तं दधानो०

सं. भा. वृ. कां. २३, २४

५८५ मथुराविशुद्धौ प्रथमं साधनमक्रूरः ।*३८, १–२७

१ सकंसायां मथुरायां, पक्षे साभिमाने देहे–कृष्णानयनं भगवत्स्थापनमक्रूरादेव ।

२ तल्लिङ्गानिः–

१ अक्रूरः–न क्रूरोऽक्रूरत्वम् २ तपोदानाचरणानि भद्राणि ३ भगवत्परिवारे तद्बुद्धिः ४ चरणयोर्नमनम् । तत्फलम्ः–

१ भगवतोऽमलादृष्टिः । २ शिरसि हस्तक्षेपः–अभयम् ३ परिरम्भणम्–सस्नेहैक्यम् ४ जन्मनः कृतार्थत्वं तातेति वचनात् ।

૫૮૫ મથુરાવિશુદ્ધિનું પ્રથમ સાધન અક્રૂર. ૩૮, ૧–૨૭

પક્ષે–કંસ–અહંકારવાળી મથુરા–કાયા–માં ભગવાનને લાવવામાં અને સ્થાપવામાં પ્રથમ સાધન અક્રૂર છે. તેનાં લક્ષણો–૧. અક્રૂર અ–નહિ, ક્રૂર–ક્રૂરતાનો અભાવ ૨. તપ–દાન યજ્ઞ વગેરે શુભકર્મ ૩. ભગવાનના પરિવારમાં ઇશ્વરબુદ્ધિ ૪. ભગવાનનાં ચરણોમાં પ્રણતિ તેનું ફળ.

अ–ભગવાનની નિર્મલ કૃપાદૃષ્ટિ
ब–મસ્તક ઉપર ભગવાનનો હાથ–નિર્ભયતા.
क–આલિંગન–સ્નેહપૂર્વક ઐક્ય.
ड–'તાત' શબ્દથી જીવનની કૃતાર્થતા–સફલતા.

५८६ विधातृचेष्टा बालवत् । ३९, १९

૫૮૬ ભાગ્યની ચેષ્ટા–બાલકની રમત જેવી અગમ્ય છે. ૩૯, ૧૯

અક્રૂર આગમન અને સંદેશની શ્રુતિઃ–

*સરખાવો–देवानां दूतः प्ररुधप्रसूतो०शृणोतु नो वृषणः पर्वतासः० । सदासगः पितुर्मां अस्तुपन्था० स्वहस्वह०
मं. भा. अ. कां. १–४

५८७ प्रतिकूले दैवे विफलः प्रयत्नः ।*३९,२७

१ प्रियोऽनार्द्रधीः २ स्वजना दुर्मदाः ३ स्थविरा उपेक्षावृत्तयः

૫૮૭ ભાગ્ય પ્રતિકૂલ હોય ત્યારે પ્રયત્ન નિષ્ફળ થાય છે. ૩૮, ૨૭ કેમકે–

૧. પ્રેમી ક્રૂર બને છે. ૨ સ્વજનો મદાન્ધ–સ્વાર્થાન્ધ થાય છે. ૩. વૃદ્ધો તટસ્થ બને છે.

५८८ वियोगे विशोकत्वं विप्रयोगात् । ३९, ३७

१ तल्लीलागानात् २ अनुप्रस्थापितात्मत्वाच्च ।

૫૮૮ વિયોગ–વિપ્રયોગ બનતાં શોક રહેતો નથી. ૩૯, ૩૭

કારણકે વિપ્રયોગમાં

૧. પ્રિય પરમાત્માનું લીલાગાન કરવાથી તથા ૨. ઈશ્વરની ઇચ્છામાં સર્વ ઇચ્છાઓ શમાવી દેવાથી આ બે આલંબન મળતાં શોક દૂર થાય છે. અને એજ પરમ આનંદનું સ્વરૂપ બને છે.

५८९ श्रियादि भूतिभिः सम्पन्नो भगवान्× । ३९, ५५

૫૮૯ બારશક્તિ જેનામાં સંપૂર્ણ હોય તે ભગવાન. ૪૯, ૫૫

(૧) શ્રી (૨) પુષ્ટિ (૩) ગિરા–વાણી (૪) કાન્તિ (૫)

ગોપીવિલાપની શ્રુતિઃ–

સરખાવો–**मोषुणो अत्र जुहरन्त० चिमे पुरुत्रा पतयन्ति० समानो राजा विभ्रतः० आक्षिपत्पूर्वास्वपरा० शयु पुरस्तादधद्विमाता० शूरस्येव युध्यातो० यदन्यासु०**

मं. भा. अ. कां. ५,–१०, ११, २१

અક્રૂરજીએ કરેલું કૃષ્ણદર્શન અને સ્તુતિ–

×સરખાવો–**यमुनायामधिश्रुतं० विष्णोर्नुकं वीर्याणि० प्रतद्विष्णु० प्रविष्णवेशूषमेतु० मं. भा. अ. कां. १**

કીર્તિ (૬) તુષ્ટિ (૭) ઈલા (૮) વિદ્યા (૯) અવિદ્યા (૧૦) શક્તિ (૧૧) માયા (૧૨) અને ઊર્જા-તેજસ્વિતા.

५९० न स्वरूपविज्ञानमजेनाप्यजागुणवद्धत्वात् । अत एव भिन्नवृत्तित्वम् । ४०, ३

१ साध्यात्मसाधिभूतसाधिदैवमिति योगिनो ज्ञानिनश्च २ त्रय्याविद्यया यज्ञैश्च वैतानिकाः ३ बहुमूर्त्या एकमूर्त्या वा सात्त्वताः ४ तत्तद्रूपेणाचार्यभेदात् सर्वेऽपि नदीसिन्धुवत् ।

૫૯૦ માયાના ગુણથી બંધાયેલ હોવાથી બ્રહ્મદેવને પણ ભગવાનના-પોતાના-સ્વરૂપનું જ્ઞાન પ્રકટ થતું નથી. તેથી તેમની દૃષ્ટિમાં ભિન્નતા હોય છે. ૪૦, ૩

યોગી અને જ્ઞાની પુરુષો ભગવાનને-

સાધ્યાત્મઃ-આત્મસ્વરૂપે,
સાધિદૈવઃ-ઈન્દ્રિયોમાં રહેલી શક્તિ રૂપે,
સાધિભૂત-પૃથ્વી આદિ પાંચ મહાભૂતમાં વ્યાપક રૂપે
યાજ્ઞિકો-વેદત્રયી અને યજ્ઞપુરુષ તરીકે.
ભક્તો-અનેક મૂર્તિવાળા તથા એક મૂર્તિવાળા માને છે.

આચાર્યભેદથી જૂદાં જૂદાં સ્વરૂપે ભગવાનની ઉપાસના કરવામાં આવે છે. છેવટે તો જેમ બધી નદીઓ સમુદ્રમાં મળે છે, તેમ આ બધા ભગવાનના એક અને અદ્વિતીય સ્વરૂપને ભજે છે.

५९१ न भगवज्ज्ञानं तमोविष्टत्त्वात् । ४०, २५

१ अनित्ये नित्यत्त्वं २ अनात्मन्यात्मत्त्वं ३ द्वन्द्वे आरामत्वं मन्यमानत्त्वात् ।

૫૯૧ અજ્ઞાનને લીધે માનવને ભગવાનનું જ્ઞાન થતું નથી. ૪૦, ૨૫ કારણ કે તે,-

અનિત્યને નિત્ય, દેહને આત્મા, તથા સુખ–દુઃખાદિમાં આનંદ માને છે.

५९२ सोपानपरंपरा मथुरायां कंसनाशस्य । १०, ४१–४४

१ भगवदागमनमक्रूरतः ४१, ६

२ रजकनाशः, तद्वासोग्रहणम्* पक्षे रजोनाशं कृत्वा तद्वासनायाः सत्त्वे परिणतिः ४१, ३२–३९

३ सारूप्यकरणं वायकात् सुदाम्नश्च । पक्षे सुग्रथितकर्मबन्धानां शोभनत्त्वम् भगवत्स्वीकृतित्वात् ४१, ४३–५२

४ कंसाश्रितकुब्जायाः सुरूपकरणं अङ्गरागस्वीकृतेः । * पक्षे अहंकारपोषिण्या तामसवृत्त्या भगवते स्वसाधनदानात् सत्त्वे निवृत्तिः ४२, १–८

५ धनुर्भंगशब्दात् कंसत्रासः पक्षे ओँकारनादादहंकारकम्पः प्रणवो धनुःशरोह्यात्मेति वचनात् ४२, १८

६ कंसद्वारे कुवलयापीडस्य मत्तेभस्य वधः * ४३, २–१४ पक्षे कुः–पृथ्वी, वलयम्–मण्डलम् तत् आ समन्तात् पीडयतीति कुवलयापीडः सहस्रगजबलशालि मनः, तज्जयादेव अहंकारनाशमार्गः सुकरः ।

७ मल्लनाशः पक्षे प्रतियोगितान्वेषकस्य गर्वस्य नाशः ४३, ३१-४३

८ अन्ततः कंसनाशो× केशप्रग्रहणात् तुङ्गमञ्चात् पातनात् , तदुपरि भगवत्पतनाच्च ४४, ३७ पक्षे–

મથુરામાં ધોબી, કુબ્જાનું અંગલેપન, માલાકાર ઉપર અનુગ્રહ, કુવલયાપીડ અને મલ્લોનો નાશ વગેરે–

*સરખાવો–**युवां वस्त्राणिपीववावसाथे॰ मं. भा. म. कां. १**

કંસવધ–×સરખાવો–**इन्द्रोविश्वैर्वीर्यैः॰ पत्यमानं यशस्करं वलवन्तं॰ यो धर्ता भुवनानां॰ मं. भा. म. कां. २, ३, ४**

अहंकारनाशः, यन्मूलोऽहंकारस्तद्ग्रहणात्, उच्चस्थानात् विनिपातात्, तदनु विश्वाश्रयावेशाच्च ।

૫૯૨ કંસના નાશ સુધી મથુરાવિશુદ્ધિની પરંપરા અથવા, દેહમાં રહેલા અહંકારના નાશ સુધીનાં પગથિયાં. અ. ૪૧–૪૪

૧. અક્રૂર દ્વારા ભગવાનનું આગમન–૪૧, ૬. પક્ષે–દયાદિ ગુણોનાં આચરણ દ્વારા ભગવાનનું દેહમાં આગમન.

૨. રજક–ધોબીનો નાશ. તેના વસ્ત્રનું ગ્રહણ, રજોગુણથી પ્રાપ્ત થનાર સુખોનું–વાસનાનું પ્રભુ તરફ સમ્મુખીકરણ–૪૧, ૩૨–૩૯

૩. દરજીએ ભગવાનનાં વસ્ત્રો બંધ બેસતાં કર્યાં, અને સુદામા નામના માળીએ માળા વગેરેથી સુશોભિત કર્યા. પક્ષે,–

૧. જે વસ્ત્રો–વાસનાઓ–રજોગુણ પાસેથી આવેલી તેને ભક્તે ભગવાનને અનુરૂપ કરી. જે આંખ જગતના પદાર્થોને જોતી તે પ્રભુને જોતી થઈ. વગેરે. ૨. સુદામા. એ નામનો માળી. પક્ષે સુ–સારી રીતે દામન્ કર્મબન્ધન–સુદામા કર્મબન્ધનવાળો જીવાત્મા. સર્વ કર્મો ભક્તિસૂત્રમાં બાંધી પરમાત્માને સમર્પિત કર્યાં–ભગવાને તે માળાનો સ્વીકાર કરવાને લીધે એ કર્મમાલા નિષ્કામ ભક્તિથી સુશોભિત બની. ૪૧, ૪૩, ૫૨.

૪. કંસની દાસી કુબ્જાનો અંગરાગ સ્વીકારી તેને સ્વરૂપવતી કરી. પક્ષે, અહંકારને પોષતી તામસી વૃત્તિએ, જે અંગરાગ અહંકારને પોષતો હતો, તે ભગવાનને સમર્પણ કર્યો, તેથી તે તામસીવૃત્તિ સાત્ત્વિકવૃત્તિમાં પરિણમી. ૪૨, ૧–૮

૫. ધનુષ્યના (તૂટવાનો) અવાજ થતાં કંસ ત્રાસ પામ્યો. પક્ષે ધનુષ્ય–પ્રણવ–'ૐકારના' નાદથી અહંકાર કંપવા લાગ્યો. ૪૨, ૧૮

૬. કંસના દ્વાર ઉપર ઝૂલતા મદોન્મત્ત કુવલયાપીડ હાથીનો વધ. પક્ષે કંસ–અહંકારનું બળ આ કુવલયાપીડ–કુ એટલે

પૃથ્વી, વલય–મંડળ તેને આપીડ. બધી બાજુથી પીડા આપે તે મન. હજારો હાથીનું બળ આ મનમાં છે, તેના ઉપરના વિજયથી અહંકારનાશનો માર્ગ સરલ બને છે. કુવલયાપીડનાશ એટલે મનોનિગ્રહ. ૪૩, ૨–૧૪

૭. મલ્લોનો નાશ. પક્ષે સામે થતા દર્પ, કંદર્પ, ગર્વ વગેરેનો નાશ. ૪૩, ૪૧–૪૩.

૮. છેવટે કંસનો નાશ ૪૪, ૩૭

(૧) કેશ પકડીને (૨) ઉચ્ચ આસન પરથી નીચે પછાડીને (૩) તેની ઉપર ભગવાનના પડવાથી, પક્ષે–

(૧) જેનાથી અહંકાર ઉત્પન્ન થાય તેનો ભગવાને સ્વીકાર કરવાથી. (૨) ઉચ્ચ સ્થાન ઉપરથી નીચે પડવાથી, (૩) અને પછીથી ભગવાનના આવેશથી અહંકાર સદંતર નાશ પામે છે.

५९३ जीवभ्रमिः । ४०, २३

१ अहं ममेत्यसद्ग्राहात् २ अनित्यानात्मदुःखेषु विपर्ययमतित्त्वात् ३ द्वन्द्वारामत्वात् च ।

૫૯૩ જીવનું સંસારનું ચંક્રમણ. ૪૦, ૨૩–૨૫

૧. આ હું અને મારૂં એવા અસદાગ્રહને લીધે, ૨. અનિત્ય ધન, સ્ત્રી, પુત્ર, પરિવાર વગેરે તરફની નિત્ય બુદ્ધિને લીધે, તથા ૩ અજ્ઞાનને લીધે સુખ દુઃખાદિમાં આનંદ માનવાને લીધે થાય છે.

५९४ त्रिवक्रा, कुब्जा, ऋज्वीति । ४२, ६

१ कंसानुलेपकर्मकुशला, त्रिष्वपि गुणेषु वक्रा त्रिवक्रा २ तेषां गुणानामन्यथोपयोगकरणात् कुब्जा ३ तेषामेव गुणानां भगवत्समर्पणात् ऋज्वी सरला ।

૫૯૪ ત્રિવક્રા, કુબ્જા, ઋજ્વી. ૪૨, ૬

૧ કંસને ચંદન ચર્ચવામાં–અહંકારને તેને ગમતી વસ્તુ આપવાને લીધે ત્રણ ગુણોમાં વક્ર હોવાથી ત્રિવક્રા. ૨ ગુણનો દુરુ-

પયોગ કરવાથી કુબ્જા ૩ પણ એજ પોતાની પ્રિય વસ્તુ ભગવાનને અર્પણ કરવાથી ઋજ્વી, કોમલ અને સરલ બની.

५९५ विरूपे रूपदृष्टिर्दैवः; तद्विपर्ययो मानवः । ४०, २

૫૯૫ કુરૂપમાં રૂપ જુવે તથા વાંકાંને સીધાં કરે તે ભગવાન, તેનાથી વિપરીત દૃષ્ટિ હોય તે માનવ. ૪૨, ૨

५९६ चतुर्दश मृत्युचिह्नानि; जाग्रत्स्वप्नयोः सप्त सप्तेति । ४२, २७–३०

१ जाग्रदवस्थायां—सप्तः—

१ प्रतिबिम्बे शिरोऽदर्शनम् २ एकेऽपि द्वैरूप्यम् ३ ज्योतिषि अपि द्वैविध्यम् ४ छायायां छिद्रप्रतीतिः ५ अश्रवणं प्राणघोषस्य ६ वृक्षेषु स्वर्णप्रतीतिः ७ स्वपदानामदर्शनम् ।

२ स्वप्नावस्थायां सप्तः—

१ प्रेतपरिष्वङ्गः २ खरयानम् ३ विषादनम् ४ एकलत्वम् ५ जपापुष्पमाली ६ तैलाभ्यक्तः ७ दिगम्बरः

૫૯૬ મૃત્યુનાં ૧૪ ચિહ્નો. ૭ જાગ્રત અવસ્થાનાં અને ૭ સ્વપ્નાવસ્થાનાં-૪૨, ૨૭-૩૦

(૧) જાગૃત અવસ્થાનાં મૃત્યુચિહ્નો:–

૧ પ્રતિબિંબમાં મસ્તકનું અદર્શન. ૨ એક આકૃતિમાં બે આકૃતિનું દર્શન ૩ સૂર્ય–ચંદ્રમાં પણ બે પણાનો ભાસ ૪ છાયામાં છિદ્ર દેખાવું ૫ મુખ નાસિકા અને કાનનાં દ્વાર બંધ કરવાથી પ્રાણઘોષનું અશ્રવણ ૬ ઝાડ પાન પીળાં દેખાવાં અને ૭ પોતાના પગનું અદર્શન.

(૨) સ્વપ્નાવસ્થાનાં મૃત્યુચિહ્નઃ–

૧ પ્રેત–મૃત શરીર સાથે આલિંગન, ૨ ગધેડાં ઉપર સવારી, ૩ ઝેર ખાવું. ૪ સર્વમાં એકલાપણું, ૫ જાસવન્તીની માળા

પહેરેલી જોવી, ૬ તેલથી મર્દન કરેલું શરીર જોવું અને ૭ પોતાને વસ્ત્રહીન જોવું.

५९७ रसेशो रसदर्शनात् । ४३, १७

१ मल्लानाम् अशनित्वाद् रौद्रः । २ नृणां नरवरत्त्वात् अद्भुतः । ३ स्त्रीणां स्मरत्त्वात् श्रृंगारः । ४ गोपानां स्वजनत्त्वात् हास्यः । ५ असतां शास्तृत्त्वात् वीरः ६ पित्रोः शिशुत्त्वात् करुणः ७ कंसस्य मृत्युत्त्वात् भयानकः । ८ अविदुषां **विराट्** बीभत्सः । ९ योगिनां परतत्त्वात् शान्तः । १० वृष्णीनां परदेवतात्त्वात् प्रेमभक्तिः ।

૫૯૭ રસેશ્વર શ્રીકૃષ્ણમાં સર્વરસોનું દર્શન. ૪૩, ૧૭

૧ મલ્લોને વજ્રસમા (રૌદ્ર.) ૨ માણસોને શ્રેષ્ઠ માનવ તરીકે (અદ્ભુત) ૩ સ્ત્રીઓને કામદેવ રૂપે (શૃંગાર) ૪ ગોપબાળકોને સ્વજન તરીકે (હાસ્ય) ૫ દુષ્ટોને શાસક રૂપે (વીર) ૬ માતા પિતાને બાળક રૂપે (વાત્સલ્ય) ૭ કંસને મૃત્યુ રૂપે (ભયાનક) ૮ અજ્ઞાનીઓને વિરાટ રૂપે (બીભત્સ) ૯ યોગીઓને પરમતત્ત્વ તરીકે (શાન્ત) ૧૦ યાદવોને પરદેવતા સ્વરૂપે (ભક્તિ.) આ દશ સ્વરૂપે પ્રભુ દેખાયા. रसो वै सः ।

५९८ अधर्मसभायां सभ्यस्थितिः । ४४, ९–१०

१ जानन्नप्यब्रुवन् २ विपरीतं ब्रुवन् ३ मौनोऽपि सर्वतो दोषभाक् । धर्मबाधश्च । अतएव त्याज्याधर्मसभा ।

૬૯૮ અધર્મિઓની સભામાં ડાહ્યા માણસની સ્થિતિ ૪૪, ૯–૧૦

૧ દોષ જાણવા છતાં ન બોલે ૨ કે વિરુદ્ધ બોલે તો અજ્ઞાની ઠરે છે. ૩ મૌન રાખે તો ધર્મબાધ આવે છે, માટે ડાહ્યા માણસે અધર્મ સભામાં જવું નહિં.

५९९ न कस्यापि शं भूतद्रोहकारिणः । ४४, ४७

૫૯૯ પ્રાણીઓનો દ્રોહ કરનારનું ક્યાંય કલ્યાણ થતું નથી. ૪૪, ૪૭

६०० देहः सर्वार्थसम्भवः । ४५, ५

૬૦૦ દેહ, ધર્મ અર્થ કામ અને મોક્ષની સિદ્ધિ માટે છે. ૪૫, ૫

દેહ (૧) જાતે અપવિત્ર પણ પાવનતમ પરમાત્મપદ આપનાર (૨) જાતે નશ્વર છતાં અવિનાશીને મેળવી આપનાર (૩) જાતે અસત્ય પણ સત્યપદ દેનાર હોવાથી.

६०१ जीवन्नपि मृत एव । ४५, ७

शक्तिमानपि, मातरं, पितरं, वृद्धं, साध्वीं भार्याम्, शिशुं सुतम्, गुरुं विप्रं, प्रपन्नं चाबिभ्रन् ।

૬૦૧ જીવતાં છતાં મરેલો. ૪૫, ૭

જે માણસ શક્તિમાન હોવા છતાં, (૧) માતા પિતાને (૨) વૃદ્ધને (૩) સતી સ્ત્રીને (૪) બાલકને (૫) ગુરુને (૬) વિપ્રને અને (૭) શરણે આવેલાને પાળે નહિ–રક્ષા ન કરે, તે જીવતાં છતાં મરેલો છે.

६०२ पितरौ तावेव, न केवलं जन्मदातारौ । ४५, २१–२२

काविति चेत्, यौ–(१) निराधारान् (२) बन्धुरहितान् (३) पोषणरक्षणेऽक्षमान् (४) शिश्ववस्थायामेव त्यक्तान्, (५) परपुत्रान् स्वपुत्रवत् पुष्णीयाताम् ।

૬૦૨ કેવળ જન્મદાતા જ માતાપિતા નથી પણ ખરાં માતાપિતા તેજ છે. જે,–૪૫, ૨૧–૨૨

(૧) નિરાધાર ને (૨) સગાં વહાલાં વગરનાને (૩) જે જાતે પોષણ અને રક્ષણમાં અસમર્થ હોય તેને, (૪) બાલ્યાવસ્થામાં જ તજાયેલાને (૫) પારકાં બાળકને પોતાનાં બાળકની માફકજ પાળે, રક્ષે અને પોષે, તેજ જન્મદાતા ન હોવા છતાં માબાપ છે.

६०३ षड्विधा राजनीतिः । ४६, ३४

(१) संधिः (२) विग्रहः (३) यानम् (४) आसनम् (५) द्वैधम् (६) आश्रय–इति षोढा राजनीतिः

૬૦૩ રાજનીતિનાં મુખ્ય છ અંગો. ૪૫, ૩૪

(૧) બીજાં રાજ્યો સાથે સલાહ સંપ (૨) કયા સંયોગમાં વિગ્રહ કરવો (૩) દેશ, કાલ, પાત્ર તથા શક્તિ જોઈને ચઢાઈ કરવી. (૪) યુદ્ધકલા–કયાં પડાવ રાખવો ? (૫) શત્રુપક્ષમાં ફાટફૂટ પડાવવી, અને (૬) મિત્ર રાજ્યોનો આશ્રય લેવો. (આટલાંમાં પૂર્ણ નિપુણ હોય તેજ રાજકર્તા ટકી શકે)

६०४ भगवदर्थे त्यक्तमनः प्राणदैहिकलोकधर्माः गोप्यः । ४६, ४

૬૦૪ ભગવાનને માટે મન, પ્રાણ, દેહધર્મ તથા લોકધર્મોનો ત્યાગ કરે તે ગોપી–આદર્શ ભક્ત. ૪૬, ૪

६०५ परागतिः प्रयाणकाले ब्रह्मणि मनसः सन्निवेशात् । ४६, ३२

૬૦૫ મરણ સમયે પરબ્રહ્મમાં એકાગ્રચિત્તથી મન પરોવનારને મોક્ષસિદ્ધિ મળે છે. ૪૬, ૩૨

६०६ न कस्यचित् सर्वस्यापि दार्वग्निवत् सर्वस्वरूपत्वात् । ४६, ३७, ४०–४३

૬૦૬ લાકડાંમાં રહેલા અગ્નિની માફક પરમાત્મા સર્વસ્વરૂપ–વ્યાપક–બધાનો હોવા છતાં કોઇનો (પક્ષપાતી) નથી. ૪૬, ૩૭, ૪૦–૪૩

६०७ दुस्त्यजः स्नेहानुबन्धः । ४७, ५

૬૦૭ સ્નેહનાં બંધન દુસ્ત્યજ છે. ૪૭, ૫

६०८ त्यागात्मिका मैत्री सुमनःषट्पदवत् । ४७, ६

१ गणिकाः निःस्वम् २ प्रजाः अकल्पं नृपतिम् ३ अधीतविद्या आचार्यम् ४ ऋत्विजः दत्तदक्षिणं यजमानम् ५ खगाः वीतफलं वृक्षम् ६ अतिथयः भोजनान्ते गृहम् ७ मृगाः दग्धमरण्यं, त्यजन्ति ।

૬૦૮ સ્વાર્થી મૈત્રી ફૂલ અને ભમરા જેવી હોય છે. ૪૭, ૬

જેવી કે. (૧) ગણિકા દરિદ્રને, (૨) પ્રજા નિર્બળ રાજશાસક–ને, (૩) ભણી રહેલ વિદ્યાર્થી આચાર્યને, (૪) ઋત્વિજો દક્ષિણા લીધા પછી યજમાનને, (૫) પક્ષીઓ ફળ વગરનાં ઝાડને (૬) અતિથિ જમ્યા પછી ઘરને (૭) પશુઓ બળી ગયેલાં વનને, છોડે છે.

६०९ वियोगे सर्वात्मभावोऽनुग्रहादेव । ४७, २७

૬૦૯ વિયોગમાં સર્વાત્મભાવે સુખી રહેવું, એ જ ભગવત્કૃપા. ૪૭, ૨૭

६१० समाम्नायो निरोधान्तः नदीनां सिन्धुवत् । ४७, ३३

૬૧૦ જેમ નદીઓનો છેડો સમુદ્ર છે, તેમ ભક્તનો છેડો નિરોધ–પ્રપંચ–સંસારવિસ્મૃતિ અને કૃષ્ણાસક્તિ છે. ૪૭, ૩૩

६११ कर्तृत्वाभासो भ्रमरिकावत् । ४६, १

૬૧૧ ફેરફુદડીની માફક કર્તાપણાનો આભાસ છે. ૪૬, ૪૧

ફેરફૂદડી ફરનારને પૃથ્વી ફરતી લાગે છે. ખરી રીતે જોતાં પૃથ્વી ફરતી નથી, પણ એવો આભાસ થાય છે.

તેમ માણસને પણ 'હું કરું છું' એવો અભાસ થાય છે. (કરનાર અને કરાવનાર શ્રી હરિ જ છે.)

१ सुषुप्तौ–प्राज्ञः २ स्वप्ने–तैजसः ३ जाग्रति–विश्वः ४ तुर्यायाम्–शुद्धो ज्ञानमयस्तुरीयः

६१२ एकोऽपि चतुर्धा वृत्तिभेदात् । ४७, ३१

૬૧૨ વૃત્તિ ભેદથી આત્મા ૪ પ્રકારે દેખાય છે. ૪૭, ૩૧

६१३ विप्रयोगो मनःसन्निकर्षात् । ४७, ३५

૧ વિશ્વ–દરેક જીવની જાગૃત અવસ્થામાં, ૨ પ્રાજ્ઞ દરેક સુષુપ્ત અવસ્થામાં, ૩ તૈજસ્ દરેક સ્વપ્નાવસ્થામાં, ૪ તુરીય–દેહાતીત જ્ઞાન કે યોગાવસ્થામાં.

૬૧૩ (દેહ કરતાં) મનનાં આકર્ષણથી વિપ્રયોગ થાય છે. ૪૭, ૩૫

६१४ परं सौख्यं हि नैराश्यम् । ४७, ४७

૬૧૪ નિરાશા એજ પરમસુખ છે.–૪૭, ૪૭

६१५ विशुद्धं पुष्टिलक्षणम् । ४७, ६६–६७

यस्मिन् कस्मिन्नपि जन्मनि, १ मनोवृत्तिः–कृष्णपादाम्बुजाश्रया २ वाचः–तद्गुणानेव गायन्त्यः ३ कायः–तत्पूजने वन्दनादिषु ४ सर्वदानम् ५ मङ्गलाचारश्च ।

૬૧૫ પ્રેમલક્ષણા–રાગાત્મિકા–પુષ્ટિભક્તિનાં વિશુદ્ધ લક્ષણો ૬૬, ૬૭ કોઇપણ જન્મમાં,

૧ ભગવાનનાં ચરણમાં સ્થિર મનોવૃત્તિ, ૨ ભગવાનના ગુણ ગાતી વાણી, ૩ ભગવાનનાં પૂજન વંદનમાં કાયા, ૪ સર્વ દાન ૫ મંગલ આચાર.

६१६ न भवबन्धमोक्षौ देहाद्युपाधेरनिरूपितत्वात् । ४८, २२

૬૧૬ દેહ વગેરે ઉપાધની અસર દૂર થતાં સંસારનાં બંધન કે મુક્તિ રહેતાં નથી–૪૮, ૨૨

६१७ पुनानाः साधवः दर्शनादेव । ४८, ३१

૬૧૭ સાધુ–સત્પુરુષો–દર્શનમાત્રથી પવિત્ર કરે છે. ૪૮, ૩૧

६१८ श्रेयस्करो नृपः । ४९, १८–२४

१ धर्मेण पृथ्वीं पालयन् २ प्रजाः शीलेन रञ्जयन् ३ समं प्रजासु वर्तमानः, तद्विपर्यये असिद्धार्थोऽन्धं विशति

૬૧૮ તે રાજા કે શાસનકર્તા, કલ્યાણકારી છે, ૪૯, ૧૮–૨૪ જે–

૧. ધર્મપૂર્વક પ્રજાપાલન કરે, ૨. પોતાનાં ચારિત્ર્યથી પ્રજાનું રંજન કરે, ૩. પ્રજામાં પક્ષપાત ન કરે. (ન્યાય રાખે) તેજ રાજકર્તા કલ્યાણકારી છે, આનાથી વિરુદ્ધ વર્તન કરનાર જીવનસિદ્ધિ પ્રાપ્ત ન કરતાં નરકગામી બને છે.

६१९ दुरवबोधविहारतन्त्रसंसारचक्रगतिरीश्वरः । ४९, २९

इति दशमस्कन्धे पूर्वार्धम्

૬૧૯ જેમનો વિહાર, તંત્ર (જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ પાલન કરવા છતાં અલિપ્ત–) અને ગતિ (સંસારચક્રને પોતાના ધાર્યા મુજબ ચલાવવું) અજ્ઞાત છે, તે પરમાત્મા. ૪૯, ૨૯

દશમસ્કંધ પૂર્વાર્ધ સંપૂર્ણ

। ॐ नमः श्रीकृष्णाय ।

दशमः स्कन्धः

उत्तरार्धम्

स्कन्धभागः कथमिति चेत्ः-

पूर्वार्धे	उत्तरार्धे
१ भगवान् भक्तपरतन्त्रः	स्वतन्त्रः
२ कंसबलम्	जरासन्धादीनाम्
३ भगवदीयकथा	भगवत्कथा
४ निरायुधः	सायुधः
५ भगवल्लीला, भगवदीयार्था	भगवल्लीला, स्वार्था
६ प्राधान्यं पुष्टिभक्तेः	प्राधान्यं मर्यादा भक्तेः

શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધમાં બે વિભાગ શા માટે?

કારણ કે:-

પૂર્વાર્ધમાં	ઉત્તરાર્ધમાં
૧ ભગવાન ભક્તપરતંત્ર	સ્વતંત્ર
૨ કંસ (અહંકાર)નું બળ.	જરાસંધ (વૃદ્ધાવસ્થા) વગેરેનું બળ
૩ ભગવાનના ભક્તોની કથા અને પ્રાધાન્ય	ભગવાનની કથા અને પ્રાધાન્ય.
૪ ભગવાન નિરાયુધ.	સાયુધ.
૫ ભગવાનની ભગવદીયો માટેની લીલા.	ભગવાનની સ્વતંત્ર લીલા
૬ રાગાત્મિકા ભક્તિ	મર્યાદા ભક્તિ

दशमः स्कन्धः (उत्तरार्धम्)

ઉત્તરાર્ધ

(સૂત્ર પાસે મૂકેલા આંકડા અધ્યાય અને શ્લોકના છે.)

६२० कंसपत्न्यावस्तिश्च प्राप्तिश्च* । ५०, १

(१) ताभ्यामेव कंसस्य–अहंकारस्य–जीवनम्

૬૨૦ કંસની બે સ્ત્રીઓ અસ્તિ અને પ્રાપ્તિ-૫૦, ૧

પક્ષે અહંકાર બે વસ્તુ ઉપર જ નભે. અસ્તિ. આટલું (ધન પરિવાર બળ) છે, અને પ્રાપ્તિ-આટલું આવે છે.

६२१ द्वारकानिर्माणं जरासंधकालयवनाभ्यां मथुरारोधत्वात् ५०, ४–४४

१ मथुरायाः पक्षे देहे, जरासंध–पक्षे–वृद्धावस्थासंधिकाले, कालयवने–कालः यवन इव–उपस्थितेकाले द्वारिका, पक्षे द्वारि द्वारि कं भगवत्सुखं यस्याः सेति कायः । नूतनं तन्निर्माणमेव वरम् ऋते भगवदनुग्रहं न तच्छक्यमिति श्रीकृष्णः स्वयं निर्मिमाय । अत एव न मर्त्यधर्मबाधः ।
२ मथुराया द्वारकायां परिवर्तनम् योगप्रभावात् ।

૬૨૧ જરાસંધ અને કાલયવને મથુરાને ઘેરી ત્યારે ભગવાને દ્વારકાનું નિર્માણ કર્યું. ૫૦, ૪-૪૪

૧ જરાસંધ-મગધનો રાજા અથવા જરા એટલે વૃદ્ધાવસ્થાનો સંધિકાળ. ૨ કાલયવન-એક મ્લેચ્છ અથવા કાળ રૂપ નિર્દય યવન, આ બે જ્યારે, ૩ મથુરા-નગરી અથવા દેહને

---

*સરખાવો-इदमस्तीदमपि मे भविष्यतिपुनर्धनम् (गी०)

ઘેરે ત્યારે ૪ ભગવાન દયાથી જ મથુરાની પરિણુતિ દ્વારકામાં કરે. ૫ દ્વારકા એટલે દેહની દરેક ઇન્દ્રિયોમાં ભગવાનની સ્થાપના. આ નિર્માણ ભગવત્કૃપાથીજ થાય, માટે ભગવાને સ્વયં યોગપ્રભાવે તેની રચના કરી.

६२२ शूराः पौरुषदर्शिनः । ५०, २०

૬૨૨ શૂરવીરો બોલતા નથી, વીરતા બતાવે છે. ૫૦, ૨૦

६२३ प्रजाः कलयति इति कालः । ५१, १९

१ ईश्वरत्वादव्ययत्वाच्च । २ प्रमत्तं प्रवृद्धलोभविषयलालसं ग्रसन्नप्रमत्तः ।

૬૨૩ પ્રજાને પોતાનાં સ્વરૂપમાં લીન કરે તે કાળ. ૫૧, ૧૯

૧ તે ઈશ્વર સ્વરૂપ છે. અવ્યય, અવિનાશી છે. ૨ ખૂબ વધી ગયેલી વિષયલાલસા વાળા મહોન્મત્ત પુરુષનો ગ્રાસ કરવામાં નિત્ય સાવધાન છે.

६२४ कंसः कालनेमिरेव । ५१, ४२

कालस्य नेमिः—अक्षः—आधार एव कंसोऽभिमानः ।

૬૨૪ કાલનેમિનો બીજો અવતાર તે કંસ ૫૧, ૪૨

કાલનેમિ—એ નામનો અસુર—પક્ષે કાલ, વિનાશ એજ જેનો આધાર—પરિણામ હોય તે અહંકાર.

६२५ न सुखं तर्षप्रवृद्धेः । ५१, ५४

१ तत्फलम्—अशान्त्यार्त्यनुतापाः ।

૬૨૫ તૃષ્ણાની વૃદ્ધિથી કદિય સુખ મળતું નથી. ૫૧,૫૪

કારણ કે लाभात् लोभः प्रवर्धते—જેમ જેમ લાભ થતો જાય

તેમ તેમ તેનો લોભ વધે છે. તૃષ્ણાનું ફળ, અશાન્તિ, દુઃખ, અને સંતાપ છે.

६२६ कालनाशो भक्तदृष्टिपातात् । ५१, १२

૬૨૬ ભક્તની કૃપાદૃષ્ટિથી કાળ (ના ભય)નો નાશ થાય છે. ૫૧, ૧૨

६२७ विप्रो हि भगवद्वन्द्यः ५२, ३१-३३

१ सन्तुष्टत्वात् २ धर्मादहीयमानत्वात् ३ भूतसुहृत्तमत्वात् ४ निरहंकारित्वात् ५ शान्तत्वाच्च ।

૬૨૭ બ્રાહ્મણ ભગવાનને પણ વંદનીય છે ૫૨, ૩૧-૩૩

विप्र--विशेषेण प्रान्ति परदुःखानि । જે બીજાનાં દુઃખને દૂર કરે--તે--બ્રાહ્મણ (૧) સન્તોષી હોવાથી (૨) ધર્મભ્રષ્ટ ન થતો હોવાથી (૩) પ્રત્યેક પ્રાણીનો મિત્ર હોવાથી (૪) નિરહંકારી હોવાથી અને (૫) શાન્ત હોવાથી બ્રાહ્મણ ભગવાનને પણ વન્દનીય છે.

६२८ वरयोर्योग्यता कुलशीलादिभिः । ५२, ३८

कुलशीलरूपविद्यावयोद्रविणधामभिः ।

૬૨૮ વર--કન્યાના વિવાહની યોગ્યતાનાં અંગો-૫૨, ૩૮

વિવાહ વખતે વર અને કન્યાનાં કુલ, શીલ, રૂપ, વિદ્યા, ઉંમર, દ્રવ્ય, તેજ અને વ્યક્તિત્વ-આટલી વસ્તુ સરખી હોય તોજ વરકન્યા સુખી થાય.

६२९ भगवत्प्रसादो पूर्तेष्टादिभिः ५२, ४०

पूर्तेष्टदत्तनियमव्रतदेवविप्रगुर्वर्चनैः ।

૬૨૯ પૂર્ત (વાવ, કુવા, ધર્મશાળા વગેરેની રચના) અને

૬૨૯ (યજ્ઞ યાગાદિ) દાન, વ્રત, નિયમ, તથા દેવ, બ્રાહ્મણ અને ગુરુની પૂજાથી ભગવાન પ્રસન્ન થાય છે. ૫૨, ૪૦

६३० वैरूप्यं सुहृदो वधः । ५४, ३९

૬૩૦ મિત્ર કે સગાને કદરૂપો કરવો એ એનો વધ જ છે. ૫૪, ૩૯

६३१ सुखदुःखदो नान्यः स्वकृतभुक्त्वात् । ५४, ३८

૬૩૧ માણસે પોતાનાં કરેલાં કર્મ જ ભોગવવાં પડે છે, તેથી કોઈ સુખદુઃખ દે છે, એમ માનવું નહિ. ૫૪, ૩૮

६३२ देहः संसृतिकारणम् ५४,४५

१ अविद्ययाऽऽत्मनि कल्पितत्त्वात् २ द्रव्यप्राणगुणात्मकत्वाच्च ।

૬૩૨ દેહ સંસારનું કારણ છે. ૫૪, ૪૫

(૧) અજ્ઞાનને લીધે દેહમાં આત્માની કલ્પના કરવાથી, તથા (૨) દેહ, દ્રવ્ય પ્રાણ અને ગુણોવાળો હોવાથી સંસાર ઉત્પન્ન કરે છે. ૫૪, ૪૫

६३३ कलयतामीशस्त्वात् काल ५६, २७

૬૩૩ કાળ નાશકોનોય નાશક છે. ૫૬, ૨૭

६३४ पतिप्रीतिकराणि साधनानि अनुरागादीनि ५९, ४४–४५

૬૩૪ પતિની પ્રીતિ સંપાદન કરાવનારાં સાધનો. ૫૯, ૪૪–૪૫

પ્રેમ, હાસ્ય; અવલોકન, સંગમ, વાર્તા, લજ્જા, સામે જવું, આસન આપવું, પૂજન, વંદન, ચરણસેવા, પંખો કરવો, કેશપ્રસાધન, પથારી કરવી, સ્નાન કરાવવું, ભોજન કરાવવું.

६३५ स्वे महिम्न्यभिरतः पुरुषः, अनुगृहीतपादा प्रकृतिः । ६०,३४

फलात्मापुरुषः समस्त पुरुषार्थमयत्वात्

૬૩૫ પોતાના મહિમામાં લીન તે પુરુષ; મૂર્ખ જેની ચરણ સેવા કરે તે પ્રકૃતિ, ૬૦, ૩૪.

માટે સમસ્ત પુરુષાર્થનું ફળ તે પુરુષ.

६३६ योगिनः सम्यग्द्रष्टारः । ६१, २१

१ अनागतम् २ अतीतम् ३ वर्तमानम् ४ अतीन्द्रियम् ५ विप्रकृष्टम् ६ व्यवहितम् पश्यन्ति, तस्मात् ।

૬૩૮ યોગિઓ પારદર્શિની દષ્ટિવાળા હોય છે. ૬૧, ૨૧.

કારણ કે તેઓ (૧) ન આવેલું (૨) ગયેલું (૩) ચાલુ (૪) જેને ઈન્દ્રિયો જોઈ ન શકતી હોય તેવું (૫) દૂરનું અને (૬) ગુપ્ત રહેલું જોઈ શકે છે.

६३७ कालद्विबीजमोहप्रवाहो माया, तन्निषेध ईश्वरः । ६३, २६

१ तत्प्रतीतिः सर्वगुणप्रसिद्ध्यै ।

૬૩૭ કાલ, દૈવ, કર્મ, સ્વભાવ, દ્રવ્ય, ક્ષેત્ર, પ્રાણ, આત્મા, અને વિકાર, એનો દેહમાં જન્મ-આવિર્ભાવ અને પ્રવાહ-ચલાવે તે માયા, એનાથી અલિપ્ત તે ઈશ્વર. ૬૩, ૨૬

આ સર્વ ગુણોની પ્રતીતિ અને પ્રસિદ્ધિ એજ ઈશ્વરની ઓળખાણ.

६३८ आदरणीयम् नृलोके (जन्म) देवदत्तत्वात् ६३, ४१

૬૩૮ આ લોકમાં માનવજન્મ આદરણીય છે, કેમકે એ દેવે દીધેલ અમૂલ્ય ભેટ છે. ૬૩, ૪૧

६३९ भजनं भवापवर्गाय । ६३, ४४

૬૩૯ ભજન સંસારમુક્તિ માટે છે. ૬૩, ૪૪

६४० पित्रोर्विस्मरणं पुत्रस्य दारसुतान्वितस्य । ६६, ७

૬૪૦ પત્ની અને પ્રજાવાળો થતાં પુત્ર માતા પિતાને ભૂલે છે ૬૬, ૭

६४१ शेषोऽद्वितीयः स्वात्मनिरुद्धविश्वत्वात् । ६९, ४६

૬૪૧ વિશ્વના ઉપસંહાર પછી સમગ્ર વિશ્વને પોતાનામાં શમાવી લે તે શેષ. ૬૮, ૪૬

६४२ द्विविधं कृष्णचरितं बाह्याभ्यन्तरभेदात् । अ ६९, ७०, ४–७

१ लोकशिक्षार्थं बाह्यम् २ आभ्यन्तरमभिगमनोपादानेज्यास्तुतियोगमयम्।

૬૪૨ શ્રી કૃષ્ણચરિત્ર બે પ્રકારનું છે. બાહ્ય અને આભ્યંતર. અ–૬૯, ૭૦, ૪–૭

(૧) **બાહ્યઃ** લોક શિક્ષા માટે, સંસારની અનેક દિશામાં કામ કરનારૂં.

(૨) આભ્યન્તર–સ્વાત્મનિષ્ઠ–નિત્ય 'સ્વ' નું ધ્યાન રાખનાર, ઉપાદાન કારણ રૂપ, યજ્ઞ, સ્તુતિ; અને યોગ આચરનાર. યોગેશ્વર.

६४३ कालग्रासो लोकः । ७०, २६

१ विकर्मनिरन्तरत्वात् २ कुशले प्रमत्तत्वाच्च

૬૪૩ લોકો કાલગ્રસ્ત બને છે. ૭૦, ૨૬.

(૧) ખોટાં કર્મમાં વ્યાપૃત રહેવાથી, અને (૨) કલ્યાણકારી કર્મમાં પ્રમાદી બનવાથી.

६४४ जरासन्धजयो ब्रह्मलिङ्गादेव । ७२, १६

१ जरासन्धस्य पक्षे वृद्धत्वस्य जयो ब्रह्मत्वेनैव

૬૪૪ જરાસન્ધનો વિજય બ્રાહ્મણ વેશથી જ થાય. ૭૨, ૧૬

જરાસન્ધ-મગધનો રાજા. અથવા વૃદ્ધાવસ્થા જીતવા માટે શમ, દમ, અહિંસા, સત્ય વગેરે બ્રહ્મચિહ્ન-ક્રિયા-જોઈએ. જો વૃદ્ધાવસ્થામાં આવા ગુણો કેળવાય તો તે દુઃખદાયક કે ભારરૂપ થાય નહિં.

६४५ अनित्येन शरीरेण सद्गेयं यशो न चिन्वन् शोच्यः। ७२, २०

૬૪૫ અનિત્ય શરીરથી, સત્પુરુષો જેનું ગાન કરે તેવો યશ ન મેળવાય, તો તે જીવન શોકપાત્ર છે. ૭૨, ૨૦

६४६ माया वैकारिकी मृगतृष्णिकावत्। ७३, ११

૬૪૬ માયા વિકાર કરનારી અને ઝાંઝવાનાં જળ જેવી અનિત્ય-અસત્ય-છે. ૭૩, ૧૧.

६४७ एक एवाद्वितीय आत्माश्रयत्वात् ७४, २१

૬૪૭ પરમાત્મા સર્વ આત્માના (ઉત્પાદક-પાલક-સંહારક હોવા છતાં અલિપ્ત-અજન્મા હોવાથી) **આશ્રયરૂપ છે. ૭૪, ૨૧**

६४८ ईशः कालो दुरत्ययत्वात्। ७४, ३१

૬૪૮ કાલની ગતિ-શક્તિ-અબાધિત હોવાથી ઇશ્વરરૂપ-શાસનકર્તા છે. ૬૪-૩૧

६४९ भावो हि भवकारणम्। ७४, ४६

૬૪૯ ભાવના-સ્નેહ-મોહ એજ સંસારનું કારણ છે. ૭૪, ૪૬

६५० आत्मा वै पुत्रः इति वेदानुशासनम्। ७८, ३६

૬૫૦ 'પુત્ર પિતાનો આત્મા-અવતાર-છે' એમ વેદની આજ્ઞા છે. ૭૮, ૩૬.

६५१ कृष्णसखा सुदामा । अ–८०, ८१

पक्षे—सुष्ठु दाम कर्मबन्धनं यस्य—तथापि, किमर्थम् कृष्णसखा, इति चेत्,

१ विरक्तत्वात् २ प्रशान्तात्मत्वात् ३ जितेन्द्रियत्वात्
४ यदृच्छालाभतुष्टत्वात्

૬૫૧ સુદામા શ્રી કૃષ્ણનો મિત્ર. અ૦ ૮૦, ૮૧

(સામાન્ય રીતે નાનો માણસ મોટાને મિત્ર તરીકે ગણાવે, પણ જ્યારે મોટો માણસ નાનાને મિત્ર ગણાવે ત્યારે એનામાં દિવ્યતા હોય, તોજ તે મિત્ર બનવાને લાયક હોય. અહિં કૃષ્ણ સુદામાને મિત્ર માને છે. (कृष्णस्यासीत् सखा कश्चित्) સુદામા–કૃષ્ણનો મિત્ર–અથવા सुष्ठु दाम कर्मबन्धनं यस्य–કર્મબન્ધનવાળો જીવાત્મા.

શ્રી કૃષ્ણ અને સુદામાની મૈત્રીનાં કારણો:–

સુદામા વિરકત; શાન્ત, જિતેન્દ્રિય, સંતોષી અને અયાચક હતા. તેથી અતિનિર્ધન હોવા છતાં ભગવાનના મિત્ર હતા.

६५२ तदुपायनं नाम। ८०, १३–१४

१ चत्वारो मुष्टयः—पक्षे धर्मार्थकाममोक्षार्थं कृतानि शुभकर्माणि २ गृहं:—पक्षे शरीरम् ३ चैलखण्डेन बद्ध्वा पक्षे वासनाभिः संवृतानि कृत्वा ।

(जन्मजन्मान्तरकृतानि वासनावृतानि चतुर्विधानि कर्माण्यादाय सुदामा–कर्मबन्धनयुतो जीवः तत्समर्पणवृत्त्या भगवत्समीपं गत इत्यर्थः) ।

૬૫૨ સુદામાની ભેટ ૮૦, ૧૩–૧૪

આથી તેમની પત્નીએ શ્રીકૃષ્ણ પાસે જવા કહ્યું. તેમણે કહ્યું. ‘તેં યાદ અપાવી તે સારૂં કર્યું–હું શ્રી કૃષ્ણનાં દર્શન માટે જઇશ. સ્વાર્થ માટે નહિં. ઈશ્વરભજન કદિય સાંસારિક લોભ માટે થાય નહિં. ઘરમાં કંઈ તેમને આપવા જેવી ભેટ હોય તો

આપો.' આથી તેની સ્ત્રીએ જૂના વસ્ત્રના ટૂકડાઓમાં ચાર મૂઠી તાંદુલ બાંધી આપ્યા.

પક્ષે ૧ ચાર મૂઠી—ધર્મ, અર્થ, કામ, મોક્ષ માટેનાં કર્મો મૂઠીથી શુભ.

૨ વસ્ત્રખંડ—અનેક વાસના—થી વીંટાયલાં કર્મ રૂપ તાંદુલ, ભગવાનને સમર્પણ કરવાની વૃત્તિથી સુદામા દ્વારકા ગયા.

६५३ ब्रह्मानन्दप्राप्तिःकक्षात्रयोल्लंघनात् । ८०, १६–१७

૬૫૩ ભગવાનના મહેલના ત્રણ પહેરા—દરવાજા ઓળંગ્યા તેથી બ્રહ્માનન્દની પ્રાપ્તિ. ૮૦, ૧૬, ૧૭

પક્ષે ત્રણ પહેરા—સત્વ, રજસ અને તમસ્‌ના અથવા વિશ્વ, પ્રાજ્ઞ અને તૈજસ્‌ના ઓળંગી નિર્ગુણ અથવા તુરીય અવસ્થા પ્રાપ્ત થતાં તેમને બ્રહ્માનન્દની પ્રાપ્તિ થઈ.

६५४ ततश्चालौकिकत्वपरम्परा ।

(१) भगवतः स्वागतम् (२) भगवतो भक्तस्य चालिङ्गने भगवच्छान्तिः (३) भगवतो नेत्राभ्यामश्रुपतनम् (४) प्रभुणा भक्तचरणोदकधारणम् (५) भगवता कृतोपहारयाचना (६) अयच्छतः सुदाम्नः करात् बलात्स्वीकृतिः (७) सकामकर्मणां निष्कामे परिणतिः । (८) फलस्वरूपा भगवतो मैत्री ।

साधारणा मैत्री	भगवतो मैत्री
१ दत्त्वा ब्रूते	दत्त्वा अब्रुवन्
२ प्रत्यक्षमुपकुर्वाणा	परोक्षमुपकुर्वाणा
३ याचनापेक्षा	अयाचना
४ स्वल्पमप्यधिकं मन्यमाना	अत्यधिकमपि स्वल्पं मन्यमाना
५ ग्रहीतारमल्पमिच्छन्ती	समानमिच्छन्ती

૬૫૪ સુદામા દ્વાર ઉપર આવતાં અલૌકિકતાની પરંપરા થઈ ૮૦, ૪૧

(૧) શ્રી કૃષ્ણે સુદામાનું સ્વાગત કર્યું. (૨) શ્રી કૃષ્ણ અને સુદામા ભેટ્યા, તેમાં કૃષ્ણને શાન્તિ થઈ–આનંદ થયો (૩) શ્રી કૃષ્ણની આંખમાંથી આંસુ પડ્યાં (૪) ભગવાને ભક્તનું ચરણોદક મસ્તકે પધરાવ્યું, બન્નેએ ભોજનાદિથી પરવારી ગુરુવાસની વાત કરી. રાત ગઈ, વાત પૂરી ન થઈ. બીજે દિવસે સુદામા જવા તૈયાર થયા ત્યારે (૫) ભગવાને ઘેરથી આણેલી ભેટ માગી. (મેં તમને માનવ જન્મ આપ્યો. તમે એવાં કોઈ નિષ્કામ કર્મ કર્યાં છે? જે હું સ્વીકારી શકું? ત્યાં સુદામાનું મુખ નીચું પડી ગયું. કારણ કે સાત્ત્વિક કર્મ પણ સકામ હતાં) તેણે એ પોટલી આપી નહિં. ત્યારે (૬) ભગવાને તે કર્મબંધનની પોટલી ખેંચી લીધી. મારાં દર્શન પછી પણ જો સકામકર્મ નિષ્કામ ન બને તો મારું પ્રભુત્વ ક્યાં? (૭) ભગવાને કર્મનો સ્વીકાર કરતાં સકામકર્મ સ્વયં નિષ્કામ બન્યાં. ભગવદર્થે કે ભગવત્પ્રીત્યર્થે કરેલાં સકામકર્મ પણ નિષ્કામ બને છે (૮) તેનાં ફલ સ્વરૂપે હવે સુદામાએ ભગવાનને મિત્ર માન્યા.

મૈત્રી–માનવની	મૈત્રી ભગવાનની
૧ આપીને કહી બતાવે	૧ વિના બોલે આપે
૨ પ્રત્યક્ષ આપે	૨ પરોક્ષ આપે
૩ માગે ત્યારે આપે	૩ માગ્યા વિના આપે
૪ થોડી મદદને મોટી માને	૪ ઘણી મદદને થોડી માને
૫ અલ્પ કક્ષા વાળો રહે એમ ઈચ્છે.	૫ પોતાના જેવો બને તેમ ઇચ્છે.

૬૫૫ आत्मा वै प्राणिनां प्रेष्ठः ૮૦, ૪૦

૬૫૫ દરેક પ્રાણીને આત્મા સૌથી પ્રિય * છે. ૮૦, ૪૦

---

* સરખાવો—न वा अरे पत्यु...० (बृ. उ.)

६५६ गुरुनिष्कृतं सर्वार्थात्मार्पणत्वात् ८०, ४१

૬૫૬ સર્વ વસ્તુઓ અને આત્મસમર્પણથી જ ગુરુના ઉપકારનો બદલો વાળી શકાય. ૮૦, ૪૧

६५७ भगवद्ध्यानवेगोद्ग्रथितात्मबन्धनः सुदामा, ब्रह्मण्यदेवश्च । ८१, ४०-४१

૬૫૭ જીવનાં ગૂંથાયેલ કર્મને ભગવાનના ધ્યાન-દર્શનપૂર્વક સમર્પણ કરવાથી આત્મબંધનમાંથી મુક્ત બને તે સુદામા. આથી સુદામા બ્રહ્મણ્યદેવ. ૮૦, ૪૦, ૪૧

६५८ दैवेऽदक्षिणे नानुस्मरणं स्वजनानामपि । ८२, २०

૬૫૮ જ્યારે ભાગ્ય પ્રતિકૂલ હોય ત્યારે સ્વજનો પણ યાદ કરતા નથી. ૮૨, ૨૦

६५९ भूतकृद्भूतसंयोगाक्षेपौ वायुना तृणवत् ८२, ४४

૬૫૯ જેમ વાયુથી ઘાસનાં તણખલાં ભેગાં મળે છે અને જુદાં પડે છે, તેમ સંયોગ અને વિયોગ પરમાત્માના હાથમાં છે. ૮૨, ૪૪

એમાં માણસ પોતાનું કર્તૃત્વ ભલે માને, પણ સર્વ કંઈ ઇશ્વરેચ્છાથીજ થાય છે.

६६० स एव गोखरः, ८४,१३,यः,–

१ त्रिधातुके कुणपे आत्मबुद्धिम् २ कलत्रादिषु स्वीयधियम् ३ भौमे इज्यबुद्धिम्, ४ सलिले तीर्थबुद्धिम्, कुर्वन् ५ तथा अभिज्ञेषु पूज्यबुद्धिं न कुर्वन् ।

૬૬૦ તે માણસ બળદ જેવો છે ૮૪, ૧૩, જે,

૧. વાત પિત્ત અને કફવાળાં શરીરમાં આત્મબુદ્ધિ રાખે ૨. સ્ત્રી પુત્રો વગેરેમાં પોતાનાપણાની બુદ્ધિ રાખે ૩. મૃત્તિકા

કે પાષાણમાં પૂજ્યબુદ્ધિ રાખે (જે કેવળ મૂર્તિને જ ભગવાન માને અને સર્વ જીવોનો અનાદર કરે) ૪ માત્ર જળમાંજ તીર્થ બુદ્ધિ રાખે, અને જે ૫ જ્ઞાનીઓ પ્રત્યે પૂજ્યબુદ્ધિ ન રાખે.

६६१ *श्रुतिसाध्यो ब्रह्महृदयो भगवान्, ८४, १९

१ व्यक्ताव्यक्तात्परोपलब्धित्वात् २ तपः स्वाध्यायसंयमोपलब्धित्वात्

૬૬૨ ભગવાન શ્રુતિસાધ્ય અને બ્રહ્મહૃદય છે. ૮૪, ૧૯

૧ તપશ્ચર્યા સ્વાધ્યાય અને સંયમથી વેદ દ્વારા સદ્રૂપ અક્ષરબ્રહ્મ પ્રકટ થાય છે. અને તેથી ૨ વ્યક્ત (અક્ષરબ્રહ્મ–વેદ)થી અવ્યક્ત (પૂર્ણ પુરુષોત્તમ)ની પ્રાપ્તિ થાય છે.

६६२ अज्ञेयः परात्परोऽविवेकात् ८४, २४

१ मायया भ्रान्तचित्तत्वात्

૬૬૨ માયાથી ચિત્ત ભ્રમિત થવાથી તથા અવિવેકને લીધે પરાત્પર પરમાત્મા અજ્ઞેય છે. ૮૪, ૨૪

६६३ अनादरोऽतिसन्निकर्षात् ८४, ३१

૬૬૩ બહુ સમીપમાં રહેવાથી અનાદર થાય છે. ૮૪, ૩૧

६६४ क्लेशकर्मपरिपाकगुणप्रवाहैरव्याहतानुभव ईश्वरः× ८४, ३३

૬૬૪ કલેશ, કર્મ, તેના પરિણામ, તથા ઉત્પત્તિ, સ્થિતિ લય–ગુણ પ્રવાહ–જેનાં જ્ઞાનને બાધ કરતાં નથી, તે ઇશ્વર છે. ૮૪, ૩૩

६६५ चित्तस्योपशमो धर्मः आत्ममुदावहत्त्वात् ८४,३६

૬૬૫ આત્માનંદ આપનાર હોવાથી ધર્મ ચિત્તને શાન્તિ આપે છે. ૮૪, ૩૬

---

*સરખાવો–शास्त्रयोनित्वात् (ब्र. सू)

×સરખાવો–क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः–यो. सू.

६६६ ऋणत्रयमुक्तिर्यज्ञाध्ययनपुत्रैः । ८४, ३९

૬૬૬ માણસ જન્મથી ત્રણ ઋણ સાથે જન્મે છે. ૮૪, ૩૯

(૧) દેવોનું (૨) ઋષિઓનું અને (૩) પિતૃઓનું.

(૧) દેવનું ઋણ–દેવું–યજ્ઞથી (૨) ઋષિઓનું ઋણ અધ્યયનથી, અને (૩) પિતૃઓનું ઋણ પુત્રપ્રાપ્તિથી વાળવું જોઈએ.

६६७ दुस्त्यजः स्नेहपाश ईशकृतत्त्वात् । ८४, ६१

૬૬૭ ભગવાને રચેલ હોવાથી સ્નેહપાશ ભેદી શકાતો નથી. ૮૪, ૬૧

६६८ स्वजनानवेक्षणं राज्यश्रियान्धदृष्टित्वात् ८४, ६४

૬૬૮ રાજયલક્ષ્મી–સત્તા અને સંપત્તિ–થી અંધ બનેલા માણસો, સ્વજનો તરફ પણ દુર્લક્ષ્ય કરે છે. ૮૪, ૬૪

६६९ सूक्ष्मविभूत्यानुप्रवेशाद्भूमा । ८५, ४–२०

१ चेष्टताम् चेष्टा २ चन्द्रस्य कान्तिः ३ अग्नेस्तेजः ४ सूर्यनक्षत्रविद्युतां प्रभा ५ पर्वतानां स्थैर्यम् ६ भूमेर्गन्धः ७ अपां, रसः तर्पणं च ८ वायोः, ओजः सहः बलम्, चेष्टा गतिश्च । ९ दिशामवकाशः, तदाश्रया परापश्यन्तीमध्यमावैखरी च । १० इन्द्रियाणां प्रकाशनशक्तिः अधिष्ठानशक्तिश्च । ११ बुद्धेरवबोधः १२ जीवस्य विशुद्धस्मरणशक्तिः १३ पञ्चमहाभूतकारणं तामसाहंकारः १४ इन्द्रियकारणं राजसाहंकारः १५ इन्द्रियदैवतकारणं सात्त्विकाहंकारः १६ जीवसंसृतिकारणं प्रकृतिश्च । उपादाननिमित्तादिकारणकारणत्वाच्च ।

૬૬૯ સર્વમાં સૂક્ષ્મવિભૂતિ રૂપે રહેવાથી ભગવાન ભૂમા સર્વસત્તાધીશ છે. ૮૫, ૪–૨૦

વિભૂતિ એટલે લોકોત્તર ચૈતન્ય. આ વિભૂતિના બે પ્રકાર છે. સ્થૂલ અને સૂક્ષ્મ: સ્થૂલ વિભૂતિમાં જે વિભૂતિમાન હોય તેનો નાશ થતાં બીજાનો નાશ થતો નથી. જેમકે स्थावराणां हिमालय: । સ્થાવર પદાર્થમાં હિમાલય ભગવાનની વિભૂતિ છે. આમાં કોઈ કાળે હિમાલયનો નાશ થતાં બીજા પર્વતો કાયમ રહે છે. સૂક્ષ્મ વિભૂતિમાં એક ઊડી જતાં બીજું રહેતું નથી. જેમકે **रसोऽहमप्सु** પાણીમાં રસ તે હું છું. આમાં રસ ઉડી જતાં પાણી રહે નહિં. ભાગવતે આપેલી સૂક્ષ્મ વિભૂતિઓ નીચે પ્રમાણે છે.

૧ ક્રિયાવાનમાં ક્રિયા–ચેષ્ટા ૨ ચંદ્રની કાન્તિ ૩ અગ્નિનું તેજ ૪ સૂર્ય નક્ષત્ર તારાની પ્રભા ૫ પર્વતોનું સ્થૈર્ય ૬ પૃથ્વીની સુગંધ ૭ પાણીનો રસ, જીવાડવાની તથા તૃપ્ત કરવાની ક્રિયા. ૮ વાયુની ચેષ્ટા, ગતિ, ઓજસ, અને બળ. ૯ દિશામાં અવકાશ, તેને આધારે રહેલી પરા, પશ્યન્તી; મધ્યમા, અને વૈખરીની શબ્દપરંપરા. ૧૦ ઇન્દ્રિયોની પ્રકાશન અને અધિષ્ઠાનશક્તિ ૧૧ બુદ્ધિનું જ્ઞાન ૧૨ જીવની સ્મરણશક્તિ ૧૩ પંચમહાભૂતનું કારણ તામસઅહંકાર ૧૪ ઇન્દ્રિયોનું કારણ રાજસઅહંકાર ૧૫ ઇન્દ્રિયોનું જ્ઞાન કારણ સાત્વિકઅહંકાર ૧૬ જીવનું સંસારકારણ પ્રકૃતિ, આમ ભૂમા એટલે ઉપાદાન અને નિમિત્ત કારણોનું પણ કારણ પરમપુરુષ પરમાત્મા.

६७० एकस्याप्यनेकत्वं गुणभेदात् । ८५, २४–२५

૬૭૦ આત્મા એક સ્વયંજ્યોતિ નિત્ય અને નિર્ગુણ હોવા છતાં સત્વાદિ ત્રણ ગુણો વડે દેવ, મનુષ્ય, પશુ આદિમાં તથા ભૌતિક પદાર્થોમાં પણ **જૂદાં જૂદાં સ્વરૂપે દેખાય છે.** ૮૫, ૨૪–૨૫

६७१ कृष्णप्रियौ श्रुतदेवविदेहौ । ८६, १३–१६

१ अनीहयाऽऽगताहार्यनिर्वर्तितनिजक्रियो विदेहः, पक्षे अनासक्तः–

२ भक्त्या पूर्णार्थः शान्तः कविः अलम्पटः श्रुतदेवः, पक्षे ज्ञानदीप्तः

૬૭૧ જનકવિદેહ રાજા અને શ્રુતદેવ બન્ને કૃષ્ણપ્રિય હતા ૮૬, ૧૩–૧૬

કેમકે (૧) જનક અનિચ્છાથી આવી મળેલા પદાર્થોથી જીવન ચલાવનાર–અનાસક્ત અને (૨) શ્રુતદેવ ભક્તિમાંજ પોતાની જરૂરિયાત પૂર્ણ માનનાર, શાન્ત, કવિ, અલમ્પટ પરમજ્ઞાની હતા.

(ભાગવતમાં આ એક જ પ્રસંગ એવો છે કે જ્યાં ભગવાન્ સ્વયં આમંત્રણ વિના જાય છે અને બે સ્વરૂપે બન્નેનું આતિથ્ય સ્વીકારે છે. કારણ કે એક વિદેહ અનાસક્ત છે, જ્યારે બીજો શ્રુતદેવ જ્ઞાનઘન છે.

६७२ दूरस्थोऽन्तस्थश्च* ८६, ४७

१ कर्मविक्षिप्त चेतसां दूरस्थः २ अपेतगुणात्मनामन्तस्थश्च

૬૭૨ ભગવાન્ દૂર છતાં પાસે છે. ૮૬, ૪૭

કર્મો (સકામ) થી જેમનું મન ક્ષોભ પામ્યું હોય તેવાઓ માટે ભગવાન દૂર છે, જે ગુણાતીત હોય્ તેના હૃદયમાંજ છે.

६७३ ब्राह्मणो जन्मना श्रेयान्, ८६, ५३

तपसा विद्यया तुष्ट्या भगवत्कलया च ।

૬૭૩ બ્રાહ્મણ જન્મથીજ કલ્યાણકારી છે. ૮૬, ૫૩

તેનામાં તપ વિદ્યા અને સંતોષ સ્વાભાવિક હોય છે, અને તેથી તે ભગવાનનો અંશ છે.

६७४ अथश्रुतिगीताधिकारः ८७, ९–११

---

*સરખાવો–**दूरस्थं चान्तिकेचतत्** (गीता)

१ ऊर्ध्वरेतसाम् २ तुल्यश्रुततपःशीलानाम् ३ तुल्यस्वीयारिमध्यमानामेव ।

૬૭૪ શ્રુતિગીતાના અધિકારીઓ ૮૭, ૯–૧૧. જેઓ–

(૧) આદિત્ય બ્રહ્મચર્ય પાળનાર હોય, (૨) જેમનાં વિદ્યા, તપ અને ચારિત્ર્ય ઉદાત્ત હોય તથા જેઓ (૩) મિત્ર, શત્રુ તથા સામાન્ય પ્રત્યે ઉદાસીન હોય.

६७५ मायेश्वरौ । ८७, १४

१ *दोषगृभीतगुणामाया २ समवरुद्धसमस्तभगः पुरुषः ।
उदयास्तयोरपि ।

૬૭૫ માયા અને ઇશ્વર ૮૭, ૧૪

સ્થાવર જંગમ શરીરધારી જીવોના દોષ –બંધન–સ્વસ્વરૂપનું અજ્ઞાન–આનન્દાદિને ઢાંકનાર, આવરણને માટે સત્ત્વાદિ ગુણો ધારણ કરે તે **માયા** (અજા, અવિદ્યા). પોતાની સ્વતંત્ર શક્તિથી ભગ (ઐશ્વર્ય, વીર્ય, લક્ષ્મી, કીર્તિ, જ્ઞાન અને વૈરાગ્ય) ને જે સ્વાધીન રાખે તે ભગવાન્–ઈશ્વર–પુરુષોત્તમ.

६७६ अविकृताद्विकृतिर्मृद्वत्× । ८७, १५

૬૭૬ અનધિકારીનો વિકાર માટીની માફક ૮૭, ૧૫

જેમ અવિકૃત (માટી) માંથી વિકૃત (ઘડો–કોડિયાં) વગેરે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, પણ માટીનો નાશ થતો નથી, તેમ અવિકૃત (અક્ષરબ્રહ્મ)માંથી વિકૃત–ચર અને અચર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, તેનાં નામ રૂપ નાશ પામે છે–અદૃશ્ય

---

*સરખાવો–(१) अजामेकां लोहितशुक्लकृष्णाम् (श्रु०)
(२) तं ह देवमात्मबुद्धिप्रकाशम् (श्रु०)

×સરખાવો–वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् (श्रु०)

થાય છે. પણ અવિકૃત–અક્ષરબ્રહ્મ આદિ મધ્ય અને અંતમાં પણ શેષ રૂપે અવિકૃત–અવિકારી–રહે છે.

૬૭૭ स्वधामविधुताशयकालगुणाः* सूरयः ८७, १६

१ अजस्रसुखानुभवपदभजनात् २ कथामृताब्धाववगाहनात् तपसा त्यागाच्च ।

૬૭૭ જ્ઞાની પુરુષો પોતાનાંજ તેજથી અંતઃકરણ તથા કાળના ગુણોને જીતે છે. ૮૭, ૧૬

નિરંતર અનંત સુખનો અનુભવ કરાવનાર ભગવાનનાં ચરણની સેવાથી તથા તપ અને ત્યાગપૂર્વક ભગવાનની કથા રૂપ અમૃતસમુદ્રમાં અવગાહન કરવાથી, જ્ઞાની પુરુષો પોતાનાં તેજથીજ અંતઃકરણમાં રહેલા કામ ક્રોધાદિ મળને; તથા કાળથી ઉત્પન્ન થતા વૃદ્ધાવસ્થા, રોગ વગેરે દોષોને દૂર કરવામાં સમર્થ થાય છે.

૬૭૮ आद्यन्तयोर्मध्ये चान्वयमवशिष्टं तदृतम्× ८७, १९

१ आदावनुग्रहादण्डसृष्टिः २ मध्येऽन्नमयादिकोशेषु पुरुषत्वेनान्वयः ३ अन्तेऽसतः परत्वम् ४ शेषे ऋतत्वात् ।

૬૭૮ આદિ મધ્ય અને અન્તે જે કાયમ હોય અને ત્યાર પછી પણ જે અવશેષ રૂપે રહે તે ઋત ૮૭, ૧૯

ઋત એટલે સત્ય–સત્સ્વરૂપ પરમાત્માનું સ્વરૂપ છે.

૧ આદિમાં મહત્તત્વ, અહંકાર વગેરે દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તિ એ ભગવાનનો અનુગ્રહ ૨ મધ્યમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય વગેરે કોશ રચી તેમાં અન્વય રૂપે–તત્સ્વરૂપે રહેવું એ લીલા. ૩ અંતે પોતાનામાં

---

*સરખાવો–तत्सुकृतदुष्कृते विधुनुते । (श्रु०)

×સરખાવો–ब्रह्मपुच्छं प्रतिष्ठा (श्रु०)

શમાવવા છતાં ૪ છેવટે સત્ અને અસત્થી પર ભગવાનનું શેષ સ્વરૂપ એ ઋત.

६७९ शिरोधामानन्त्याय । ८७, १८

१. उदरं ब्रह्मेति शार्कराक्षाः २. हृदयं ब्रह्मे त्यारुणयः ।

૬૭૯ જ્ઞાનથી અક્ષરબ્રહ્મ (શિરઃ સ્વરૂપ) ની ઉપાસના કરનાર મોક્ષપ્રાપ્તિ કરે છે. ૮૭, ૧૮

જેઓ કર્મમાર્ગને અથવા ઉદરમાં રહેલાં મણિપૂરક ચક્રમાં ભગવાનની ઉપાસના કરે છે, તેઓ શાર્કરાક્ષ એ વંશના ઋષિઓ અથવા જેમ આંખમાં કાંકરી પડવાથી વેદના સાથે ઝાંખુ દેખાય તેમ અસ્પષ્ટ—સ્થૂલ દૃષ્ટિવાળા હોય છે. જેઓ હૃદયાકાશમાંજ—દહરમાં—યોગમાર્ગવડે બ્રહ્મસ્વરૂપને ઉપાસે છે, તેઓ આરુણિ એ નામના ઋષિના વંશજો અથવા અરુણવત્ સ્વલ્પપ્રકાશવાળી દૃષ્ટિવાળા હોય છે. પણ જેઓ જ્ઞાનમાર્ગ વડે શિરઃસ્વરૂપ અક્ષરબ્રહ્મની ઉપાસના કરે છે. તેઓ મોક્ષસુખની પ્રાપ્તિ કરે છે. તેમનો પુનર્જન્મ નથી.

६८० वितथास्खलितश्चमेकरसं ब्रह्म वह्निवत्* । ८७, १८

૬૮૦ અગ્નિની માફક ભિન્નમાં અભિન્ન રૂપે એક રસ રહે તે બ્રહ્મ છે. ૮૭, ૧૯

ઈશ્વરે નિર્માણ કરેલી દેવ, મનુષ્ય, પશુ, જંતુ વગેરે સર્વ યોનિઓમાં પ્રભુ અગ્નિની માફક - તરતમભાવે કોઈમાં અધિક તો કોઈમાં ન્યૂનભાવે વ્યાપક છે. સામાન્ય માણસો એમાં ન્યૂનાધિકતા—આ મોટો આ નાનો- એમ માને છે, પણ વાસ્તવિક રીતે ઈશ્વર તો સૌમાં સમાન રીતે વસતા, એકરસ બ્રહ્મસ્વરૂપે છે.

---

*સરખાવો–(१) एको देवः सर्वभूतेषु गूढः (श्रु०)
(२) अग्निर्यथैको भुवनं प्रविष्टः । (श्रु०)

६८१ ईशांशः पुरुषः* ८७, २०

(१) शरीरे बहिरंतरसंवरणः (२) सर्वानुस्यूत तन्मात्रश्च ।

૬૮૧ યદ્યપિ આત્મા, શરીર પ્રાપ્ત થવાથી તેની ઇન્દ્રિયો તથા તન્માત્રા-શબ્દ સ્પર્શાદિને આધીન દેખાય છે, છતાં વાસ્તવિક રીતે તે પરમાત્માનોજ અંશ હોવાથી બહારના તેમજ અંદરના આવરણોથી રહિત છે. ૮૭, ૨૦

६८२ चतुर्वर्गस्तृणोपमः卐 कथामृतसिन्धौ विहरताम् ।८७, २१

૬૮૨ ભગવાનના કથામૃતસિન્ધુમાં વિહાર કરતા ભક્તો ધર્માદિ ચતુર્વર્ગ-મોક્ષ-પણ ઈચ્છતા નથી. ૮૭, ૨૧

६८३ भगवदनुपथं कुलायं सुहृद्वत्; आत्मघातस्तदुपासनया । ८७, २२

૮૬૩ પરમાત્માના માર્ગને અનુસરનારું શરીર માનવના હિતકારી મિત્ર સમું છે. (શરીરની) તેની ઉપાસના કરનાર-વિષયભોગ આચરનાર આત્મઘાતી છે. ૮૭, ૨૨

६८४ एकफलत्वं× वैविध्येऽपि । ८७, २३

१ दृढयोगयुजां मुनीनां ध्यानात् २ शत्रूणां स्मरणात् (३) गोपीनां आसक्त्या (४) श्रुतीनां स्तुत्या च ।

૬૮૪ ઉપાસનાની વિધિમાં ભેદ હોવા છતાં ફળ એકજ છે ૮૭, ૨૩.

---

*સરખાવો-(१) यश्चासावादित्ये (श्रु०) (२) तत्वमसि (छां० श्रु०)
(३) अच्छेद्योऽयमदाह्योऽयम् (गीता)

卐સરખાવો-यं सर्वेदेवा नमन्ति मुमुक्षवो ब्रह्मवादिनः (बृ.पू.२)

×સરખાવો-न तं विदाथ य इमा जजानान्यद्युष्माकमन्तरं बभूव।
नीहारेण प्रावृता जल्प्या चासुतृप उक्थशासश्चरन्ति। (श्रु०)

(૧) દઢ યોગ કરનાર યોગીઓ ધ્યાનથી (૨) (શિશુપાલ સમા) શત્રુઓ સ્મરણથી (૩) ગોપીજનો આસક્તિથી-રાગાત્મિકા ભક્તિથી; અને (૪) શ્રુતિઓ સ્તુતિથી. ભગવાનને પ્રાપ્ત કરે છે.

६८५ अविज्ञेयः* परात्परः साधनाभावात् ८७, २३

१ ब्रह्मादिदेवानां ऋषीणां जीवानां च भगवदनुसर्जनत्वात् २ भगवच्छयनपूर्वमेव प्रकृतिलयत्वात् ३ कालातीतत्वात् ४ नेति नेति वचनाच्च ।

૬૮૫ પરાત્પર પરમાત્માનું સ્વરૂપ સાધનોના અભાવથી અવિજ્ઞેય (ન જણાય એવું) છે. કારણ કે, ૮૭, ૨૪

(૧) બ્રહ્માદિ દેવો, ઋષિઓ અને જીવમાત્ર ઈશ્વર પછી (પરમાત્મા આ સર્વના સર્જક હોવાથી) ઉત્પન્ન થયેલ હોવાથી, (૨) ઈશ્વરમાં પ્રકૃતિનો આશ્રય થવાથી, (૩) કાલ ઈશ્વરને પહોંચી શકતો ન હોવાથી, પરમાત્મા કાલાતીત હોવાથી, અને (૪) વેદપુરાણાદિ શાસ્ત્રો નેતિ પોકારતાં હોવાથી. ઈશ્વિલ સ્વરૂપ અગમ્ય છે.

६८६ अवबोधरसे× भेदस्त्रिगुणात्मकःपुमानिति । ८७, २४

---

*સરખાવો-(१) यो ब्रह्माणं विदधाति पूर्वम् (श्रु०)
(२) यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह (श्रु०)
(३) को अद्धा वेद क इह प्रावोचत् (श्रु०)
(४) अनेजदेकं मनसो जवीयः श्रु(०)

×સરખાવો-(१) सदेव सोम्येदमग्र आसीत् ।
(२) ब्रह्मैव सन् ब्रह्माप्येति ।
(३) अनीहया शोचति मुह्यमानः ।
(४) प्रजापतिश्चरति गर्भेऽन्तरजायमानः
(५) एकमेवाद्धितीयं ब्रह्म ।
(६) एक एव हि भूतात्माभूतेभूतेव्यवस्थितः ।
एकधा बहुधा चैवदृश्यन्तेजलचन्द्रवत् (श्रु०)

संसारमूलम्, तु । १ सप्त पदार्थवादिनो **वैशेषिकाः** (द्रव्य गुण-कर्म, सामान्य, विशेष समवायाभावा इति सप्त)। २ प्रागभावं **तार्किकाः काणादाः** ३ योगप्रभावा **पातञ्जलाः** (जीवे जीवत्त्वमेव सत्यम्, नोपाधिकं तत् योगेनैव ब्रह्मत्त्वमापद्यत इति) ४ एकोनविंशतिविधदुःखनाशेमोक्ष इति **नैयायिका** (पंचेन्द्रियाणि, मनः, षड्विषयाः, षट्प्रकारकं ज्ञानं, शरीरं, सुखं, दुःखं चेत्येकविंशतिः । ५ आत्मनामनेकत्वमिति **सांख्याः** ६ त्रिविधदुःखनाश एव परमःपुरुषार्थ इति **मीमांसका** । सर्वेऽप्येते भिन्नदृष्टयः, वस्तुतस्तु भगवान् गुणातीतो ज्ञानघन एव,

૬૮૬ 'જ્ઞાનઘન ભગવાન ત્રિગુણાત્મક છે' એવા ભેદની કલ્પના ૮૭, ૨૫

ખરી રીતે જોતાં ભગવાન ગુણાતીત છે. ત્રિગુણાત્મક સંસારનું મૂળ ગુણાતીત પરમાત્માજ છે. છતાં જુદાં જુદાં શાસ્ત્રોએ પોતાની દૃષ્ટિથી જૂદા જૂદા વિચાર બતાવ્યા છે.

૧. **વૈશિષિક દર્શન વાળા**–સાત પદાર્થને (૧) દ્રવ્ય (૨) ગુણ (૩) કર્મ (૪) સામાન્ય (૫) વિશેષ (૬) સમવાય (૭) તથા અભાવને પદાર્થ માની આત્માનાં નિત્ય જન્મ અને મરણ માને છે.

૨. **તાર્કિક–કણાદના મતવાળા**–અભાવમાંથી જગત્‌ની ઉત્પત્તિ માને છે.

૩. **યોગદર્શનના પ્રણેતા પતંજલિમુનિના–મતવાળા** આત્માને સત્ય માને છે. યોગ દ્વારા જ બ્રહ્મત્વની સિદ્ધિ થાય એવો એમનો મત છે.

૪. **નૈયાયિકો**–પાંચ ઈન્દ્રિયો, છ વિષયો છ પ્રકારનું જ્ઞાન, મન, શરીર, સુખ અને દુઃખ; આમ એકવીશ જાતનાં દુઃખોનો નાશ એજ મુક્તિ એમ માને છે.

૫. **સાંખ્યવાદી**–દરેક આત્મા જૂદો છે એમ માને છે.

૬. **મીમાંસકો**–એમ માને છે કે આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખ કર્મોથી દૂર કરવાં એજ પરમ પુરુષાર્થ છે.

આમ સર્વદર્શનની વિચારસરણી જૂદી છે. ખરી રીતે જોતાં ભગવાન ગુણાતીત છતાં સર્વકારણકારણ અને જ્ઞાનઘન છે.

૬૮૭ *असदपि जगत्सदिव कनककुण्डलवत् ૮૭, ૨૬

१ आत्मैक्यत्त्वात् २ आत्मतयेशानुप्रवेशाच्च ।

૬૮૭ સુવર્ણ અને કુંડલની માફક જગત્ અસત્ હોવા છતાં સત્ સ્વરૂપે જણાય છે. ૮૭, ૨૬

સર્વ આત્માઓનું એકત્વ હોવાથી તથા પરમાત્મા સર્વમાં આત્મા તરીકે રહેલા હોવાથી જેમ સોનાની લગડી પહેરાતી નથી, પણ જ્યારે તે કુંડલમાં ફેરવાઈ જાય છે, ત્યારે જ ઉપયોગમાં આવે છે, તેમ અસત્ જગત પણ વ્યવહારમાં સત્સ્વરૂપે ક્રિયા કરે છે. અને તેથી સત્ જેવું ભાસે છે.

૬૮૮ अकरणस्वराडखिलकारकशक्तिधरे भगवति कृतसौहृदा मृत्युंजयाः पावमानाः× ૮૭, ૨૭

---

*સરખાવો–(१) नेह नानास्ति किंचन । (श्रु०)

(२) असतोऽधिमनोऽसृजत, मनः प्रजापतिमसृजत, प्रजापतिः प्रजा असृजत, तद्वा यद्वा इदं मनस्येव परमं प्रतिष्ठितं यदिदं किं च । (श्रु०)

×સરખાવો–देहान्ते देवः परं ब्रह्मतारकं व्याचष्टे (श्रु० पू. ता. १. ७)

(२) यमेवैष वृणुते तेन लभ्यः (श्रु०)

(३) यस्य देवे परा भक्तिः (श्रु०)

(४) तपन्तु तापैः प्रपतन्तु पर्वतात् ।
अटन्तु तीर्थानि पठन्तु चागमान् ।
यजन्तु यागैर्विवदन्तु वादै
र्हरिं विना नैव मृतिं तरन्ति ॥

(५) एको हि रुद्रो न द्वितीयाय तस्थुर्य इमांल्लोकानीशत ईशनीभिः ।

૬૮૮ ઇન્દ્રિયાતીત હોવા છતાં ક્રિયાસમૂહની સર્વ આધારાદિશક્તિને ધારણ કરનાર, સ્વયંપ્રકાશ પરમાત્મામાં, અત્યંત સ્નેહ રાખનાર ભક્તો જગતને પાવન કરનારા અને મૃત્યુંજય છે. ૮૭, ૨૭

६८९ अखिलकारकशक्तिधरोऽप्यकरणः स्वराट्* । ८७, २८

૬૮૯ સમગ્ર ક્રિયાશક્તિને ધારણ કરવા છતાં પરમાત્મા અકર્તા હોવાથી તે ‘સ્વરાટ્’ છે. ૮૭, ૨૮

६९० भगवदुदीक्षयैव सृष्टौ परापरभेदाः न परात्परे× । ८७, २९

१ आकाशवन्निर्लेपत्त्वात्

૬૯૦ ભગવાનની સર્જનની ઇચ્છા થતાં ભેદ દેખાય છે વાસ્તવિક ભેદ નથી. ૮૭, ૨૯

જ્યારે ભગવાન સૃષ્ટિ રચે છે, ત્યારે પ્રકૃતિથી આવિર્ભાવ પામતાં કર્મોવડે જાતિભેદ તથા તરતમના ભેદ ઉત્પન્ન થાય છે. બાકી પરમાત્મા આકાશની માફક નિર્લેપ છે.

---

*સરખાવો–(१) अग्निर्होता कविः क्रतुः सत्यश्चित्रश्रवस्तमः । (२) देवो देवेभिरागमत् । (३) जन्माद्यस्य यतः ॥ १,।१–२ (४) शास्त्रयोनित्वात् । १, १–३ (५) तत् तु समन्वयात् । १, २–५ (६) संहतपरार्थत्वात् पुरुषस्य । सां–द–१–१–६६, (७) ऋचो अक्षरे परमे व्योमन् । ऋ. १–१६४–३९ (८) स पर्यगात् शुक्रमकाय०य–४०–८ (९) अस्य नामस्य मिलितस्य० ऋ–१, १६४–१ (१०) एतत् ज्ञेयं नित्यमेवात्मसंस्थम्० श्वे०–१–१२ अपणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः । स वेत्ति वेद्यं न च तस्य वेत्ता तमाहुरग्र्यं पुरुषं पुराणम् (श्रु०)

×સરખાવો–असद्वा इदमग्र आसीत् ततो वै सदजायत । (श्रु०)

६९१ न जीवसमत्वं तच्छासनात् । ८७, ३०

१ तद्विषयज्ञानाभावात् ।

૬૯૧ ભગવાનનું શાસન હોવાથી સર્વ સમાન નથી. ૮૭, ૩૦

દેહધારી અસંખ્ય જીવો નિત્ય અને સર્વવ્યાપક, અચ્છેદ્ય, અદાહ્ય વગેરે ભગવદ્ધર્મવાળા હોવા છતાં કેટલીક બાબતો જેવી કે જન્મ, મરણ, રોગ, વૃદ્ધાવસ્થા વગેરેમાં તેઓ સ્વતંત્ર નથી. આથી उत्तमः पुरुषस्त्वन्यः ગીતાવચન પ્રમાણે ભગવાન્ પુરુષોત્તમ સ્વરૂપે સર્વના શાસક છે એ સિદ્ધ થાય છે. પૂરતું જ્ઞાન ન હોવાથી માણસ આ જાણતો નથી.

६९२ अजयोर्युजासुभृतां परमे लयोऽशेष*रसत्वात् । ८७, ३१

१ अजयोः प्रकृतिपुरुषयोः २ लयः सरितां समुद्र इव ।

૬૯૨ પ્રકૃતિ અને પુરુષના સંયોગથી જન્મ પામનાર સર્વ પ્રાણી માત્રનો લય આત્યન્તિક સર્વરસરૂપ પરમાત્મામાં થાય છે. જેમ નદીઓ સમુદ્રમાં વિલીન થાય તેમ ૮૭, ૩૧

६९३ न त्रिणेमिकालभयं सुधियाम् ८७, ३२

---

*સરખાવો-(१) यथा सोम्य मधुमधुकृतो निस्तिष्ठन्ति नानात्ययानां
वृक्षाणां रसान् समवहारमेकतां संगमयन्ति ।

(२) यथा नद्यः स्यन्दमानाः समुद्रे
अस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान् नामरूपाद्विमुक्तः
परात्परं पुरुषमुपैति दिव्यम् । (श्रु०)

૬૯૩ જ્ઞાની પુરુષોને શિયાળો, ઉનાળો અને ચોમાસું આ ત્રણ ધારવાળા (સંવત્સરાત્મક) કાલ તરફથી ભય હોતો નથી. ૮૭, ૩૨

६९४ कर्णधारो गुरुरेवादान्तमनसाम्* ८७, ३३

૬૯૪ અસંયમી મનવાળા માટે ગુરુદેવજ સુકાની છે. ૮૭, ૩૩

६९५ को वार्थः× स्वजनादिभिः, प्राप्ते सर्वरसाश्रये विभौ। ८७,३५

૬૯૫ જેમનાં અંતઃકરણમાં સર્વરસાશ્રય પરમાત્મા બિરાજે છે તેને સ્વજન, પુત્ર, પરિવાર, ધન વગેરેમાં રસ રહેતો નથી. ૮૭, ૩૪

ઐશ્વર્યાદિથી સાર રૂપ દેખાતો સંસાર સુખ આપતો નથી.

६९६ गृहं नाम पुरुषसारहरावसथः। ८७, ३५

૬૯૬ ઘર એટલે માનવના સાર (વિવેક, ધૈર્ય, સત્ય વગેરે) ને હરનારી ધર્મશાળા. ૮૭, ૩૫

६९७ आद्यन्तयोरभावात्卐 मध्येऽनुमीयमानं जगन्मृषा। ८७,३७

परमार्थतो मनोविलासम्, वितथम्

૬૯૭ આદિ અને અંતમાં અભાવ હોવાને લીધે, અને માત્ર મધ્યાન્તરમાં વ્યવહારમાં સત્ય દેખાતું જગત્ મિથ્યા છે ૮૭, ૩૭

---

*સરખાવો–आचार्यवान् पुरुषो वेद तद्विज्ञानार्थं सगुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् (श्रु०)

×સરખાવોઃ–एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति

卐સરખાવો–१अव्यक्तादीनि भूतानि (गीता)
२ नासदासीन्नोसदासीत् तदानीम्
३ सदेव सोम्येदमग्र आसीत्

જગત્ એટલે મિથ્યામનોવિલાસ

६९८ जीवेश्वरौ* ८७, ३८

(१) मायानुशयनात् तत्सरूपताविस्मरणान्मृतिश्च (२) ईशस्य तत्त्यागोऽहिचर्मवत् ।

૬૯૮ જીવ અને ઈશ્વર ૮૭, ૩૮

૧ જીવ અવિદ્યાને અનુસરવાથી અવિદ્યાના ગુણોને પ્રાપ્ત કરે છે અને તેથી પોતાનાં વાસ્તવિક સ્વરૂપને ભૂલી જન્મ મરણ રૂપ સંસારમાં ફસાય છે. ૨ ઈશ્વર માયાનો અંગીકાર કરવા છતાં સમય આવે જેમ સર્પ કાંચળી ઉતારે તેમ તેનો ત્યાગ કરી સ્વ સ્વરૂપમાં સ્થિત રહે છે.

६९९ उभयतो दुःखं कुयोगिनाम्, ८७, ३९

१ अनधिगतपदत्त्वादिह २ नरकप्राप्तिः परत्र ३ विभोर्विस्मरणात् कामजटाश्लेषाच्च ।

૬૯૯ કુયોગીઓને બન્ને બાજુથી દુઃખ છે. ૮૭, ૩૯

૧ હૃદયમાં ભગવાનનું ધ્યાન કરવા છતાં, અને તેથી ભગવાનનો હૃદયમાં વાસ થવા છતાં વાસનાઓ નિર્મૂલ ન થવાને લીધે આ લોકમાં, ૨. પ્રભુનું વિસ્મરણ થતાં વાસના અને મૃત્યુ-ભય ન ટળવાથી પરલોકમાં બન્ને તરફથી કુયોગીને ભય છે.

७०० भक्तानामपवर्गगतिर्भगवान् । ८७, ४०

१ भगवद्गीत परंपरया श्रवणयोगात् । २ शुभाशुभयोरननुभूतित्वात् गुणविगुणाज्ञानात् ३ विधिनिषेधयोः परत्वात् ४ देहाभिमानाभावात्कार्याकार्यफलाभावाच्च ।

---

*સરખાવો:–(१) **द्वा सुपर्णा सयुजा सखाया:** (२) **अजामेकां लोहितशुक्लकृष्णाम्** (श्रु०)

૭૦૦ ભક્તોનો મોક્ષદાતા ભગવાન ૮૭, ૪૦

૧ નિરંતર ભજન તથા શ્રવણ કરવાથી, ૨ શુભાશુભની સમાનતા હોવાથી, તેની અનુભૂતિજ ન હોવાથી ૩ ગુણ કે અવગુણ સમાન હોવાથી, ૪ વિધિ કે નિષેધથી પર હોવાથી ૫ દેહાભિમાન ન હોવાને લીધે કાર્યાકાર્યનાં ફળનો અભાવ હોવાથી ભગવાન તેમને જીવન્મુક્તિ અને મોક્ષ આપે છે.

૭૦૧ फलवत्यः श्रुतयोऽतन्निरसनात् ८७,४१

१ अनन्तत्त्वात् २ सर्वशक्तिमत्त्वात् ३ अप्रमेयत्त्वाच्च ।

૭૦૧ ભગવાન (૧) અનંત (૨) સર્વશક્તિમાન્ અને અપ્રમેય હોવાથી શ્રુતિઓ–વૈદિક મંત્રો અને ઋચાઓ, નકારાત્મક પદ્ધતિથી* પરમાત્માનું પ્રતિપાદન કરી પોતાને સફળ માને છે. ૮૭, ૪૧

૭૦૨ श्रुतिगीतं नाम, ८७, ४२–४३

(१) आत्मानुशासनम् (२) समाम्नायपुराणोपनिषद्रसः ।

૭૦૨ શ્રુતિગીત એટલે–૮૭, ૪૨–૪૩

આત્માનુશાસન. (૨) વેદ પુરાણ ઉપનિષદ્નો જ્ઞાનરસ.

૭૦૩ कैवल्यनिरस्तयोनिर्हरिः । ८७, ५०

(१) द्रष्टा स्रष्टा शास्ताविद्यात्यागात् ।

---

*સરખાવો–નેતિ નેતિ આધારભૂત શ્રુતિઓ.–

(૧) અનાત્મથી પર:–

अन्यदेव तद्विदितादथो अविदितादधि । श्रु० केन–३,

(૨) કાર્યકારણથી પર–

अन्यत्र धर्मादन्यत्राधर्मान्यत्रास्मात् कृताकृतात् । कठ (श्रु०)

(૩) નિષેધથી પર:–

अस्थूलमनणु । बृ–आ–श्रु०

૭૦૩ શ્રી હરિ અખંડ સ્વરૂપ અને માયાથી સદંતર પર છે. ૮૭, ૫૦

(૧) જગતના આદિ; મધ્ય અને અંતમાં દૃષ્ટા તરીકે, (૨) જગતને ઉત્પન્ન કરી તેમાં આત્મ-સ્વરૂપે સ્રષ્ટા તરીકે, તથા (૩) જીવોના શરીરના રક્ષક અને શાસક તરીકે રહેવા છતાં અલિપ્ત હોવાથી.

७०४ वृणोति कमिति वृकः (कं सुखम् ।) ८८, १४

૭૦૪ સુખને ઢાંકે તે વૃકાસુર ૮૮, ૧૪

વૃક-વૃકાસુર નામનો એક રાક્ષસ-ભગવાન શંકરનું તપ કરી વરદાન મેળવ્યું. 'જેના માથા ઉપર હાથ મૂકું તે મરી જાય.' શિવે વરદાન આપ્યું. શિવની પાછળ દોડયો. ભગવાન વિષ્ણુએ યુક્તિથી તેનો હાથ તેને માથે મૂકાવી મારી નાંખ્યો

પક્ષે-ક એટલે સુખ : વૃ-એટલે ઢાંકે તે. સુખને ઢાંકે તે દંભ, છલ, પ્રપંચ, અભિમાન. સ્વભાવ વરૂ જેવો. પણ છેવટે પોતે ખોદેલા ખાડામાં પોતે પડે છે.

७०५ भगवच्छ्रद्धया शान्त्यादयः ८९, १५

शान्तिः, धर्मः, ज्ञानं, वैराग्यम्, ऐश्वर्यम्, यशश्च,

૭૦૫ પરમાત્મા ઉપર શ્રદ્ધા રાખવાથી શાન્તિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને યશ પ્રાપ્ત થાય છે ૮૯, ૧૫

७०६ प्रजा दरिद्रा नित्यदुःखिताः कुशासने । ८९, २४–२४

यदा शासकः (१) ब्रह्मद्वेषी (२) शठधीः (३) लुब्धः (४) विषयी (५) हिंसाविहारः (६) दुःशीलः (७) अजितेन्द्रियः ।

૭૦૬ દુષ્ટ રાજ્યમાં પ્રજા દરિદ્રી અને સદાય દુઃખી હોય છે ૮૯, ૨૪–૨૫

જે પ્રજાનો શાસક બ્રહ્મદ્વેષી, શઠ બુદ્ધિવાળો, લોભી, વિષયી હિંસામાં આનંદ માનનાર, ચારિત્ર્યહીન તથા અજિતેન્દ્રિય હોય· તેની પ્રજા દરિદ્ર તથા નિત્યદુઃખી હોય છે.

૭૦૭ कालचक्रायुधः श्रीकृष्णः ९०, ४९

कथमिति चेत्,

(१) यत्श्रुतिः सुरसरित् (२) समदर्शनम् विद्विषां स्निग्धानां च (३) अन्ययत्ना श्रींरनन्या (४) नाम–अमङ्गलघ्नम् (५) गदितं–श्रुतिभूतम् (६) कृतम्–मानवधर्मः

૭૦૭ ભગવાન શ્રીકૃષ્ણ કાળચક્રના પણ ધારક છે. ૯૦, ૪૯

કારણ કે તેમનું-૧ ચરિત્રશ્રવણ-ગંગાથીય પાવન, ૨ દર્શન-શત્રુ તથા મિત્ર પ્રત્યે સમાન, ૩ લક્ષ્મી-અનન્યા; ૪ નામ-અમંગલ દૂર કરનાર; ૫ વચનો-વેદતુલ્ય, ૬ કાર્ય-માનવ ધર્મપૂર્ણ હતાં,

બીજા અર્થમાં તેઓ નાનપણમાં શ્યામસુંદર, યુવાનીમાં ભુવનસુંદર, વૃદ્ધાવસ્થામાં સકલસુંદર હતા; કારણ કે સર્વ અવસ્થામાં યોગસુંદર હતા.

। वन्दे योगेश्वरं कृष्णम् ।

ૐ નમઃ श्रीकृष्णाय

॥ अथ एकादशः स्कन्धः ॥


मुक्तिः अ-१-३१
जीवमुक्तिः अ-१-२९
ईश (ब्रह्म) मुक्तिः
ब्रह्मभावात् १-५ अ-५
सायुज्यात् अ-६-२९ अ-२४
सगुणम्
निर्गुणम्
लोकनाट्यत्यागात्
देहत्यागात्
अहन्तात्यागात् अ-३० अ-१
ममतात्यागात् अ-३१ अ-१

मुक्तावेकादशः जीवब्रह्ममुक्तिप्रधानः परस्य पुंसः शीर्षस्वरूपः ।

એકાદશ સ્કંધનું લક્ષણ મુક્તિ છે. શ્રીમદ્‌ભાગવત રૂપ ભગવાનનાં વાઙ્‌મય સ્વરૂપનું એ મસ્તક છે. દશમસ્કંધ હૃદયસ્વરૂપ છે. હૃદય એટલે પ્રેમ અને મસ્તક એટલે જ્ઞાન. પ્રેમ અને જ્ઞાનનો સંબંધ પોષ્ય પોષક છે. પ્રેમ વિના જ્ઞાન પ્રાપ્ત થાય નહિ, તેમ જ્ઞાન વગરનો પ્રેમ નકામો છે.

પ્રેમ એટલે ભક્તિ. આ ભક્તિને ભાગવતનાં માહાત્મ્યમાં જ્ઞાન અને વૈરાગ્યની જનની બતાવી છે. અને તેથી દશમસ્કંધમાં ભક્તિ-

માહાત્મ્ય બતાવી એકાદશસ્કંધમાં એ ભક્તિપૂર્વક જ્ઞાન વૈરાગ્ય પ્રાપ્ત કરી માનવ જીવન્મુક્તિ તથા મોક્ષ પ્રાપ્ત કરી શકે અને સંસારદુઃખ તરી જાય. એ એકાદશસ્કંધનું ધ્યેય છે.

આ મોક્ષ સંબંધી વિચારસરણી :–મોક્ષ એટલે

अज्ञानहृदयग्रन्थिनाशो मोक्ष इति स्मृतः ।

અથવા

मुक्तिर्हित्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितिः

७०८ सकलसुन्दरः श्रीकृष्णः* वार्धक्येऽपि १, १०

१ सत्यसंकल्पत्वात् । २ व्यवसितत्त्वात् । ३ कालानुमोदनत्वात् । ४ योगेश्वरत्वाच्च ।

૭૦૮ વૃદ્ધાવસ્થામાં પણ ભગવાન શ્રી કૃષ્ણ સકલસુંદર હતા. ૧, ૧૦

કારણ કે ૧ તેમના સર્વ સંકલ્પ સત્યના પાયા પર રચાયેલા હતા, ૨ નિશ્ચયાત્મક બુદ્ધિ હતી ૩ કાલને અનુમોદન–ક્રિયા કાલાનુવર્ત્તિની–હતી ૪ અને સ્વયં યોગેશ્વર હતા.

७०९ शापः पिण्डारके, पक्षे देहासक्तिसुखे १, ११

૭૦૯ પિંડારક ક્ષેત્રમાં શાપ થયો. ૧, ૧૧

પિંડારક એટલે એ નામનું તીર્થ અથવા દેહાસક્તિ.

७१० विश्वभावनो भागवतधर्मः २, ११

१ श्रुतादिभिः पावमानत्वात् २ अभयप्रदत्वाच्च ।

૭૧૦ ભગવાનનો તથા ભક્તનો ધર્મ એટલે ભાગવતધર્મ. એ વિશ્વકલ્યાણ કરનાર છે. ૨, ૧૧

---

*સરખાવો–**वासयसीववेध॰ मानो अग्ने वीर ते॰**
मं. भा. म. कां ७. ८

१ શ્રવણ કરવાથી પવિત્ર કરનાર હોવાથી ૨ અભયદાન આપનાર હોવાથી.

७११ सत्संगः शेवधिर्नृणाम् । २, ३०

૭૧૧ સત્સંગ એ માણસનો ખજાનો છે. ૨, ૩૦

७१२ भागवतधर्मस्वरूपम् । २, ३३–५५

अ भागवतधर्मे (१) अभयम् (२) श्रद्धा (३) समर्पणम् (४) मनोनिरोधः (५) श्रवणम् (६) गानम् (७) व्यापकं विभुदर्शनम् ॥

ब भागवताः (तद्धर्मपालकाः) १ सर्वत्र विभुदर्शनाः २ संसारधर्मे अविमुह्यमानाः । ३ अनासक्ताः ४ सर्वभूतसमाः ५ अकुण्ठस्मृतयः

क तत्फलम् । भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधश्च

૭૧૨ ભાગવતધર્મનું સ્વરૂપ ૨, ૩૩–૫૫

अ ભાગવતધર્મનાં અંગો:–

(૧) અભય (૨) શ્રદ્ધા (૩) સમર્પણ (૪) મનનો નિરોધ (૫) શ્રવણ (૬) કીર્તન અને (૭) વ્યાપક પરમાત્મદર્શન.

ब ભાગવતધર્મને પાળનાર (ભાગવત)નાં લક્ષણો:–

(૧) વ્યાપક પરમાત્મદર્શન કરનાર (૨) સંસાર ધર્મમાં મોહ ન પામનાર (૩) અનાસક્ત (૪) પ્રાણી માત્ર ઉપર સમાન દૃષ્ટિ રાખનાર (૫) અને પ્રભુનું અખંડ સ્મરણ કરનાર.

क ભાગવત ધર્મનું ફળ : ભક્તિ, જ્ઞાન, અને વૈરાગ્યની પ્રાપ્તિ.

७१३ माया नाम । ११, ३, ३–१६

अ–व्याख्या : सर्गस्थित्यन्तकारिणी माया

ब–तत्तरणोपाया : १ शिष्यवृत्त्या गुरौ प्रपत्तिः

शिष्यः–जिज्ञासुः, गुर्वात्मदैवतः मायारहितः अनुवृत्तश्च;

गुरुः–परे शब्दब्रह्मणि निष्णातः, ब्रह्मण्युपशमाश्रय ।

क–मायातरणे साधनानि,

१ सर्वतोऽसङ्गः २ सत्संगः ३ दया मैत्रा प्रश्रयः ४ शौचम् ५ तपः ६ तितिक्षा ७ मौनम् ८ स्वाध्यायः ९ ऋजुत्वम् १० ब्रह्मचर्यम् ११ अहिंसा १२ समत्त्वम् १३ सर्वत्रेश्वरदृष्टिः १४ कैवल्यम् १५ अनिकेतत्त्वम् १६ सन्तोषः १७ श्रद्धा १८ समर्पणम् १९ सेवादयः ।

ड–तत्फलम्

रतिस्तुष्टिर्निर्वृतिश्च ।

૭૧૩ માયા એટલેઃ–૧૧, ૩, ૩–૧૬

अ **વ્યાખ્યા**–સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે તે માયા

ब **માયાને તરવાના ઉપાયો.**

શિષ્યવૃત્તિથી ગુરૂમાં અનન્ય શરણાગતિ. એમાં,

શિષ્ય–જિજ્ઞાસુ, ગુરુનેજ પોતાનું સર્વસ્વ માનનાર, માયા રહિત, ગુરૂની ઇચ્છા તથા ક્રિયાને આધીન

ગુરુઃ–શાસ્ત્રમાં નિષ્ણાત, બ્રહ્મલીન.

क **માયાને તરવાનાં સાધનોઃ**–

(૧) અનાસક્તિ (૨) સત્સંગ (૩) દયા, મૈત્રી, નમ્રતા (૪) પવિત્રતા (૫) તપ (૬) સહનશીલતા (૭) મૌન (૮) સ્વાધ્યાય (૯) કોમલતા (૧૦) બ્રહ્મચર્ય (૧૧) અહિંસા (૧૨) સમત્વ (૧૩) દરેકમાં પ્રભુદૃષ્ટિ (૧૪) એકાન્તવાસ (૧૫) ગૃહત્યાગ. (૧૬) સંતોષ (૧૭) શ્રદ્ધા (૧૮) સમર્પણ (૧૯) અને સેવા વગેરે.

ड **માયાને તરવાનું ફળ :**

(૧) આત્મરતિ (૨) આત્મતુષ્ટિ (૩) અપાર શાન્તિ.

७१४ ब्रह्मनिष्ठेति । ९, ३५–४०

१ अहेतुरपि करणाद्यवस्थासु हेतुः । २ निषेधसिद्धिः ३ सदसत्परा ४ अनपाय्युपलब्धिमात्रा ५ कूटस्था ।

तत्प्राप्तिः—भक्त्या चेतोमलदहनात् ।

૭૧૪ ભગવાનની નિષ્ઠા ૩, ૩૫-૪૦

૧ જે જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ હોવા છતાં અલિપ્ત. ૨ જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણે અવસ્થામાં સત્ સ્વરૂપે રહેનાર; દેહ, ઈન્દ્રિય અને પ્રાણ જેની શક્તિથી ચાલે છે, તે, ૩ મન, વાણી, ઇન્દ્રિયો અને બુદ્ધિ જ્યાં પહોંચી શકતાં નથી. સર્વ રીતે વર્ણન કરતાં જેનું વર્ણન થઇ ન શકે તે. ૪ સત્ અને અસત્‌થી પર, જન્મમરણ, વૃદ્ધિ–ક્ષીણતા. સુખ દુઃખ વગેરે વિકારો જેમનામાં ન હોવા છતાં તેનો અનુભવ કરાવે તે, ૫–પ્રત્યેક શરીરમાં રહેવા છતાં અલિપ્ત બ્રહ્મ ચૈતન્યસ્વરૂપ–કૂટસ્થ–ભગવાન. તેની પ્રાપ્તિ–ભક્તિ કરવાથી તથા મનના દોષોને દૂર કરવાથી થાય.

७१५ नैष्कर्म्यसिद्धिः ३, ४६

वेदोक्तकर्मेश्वरसमर्पणात्

૭૧૫ વેદોક્ત સકામ કર્મ જો પરમાત્માને સમર્પણ કરવામાં આવે તો નિષ્કામ કર્મ જેવું જ ફળ આપે છે. ૩, ૪૬

७१६ नारायणः सकामोऽप्यकामः ४, ३

१ भुवनत्रयसन्निवेशो । २ स्थितिलयोद्भवकर्ता । ३ ज्ञानादिदाता । ४ धर्मसेतुः नारायणः ।

૭૧૬ નારાયણ સકામ છતાં નિષ્કામ છે. ૪, ૩.

(૧) તેમનામાં ત્રણે ભુવનનો સમાવેશ છે. (૨) તે ઉત્પત્તિ, પાલન અને સંહાર કરનાર છે. (૩) તે જ્ઞાનદાતા છે. અને (૪) ધર્મપાલક ભગવાન છે.

७१७ श्रियादिभिर्जातस्मया अन्धधियः ५, ९

स्मयकारणानिः—श्रिया, विभूत्या, अभिजनेन, विद्यया, त्यागेन, रूपेण, बलेन, कर्मणा ।

૭૧૭ લક્ષ્મી વગેરેથી અભિમાની, છતી આંખે અંધ છે. ૫, ૯.

અભિમાનનાં કારણો, લક્ષ્મી સત્તા, કુટુંબ, બળ, વિદ્યા, ત્યાગ, રૂપ, અને કર્મ. આ વસ્તુઓથી અભિમાની બનેલો મનુષ્ય છતી આંખે અંધ છે.

७१८ अधःपातो मृतके स्नेहात् । ५, १५

૭૧૮ મરણધર્મી શરીરઉપર પ્રેમ રાખવાથી અધઃપાત થાય છે. ૫, ૧૫

કારણ કે શરીર વિવેક અને વૈરાગ્યનું કારણ તથા આત્મદર્શનનું પવિત્ર સ્થાન છે.

७१९ चातुर्युगीशोपासना ५, २०–३५

युगः	वर्णः	चिह्नम्	साधनम्	भगवन्नाम
सत्ययुगे	शुक्लः	तपस्वी	तपः	हंसः सुपर्णादि
त्रेता,,	रक्तः	चतुर्बाहुः	यज्ञः	यज्ञः वृषाकपिः
द्वापर,,	श्यामः	महाराजः	अर्चनम्	चतर्व्यूहः, वासुदेवादयः
कलि,,	कृष्णः	महाराजः	संकीर्तनम्	रामः कृष्णः

૭૧૯ ચાર યુગની ઇશ્વરોપાસના. ૫, ૨૦–૩૫

યુગ	વર્ણ	સાધન	ચિહ્ન	નામ.
સત્ય	શુકલ	તપ	તપસ્વી	હંસ, સુપર્ણ
ત્રેતા	રક્ત	યજ્ઞ	ચતુર્બાહુ	યજ્ઞ વૃષાકપિ
દ્વાપર	શ્યામ	અર્ચન	મહારાજા	વાસુદેવ, પ્રદ્યુમ્ન સંકર્ષણ, અનિરુદ્ધ
કલિ	કૃષ્ણ	કીર્તન	,,	રામ–કૃષ્ણ.

७२० शुद्धिः श्रद्धया विद्यादीनाम् ६, ९

૭૨૦ વિદ્યા, તપ, અને કર્મ વગેરેની શુદ્ધિ શ્રદ્ધાથી થાય છે. ૬, ૯.

७२१ जीवोदयस्थितिसंयमानां हेतुः कालः । ६, १५

૭૨૧ ન દેખાતા જીવની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ કાળ છે. ૬, ૧૫

७२२ आत्मानुभवतुष्टानां नान्तरायोऽर्भकवत् ७, १०-११

૭૨૨ આત્માના અનુભવથી પ્રસન્ન રહેનારને બાળકની માફક વિધિનિષેધના અન્તરાય હોતા નથી. ૭, ૧૦-૧૧.

७२३ मूढास्तनुभृतो बहिरर्थभावत्त्वात् । ७, १७

૭૨૩ બહારની સ્વાર્થદૃષ્ટિએ સ્ત્રી પુત્રાદિ મોહક પદાર્થોને સાચાં માનનાર મૂર્ખ છે. ૭, ૧૭

७२४ प्रत्यक्षानुमानप्रमाणितं श्रेयः ७, २०

૭૨૪ પ્રત્યક્ષ અને અનુમાન આ બે પ્રમાણોથી પોતાનું કલ્યાણ સાધવું. ૭, ૨૦

७२५ भूताक्रमणेऽपि क्षमाव्रतं क्षितेः । ७, ३३

૭૨૫ અનેક પ્રાણીઓનાં આક્રમણ (ખોદવું ખેડવું, મલમૂત્ર કરવાં વગેરે)માં પણ પૃથ્વી ક્ષમાશીલ છે, ૭, ૩૭

७२६ गुणाश्रयेऽपि व्यपेतात्मत्त्वं वायुवत् । ७, ४०-४१

૭૨૬ ત્રણ ગુણમાંથી ગમે તે ગુણનો આશ્રય કરવા છતાં માણસે વાયુની માફક અલિપ્ત રહેવું. ૭, ૪૦, ૪૧

७२७ अन्तर्हितमपि व्याप्त्यव्याप्त्याव्यवच्छेदकत्वात् खं, ब्रह्मवत् । ७, ४२

૭૨૭ આકાશ બ્રહ્મની માફક અંદર તેમજ બહાર વ્યાપ્ત છે, ઘડાનું આવરણ આવવા છતાં તેને બાહ્યાકાશ સાથે ભેદ થતો નથી (તેમ શરીરમાં રહેલો આત્મા પણ અપરિચ્છિન્ન છે એમ માનવું.) ૭, ૪૨

७२८ मधुरत्वं स्निग्धत्वं स्वच्छत्वं ग्राह्यं जलात् ७, ४४

૭૨૮ માધુર્ય, સ્નિગ્ધતા અને સ્વચ્છતાના ગુણ પાણી પાસેથી લેવા. ૭ ૪૪

७२९ तेजस्व्युदरभाजनोऽग्निवत् । ७, ४५

૭૨૯ જેમ અગ્નિ તેજસ્વી, સ્વયંપ્રકાશ અને સર્વભક્ષક છે, તેમ યોગીએ પણ તેજસ્વી, સ્વયંપ્રકાશ અને પેટ રૂપી પાત્રવાળા બનવું. ૭, ૪૫

७३० इतरथावृत्तिलक्षणोह्यात्मार्कवत् । ७, ५१

૭૩૦ જેમ સૂર્ય એક હોવા છતાં જૂદાં જૂદાં જળયુક્ત પાત્રમાં જૂદો દેખાય છે. તેમ દરેક દેહમાં આત્મા જૂદો દેખાવા છતાં એક જ છે, એમ માનવું, ૭, ૫૧

७३१ दुर्विगाह्योऽनन्तपारः प्रसन्नगम्भीरो मुनिरब्धिवत् । ८, ५

૭૩૧ જેમ સાગરનું ઊંડાણ કોઈ માપી શકતું નથી. એનો પાર પામી શકાતો નથી. પ્રસન્ન-ગંભીર છે, તેમ મુનિએ પણ રહેવું. ૮; ૫

७३२ लुब्धानां नाशो नष्टदृष्टित्वात् पतङ्गवत् । ८, ८

૭૩૨ રૂપના મોહથી જેની દૃષ્ટિ નાશ પામી છે તે,

જેમ પતંગિયું દીવામાં પડી નાશ પામે, તેમ નાશ પામે છે. ૮, ૮.

७३३ सारग्रहणम् षट्पदवत् । ८, १०

૭૩૩ ભમરાની માફક કોઇને પણ નુકસાન કર્યા વિના સારનું ગ્રહણ કરવું. ૮, ૧૦

७३४ नाशोऽतिसंग्रहान्मक्षिकेव । ८, ११-१२

૭૩૪ અતિસંગ્રહી માણસ મધમાખીની માફક તેનાં ધન સાથે નાશ પામે છે. ૮, ૧૧-૧૨.

७३५ योषित्संगो बन्धाय करीव । ८, १३

૭૩૫ જેમ મદોન્મત્ત હાથી બનાવટી હાથણીથી બંધાય છે તેમ સ્ત્રી સંગ બંધન ઉપજાવે છે, ૮, ૧૩

७३६ ग्राम्यगीतश्रवणाद् बन्धनं मृगवत् । ८, १७

૭૩૬ ગ્રામ્યગીતની શ્રવણાસક્તિ મૃગની માફક બંધન સરજે છે. ૮, ૧૭

७३७ रसजिदेव सर्वजित्*. ८, २१

૭૩૭ (બોલવામાં અને ખાવામાં) જેણે જીભ જીતી છે, તે બધું જીતે છે. ૮, ૨૧.

७३८ आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम् । ८, ४४

૭૩૮ જેટલી આશા તેટલું દુઃખ. કોઇની કંઇ પણ માટે આશા તૃષ્ણા ન રાખવી એ પરમસુખ ૮, ૪૪

७३९ आत्मक्रीड आत्मरतिरवधूतो बालवत् । ९, ३

---

*સરખાવો–जितं सर्वं जिते रसे

૭૩૯ અવધત પોતાનામાંજ ક્રીડા કરનારો મસ્ત બાળક સમો છે. ૯, ૩

७४० आत्मन्यवरुद्धचेता इषुकारवत् ९, १३-१५

૭૪૦ માણસે બાણ બનાવનારની માફક પોતાના આત્મામાં તલ્લીન રહેવું, ૯, ૧૩-૧૫

७४१ एकचार्यनिकेतोऽप्रमत्तोऽल्पभाषणोऽलक्ष्यमाण आचारैः सर्पवन्मुनिः । ९, १५

૭૪૧ માણસે સર્પની માફક એકલા ફરવું, ઘર રાખવું નહિં (ઘરની મમતા ન રાખવી) સદા સાવધાન રહેવું, ઓછું બોલવું, અને ગુપ્ત ક્રિયાવાળા બનવું. ૮, ૧૫

७४२ उत्पत्तिस्थितिलये नारायण ऊर्णनाभिवत् । ९, २१

૭૪૨ જેમ કરોળયો પોતાની લાળ વડે જાળું સરજે છે, તેમાં રમણ કરે છે, અને નાશ કરે છે, તેમ ભગવાન પણ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે. ૯, ૨૧.

७४३ सारूप्यं ध्यानस्नेहभयद्वेषैः । ९, २२

૭૪૩ ધ્યાન, સ્નેહ, ભય અને દ્વેષ, આ ચાર એકાગ્રતાનાં સાધનો છે. ૯, ૨૨.

७४४ सर्गविलयधर्मो देहः दुःखकारणम् । ९, २५, २८

૭૪૪ શરીર ઉત્પત્તિ અને વિનાશ ધર્મવાળું હોવાથી દુઃખ રૂપ છે. ૯, ૨૫-૨૮

७४५ स्वदृगात्मा देहे दार्वग्निवद् भिन्नः । १०, ८

૭૪૫ પોતાના અનુભવથી જોનાર દૃષ્ટા આત્મા, શરીરમાં રહેવા છતાં, જેમ લાકડાંમાં અગ્નિ રહેવા છતાં લાકડાંથી જૂદો છે તેમ શરીરથી ભિન્ન છે. ૧૦, ૮

७४६ स्वर्गादि सुखान्यपि स्पर्धासूयात्ययव्ययत्वान्निष्फलानि कृषिवत् १०, २१

૭૪૬ જેમ ખેતી, તીડ, દુકાળ વગેરેનો ભય આવતાં નિષ્ફળ બને છે તેમ સ્વર્ગાદિ સુખો પણ સ્પર્ધા, દ્વેષ, વિનાશ અને ક્ષીણતાના ભય વાળાં હોવાથી નિષ્ફળ છે. ૧૦, ૨૧

७४७ आत्मनः पारतन्त्र्यं गुणवैषम्यात् । १०, ३२

૭૪૭ ગુણોની વિષમતાને લીધે સ્વતંત્ર આત્મા પરતંત્ર બને છે. ૧૦, ૩૨

७४८ संसृतिर्न वास्तवी स्वप्नवत् । ११, २

૭૪૮ જેમ સ્વપ્ન અસત્ય છે, તેમ શોક, મોહ ભય વગેરે વાળો સંસાર પણ માયાવાળી બુદ્ધિની કલ્પના વાળો હોવાથી વાસ્તવિક નથી. ૧૧, ૨

७४९ वैलक्षण्यं बद्धमुक्तयोः* । ११, ४-१०

बन्धनम्	मुक्तिः
१ अविद्यया	विद्यया
२ भोक्तृत्वात्	दृष्टृत्वात्
३ देहस्थः	देहस्थोऽपि न देहस्थः
४ विक्रियावान्	अविक्रियः
५ ससंकल्पः	वीतसंकल्पः

૭૪૯ બંધન (બદ્ધ) અને મુક્તિ (મુક્ત) નો તફાવત. ૧૧, ૪-૧૦

---

*સરખાવો–द्वा सुपर्णा सयुजा मं. उ. ३. १. १

બંધન	મુક્તિ
૧ અવિદ્યાથી	વિદ્યા–જ્ઞાનથી,
૨ ભોક્તા થવાથી	દ્રષ્ટા થવાથી,
૩ આત્માને શરીર માનવાથી	અલગ માનવાથી,
૪ વિકાર ઉત્પન્ન કરવાથી	અવિકારીપણાથી,
૫ સંકલ્પ કરવાથી	સંકલ્પના ત્યાગથી

७५० नित्यदुःखी रक्षणात् । ११, १९

१ गां दुग्धदोहाम् २ भार्यामसतीम् ३ देहं पराधीनम् ४ असत्प्रजाम् ५ वित्तमतीर्थीकृतं रक्षन् ।

૭૫૦ નીચેની વસ્તુઓનું રક્ષણ કરનાર નિત્યદુઃખી છે, ૧૧, ૧૯

૧ વસુકી ગયેલી ગાયનું, ૨ વ્યભિચારિણી સ્ત્રીનું, ૩ પરાધીન શરીરનું, ૪ અવળે માર્ગે ગયેલી પ્રજાનું, અને ૫ સુપાત્રને ન અપાતાં ધનનું મોહથી જતન કરનાર નિત્ય દુઃખી છે.

७५१ आनन्त्यमिष्टप्रियनिवेदनात् । ११, ४१

૭૫૧ પોતાને ગમતી અને પ્રિય વસ્તુ દાનમાં આપવાથી અક્ષય્ય ફળ અને આનંદ મળે છે. ૧૧, ૪૧

७५२ पूजापदानि सर्वतोभद्रत्त्वात् । ११, ४२–४५

१ सूर्यम्–उपस्थानेन २ अग्निम्–हविषा ३ ब्राह्मणम्–आतिथ्येन ४ धेनुम्–यवसादिना ५ वैष्णवम्–बन्धुभावेन ६ हृदयम्–ध्यानेन ७ वायुम्–प्राणायामेन ८ जलम्–तर्पणेन ९ पृथ्वीम्–रहस्यमन्त्रैः १० आत्मानं–योग्यभोगदानात् ११ सर्वभूतानि–समत्त्वेन ।

૭૫૨ બધી બાજુથી કલ્યાણ કરનારાં પૂજ્યસ્થાનો અને સાધનો ૧૧, ૪૨–૪૫.

૧ સૂર્યનું–અર્ધ્ય–ઉપસ્થાનથી, ૨ અગ્નિનું–હવિર્દ્રવ્યથી; ૩ બ્રાહ્મણનું–આતિથ્યથી, ૪ ગાયનું–ઘાસ દાણો પાણી આપીને; ૫ વૈષ્ણવનું–બંધુભાવથી, ૬ હૃદયનું–ભગવાનનાં ધ્યાનથી, ૭ વાયુનું પ્રાણાયામ દ્વારા, ૮ પાણીનું–તર્પણ કરીને, ૯ પૃથ્વીનું–રહસ્ય, મંત્ર, ખેતી, ધાતુ વગેરે જાણવાથી, ૧૦ આત્માનું–યોગ, ભોગ–દાન કરવાથી, અને ૧૧ પ્રાણીમાત્રનું–સમત્વથી, પૂજન કરવું.

७५३ अकुतोभयत्वं सर्वात्मभावात् सत्संगयोनित्त्वात् । १२, १५

૭૫૩ સત્સંગથી સર્વાત્મભાવ થવાને લીધે વાસ્તવિક નિર્ભયતા પ્રાપ્ત થાય છે. ૧૨, ૧૫

७५४ तस्मादेवभूम्नोऽयं संसारस्तत्स्वरूप एव । १२, १७–२१

१ वाक्कर्माहंकारसूत्रैश्चिन्मयः ।

अ वाक्–परा पश्यन्ती मध्यमा वैखरी ।

ब ज्ञानेन्द्रियकर्मेन्द्रियकर्माणि ।

क अहंकारः चतुर्धा। मनसः संकल्पः। बुद्धिः सदसद्वस्तुनिर्णयकारिणी। चित्तम् विज्ञानम् । अहंकारः अभिमानम् ।

ड सूत्रम्–प्रधानम् ।

अ सत्त्वात् देववर्गः ।

ब रजसः इन्द्रियवर्गः ।

क तमसः महाभूतानि ।

२ अतएव, संसारः,

१ आद्यः २ विश्लिष्टशक्तिः ३ अनेकरूपः ४ ओतःप्रोतः पटवत् ।

૭૫૪ ભૂમા (પરમાત્માના વિશુદ્ધ નિરંજન નિરાકાર સ્વરૂપ) થી આ સંસાર ઉત્પન્ન થયો છે, અને તેથી સંસાર પણ તેનું બીજું દૃશ્ય સ્વરૂપ છે. ૧૨, ૧૭–૨૧

તે વાણી, કર્મ, અહંકાર અને સૂત્રને લીધે ચૈતન્યવાન્ છે.

૧. વાણી

अ પરા–આધારચક્રમાં થતો અસ્ફુટ નાદ.

ब પશ્યન્તી–ઉચ્ચારણ થયા પહેલાં બોલાનારી વાણીનો મનમાં સ્ફોટ.

क મધ્યમા–સ્ફોટથી ગળાં સુધીમાં બોલાનારી વાણીનું આગમન.

ड વૈખરી–મુખથી બોલાતી સ્વર અને વ્યંજન વાળી વાણી, આપણે બોલીએ છીએ તે.

૨ કર્મઃ–જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયથી થતાં કર્મો.

૩ અહંકારઃ–

अ–મનથી સંકલ્પ, ब–બુદ્ધિથી–સત્યાસત્યનો નિર્ણય, क–ચિત્તથી જ્ઞાન, અને ड–અહંકારથી–કર્મનું ભાન–અભિમાન.

૪ સૂત્ર–પ્રધાનઃ–

अ સત્ત્વગુણ–દેવવર્ગ (ઇન્દ્રિયશક્તિ) ब રજોગુણ–ઈન્દ્રિયવર્ગ, क તમોગુણઃ–પૃથિવ્યાદિ પંચભૂત, અને આથી સંસાર પણ ઉપરનાં તત્ત્વોનો બનેલ હોવાથી.

(૧) આદિ (૨) વહેંચાયલી માયા શક્તિવાળો (૩) અનેક રૂપવાળો અને ઈશ્વરમાં ઓતપ્રોત છે.

७५५ तरुवद् वा संसारः । १२, २१–२३ तस्य

१ बीजम्–पुण्यं पापं च। २ मूलानि–अगणितवासनाः ३ नालः सत्त्वादि त्रयोगुणाः ४ स्कन्धाः पंचविषयाः ५ शाखाः एकादश ज्ञानकर्मेन्द्रियाणि मनश्च । ६ वल्कलम्–वातपित्तकफाः ७ सुपर्णौ जीवेश्वरौ, भोक्ता द्रष्टा च ८ फलम् सुखं दुखं च ।

૭૫૫ અથવા સંસાર વૃક્ષ જેવો છે. ૧૨, ૨૧–૨૩ તેનાં અંગ–ઉપાંગો નીચે મુજબ.

૧ બીજ–પુણ્ય અને પાપ, ૨ મૂળ–વાસના, ૩ થડ– સત્ત્વાદિ ગુણો ૪ મોટી ડાળીઓ–પાંચ વિષયો, ૫ નાની ડાળીઓ–પંચ જ્ઞાનેંદ્રિય ૫ કર્મેન્દ્રિય અને મન મળી અગિયાર, ૬ છાલ–વાત, પિત્ત અને કફ ૭ વસતાં પક્ષી–જીવ અને ઇશ્વર; ભોક્તા અને દ્રષ્ટા. ૮ ફળ–સુખ અને દુઃખ.

७५६ सत्त्वादि गुणहेतव आगमादयः । १३, ४

१ आगमः–शास्त्रम् २ आपः–जलम् ३ प्रजाः ४ देशः ५ काल ६ जन्म ७ कर्म ८ ध्यानम् ९ मन्त्रः १० संस्कारः

૭૫૬ સત્ત્વાદિ ગુણના હેતુઓ. ૧૩; ૪

૧ શાસ્ત્ર, ૨ પાણી, ૩ પ્રજા, ૪ દેશ, ૫ કાળ, ૬ જન્મ, ૮ કર્મ, ૮ ધ્યાન, ૯ મંત્ર, અને ૧૦ સંસ્કાર.

७५७ मनसः सन्निरोधो योगः* । १३–१४

૭૫૭ મનનો સંયમ–નિરોધ–એ યોગ–

७५८ जाग्रदादि अवस्थात्रय्यां जीवस्तु साक्ष्येव १३, २३

१ अत एव स्मृत्यन्वयो त्रिगुणवृत्तिदृगिन्द्रियेशः ।

૭૫૮ જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ, આ ત્રણ અવસ્થામાં જીવાત્મા સાક્ષી છે. ૧૩, ૨૩

જાગૃત અવસ્થામાં ઇન્દ્રિયોનો, સ્વપ્નાવસ્થામાં મનનો, અને સુષુપ્તિ અવસ્થામાં, જાગૃત અવસ્થામાં જોયેલા અને સ્વપ્નાવસ્થામાં અનુભવેલા પદાર્થોનો ઉપસંહાર થાય છે. આ સર્વનો દ્રષ્ટા એક જ જીવાત્મા છે. ટૂંકમાં ત્રણે અવસ્થામાં આત્માનું ભિન્નત્વ નથી શાસ્ત્ર (ઉપનિષદ્ આદિ) માંઃ–

---

*સરખાવો–योगश्चित्तवृत्तिनिरोधः (यो. सू

જાગ્રતનો દૃષ્ટા 'વિશ્વ', સ્વપ્નનો દ્રષ્ટા 'તૈજસ્', અને સુષુપ્તિનો દ્રષ્ટા 'પ્રાજ્ઞ' કહેવાય છે. આમાં નામ માત્ર જૂદાં છે. દ્રષ્ટા તરીકે તો આત્મા એક જ છે.

७५९ भ्रान्तिमज्जगदलातचक्रवत् । १३, ३४

૭૫૯ જેમ બળતું લાકડું વેગથી ગોળ ફેરવવામાં આવે ત્યારે તેજનું ચક્ર દેખાય છે, તે જેમ ભ્રાન્તિ છે. તેમ ગતિમાન્ જગત્ પણ ભ્રાન્તિરૂપ છે. ૧૩, ૧૪

७६० भक्तियोगो निरपेक्ष एव सर्वसुखावहः । १४, २-४६

१ कीदृशं नैरपेक्ष्यमिति चेत्, भक्ता न वाञ्छन्ति,–

१ पारमेष्ठ्यं २ इन्द्रपदम् ३ सार्वभौमत्वम् ४ रसातलपदम् ५ योगसिद्धिः ६ मोक्षम् वा ।

२ कीदृशास्त इति प्रश्ने :–

१ दान्ताः २ शान्ताः ३ समचेतसः ४ सन्तुष्टमनसः ५ अखिलजीववत्सलाः ६ भगवदर्पितात्मानः ७ कामैरनालब्धधियः ।

३ किं वा फलमितिशंकायाम् :–

१ भगवदंघ्रिरेणुभिः पावनाः २ द्रव्यज्ञानक्रियाभ्रमनिवृत्तिमन्तः ३ आत्यन्तिकसुखिनः ४ निर्वाणभाजश्च ।

૭૬૦ નિરપેક્ષ ભક્તિયોગ જ સર્વ સુખ આપનાર છે. ૧૪, ૨-૪૬

જેમાં ભગવાનની ભક્તિ સિવાય ભક્તને બીજી કોઈ પણ ઇચ્છા ન થાય તે નિરપેક્ષ ભક્તિયોગ, એમાં, (૧) બ્રહ્મા કે ઇન્દ્રનું પદ સાર્વભૌમત્વ, પાતાલરાજ્ય, યોગસિદ્ધિ કે મોક્ષની પણ ઇચ્છા હોતી નથી.

(૨) આવા ભક્તોનાં લક્ષણો : તેઓ, (૧) સંયમી (૨) શાન્ત

(૩) સમભાવવાળા (૪) સન્તોષી (૫) સર્વ ઉપર પ્રેમ રાખનાર (૬) વાસનાહીન અને (૭) ભગવાનને સર્વસમર્પણ કરનાર હોય છે.

(૩) નિરપેક્ષ ભક્તિયોગનું ફળઃ–

૧. ભગવાનની ચરણરજથી પાવન કરનાર, ૨. દ્રવ્ય જ્ઞાન અને ક્રિયાના ભ્રમથી નિવૃત્તિ. ૩. અનંતસુખની પ્રાપ્તિ તથા (૪) મુક્તિની યોગ્યતા આપે છે.

७६१ जितेन्द्रियस्य जितश्वासस्यैव योगिनो धारणासिद्धिः× । १५, १

૭૬૧ જીતેન્દ્રિય બની પ્રાણાયામ કરી ઇશ્વરમાં મનની ધારણા–એકાગ્રતા–કરનાર યોગીને સિદ્ધિઓ સહજમાં પ્રાપ્ત થાય છે. ૧૫. ૧

७६२ भूतमात्राध्यानादणिमा* । १५, १०

૭૬૨ પંચ મહાભૂત તથા ઇન્દ્રિયોમાં મનની એકાગ્રતા કરવાથી અણિમા સિદ્ધિ મળે છે. ૧૫, ૧૦

જે માણસ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ તન્માત્રાને સૂક્ષ્મ ભૂત–પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશમાં લીન કરી મનમાં તેનું તદાકાર વૃત્તિથી ચિંતન કરે, તે અણિમા–(નાનામાં નાનું શરીર બનાવવાની) સિદ્ધિ મેળવે છે.

७६३ महत्तत्त्वाभिध्यानान्महिमा । १५, ११

૭૬૩ જે માણસ મનને મહત્તત્ત્વનો આકાર આપી ઇશ્વરનું ધ્યાન ધરે તેને 'મહિમા' સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫ ૧૧.

×સરખાવો–देशबन्धश्चित्तस्य धारणा । (यो. सू.)

*સરખવો–कायरूप......अन्तर्धानम् । (यो. सू.)

७६४ परमाणुध्यानाल्लघिमा । १५, १२

૭૬૪ પરમાણુ રૂપ ઈશ્વિરને ભજવાથી ‘લઘિમા’ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫, ૧૨.

७६५ वैकारिकाहंकारध्यानात् प्राप्तिः १५, १३

૭૬૫ સાત્ત્વિક અહંકારવાળા પરમાત્માના એકાગ્ર ધ્યાનથી ‘પ્રાપ્તિ’ નામની સિદ્ધિ મળે છે, જે દ્વારા બીજાની ઇન્દ્રિયોને વશ કરી શકાય છે. ૧૫, ૧૩

७६६ सूत्रधारणया प्राकाम्यम् १५, १४

૭૬૬ ક્રિયાશક્તિવાળા પરમાત્માનું ધ્યાન કરી મનને મહત્તત્ત્વનો આકાર આપવાથી ‘પ્રાકામ્ય’–‘ઇપ્સિત વસ્તુ પ્રાપ્ત થવી’-એ નામની સિદ્ધિ મળે છે. ૧૫, ૧૪.

७६७ कालविग्रहविष्णुध्यानादीशित्त्वम् । १५, १५

૭૬૭ કાળસ્વરૂપ વિષ્ણુના ધ્યાનથી ‘ઇશિત્ત્વ’–પ્રત્યેક પ્રાણિ પદાર્થ ઉપર સત્તા–નામની સિદ્ધિ મળે છે. ૧૫, ૧૫.

७६८ भगवदैश्वर्यध्यानाद्वशिता* । १५, १६

૭૬૮ ભગવાનનાં ઐશ્વર્યનાં ધ્યાનથી ‘વશિતા’ ‘સર્વને વશ કરવાની શક્તિ’ પ્રાપ્ત થાય છે. ૧૫, ૧૬

७६९ ब्रह्मधारणा प्राकाम्यभूमिः १५, १७

૭૬૯ નિર્ગુણ બ્રહ્મનું ધ્યાન કરવાથી ‘પ્રાકામ્ય’–‘પરમાનન્દ’–પ્રાપ્ત થાય છે. ૧૫, ૧૭

---

*સરખાવો–ग्रहणस्वरूप……इन्द्रियजयः (यो. सू.)

७७० श्वेतद्वीपपतौ धारणया षड्भिंराहित्यम्× १५, १८

૭૭૦ શ્વેતદ્વીપપતિ પરમાત્માના ધ્યાનથી છ પ્રકારની ઊર્મિ-ઇચ્છાઓ દૂર થાય છે.

७७१ प्राणघोषचिन्तनाद् दूरश्रवणम्* १५, १९

૭૭૧ પ્રાણઘોષનાં ચિન્નનથી 'દૂરશ્રવણ' સિદ્ધ થાય છે. ૧૫, ૧૯

७७२ दूरदर्शनमादित्यचक्षुषोः संबन्धात्❁ । १५, २०

૭૭૨ સૂર્ય ઉપર નેત્રના ત્રાટકથી 'દૂરદર્શન' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫, ૨૦

७७३ मनोदेहवायूनां धारणया मनोजवः✖ १५, २१

१ तत्रात्मा यत्र वै मनः ।

૭૭૩ મન, દેહ અને વાયુ (પ્રાણ) માં આત્મધારણા કરવાથી મન જ્યાં જાય ત્યાં શરીર જઇ શકે એ 'મનોજવ' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫, ૨૧

७७४ कामरूपत्त्वं मनसा भगवद्योगबलाश्रयात् ❂ । १५, २२

૭૭૪ પરમાત્માનાં યોગબળનો આશ્રય કરવાથી 'કામ રૂપ'-ઇચ્છેલું રૂપ ધારણ કરવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫, ૨૨

×સરખાવો-कण्ठकूपे क्षुत्पिपासानिवृत्तिः (यो. सू.)

*સરખાવો-श्रोत्राकाशयोः संबन्धात् दिव्यं श्रोत्रम् (यो. सू.)

❁સરખાવો-भुवनज्ञानं सूर्ये संयमात्, (यो. सू.)

✖સરખાવો-कायाकाशयोः......गमनम् (यो. सू.)

❂ સરખાવો-रूपलावण्य......निकायसंपत् (यो. सू.)

७७५ परकाये आत्मभावनया परकायाप्रवेशः* १५, २३

૭૭૫ બીજાનાં શરીરમાં એકાગ્ર ચિત્તથી પોતાની ભાવના કરવાથી ‘પરકાયાપ્રવેશ’ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫, ૨૩.

७७६ इष्टे धारणाविदस्त्रिकालज्ञत्वम्× । १५, २८

૭૭૬ પરમાત્મામાં એકાગ્ર ચિત્તવાળો યોગી ત્રણેય કાળનું જ્ઞાન મેળવી શકે છે. ૧૫, ૨૮

७७७ प्रतिष्टम्भोऽपद्वंद्वे* भगवद्योगात्🐚 । १५, २९

૭૭૭ મનનો પરમાત્મા સાથે યોગ કરવાથી ‘પ્રતિષ્ટંભ’ અગ્નિ, સૂર્ય વગેરેથી થતી હાનિ-દૂર થાય છે તથા યોગી ‘અપદ્વન્દ્વ’ સુખ દુઃખાદિથી પર બને છે. ૧૫, ૨૯

७७८ भगवत्स्वरूपध्यानादपराजयः✺ । १५, ३०

૭૭૮ ભગવત્સ્વરૂપમાં ધ્યાનથી ‘અપરાજય’ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫, ૩૦

७७९ जडचैतन्ये भगवदंशो विभूतिः । १६, ४०

तज्ज्ञानफलं सायुज्यमुक्तिः✤ आत्मना सह सर्वसमर्पणात्

૭૭૯ જે કોઇ જડ તેમજ ચૈતન્યમય પદાર્થોમાં (કીર્તિ તેજ ઓજસ્વિતા વગેરે) ભગવાનનો અંશ હોય તે વિભૂતિ કહેવાય છે. ૧૬, ૪૦

---

*સરખાવો–बन्धकारणशैथिल्यात्प्रचारसंवेदनाच्च चित्तस्य परशरीरावेशः (यो. सू.)

×સરખાવો:–परिणामत्रयसंयमनादतीतानागतज्ञानम् (यो. सू.)

🐚સરખાવો:–उदानजयाज्जलपंककण्टकादिष्वसंग उत्क्रान्तिश्च (यो. सू.)

✺સરખાવો:–स्थूलस्वरूपसूक्ष्मान्वयार्थवत्त्वसंयमात् भूतजयः

✤સરખાવો:–यथाहि सैन्धवो दण्डः (श्रु०)

વિભૂતિનાં જ્ઞાનપૂર્વકનાં આત્મસમર્પણથી સાયુજ્યમુક્તિ–પરમાત્મા સાથે સદેહે તદ્રૂપતા–મળે છે.

७८० चातुर्वर्ण्यं प्राकृतिकम् ब्राह्मणादि । १७, १५

૭૮૦ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર આ ચાર વર્ણ સ્વભાવસિદ્ધ છે. ૧૭, ૧૫

७८१ वर्णधर्माः । १७, १७–२१

१ शमादयो ब्राह्मणानाम् २ तेजोबलादयः क्षत्रियाणाम् ३ आस्तिक्यादयो वैश्यानाम् ४ शुश्रूषादयः शूद्राणाम् ५ सार्ववर्णिको धर्मः—अहिंसा, सत्यम्, अस्तेयम्, अकामक्रोधलोभता, भूतप्रियहितेहा च ।

૭૮૧ વર્ણોના ધર્મો ૧૭, ૧૭–૨૧.

૧ શમ, દમ, સ્વાધ્યાય વગેરે બ્રાહ્મણધર્મ, ૨ તેજ, બળ, રક્ષા વગેરે ક્ષાત્રધર્મ, ૩ આસ્તિકતા, વ્યાપાર વગેરે વૈશ્યધર્મ ૪ શૂદ્રનો સેવાધર્મ, ૫ અહિંસા, સત્ય, અંસ્તેય, કામ ક્રોધ અને લોભનો અભાવ, દરેક પ્રાણીનું પ્રિય કરવું વગેરે બધા જ વર્ણનો સામાન્ય ધર્મ છે.

७८२ आश्रमधर्माश्च । १८, २८–४२

१ शमोऽहिंसादि ब्रह्मचारिणां २ गृहिणां भूतरक्षेज्यादयः ३ तपईक्षादयो वनौकसाम् ४ ज्ञाननिष्ठा, आत्मावस्थितिश्च न्यासिनाम् ।

૭૮૨ આશ્રમધર્મો :–૧૮, ૨૮–૪૨

૧ શાન્તિ, અહિંસા, અધ્યયન વગેરે બ્રહ્મચારીનાં, ૨ પ્રાણીમાત્રની રક્ષા, દાન, યજ્ઞ વગેરે ગૃહસ્થીના, ૩ તપ અને યજ્ઞ વાનપ્રસ્થીના, અને ૪ જ્ઞાનનિષ્ઠા તેમજ આત્મરતિ એ સન્યાસીના ધર્મ છે.

७८३ बन्धनं मुक्तिश्च । १८–२२

१ बन्ध इन्द्रियविक्षेपात् २ मोक्ष इन्द्रियसंयमात् ।

૭૮૩ બન્ધન અને મુક્તિ ૧૮, ૨૨

૧ ઈન્દ્રિયોને બહેલાવવાથી બંધન અને ૨ ઈન્દ્રિયોને સંયમમાં રાખવાથી મુક્તિ.

७८४ ज्ञानमिति । १९, १४–२७

१ नवसु (पुरुषप्रकृति महत्तत्त्वाहंकार शब्दस्पर्शरूपरसगन्धेषु)

२ एकादशसु (पंचज्ञानेन्द्रियेषु, पंच कर्मेन्द्रियेषु मनसि च)

३ पंचसु (पृथ्वीजलतेजोवाय्वाकाशेषु)

४ त्रिषु (सत्त्वरजस्तमःसु) चिज्जडयोर्भिन्नदर्शनेऽप्येकत्वदर्शनम् ज्ञानम् ।

૭૮૪ જ્ઞાન એટલે :–૧૪–૨૭

૧ નવ :–પુરુષ, પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ.

૨ અગિયારઃ–પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય અને મન.

૩ પાંચઃ–પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ.

૪ ત્રણઃ–સત્વ, રજસ્, અને તમસ્ આ સર્વ જૂદાં દેખાતાં તત્ત્વોમાં એકત્વનું દર્શન એટલે જ્ઞાન–एतत् ज्ञानमिति....(गीता०)

७८५ विज्ञानं च । १९

तेषु सत्त्वरूपेण ब्रह्मदर्शनं निश्चयश्च विज्ञानम् ।

विज्ञानसिद्धिः सत्तया प्रमाणाभावात् परिणामाभावाच्च ।

१ सत्तयाः–आदिमध्यावसाने एकत्वात् ।

२ प्रमाणाभावात् ।

३ श्रुतिप्रत्यक्षैतिह्यानुमानानि प्रमाणानि तत्र:–

अ श्रुतिः–नेह नानास्ति किंचन ।

ब प्रत्यक्षं–पटतन्तुवत् ।

क ऐतिह्यं–अनुभववचनमृषीणां 'जगन्मिथ्येति'

ड अनुमानम्–रज्जूसर्पवत् मिथ्यादर्शनम्

इ कर्मपरिणामे सुखदुःखाभावात्

४. ज्ञानपात्रम् ।

१ विद्याश्रुतसपन्नः २ आत्मवान् ३ तर्करहित एव ज्ञानविज्ञानभूमिः

૭૮૫ વિજ્ઞાન એટલે, ૧૯, ૧૫–૧૮

ઉપર ગણાવેલાં અઠ્ઠાવીસ તત્વો (૧) સત્‌સ્વરૂપ હોવાથી (૨) પ્રમાણનો અભાવ હોવાથી તથા (૩) પરિણામનો અભાવ હોવાથી તેનું જ્ઞાન બ્રહ્મદર્શન કરાવે છે, આનો અનુભવ એટલે વિજ્ઞાન.

૧ સત્‌સ્વરૂપ :–

આ અઠ્ઠાવીસ તત્વો આદિ, મધ્ય અને અંતમાં એક રૂપ છે. જેમ ઘડામાં, ઉત્પત્તિ અને વિનાશમાં, માટી કાર્ય કારણ રૂપ રહે; મધ્યાવસ્થામાં ઓતપ્રોત રહે અને ઘડાના વિનાશ પછી પણ જે મૂળ સ્વરૂપમાં આવી જાય એ સત્ય.

૨ પ્રમાણોથી જગત્‌નું મિથ્યાત્વ, અને સત્યસિદ્ધિ. પ્રમાણ ચાર છે.

૧ શ્રુતિઃ–વેદવચન. नेह नानाऽस्ति किंचन

૨ પ્રત્યક્ષઃ–पटतन्तुवत् । જેમ વસ્ત્ર તારથી જુદું નથી. તન્તુની માત્ર ગોઠવણી એ વસ્ત્ર, એમાં વસ્ત્ર અસત્ય, તંતુ સત્ય.

૩ ઐતિહ્યઃ–લોકપ્રસિદ્ધ ઋષિઓનાં અનુભવ વચનો 'जगन्मिथ्या' જેવાં.

૪ અનુમાનઃ-દોરડીમાં સર્પની ભ્રાન્તિ. એમાં દોરડી સત્ય,
સર્પ મિથ્યા.

આ સર્વ પ્રમાણોથી જગત્ મિથ્યા ઠરે છે. અને અપ્રમેય પરમાત્મચૈતન્ય સત્ય ઠરે છે માટે જ બ્રહ્મ સત્ય, જગન્મિથ્યા. માટે ॐ तत्सत्

૩ આ વિજ્ઞાનદૃષ્ટિનું પરિણામઃ-સુખ અને દુઃખનો અભાવ

૪ જ્ઞાન વિજ્ઞાનનાં આધારપાત્રોઃ-

૧ જે અનુભવ થતાં સુધી વિદ્યા ભણ્યો હોય.

૨ આત્મજ્ઞાની હોય.

૩ કેવળ તર્ક ઉપર ભરોસો ન રાખતાં અપરોક્ષ-પ્રત્યક્ષ-જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, તેજ જ્ઞાન વિજ્ઞાન સંપન્ન બની શકે છે.

७८६ ज्ञानविज्ञानदृष्टिर्भागवती । १९, ३३-४५

१ अहिंसादयो यमानियमाश्च २ भगवन्निष्ठा शमः ३ इन्द्रियसंयमो दमः ४ त्रिदुःखसहनं तितिक्षा ५ जिह्वोपस्थजयः धृतिः ६ द्रोहत्यागः परं दानम् ७ कामत्यागस्तपः ८ स्वभावविजयः शौर्यम् ९ ऋतं, सत्यं, प्रियं च वचनम् १० समदर्शनम् सत्यम् ११ कर्मस्वसंगः शौचम् १२ धर्म एव धनम् १३ दक्षिणा ज्ञानसन्देशः १४ भगवद्भक्तिरेव लाभः १५ भेदाभावो विद्या १६ सुखदुःखानुसन्धानराहित्यं सुखम् १७ कामसुखापेक्षा दुःखम् १८ बन्धमोक्षवित्पण्डितः १९ देहेऽहंबुद्धिर्मूर्खः २० सत्त्वगुणोदयः स्वर्गः २१ तमोगुणवृद्धिर्नरकः २२ शरीरं मानवं गृहम् २३ गुणाढ्यो ह्याढ्यः २४ असन्तुष्टो दरिद्रः २५ अजितेन्द्रियः कृपणः २६ गुणदोषदृष्टिर्दोषः २७ गुणदोषादर्शनमेव गुणः ।

૭૮૬ ભાગવતની જ્ઞાન-વિજ્ઞાનની દૃષ્ટિ ૧૯, ૩૩-૪૫

૧ અહિંસા, સત્ય, અસ્તેય, અસંગ, લજ્જા, અપરિગ્રહ, આસ્તિકતા, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભય. આ બારને **યમ** (સંયમનાં સાધનો) કહે છે. બાહ્ય અને આભ્યંતર

પવિત્રતા, જપ, તપ, હોમ, શ્રદ્ધા, અતિથિસત્કાર, ભગવત્પૂજન તીર્થયાત્રા, પારકાનાં કલ્યાણ માટેની ક્રિયા, સંતોષ અને આચાર્યસેવા આ બારને **નિયમ** કહે છે. ૨ બુદ્ધિની ઇશ્વરમાં નિષ્ઠા એ **શમ.** ૩ ઇન્દ્રિયોનો સંયમ એ **દમ.** આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખોને સહન કરવાં તે **તિતિક્ષા.** ૫ જીભ અને જનનેન્દ્રિયોનો વિજય એ **ધૈર્ય** ૬ દ્રોહત્યાગ એ **દાન.** ૭ કામત્યાગ એ **તપ** ૮ વાસનાવાળા સ્વભાવ ઉપર વિજય તે **શૌર્ય.** ૯ સત્ય, પ્રિય અને હિત બોલવું તે **ઋત.** ૧૦ સમાન ભાવે બ્રહ્મદર્શન એ **સત્ય.** ૧૧ કર્મમાં અનાસક્તિ, એ **પવિત્રતા** ૧૨ ધર્મપાલન એ **ધન.** ૧૩ જ્ઞાનનો ઉપદેશ એ **દક્ષિણા.** ૧૪ ભગવાનની ભક્તિ એ **લાભ** ૧૫ ભેદનો અભાવ એ **વિદ્યા.** ૧૬ સુખ અને દુઃખ બન્ને માલમ ન પડે તે **સુખ.** ૧૭ કામસુખની અપેક્ષા એ **દુઃખ.** ૧૮ બંધન અને મુક્તિને ઓળખે તે **પંડિત.** ૧૯ શરીર ધન વગેરેમાં અહંભાવ કરે તે **મૂર્ખ.** ૨૦ સત્વગુણોદય એ **સ્વર્ગ.** ૨૧ તમોગુણનો ઉદય અને વૃદ્ધિ એ **નરક.** ૨૨ માનવ શરીર એ **ઘર.** ૨૩ ગુણવાન એજ **ધનવાન્.** ૨૪ અસન્તોષી એ **દરિદ્રી** ૨૫ જીતેન્દ્રિય ન હોય તે રાંક–**બિચારો** ૨૬ ગુણ તથા દોષ જોનારી દૃષ્ટિ–એજ **દોષ** ૨૭ ગુણ દોષનું અદર્શન એ **ગુણ.**

७८७ श्रेयोदं योगत्रयम्

१ ज्ञानयोगः–निर्विण्णानां कृते,
२ कर्मयोगः–फले आसक्तानां कृते,
३ भक्तियोगः–नात्यंतासक्तस्य विरक्तस्य कृते.

૭૮૭ ત્રણ યોગ કલ્યાણકારી છે. ૨૦, ૬

૧–વૈરાગ્યવાનને માટે જ્ઞાનયોગ, ૨–ફલમાં આસક્તિવાળા માટે કર્મયોગ, અને ૩ જેને પૂરો વૈરાગ્ય કે પૂરી આસક્તિ ન હોય તેને માટે ભક્તિયોગ.

७८८ दुर्लभो नृदेहः भवाब्धितारकत्वात् ।

૭૮૮ સંસારસમુદ્રનો તારક હોવાથી માનવદેહ દુર્લભ (અમૂલ્ય) છે. ૨૦, ૧૭

७८९ मनःसंग्रहो योगः,* तत्र साधनानि,

१ भवाप्ययानुध्यानात् २ गुरूपदेशमननात् ३ ब्रह्मविद्यया ४ यमादिमार्गैः ५ भगवदुपासनया वा ।

૭૮૯ મનનો નિગ્રહ એટલે યોગ ૨૦, ૨૧

(૧) સંસારના જન્મ મરણાદિ દોષનું સ્મરણ કરવાથી (૨) ગુરુના ઉપદેશનું મનન કરવાથી. (૩) બ્રહ્મવિદ્યા દ્વારા (૪) યમ નિયમાદિનાં પાલનથી, (૫) પરમાત્માની ઉપાસનાથી એ મળે છે.

७९० अधिकारनिष्ठा गुणः, विपर्यये दोषः २१, २

तयोरुपयोगः १ धर्मव्यवहारे २ (जीवन)यात्रार्थम् , फलश्रुतिः, रोचनार्था ।

૭૯૦ પોતાની યોગ્યતા-અધિકાર-માં શ્રદ્ધા, એ ગુણ; તેથી વિપરીત તે દોષ. ૨૧, ૨

તેનો ઉપયોગઃ-

૧ નિત્ય અને નૈમિત્તિક કર્મ, નિષ્કામ ભાવે કરવામાં-અને અંતઃકરણની શુદ્ધિમાં તથા ૨ જીવનયાત્રામાં આનો ઉપયોગ કરવો. સકામ કર્મની ફલશ્રુતિ પ્રલોભન માટે છે.

७९१ शब्दब्रह्मस्वरूपम्× २१, ३६-४२

---

*સરખાવો:-**योगश्चित्तवृत्तिनिरोधः**

×સરખાવોઃ-**चत्वारि वाक्परिमितानि विदुर्ब्राह्मणा मनीषिणः**
गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या
वदन्ति । (ऋ-१-२२-४५)

१ प्राणेन्द्रियमनोमयम् २ ब्रह्मोपबृंहितम् ३ ॐकारसमुद्भूतम् ४ गायत्र्यादि छन्दोबद्धम् ।

૭૯૧ શબ્દબ્રહ્મનું સ્વરૂપ :–દુર્બોધ અને અનંતપાર છે ૨૧, ૩૬–૪૨ કારણ કે

શબ્દબ્રહ્મ એટલે વૈદિકસાહિત્ય અથવા જગત્કારણ બ્રહ્મ સ્વરૂપ. (૧) શબ્દબ્રહ્મનો સંબંધ પ્રાણ, ઇન્દ્રિયો અને મન સાથે છે. (૨) શબ્દબ્રહ્મ સૂક્ષ્મ, અંતર્યામી, વ્યાપક, અનંત અને શક્તિસંપન્ન છે. (૩) એનું મૂલ સ્વરૂપ પ્રણવ–ૐકાર છે. તથા (૪) ગાયત્રી, ત્રિષ્ટુપ્, જગતી વગેરે છંદોમય છે.

७९२ लिंगशरीराध्यासात् जन्म, मृत्युरत्यन्तविस्मृतिः

१ विषयस्वीकृतिरेव जन्म ।

૭૯૨ લિંગ શરીરના અધ્યાસથી–દેહ એજ આત્મા છે–એમ માનવાથી, અને વિષયોના સ્વીકારથી–વાસનાથી જન્મ થાય છે. આ અધ્યાસનું વિસ્મરણ એ મૃત્યુ. ૨૨, ૩૬, ૩૮

મૃત્યુ થયા બાદ અને બીજો જન્મ થયા પછી પણ આગલા જન્મનું સ્મરણ રહેતું નથી. આથી વિષયોનો સ્વીકાર એજ જન્મનું કારણ.

७९३ संसृतिरध्यासे स्वप्नेऽनर्थवत्

૭૯૩ જેમ સ્વપ્ન મિથ્યા છે, છતાં તેના સંસ્કારથી માણસ સુખી કે દુઃખી થાય છે. તેવું જ સંસારનું પણ જાણવું ૨૨, ૫૫

७९४ आत्मोद्धार आत्मनैव* । २२, ५८

---

*સરખાવો–**आत्मैव ह्यात्मनो बन्धुः (गीता)**

૭૯૪ આત્માનો ઉદ્ધાર આત્માથી થાય. ૨૨, ૫૮

७९५ तनोर्नवावस्थाः निषेकादयः २२, ४६

१ निषेक २ गर्भ ३ जन्म ४ बाल्यम् ५ कौमारम् ६ यौवनम् ७ वयोमध्यम् ८ जरा ९ मृत्युः

૭૯૫ ગર્ભપ્રવેશથી આરંભી મૃત્યુ સુધીની માણસની નવ અવસ્થાઓ છે. ૨૨, ૪૬

(૧) ગર્ભમાં પ્રવેશ (૨) ગર્ભમાં દેહબંધારણ (૩) જન્મ (૪) બાલ્યાવસ્થા (૫) કૌમારઅવસ્થા (૬) યૌવન (૭) આધેડપણું (૮) વૃદ્ધાવસ્થા અને (૯) મૃત્યુ.

७९६ साधुत्वं दुर्जनदुरुक्तिभिन्नात्मसमाधानात् । २३, २

૭૯૬ સાચું સજ્જનપણું તો પોતે નિર્દોષ હોવા છતાં દુર્જન માણસે હૃદય તોડી નાખે એવી નિંદાથી ભેદાયેલાં પોતાનાં હૃદયને શાન્ત રાખવામાં છે. ૨૩, ૨

७९७ न कदर्यार्थाः सुखावहाः २३, १५

१ इहात्मोपतापाय स्वजनानामपि द्रोहत्वात्, २ परत्र नरकाय ।

૭૯૭ કંજૂસનો પૈસો સુખ આપતો નથી. ૨૩, ૧૫

કારણ કે (૧) તે દ્રવ્ય સ્વજનો સાથે પણ વેર કરાવાથી આ દુનિયામાં નિત્ય પરિતાપ કરાવે છે. (૨) મરણ બાદ નારકી ગતિ આપે છે.

७९८ अर्थस्यानर्थाः पञ्चदश २३, १८–१९

(१) १ आयासः २ चिन्ता ३ भ्रमः ४ स्तेयम् ५ हिंसा ६ अनृतम् ७ दम्भः ८ कामः ९ क्रोधः १० मदः ११ भेदः १२ वैरम् १३ अविश्वासः १४ स्पर्धा १५ व्यसनम् ।

(२) महदनर्थत्रयमपि १ स्त्रीसंगः २ द्यूतम् ३ आसवः १०, १०, ८

(३) अस्यफलम्ः—अधःपातो यक्षवित्तत्वात् ।

૭૯૮ દ્રવ્યના પંદર અનર્થો–૨૩, ૧૮–૧૯

(૧) ૧ મહેનત ૨ ચિન્તા ૩ ભ્રમ ૪ ચોરી થવાનો ભય ૫ હિંસા ૬ અસત્ય ૭ દંભ ૮ કામ ૯ ક્રોધ ૧૦ મદ ૧૧ ભેદ ૧૨ વેર ૧૩ અવિશ્વાસ ૧૪ સ્પર્ધા ૧૫ વ્યસન.

(૨) વળી દ્રવ્યના મોટા ત્રણ અનર્થો પણ છે. (૧) વ્યભિચાર (૨) જુગાર અને (૩) મદ્યપાન ૧૦–૧૦–૮

(૩) પરિણામઃ–

દ્રવ્યની યોગ્ય વહેંચણી દાન કે વિનિયોગ ન થવાથી સ્વજનો તરફથી પણ તિરસ્કાર અને અધઃપાત.

७९९ न जनादयः सुखदुःखहेतवः । २२, ४३

૭૯૯ માણસો, દેવતાઓ, ગ્રહ, કર્મ, કે કાળ એ બધાં દુઃખ આપનાર નથી. સંસારચક્રને ફેરવનાર પોતાનું મન જ દુઃખનું કારણ છે. ૨૩, ૪૩

८०० संसृतिकारणं मन एव गुणकर्मस्रष्टृत्वात् । २३, ४४

૮૦૦ ગુણ અને કર્મને ઉત્પન્ન કરનાર મન સંસાર–સુખ દુઃખાદિ—નું કારણ છે. ૨૩, ૪૪

८०१ परो हि योगो मनसः समाधिः* । २३, ४६

१ तदन्ता एव दानादयः

૮૦૧ દાન, સ્વધર્મનું પાલન, નિયમ, યમ તથા જૂદાં જૂદાં વ્રતો આ સર્વનું પ્રાથમિક ધ્યેય મનોનિગ્રહ છે. ૨૩, ૪૬

---

*સરખાવો–योगश्चित्तवृत्तिनिरोधः । (यो. सू.)

८०२ द्विविधं सांख्यमनुलोमप्रतिलोमाभ्याम् । २४, २–२९

१ अनुलोमसांख्यम्


एकमेवाद्वितीयं ब्रह्म
दृश्यं—प्रकृतिः*
द्रष्टा—पुरुषः
गुणज्ञानक्रियात्मकं महत्तत्त्वम्


महत्तत्त्वम्*
त्रिविधोऽहंकारः
वैकारिकः
इन्द्रियदेवाः मनश्च
तैजसः
इन्द्रियाणि
तामसः
पंचमहाभूतानि
शब्दादि पंचतन्मात्राश्च
ब्रह्माण्डम्
भूर्लोकः
मानवाः
भुवर्लोकः
भूतपिशाचादयः
स्वर्लोकः
देवाः

स्थितिरीश्वरेच्छा पर्यन्ता ।

भगवतःकालशक्त्या क्रियाज्ञानादीनां गतिराविर्भावश्च एतद् ब्रह्माण्डस्य ।

---

*સરખાવો:–सत्त्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः । (सां. १–६१)

×સરખાવો:–तस्माद्वा पतस्मादाकाशः संभूतः (श्रु)

प्रतिलोम सांख्यम्

शरीरमन्ने, अन्नं—बीजे, बीजं—भूमौ, भूमिर्गन्धे, गन्धोऽप्सु, आपो रसे, रसस्तेजसि, तेजो रूपे, रूपं वायौ, वायुः स्पर्शे, स्पर्श आकाशे, आकाशः शब्दे, शब्दोऽहंकारे अहंकारो महत्तत्त्वे, महत्तत्त्वं प्रकृतौ, प्रकृतिपुरुषौ महद् ब्रह्मणि ।

૮૦૨ સાંખ્યના બે પ્રકાર (૧) અનુલોમ ઉત્પત્તિવિષયક (૨) પ્રતિલોમ. નાશવિષયક, ૨૪, ૨–૨૯

(૧) અનુલોમ (ઉત્પતિ વિષયક) સાંખ્ય


એક અદ્વિતીય–બ્રહ્મ
દૃશ્ય–પ્રકૃતિ
દ્રષ્ટા–પુરુષ
મહત્તત્વ–ગુણજ્ઞાનક્રિયાત્મક
મહત્તત્વ
અહંકાર–ત્રણ પ્રકારનો
વૈકારિક
રાજસ
તામસ
ઇન્દ્રિયોના દેવો–મન
ઇન્દ્રિયો
પંચમહાભૂત–તન્માત્રા
આ સર્વ મળીને બ્રહ્માંડ
ભૂર્લોક
ભુવર્લોક
સ્વર્લોક
માનવો
ભૂત–પ્રેત–પિશાચ
દેવો

(૨) પ્રતિલોમ-નાશવિષયક.

(૧) શરીર અન્નમાં, (૨) અન્ન બીજમાં (૩) બીજ ભૂમિમાં (૪) ભૂમિ ગંધમાં (૫) ગંધ પાણીમાં (૬) પાણી રસમાં (૭) રસ તેજમાં (૮) તેજ રૂપમાં (૯) રૂપ વાયુમાં (૧૦) વાયુ સ્પર્શમાં (૧૧) સ્પર્શ આકાશમાં (૧૨) આકાશ શબ્દમાં (૧૩) શબ્દ અહંકારમાં (૧૪) અહંકાર મહત્તત્વમાં (૧૫) મહત્તત્વ પ્રકૃતિમાં (૧૬) પ્રકૃતિ-પુરુષ સાથે બ્રહ્મમાં લીન થાય છે.

८०३ आद्यन्तयोरेकत्वे सत्यम् ज्ञानमनन्तं ब्रह्मैव । २४, १८-१९

अत्र, १ उपादानम् प्रकृतिः २ आधारः पुरुषः ३ अभिव्यक्तिकरः कालः मध्यन्तर एतत् त्रयं ब्रह्मैव ।

૮૦૩ બ્રહ્મ, આદિ અને અંતમાં એક જ હોવાથી સત્ય જ્ઞાન અને અનંત-સ્વરૂપ છે. ૨૪, ૧૮-૧૯

એનું (૧) ઉપાદાન કારણ પ્રકૃતિ છે. (૨) એનો આધાર પુરુષ છે. (૩) એને પ્રત્યક્ષ કરનાર કાળ છે. આથી વચલી-ચાલુ દશામાં પણ આ સર્વ બ્રહ્મમય છે.

८०४ सन्निपातोऽहं ममेति । २५, ६

૮૦૪ 'આ હું' અને 'આ મારું' એજ સન્નિપાત (રોગ) છે. ૨૫, ૬

८०५ संसृतिर्गुणकर्मनिबन्धना । २५, ३२

१ जीवन्मुक्तिस्तत्त्यागादेव ।

૮૦૫ સંસાર ગુણ અને કર્મથી રચાયેલો છે. ૨૫, ૩૨

તેના ત્યાગથી જ જીવન્મુક્તિ થાય છે.

८०६ अध्यासोऽविद्यया । २६, १८

१ वस्तुनि अवस्त्वारोपोऽध्यासः

૮૦૬ અજ્ઞાનને લીધે સાચી વસ્તુમાં ખોટી વસ્તુનો આરોપ થાય છે, તેને અધ્યાસ કહે છે. ૨૬, ૧૮

८०७ त्रिविधो मखः। २७, ७.

१ वैदिकः २ तान्त्रिकः ३ मिश्रः।

૮૦૭ યજ્ઞ ત્રણ પ્રકારના છે. ૨૭, ૭.

(૧) વૈદિક (૨) તાંત્રિક અને (૩) મિશ્ર.

८०८ भावाभावोऽदृष्टादश्रुताच्च। २६, २३

૮૦૮ જે વસ્તુ જોઇ ન હોય કે સાંભળી ન હોય તેના તરફ મનની વૃતિ ક્યારેય જતી નથી. ૨૬, ૨૩

८०९ शीतभयतमोऽत्ययः सन्तसेवया।

૮૦૯ સંત્ પુરુષની સેવાથી (૧) કર્મની જડતા (૨) આગામી જન્મનો ભય (૩) અને આ બન્નેનું અજ્ઞાન દૂર થાય છે. ૨૬, ૩૧

८१० प्रतिमाष्टविधा २७, १२

१ शैली २ दारुमयी ३ लौही ४ लेप्या ५ लेख्या ६ सैकती ७ मनोमयी ८ मणिमयी च। तत्रापि द्वैविध्यं चलाचलेति।

૮૧૦ પ્રતિમા–મૂર્તિ–ના આઠ પ્રકાર. ૨૭, ૧૨

(૧) પત્થરની (૨) લાકડાંની (૩) ધાતુની (૪) માટીની (૫) ચિતરેલી (૬) રેતીની (૭) પાણીની અને (૮) મનોમયી. આમાં પણ બે પ્રકાર–ચલ અને અચલ.

८११ शुभाशुभकर्मणां कर्तृसहायकाः प्रेरितारश्च समानफलभोक्तारः। २७, ५५

૮૧૧ શુભ અશુભ કર્મમાં, કર્મ કરનાર, એમાં મદદ

કરનાર તથા પ્રેરણા કરનાર આ સૌ ફળમાં સરખા ભાગીદાર છે. ૨૭, ૫૫

८१२ निःसङ्गत्वमसज्ज्ञानात् प्रमाणैः । २८, ९

१ घटादीन् पदार्थान् प्रत्यक्षप्रमाणात् २ सावयवान् पृथिव्यादीन् अनुमानात् ३ परोक्षानाकाशादीन् शास्त्रप्रमाणात् ४ शेषानाद्यन्तवतः स्वानुभवेन ।

૮૧૨ અસત્-આદિ અને અંતવાળા પદાર્થો-નું નીચે બતાવેલાં પ્રમાણોથી જ્ઞાન મેળવી અનાસક્ત થવું. ૨૮, ૯.

૧ ઘટ, પટ, દેહ વગેરેને પ્રત્યક્ષપ્રમાણથી, ૨ સાવયવ પૃથ્વી વગેરેને અનુમાન પ્રમાણથી, ૩ આકાશાદિ પદાર્થને શાસ્ત્ર પ્રમાણથી; અને ૪ બાકીનાં આદિ અને અંતવાળા અસત્‌પદાર્થને અનુભવ પ્રમાણથી, અસત્ જાણી અનાસક્ત થવું.

८१३ देहात्मसंबन्धो दार्वग्निवत् २८, ११

૮૧૩ દેહ અને આત્માનો સંબંધ લાકડાંમાં રહેલા અગ્નિ જેવો છે. ૨૮, ૧૧

८१४ अपार्थोऽपि संसारः फलवान् देहेन्द्रियप्राणैरात्मनः सन्निकर्षात् २८, १२

૮૧૪ દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને આત્માના અતિ નિકટ સંબંધને લીધે સંસાર અસત્ય હોવા છતાં સત્ય સ્વરૂપ ભાસે છે, અને સુખદુઃખાદિ ફળ આપે છે. ૨૮, ૨૨

८१५ संसृतिश्च । २०, १६

१ संसृतिर्विषयध्यानात् २ तत एवाहंकाराच्छोकादयः ३ कालतन्त्रास्तन्निवृत्तिः ज्ञानविवेकनिगमतपोभिः ।

૮૧૫ સંસાર :– ૨૦, ૧૬

(૧) વિષયોના ધ્યાનથી ઉત્પન્ન થાય છે. (૨) એ અહંકારપ્રધાન હોવાથી શોક, મોહ વગેરેનો સર્જક છે. (૩) એ સ્વતંત્ર નથી, કાલપરતંત્ર છે. એની નિવૃત્તિ જ્ઞાન, વિવેક, શાસ્ત્રના અભ્યાસ અને તપથી થાય છે.

८१६ आदावन्ते अद्वितीयं मध्ये व्यवहार्यमाणं सत् हिरण्यवत् । २८, १९

૮૧૬ આદિ અને અંતમાં એક રૂપે રહેતું અને મધ્ય દશામાં વ્યવહાર પૂરતું નામ અને રૂપ ધારણ કરતું સત્-બ્રહ્મ-સુવર્ણ જેવું છે. ૨૮, ૧૯

८१७ जगदपि ब्रह्मैव* । २८, २२

१ आदावन्तेऽविद्यमानत्वात् २ मध्ये राजसविकृतित्वात् ३ ब्रह्मेन्द्रियार्थात्मविकारत्वाच्च ।

૮૧૭ આ જગત્ પણ બ્રહ્મસ્વરૂપ છે. ૨૮. ૨૨

(૧) આદિ અને અંતમાં બ્રહ્મમાં લીન થવાથી (૨) મધ્યમાં રાજસ વિકારોના બાહ્ય સ્વીકારથી (૩) બ્રહ્મ સ્વયંસિદ્ધ હોવાથી અને તેના દ્વારા જ ઈન્દ્રિયો, તન્માત્રા, મન અને તેની શક્તિઓ કામ કરતી હોવાથી જગત્ બ્રહ્મરૂપ છે.

८१८ शरीरादिषु निषेधे शेषोह्यात्मा× ।

---

*સરખાવો:–सर्वं खल्विदं ब्रह्म, तज्जलान् नेह नानास्ति किचन (श्रु०)

× સરખાવો:–१ यतो वाचो निवर्तन्ते (श्रु०)
२ केनेषितं मनः युनक्ति
३ श्रोत्रस्य श्रोत्रं... વગેરે શ્રુતિઓ

१ स्वयंज्योतिः २ अजन्मा ३ अप्रमेयः ४ महानुभवरूपः ५ सर्वानुभवरूपः ६ एकः—अद्वितीयः ७ वाचामविषयः ८ इन्द्रियप्रेरकः ।

१ स्वयंज्योतिः अपरोक्षतया नित्यत्त्वात्
२ अजन्मा—अविकारित्त्वात्
३ अप्रमेयः—प्रत्यक्शरीरे व्यापकत्त्वात्
४ महानुभूतिः—देशकालशरीरविकारानुभवात् अलिप्तत्त्वात्
५ सकलानुभूतिः—साक्षित्त्वात्

૮૧૮ શરીરમાં રહેલાં સર્વ પદાર્થો અને અવયવો નામરૂપ ધારી છે. એ સર્વને બાદ કરતાં બાકી રહે તે આત્મા—૨૮, ૨૪ તેનું સ્વરૂપઃ—

તે ૧ સ્વપ્રકાશ, ૨ અપ્રમેય, ૩ અજન્મા ૪ અનુભવથી જણાતો ૫ સર્વને અનુભવ કરાવનાર ૬ એક—અદ્વિતીય ૭ વાણીનો અવિષય ૮ ઈન્દ્રિયોનો પ્રેરક.

૧ સ્વપ્રકાશ=નિત્ય હોવાથી
૨ અજન્મા=અવિકારી હોવાથી
૩ અપ્રમેય=દરેક શરીરમાં વ્યાપક હોવાથી
૪ મહાનુભૂતિ=દેશકાળ શરીર તથા તેના વિકારોનો અનુભવ કરવા છતાં અલિપ્ત, તથા
૫ સકલાનુભૂતિ=સર્વનો અનુભવ કરનાર—સાક્ષી હોવાથી.

८१९ आत्माश्रयः आत्मैव । २८, ३६

૮૧૯ આત્માજ આત્માનો આશ્રય છે. ૨૮, ૩૬

८२० मर्त्येनामृतप्राप्तौ मनीषायोगः २९, २२

૮૨૦ વિનાશીથી અવિનાશીને, તથા અસત્યથી સત્યને પ્રાપ્ત કરવું એ બુદ્ધિયોગ. ૨૯, ૨૨

८२१ मर्त्योऽमृतः* । २९, ३४

१ त्यक्तसमस्तकर्मा २ निवेदितात्मा ।

૮૨૧ જ્યારે સર્વ કર્મોની આસક્તિનો ત્યાગ કરી આત્મનિવેદન કરે છે, ત્યારે મરણધર્મી માણસ અમર બને છે–જીવનમુક્ત થાય છે. ૩૯, ૩૪

८२२ भगवद्धर्मस्वरूपम् , २९, ४३–४४

१ द्वन्द्वमात्रे तितिक्षा २ सौशील्यम् ३ जितेन्द्रियत्वम् ४ शान्तिः ५ निश्चयात्मिका बुद्धिः ६ ज्ञानविज्ञानानुभूतिः ७ भगवत्येव वाक्चेतसोर्विरामः ।

૮૨૨ ભગવદ્ધર્મનું સ્વરૂપ :–૨૯, ૪૩, ૪૪.

૧ સુખદુઃખાદિમાં સહનશીલતા. ૨ ચારિત્ર્યસંપન્નતા ૩ જિતેન્દ્રિયપણું ૪ શાન્તિ ૫ નિશ્ચયાત્મક બુદ્ધિ–અખૂટ શ્રદ્ધા ૬ જ્ઞાન–વિજ્ઞાનનો અનુભવ તથા ૭ વાણી, મન વગેરેની ભગવાનમાં જ એકરૂપતા. આ ભાગવત ધર્મનાં લક્ષણો છે.

८२३ अश्वत्थनिकेतोऽनिकेतनः ३०, २७

૮૨૩ જેને પોતાનું કોઇ સ્થાન નથી, એ સર્વવ્યાપક ભગવાને અશ્વત્થ (સંસાર) નીચે પોતાનું અંતિમ સ્થાન સ્વીકાર્યું. ૩૦, ૨૭

॥ ॐ नमो भगवते परमहंसाय ॥

---

* સરખાવો:–सर्वधर्मान्० (गीता०)

ॐ नमः श्रीकृष्णाय

अथ द्वादशः स्कन्धः

आश्रयः

१	२	३	४	९
श्रीकृष्णाश्रयः	जगदाश्रयः	वेदाश्रयः	भक्तियोगाश्रयः	भागवताश्रयः
अ–३	अ–२॥	अ–१॥	अ–३	अ–३
१–३	४–५॥	५॥–७	८–१०	११–१३

द्वादशे आश्रयः ।

१ जगदुद्भवस्थितिलयकारणम् । २ परस्पराश्रयत्रिकम् (अधिदैवम्, अधिभूतम्, अध्यात्मम्) साक्षित्वेन पश्यन्नाश्रयः परं ब्रह्म । ३ स आश्रयः परं ब्रह्म कृष्ण इत्यभिधीयते । ४ जाग्रत्स्वप्नसुषुप्तौ, प्रथमद्वयोः साक्षित्वेनान्वयात्, सुषुप्तौ समाधित्वेन व्यतिरेकात् । ५ सर्गविसर्गादिलक्षणलक्ष्यं श्रीकृष्णस्वरूपम्—

શ્રીમદ્ ભાગવતના બારમા સ્કંધનું લક્ષણ આશ્રય છે. બાળકનો આશ્રય જેમ માતાપિતા છે, અને તેથી તે નિશ્ચિંત આનંદમય છે, તેમ ભક્તો જ્ઞાનીઓ અને યોગીઓનો આશ્રય પરબ્રહ્મ પરમાત્મા છે. બારમો સ્કંધ શ્રીમદ્ભાગવતરૂપ ભગવાનનો વામહસ્ત છે. શ્રીનાથજી જેમ વામ હસ્ત ઊચો રાખી શરણે આવનારનો અભયાદિ દાનથી ઉદ્ધાર કરે છે, તેમ દ્વાદશસ્કંધ

પણ આશ્રયરૂપ અભયદાતા અને ભક્તોદ્ધારકછે.

આશ્રય એટલે :–

૧. જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેનાથી થાય તે, ૨ અધિદૈવ, અધિભૂત. અને અધ્યાત્મ આ ત્રણે પરસ્પરાશ્રયી છે, તેને જે જૂદો હોવા છતાં જુએ, અને અનુશાસન કરે, તે પરબ્રહ્મ. ૩ પરબ્રહ્મ ભગવાન શ્રી કૃષ્ણ આશ્રય રૂપે છે. ૪ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણે અવસ્થામાં પ્રથમ બેમાં સાક્ષી તરીકે અને સુષુપ્તિમાં પ્રાજ્ઞ રૂપે જે રહે છે, દેહની સર્વ અવસ્થાઓમાં જે અધિષ્ઠાન રૂપે અનુસ્યૂત છે, તે આશ્રય–પરબ્રહ્મ. ૫ સર્ગ, વિસર્ગ આદિ ૯ લક્ષણનું ચરમ ધ્યેય ભગવાન શ્રી કૃષ્ણ–તે આશ્રય. ભક્તે આવા પૂર્ણપુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણનો જ આશ્રય કરવો, એ બારમા સ્કંધનું ધ્યેય છે.

८२४ कलिश्च। १–३

१ **आविर्भावः**—भगवति, भगवदीये, धर्मे च, नाममात्रावशिष्टकारिणि। सप्तर्षीणां मघानक्षत्रप्रवेशे।

२ **प्रमाणम्ः**—द्वादशशतानि दिव्य वर्षाणि।

३ **कलिलक्षणानिः**—

१ वित्तमेव जन्माचारगुणोदयः २ न्यायव्यवस्थायां अन्यायबलम् ३ दाम्पत्ये मोहो रतिश्च ४ अवृत्त्या न्यायदौर्बल्यम् ५ पांडित्यं वाक्चापल्ये एव ६ दम्भे साधुत्वम् ७ दूरजलाशये तीर्थत्वम् ८ लावण्यं केशधारणे ९ उदरभरणे पुरुषार्थः १० कुटुंबभरणमेव चातुर्यम् ११ यशोऽर्थे धर्मसेवनम् १२ शाकमूलामिषादिभिर्भोजनम् अन्नाभावात् १३ अनावृष्टिदुर्भिक्षकरशीतातपादिभिः क्षुतृड्भ्यां व्याधिभिश्च प्रजानाशश्च १४ आयुस्त्रिंशद्विंशतिर्वा वर्षाणि १५ धर्मः पाखण्डप्रचुरः १६ वृत्तिश्चौर्यानृतहिंसादिभिः १७ आश्रमो गृहप्रायः १८ विद्युत्प्रायो मेघः।

देशस्थितिः—

राजानः—प्रजाभक्षकाः शूद्रप्रायाः अधर्मानृततत्पराः, फल्गुदाः, परदारधनरताः, अल्पसत्त्वायुषः उदितास्तमितप्राया ।

प्रजाः—जनाधिपाचाराः, अन्योन्यतः राजभिश्चपीडिताः, धर्महीनाः, निःसत्त्वाः ।

५ समाजस्थितिः—

१ **पुरुषाः**—क्षुद्रदृशः, महाशनाः, कामिनः, वित्तहीनाः ।

२ **स्त्रियः**—स्वैरिण्यः व्यभिचारिण्यः, ह्रस्वकायाः, महाहाराः, भूर्यपत्याः, गतह्रियः, कटुभाषिण्यः, चौर्यसाहसान्विताः ।

३ **व्यापारिणः**—कूटकारिणः अनापद्यपि शूद्रवत्, क्षुद्रव्यवहाराः ।

४ **द्विजाः** शिश्नोदरपराः ।

५ **बटवः** (विद्यार्थिनः) अव्रताः अपवित्राश्च ।

६ **गृहस्थाः** भिक्षवः ।

७ **तपस्विनो** ग्रामवासाः ।

८ **सन्यासिनो**ऽर्थलोलुपाः ।

९ **भृत्याः** निर्द्रव्यं उत्तममपि स्वामिनं, त्यजन्तः ।

१० **स्वामिनः** विपन्नं भृत्यं कुलपरंपरागतमपि त्यजन्तः ।

११ **नराः** १ सौरतसौहृदाः २ पितृभ्रातृसुहृद्ज्ञातींस्त्यजन्तः श्यालसंबन्धिनः स्त्रैणाश्च ।

१२ **पितरः** पुत्रान्, पुत्राः पितॄंश्च अरक्षन्तः स्वार्थान्धाः भगवति धर्मेचाश्रद्दधानाः ।

६ दोषनिधेः कलेर्महागुणः, कीर्तनादेव मुक्तिः ।

૮૨૪ કલિયુગ :-અ-૨-૩

૧ આવિર્ભાવઃ-પ્રવેશ

(૧) ભગવાન શ્રી કૃષ્ણનાં તિરોધાન પછી તરતજ.
(૨) ધર્મ ગયા બાદ, અથવા ધર્મ સત્ત્વહીન થતાં.
(૩) સપ્તર્ષિઓ મઘા નક્ષત્રમાં આવ્યા ત્યારે.

૨ કલિયુગનું પ્રમાણ

૧૨૦૦ દિવ્ય વર્ષ-૪,૩૨,૦૦૦ માનવ વર્ષ.

૩ પ્રજાનાં લક્ષણો

૧ માત્ર દ્રવ્ય ઉપર જ જન્મ, આચાર અને ગુણની મહત્તા. ૨ જેની પાસે પૈસા કે સત્તાનું બળ ત્યાંજ ન્યાય. ૩ દાંપત્યમાં મોહ અને ક્રીડા, પ્રેમ નહિં. ૪ ન્યાયસભામાં લાંચરૂશ્વતનું જોર. ૫ વાક્ચાતુર્યમાં પાંડિત્ય. ૬ દંભમાં સજ્જનતા. ૭ દૂરનું જલાશય એ તીર્થ. ૮ નખ અને વાળમાં સુંદરતા. ૯ પેટ ભરવામાંજ માત્ર પુરુષાર્થ. ૧૦ કુટુંબના પોષણમાંજ ચાતુર્ય. ૧૧ યશ માટે ધર્મસેવન. ૧૨ અન્ન ન મળતાં શાક મૂળીયાં અને માંસ ઉપર જીવનયાત્રા. ૧૩ અનાવૃષ્ટિ, દુકાળ, રાજાઓના કર, અતિ ઠંડી, અતિ તાપ, અનાવૃષ્ટ, ભૂખ, તરસ અને વ્યાધિની પીડા દ્વારા પ્રજાનો નાશ. ૧૪ ૨૦ થી ૩૦ વર્ષનું આયુષ્ય. ૧૫ પાખંડમય ધર્મપાલન. ૧૬ ચોરી, હિંસા અને અસત્ય ભરેલી આજીવિકા. ૧૭ સન્યાસીઓના આશ્રમ અને વ્યવહાર, ગૃહસ્થીનાં ઘર જેવા. ૧૮ મેઘમાં વિજળી ઘણી, વરસાદ ઓછો.

૪ કલિયુગ વખતની દેશસ્થિતિ :-

૧ **રાજાઓ**-શૂદ્ર જેવા, અધર્મ અને અસત્ય આચરનાર ઓછું આપનાર, ઘણું લેનાર; પરદારા અને પરધન ઉપર દૃષ્ટિ રાખનારા, ઓછું બળ અને આયુષ્ય ધરાવનાર, ઉદય થતાંજ અસ્ત પામનાર તથા પ્રજા ભક્ષક. ૨ પ્રજા :-રાજાના જેવા આચારવાળી, પરસ્પર પીડા આપનારી, ધર્મહીન તથા આત્મબળ વિનાની.

૫ સમાજની સ્થિતિ

૧ પુરુષો :-હલકી દૃષ્ટિવાળા, વધારે ખોરાકવાળા, કામી, દ્રવ્યહીન.

૨ સ્ત્રીઓ :-સ્વેચ્છાવિહાર કરનારી, વ્યભિચારપ્રધાન, ઘણી પ્રજાવાળી, અત્યાહારી, લજ્જાહીન, કડવું બોલનારી, ચોરી તથા સાહસ કરનાર.

૩ વ્યાપારી :- આપત્તિ ન હોવા છતાં ક્ષુદ્ર વ્યવહાર વાળા, કપટ અને છલ પ્રધાન.

૪ બ્રાહ્મણો :-માત્ર પેટ ભરનાર, અકર્મણ્ય.

૫ વિદ્યાર્થીઓ :-અપવિત્ર, સ્વચ્છંદી, પોતાનાં વિદ્યાવ્રતને ન સમજનાર વિલાસપ્રિય.

૬ ગૃહસ્થો :-ભીખ માગનારા.

૭ તપસ્વીઓ :-ગામ અને શહેરમાં રહેનાર.

૮ સન્યાસીઓ :-પૈસાના લાલચુ,

૯ નોકરો :—ઉત્તમ શેઠ ગરીબ બનતાં તેનો ત્યાગ કરનાર, વિશ્વાસઘાતી.

૧૦ શેઠ :—પરંપરાથી ચાકરી કરતા નોકરનો તેની આપત્તિમાં ત્યાગ કરનાર.

૧૧ માણસો :-સ્વાર્થ પૂરતી મિત્રતા રાખનાર, મા બાપ ભાઈ, મિત્ર અને સંબંધીનો ત્યાગ કરી પોતાના સાળા તથા સ્ત્રીઓને વશ થનાર.

૧૨ માબાપ અને પુત્રો :-માબાપ દીકરાની રક્ષા ન કરનાર અને દિકરા માબાપની સેવા ન કરનાર, કેવળ સ્વાર્થાન્ધ.

૧૩ ભગવાન અને ધર્મમાં શ્રદ્ધાનો સદંતર અભાવ.

૬ કલિયુગનો એકજ મહાગુણ :-

ભગવાનનાં સંકીર્તનથી મુક્તિ.

८२५ प्रलयश्चतुर्विधोनैमित्तिकप्राकृतिकात्यन्तिकनित्येतिभेदात् ४, २–३८

१ नैमित्तिकः–दिव्यचतुःसहस्रयुगं ब्रह्मणो दिनम्–कल्पः, कल्पान्ते प्रलयः, दिनमानप्रमाणैव ब्रह्मरात्रिः स एव नैमित्तिको लयः। अस्मिन् त्रिलोकस्य लयः तदन्ते पुनः सर्जनम्।

२ प्राकृतिकः–ब्रह्मणो द्विपरार्धान्ते महत्तत्त्वाहंकारतन्मात्रारूपा प्रकृतिरपि ब्रह्मणा सह परब्रह्मणि लीयते। एष प्राकृतिको लयः। प्रतिलोमविधिः कथित एव।

३ आत्यन्तिकः–विवेकहेतिनाहंकृतिनाशे आत्मानुभवः। सत्यपि सर्वे ब्रह्मास्मीत्यनुभूत्या प्रपंचविस्मृतिर्लयो वा*।

४ नित्यः–सर्वजीवानां वस्तूनां च लयो मृत्युर्वा कालस्रोतसा परिणामरूपः।

૮૨૫ પ્રલય ચાર પ્રકારનો છે. (૧) નૈમિત્તિક (૨) પ્રાકૃતિક (૩) આત્યંતિક અને (૪) નિત્ય–૪, ૨–૩૮

૧ નૈમિત્તિક પ્રલયઃ–

દેવતાના ચાર હજાર યુગ જેવડા બ્રહ્મદેવના દિવસને કલ્પ કહે છે. દિવસ જેવડીજ રાત્રિ. દિવસ પૂરો થતાં ત્રિલોકી–સ્વર્ગ મૃત્યુ અને પાતાલનો લય થાય છે. રાત્રિ પૂરી થતાં પાછું સર્જન થાય છે. આને નૈમિત્તિક પ્રલય કહે છે.

---

*સરખાવો–१ **चिदानन्दरूपः शिवोऽहमिति।**
२ **प्रातःस्मरामि हृदिसंस्फुरदात्मतत्त्वम्॥**

૨ પ્રાકૃતિક પ્રલયઃ–

બ્રહ્મદેવનું બે પરાર્ધ વર્ષનું આયુષ્ય પૂરું થતાં મહત્તત્ત્વ, અહંકાર, તન્માત્રારૂપ પ્રકૃતિ અને બ્રહ્માનો પણ પરબ્રહ્મમાં વિલય. આને પ્રાકૃતિક લય કહે છે.

૩ આત્યંતિક લય :—

આ લય વ્યક્તિગત છે. જ્યારે યોગી, જ્ઞાની કે ભક્ત વિવેકના તીક્ષ્ણ શસ્ત્રથી અહંકારનો નાશ કરે, ત્યારે દેહાદિ સર્વ હોવા છતાં ‘હુંજ બ્રહ્મ છું’ એવો અનુભવ થાય, અને તે વખતે પ્રપંચવિસ્મૃતિ થાય. એ આત્યંતિક લય.

૪ નિત્ય પ્રલય :–

દરેક જીવ અથવા વસ્તુનું કાલપ્રવાહના પરિણામ રૂપ મરણ કે દેહાન્તરપ્રાપ્તિ.

८२६ अप्रतर्क्यं तत्पदं सुषुप्तिवत् शून्यवत् । ४, ५१

૮૨૬ જાગૃત સ્વપ્ન કે સુષુપ્તિ જેવી અવસ્થાઓ, પંચ મહાભૂત, તથા ઇન્દ્રિયોથી જે પર છે, તે બ્રહ્મપદનો તર્કથી પાર પમાય એમ નથી. તે સુષુપ્તિ સમું અથવા શૂન્ય સમાન છે. ૪, ૨૧.

८२७ अवयवीदं विश्वं ब्रह्मणि व्योममेघवत् ४, २६–२९

१ पटवद्वा विनार्थप्रतीतेः ।

૮૨૭ આવાં અવયવ હીન બ્રહ્મમાં અવયવ વાળું વિશ્વ આકાશમાં મેઘ જેવું છે. ૪, ૨૬–૨૭

૧. અવયવ રૂપ તંતુઓથી વસ્ત્રની પ્રતીતિ થાય છે, તેમ અવયવી વિશ્વ જોતાં નિરવયવ બ્રહ્મની પ્રતીતિ થાય છે.

८२८ सत्यस्यात्मनो न नानात्वं घटाकाशवत् ४, ३०

१ जीवब्रह्मणोर्भेद उपाधिकृत एव जलार्कवत् ।

૮૨૮ જેમ મહદાકાશથી ઘડામાં રહેલું આકાશ ઉપાધિભેદ (ઘડા) ને લીધે જૂદું જણાય છે, જેમ પાણીમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ સૂર્યથી જૂદું છે, તેમ સર્વ આત્માઓ બ્રહ્મનું પ્રતિબિંબ હોવાથી એકજ પ્રકારના ગુણ ધર્મવાળા છે. ૪, ૩૦,

८२९ ब्रह्मसर्जनमहंकारः, ब्रह्मांश आत्मा, आत्मबन्धोऽहंकारात् सूर्यमेघवत् । मुक्तिः स्वरूपज्ञानात् विवेकात् च । ४, ३२–३४

૮૨૯ બ્રહ્મનું સર્જન અહંકાર છે; આત્મા એ બ્રહ્માંશ છે. તેથી આત્મામાં અહંકાર આવે, એ સ્વાભાવિક છે. જેમ મેઘ સૂર્યને ઢાંકે છે. તેમ અહંકાર આત્માને આવૃત કરે છે; આત્માની મુક્તિ સ્વસ્વરૂપનાં જ્ઞાનથી અને વિવેકથી થાય છે. ૪, ૩૨ ૩૪.

८३० कालाकृतिः कृतिश्च लयः । ४, ३८

૮૩૦ લય-વિનાશ, એ કાળની આકૃતિ અને કૃતિ છે, ૩૮.

८३१ उपाधिभेदात् ब्रह्मप्राप्तिर्घटाकाशवत् ५, ५

૮૩૧ જેમ ઘડો તૂટી જતાં અંદરનું આકાશ (જો આકાશના ગુણ ધર્મ વાળું હોય તો) બહારનાં આકાશમાં અનાયાસે ભળી જાય છે, તેમ શરીર છૂટી જતાં જો આત્મા બ્રહ્મના ગુણ ધર્મવાળો હશે તોજ બ્રહ્મલીન થશે. ૫, ૫

८३२ संसृतिर्मायोपादानात् ६, ७

१ मायया मनः २ मनःसर्जनं देहगुणकर्माणि ३ संसृतिस्तद्विल-याविधि दीपवत् ।

૮૩૨ સંસાર એટલે જીવનો માયાસ્વીકાર ૫, ૫–૭

(૧) માયાથી મન અને (૨) તેના દ્વારા દેહ, ગુણ અને કર્મ સરજે છે. (૩) જેમ દીવામાં ઘી અને દિવેટ ચાલુ હોય ત્યાં સુધી દીવો બળતો રહે છે, તેમ દેહ રૂપી કોડીયાંમાં જ્યાં સુધી ગુણ કર્મવાસના-રૂપ દિવેટ અને ઘી–સ્નેહ–વગેરે હોય, ત્યાં સુધી સંસાર ચાલુ રહે છે.

८३३ मुक्तिरात्मविचाराद्भगवच्चिन्तनाच्च । ५, ८–११ तत्र ।

१ आत्मा स्वयंज्योतिर्व्यक्ताव्यक्तपरः, प्रपंचाधारोऽपिनिर्लेप आकाशवत् । तस्य विचारात्–अहं ब्रह्मास्मीतिसमीक्षया २ पुष्टिभक्त्या वा ।

૮૩૩ મુક્તિ બે રીતે થાય. (૧) આત્મવિચારથી અને (૨) ભગવાનનાં ચિન્તનથી. ૫, ૮–૧૧

૧ આત્મા–સ્વયંજ્યોતિ, વ્યક્ત અને અવ્યક્તથી પર, પ્રપંચ સંસારનો–આધાર હોવા છતાં તેથી પર, નિર્લેપ, આકાશ જેવો છે,તેવો વિચાર કરીને. 'હુંજ બ્રહ્મ છું' જેવી સમીક્ષાથી અથવા ૨ પ્રેમલક્ષણા ભક્તિથી.

८३४ मृत्यूनां मृत्युत्वादीश्वरः । ५, १०

૮૩૪ ઇશ્વર એટલે કાળનો પણ કાળ; મૃત્યુનું મૃત્યુ. ૫. ૧૦

८३५ भागवतश्रवणफलम् ६, २५–२९ तद्यथा,

परिक्षितः १ अभयं ब्रह्मनिर्वाणावेशात् २ चेतः मुक्तकामाशयम्, ३ अज्ञाननिरासो ज्ञानविज्ञाननिष्ठया, ४ जीवितदशायां भगवत्पददर्शनम् । ५ तक्षकस्य उपस्थितेऽपि समाज-विरोधे निर्भयत्वम् ।

૮૩૫ શ્રીમદ્ભાગવતશ્રવણનું ફળ. ૬, ૫–૭.

રાજર્ષિ પરીક્ષિતને ૧ જીવતાં બ્રહ્મનિર્વાણનો અનુભવ થવાથી **અભય** ૨ વાસના રહિત **ચિત્ત.** ૩ જ્ઞાન વિજ્ઞાન ઉપરની શ્રદ્ધાથી **અજ્ઞાનનો નાશ** ૪ જીવિત દશામાં **ભગવદર્શનની પ્રાપ્તિ.** ૫ તક્ષકને પણ વિરોધી સમાજમાં નિર્ભયતા.

८३६ प्रारब्धकर्मणां क्षयो भोगादेब । ६, २४–३४

૮૩૬ પ્રારબ્ધકર્મનો ભોગથીજ (ભોગવવાથીજ) ક્ષય થાય છે. ૬, ૨૪–૩૪.

८३७ मायालयादेव तत्पदप्राप्तिः । ६, २९–३४

१ माया बाध्यबाधकलक्षणा २ तल्लयोऽतदिति निश्चयात्
३ दौर्जन्यवादावमानवैरत्यागाच्च ।

૮૩૭ બ્રહ્મપદની પ્રાપ્તિ માયાના લયથી થાય. ૬, ૨૯–૩૪

(૧) માયા કામ ક્રોધ વગેરે બાલ્યાવસ્થામાં હોતા નથી. માટે તે બાધક નથી. મોટી ઉંમરે આ ગુણ સ્વયં આવે છે, નિર્દોષ જીવને સદોષ બનાવે છે. માટે માયા बाध्यबाधकलक्षणा । છે.

(૨) એ માયાનો લયઃ– આ બાધક તત્ત્વો સાચાં નથી એવો નિશ્ચય કરવાથી. તથા

(૩) अ–દુર્જનતાનો ब વાદનો क માનાપમાનનો ड વેરનો ત્યાગ કરવાથી થાય.

८३८ नादब्रह्माभिव्यक्तित्वात् श्रुतिसंभवः । ६, ३७–५०

१ ब्रह्मनादोहृदाकाशे वृत्तिरोधात् । २ ॐकारः प्रथम स्त्रिवृद् ब्रह्मलिङ्गं वाग्विवृत्तिभूमिः स्फोटरूपः वेदबीजम् । ३ ॐकारादेवगुणनामार्थवृत्तय स्त्र्यक्षरात्क्रमशः अक्षरसमाम्नायरूपाः । ४ तत एव व्याहृतिपूर्वकाश्च-

त्वारो वेदा उपनिषदश्च । ५ अत एव हृदिस्थाच्युतचोदिताः ब्रह्मर्षयो द्रष्टारः । वेदा अपौरुषेयाश्च ।

૮૩૮ નાદબ્રહ્મથી અક્ષરબ્રહ્મ-વેદો પ્રકટ થયા ૬, ૩૭-૫૦

૧ હૃદયાકાશમાં સર્વ વૃત્તિઓનો નિરોધ કરવાથી બ્રહ્મનાદ ઉત્પન્ન થયો—અભિવ્યક્ત થયો.

૨ એ બ્રહ્મનાદમાંથી अ उ અને म् એમ ત્રણ અક્ષરયુક્ત, ભગવત્સ્વરૂપ, સમગ્ર વર્ણોની અભિવ્યક્તિનું મૂલ, નાભિમાં થતી શબ્દની અભિવ્યક્તિ—સ્ફોટ—રૂપ, વેદનું બીજ ૐકાર ઉત્પન્ન થયો.

૩ આ ૐકારમાંથી ગુણ, નામ, અર્થ અને વૃત્તિવાળો અક્ષર સમુદાય ઉત્પન્ન થયો.

- ૧ ગુણઃ—સત્વ રજસ્ તમસ્
- ૨ નામઃ—ઋગ્વેદ યજુર્વેદ સામવેદ
- ૩ અર્થઃ—ભૂઃ ભુવઃ સ્વઃ
- ૪ વૃત્તિઃ—જાગૃત સ્વપ્ન અને સુષુપ્તિ.

૪ આ અક્ષર સામામ્નાયમાંથી વ્યાહૃતિ (ॐ भूः भुवः स्वः) સહિત ચાર વેદ અને ઉપનિષદો થયાં.

૫ આટલા માટે જ હૃદયમાં રહેલા પરમાત્માની પ્રેરણા પાંમેલા બ્રહ્મર્ષિઓએ ધ્યાનાવસ્થામાં વેદ—ઉપનિષદાદિનું ગાન કર્યું. તેથી તેઓ વેદદ્રષ્ટા કહેવાયા, અને વેદો અપૌરુષેય ગણાયા.

८३९ सूर्यो, भगवान् नारायणः ६, ६७-७१ कथमितिचेत्

१ जगतामात्मस्वरूपात् । २ अन्तर्बहिरुपाधिनाऽव्यवधीयमानत्वादाकाशवत् । ३ आदानविसर्गाभ्यां लोकयात्रावाहकत्वात् । ४ अखिलदुरितवृजिनभर्जकत्वात् । ५ ईक्षयैवाचेतनचैतन्यदातृत्वात् । ६ दिनकरत्वेन श्रेयसि स्वधर्मे चात्मावस्थानकरणाच्च ।

૮૩૯ ભગવાન સૂર્ય, નારાયણ છે. ૬, ૬૭–૭૧ કારણ કે તે,

(૧) જગતનો આત્મા છે. (सूर्य आत्मा जगतस्तस्थुषश्च०) (૨) આકાશની માફક તેને બહાર તેમજ અંદર કોઇની પણ રોકટોક નથી (૩) જળને ખેંચી તેનું પાછું દાન કરવાથી લોકોનું જીવન ચલાવે છે. (૪) સમગ્ર દુષ્કર્મ તથા પાપને બાળે છે. (૫) કિરણથી અચેતનને ચેતના આપે છે. (૬) સ્વધર્મ અને કલ્યાણમાં આત્માનુસંધાન કરે છે.

८४० आश्रयो ब्रह्मैव । ७, १९

१ त्रिषु अवस्थासु (जाग्रत्स्वप्नसुषुप्तिषु) २ जीववृत्तिषु (विश्वप्राज्ञतैजसेषु) ३ साक्षित्त्वेनान्वयत्त्वात्, (तुरीये) ४ समाधिना व्यतिरेकाद्व्यवस्थितित्वाच्च ।

૮૪૦ બ્રહ્મજ આશ્રય રૂપ છે. ૭, ૧૯. કારણ કે

(૧) ત્રણે અવસ્થામાં–જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિમાં (૨) ત્રણે વૃત્તિઓમાં–વિશ્વ, પ્રાજ્ઞ અને તૈજસમાં તથા (૩) તુરીય અવસ્થામાં સાક્ષી તરીકે રહીને, (૪) તથા સમાધિ અવસ્થામાં સર્વના અભાવ રૂપે જીવની સાથે જ રહેવાથી.

८४१ नारायणो नरश्च ८, ४७

(१) स्वरूपम्	नारायणः	नरः
	ऋषिः	हंसः
	संयतगीः	निगमेश्वरः

(२) तद्दर्शनम्–आत्मरहःप्रकाशम्–सर्ववादविषयप्रतिरूपशीलम् ।

(३) तदुपासना–क्षेमाय तापविरमाय मृत्युजित्यै ।

૮૪૧ નર નારયણ સ્વરૂપ દર્શન ૮, ૪૭

(૧) **તેનું સ્વરૂપઃ**-નારાયણ　　નર
ઋષિ-પરમહંસ　　હંસ
ભૂમા　　વિશ્વગુરુ

(૨) **તેનું દર્શનઃ**-આત્મજ્ઞાનનો પ્રકાશ કરનાર સાંખ્ય, વેદાન્ત યોગ વગેરે સર્વવાદોને અનુકૂલ.

(૩) **તેમની ઉપાસનાઃ**-કલ્યાણ માટે, સંસારતાપની નિવૃત્તિ માટે તથા મૃત્યુ જીતવા માટે

૮૪૨ शोकमोहसुखदुःखभयमृत्युव्याधिरूपासत्यदर्शनाऽसत्स्वरूपा माया । ९, १७-१८

૮૪૨ માયા, શોક, મોહ, દુઃખ, ભય, મૃત્યુ તથા વ્યાધિના સમુદાયવાળી, અસત્ય દર્શન અને સ્વરૂપવાળી છે. ૯, ૧૭-૧૮

૮૪૩ सद्गतिर्भगवान् एव, १०, ८

१ सर्वविद्यानामीशानत्वात् २ सर्वदेहिनामीश्वरत्वाच्च* ।

૮૪૨ ભગવાનજ સત્પુરુષોની ગતિ-અંતિમ ધ્યેય-છે ૧૦, ૮

કારણ કે તે સર્વ વિદ્યાના અધિપતિ તથા દરેક દેહધારીના ઇશ્વર છે.

૮૪૩ देववन्द्या ब्राह्मणाः १०, २४

आत्मसमाधानतपः स्वाध्यायसंयमैः त्रयीमयाः ।

૮૪૩ બ્રાહ્મણો દેવોને પણ વંદ્ય છે. ૧૦, ૨૪

---

*સરખાવો-**ईशानः सर्वविद्यानामीश्वरः सर्वभूतानाम्** (श्रु.)

કારણ કે તેઓ, ચિત્તની એકાગ્રતા, તપ, સ્વાધ્યાય અને સંયમને લીધે વેદમૂર્તિ છે.

८४४ दुर्विभाव्येश्वरलीला, पूर्णकामत्वात् १०, २८–३३

१ धर्मं ग्राहयितुमवतरणम् २ आचारानुमोदनार्थानि कर्माणि ३ विश्वसर्जनेऽपिमोहाभावः ४ रक्षणे विश्वात्मापि अहंकाराभावः ५ सर्वनाशेऽपि शोकाभावः ६ त्रिगुणो गुणात्मापि केवलोऽद्वितीयः ।

૮૪૪ ભગવાન પૂર્ણકામ હોવાથી તેની લીલા અતર્ક્ય છે. ૧૦, ૨૮–૩૩

૧ ધર્મપ્રચાર માટે અવતાર ૨ આચારના અનુમોદન માટે કર્મ ૩ વિશ્વનાં સર્જનમાં પણ મોહાભાવ ૪ વિશ્વાત્મા હોવા છતાં વિશ્વરક્ષણમાં અહંકારનો અભાવ. ૫ સર્વનાશમાં શોકાભાવ. ૬ ગુણાત્મા–ત્રણે ગુણનાં કામ કરવા છતાં અલિપ્ત, એકલા અને અદ્વિતીય.

८४५ धारणाध्यानमङ्गलं भगवद्वपुः । ११, ४–२२

१ लोकसंस्थया महापुरुषत्वेन २ भक्तिसंस्थायां हरित्त्वेन ३ चतुर्व्यूहे भगवत्त्वेन च ।

૮૪૫ ભગવાનના વિગ્રહની ધારણા અને ધ્યાન મંગલકારી છે. ૧૧, ૪–૨૨ કારણ કે તે

૧ લોકસંસ્થામાં **મહાપુરુષ તરીકે**–વિરાટ તરીકે ૨ ભક્તિસંસ્થામાં–ભગવાન **શ્રી હરિ તરીકે** અને ૩ ચતુર્વ્યૂહ સંસ્થામાં–મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના **નિયામક તરીકે** રહ્યા છે.

(१) महापुरुषधारणा ।

१ पृथिव्याम्—चरणयोः
२ स्वर्गे—शीर्षस्य
३ आकाशे—नाभेः
४ सूर्ये (चन्द्रे च)—नेत्रयोः
५ दिक्षु—कर्णयोः
६ प्रजापतौ—लिङ्गस्य
७ मृत्यौ—अपानस्य
८ लोकपालेषु—वाह्वोः
९ चन्द्रे—मनसः
१० यमे—भ्रुवोः
११ लज्जायां—उत्तरोष्ठस्य
२२ लोभे—अधरोष्ठस्य
१३ ज्योत्स्नायां—दन्तानाम्
१४ भ्रमे—स्मयस्य
१५ वृक्षेपु—रोम्णाम्
१६ मेघेपु—केशानाम्

(૧) મહાપુરુષ ધારણા-કલ્પનાઃ-

૧ પૃથ્વીમાં-ચરણની
૨ સ્વર્ગમાં-મસ્તકની
૩ આકાશમાં-નાભિની
૪ સૂર્ય-ચંદ્રમાં-નેત્રની
૫ દિશાઓમાં-કાનની
૬ પ્રજાપતિમાં-લિંગની
૭ મૃત્યુમાં-અપાનની
૮ લોકપાલોમાં-હાથની
૯ ચંદ્રમાં-મનની
૧૦ યમમાં-ભ્રૂ-ભમરની
૧૧ લજ્જામાં-ઉપરના ઓઠની
૧૨ લોભમાં-નીચલા ઓઠની
૧૩ તેજ કિરણમાં-દાંતની
૧૪ ભ્રાન્તિમાં-હાસ્યની
૧૫ વૃક્ષોમાં-રૂવાંડાંની
૧૬ મેઘમાં-વાળની.

(२) भक्तिसंस्थायामंगधारणा

१ कोस्तुभे—शुद्धजीवचैतन्यस्य
२ वनमालायां—त्रिगुणात्मिकाया मायायाः
३ पीतांबरे—वेदानाम्
४ ब्रह्मसूत्रे—ॐकारस्य
५ कुण्डलयोः—सांख्ययोगयोः
६ मुकुटे—ब्रह्मलोकस्य
७ शेपे—मूलप्रकृतेः
८ कमले—सत्त्वगुणस्य
९ गदायाम्—ओजःसहोबलानाम्
१० शंखे—जलतत्त्वस्य
११ चक्रे—तेजस्तत्त्वस्य
१२ असौ—आकाशतत्त्वस्य

१३ चर्मणि–तमसः
१४ धनुषि–कालस्य
१५ इषुधौ–कर्मणाम्
१६ शरेषु–इन्द्रियाणाम्
१७ स्यन्दने–क्रियाशक्तियुतस्य चेतसः
१८ अभय मुद्रायाम् वरदानस्य
१९ मण्डले (सिंहासने)–ब्रह्माण्डस्य
२० पूजायां–दुरितक्षयस्य
२१ चामरे व्यजने–धर्मस्य यशसश्च
२२ छत्रे–वैकुण्ठस्य
२३ गरुडे–वेदस्य
२४ श्रियाम्–भगवच्छक्तेः
२५ अष्टपार्षदेषु–अणिमादि सिद्धीनाम्। धारणा कर्तव्या।

(२) ભક્તિ સંસ્થામાં ધારણાઃ-

૧ કૌસ્તુભમણિ–શુદ્ધ જીવચૈતન્ય,
૨ વનમાલા–ત્રિગુણાત્મિકા માયા,
૩ પીતાંબર–વેદ,
૪ યજ્ઞોપવીત–ૐકાર,
૫ કુંડળ–સાંખ્ય અને યોગ,
૬ શેષ–મૂલપ્રકૃતિ,
૭ મુકુટ–બ્રહ્મલોક,
૮ કમલ–સત્ત્વગુણ,
૯ ગદા–પૃથ્વી તત્ત્વ–ઓજસ્ બળ,
૧૦ શંખ–જલતત્ત્વ,
૧૧ ચક્ર–તેજસ્તત્ત્વ.
૧૨ ખડ્ગ–આકાશતત્ત્વ,
૧૩ કવચ–તમસ્તત્ત્વ,
૧૪ ધનુષ્ય–કાળ,
૧૫ ભાથો–કર્મસમુદાય
૧૬ બાણ–ઈન્દ્રિયો,
૧૭ રથ–ક્રિયા શક્તિયુક્તચિત્ત,
૧૮ અભયમુદ્રા–વરદાન,
૧૯ સિંહાસન–બ્રહ્માંડ,
૨૦ પૂજા–દુરિતક્ષય,
૨૧ ચામર અને પંખો–ધર્મ અને યશ,
૨૨ છત્ર–વૈકુંઠ,
૨૩ ગરુડ–વેદ,
૨૪ શ્રી લક્ષ્મી–ભગવાનની શક્તિ,
૨૫ આઠ પાર્ષદો–અણિમાદિ સિદ્ધિઓની ધારણા–કલ્પના–કરવી.

(३) चतुर्व्यूहे भगवत्तत्त्वधारणा

१ वासुदेवव्यूहे	विश्वात्मार्थस्वरूपः
२ सङ्कर्षणव्यूहे	तैजसात्मेन्द्रियाधिपतिः
३ प्रद्युम्नव्यूहे	प्राज्ञात्माशयरूपः
४ अनिरुद्धव्यूहे	तुरीयात्मा ज्ञानस्वरूपः

इति विभावना ।

(3) ચતુર્વ્યૂહમાં ભગવત્તત્ત્વધારણાઃ-

૧ વાસુદેવ વ્યૂહમાં વિશ્વાત્મા અર્થ સ્વરૂપે
૨ સંકર્ષણ વ્યૂહમાં-તૈજસાત્મા ઈન્દ્રિયાધિપતિ રૂપે
૩ પ્રદ્યુમ્ન વ્યૂહમાં-પ્રાજ્ઞાત્મા અંતઃકરણ રૂપે
૪ અનિરુદ્ધવ્યૂહમાં તુરીયાત્મા જ્ઞાનસ્વરૂપે રહ્યા છે.

८४६ सूर्य* आत्मादिकृद्धरिः । ११, ३०

૮૪૬ આત્માનું સર્જન-પાલન કરનાર સૂર્ય છે. ૧૧., ૩૦

८४७ एकोऽपि नवधा मायाकृतभेदात् । ११, ३१

१ कालः २ देशः ३ क्रिया ४ कर्त्ता ५ करणम् ६ कार्यम् ७ मंत्राः ८ द्रव्याणि ९ फलम् ।

૮૪૭ સૂર્ય રૂપ શ્રીહરિ માયા ભેદને લીધે એક હોવા છતાં નવ પ્રકારના છે. ૧૧, ૩૧

(૧) કાળ (૨) દેશ (૩) ક્રિયા (૪) કર્તા (૫) કરણ (૬) કાર્ય (૭) મંત્ર (૮) દ્રવ્ય (૯) ફળના સર્જક છે.

८४८ मनोमहोत्सवं भगवद्यशः १२, ४९

शोकार्णवशोषणं रम्यं रुचिरं नवमिति ।

---

*સરખાવો-सूर्य आत्मा जगतस्तस्थुषश्च ।

૮૪૮ પરમાત્માનું યશોગાન મનના મહોત્સવ સમું છે ૧૨, ૪૯.

કારણ કે તે (૧) શોકસાગરને દૂર કરનાર (૨) નિત્યનૂતન (૩) રમ્ય અને (૪) સુંદર છે.

८४९ सत्त्वशुद्धिरविस्मृतेः १२, ५४

૮૪૯ પરમાત્માનું નિત્યચિન્તન આત્મશુદ્ધિ કરે છે. ૧૨, ૫૪

८५० मधुघृतपयःकुल्याफलवद् भागवताध्ययनं ऋग्यजुः सामाध्ययनवत् । १२, ५२

૮૫૦ ભાગવતનું અધ્યયન ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના પાઠની માફક મધ અને દૂધની નદીઓ જેવું સુમધુર છે. ૧૨, ૬૨

८५१ नमोनमः । १२, ६७

१ दुरवसितस्तवायाच्युताय । २ भगवदुपलब्धिमात्रधाम्ने व्यासाय ३ स्वसुखनिभृतचेतसे शुकाय ।

૮૫૧ વંદન હો. ૧૨, ૬૭

૧ બ્રહ્માદિ દેવો સ્તુતિથી જેનો પાર પામી શકતા નથી તે ભગવાનને ૨ પરમાત્માની પ્રાપ્તિથી અતિ તેજસ્વી મહર્ષિ વ્યાસજીને, તથા ૩ પોતાના આત્માનન્દમાં મસ્ત રહેલા શ્રી શુકસ્વામીને, અમારા વારંવાર પ્રણામ હો.

८५२ स्तवनगानदर्शनैरप्यज्ञातोऽनन्तश्च १३, १

૮૫૨ પરમાત્મા સ્તુતિ, ગાન અને દર્શનથી પણ ન જાણી શકાય એવા અનન્ત છે. ૧૩, ૧

८५३ ज्ञानविरागभक्तिनैष्कर्म्याविष्कारो भागवतात् १३ १८

१ श्रुतिपाठविचारैर्भक्त्या च।

૮૫૩ શ્રીમદ્ભાગવતનાં ભક્તિપૂર્વકનાં શ્રવણ, પાઠ અને વિચારથી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને નિષ્કામભાવના પ્રાપ્ત થાય છે. ૧૩, ૧૮

८५४ हरये नमः १३, २३

१ दुःखशमनप्रणतये २ पापप्रणाशनसंकीर्तनाय।

૮૫૪ જેમને પ્રણામ કરવાથી દુઃખશમન થાય અને જેમનાં સંકીર્તનથી પાપનો નાશ થાય એ શ્રી હરિને સાષ્ટાંગ વંદન હો. ૧૩, ૨૩.

ॐ नमः श्रीकृष्णाय

॥ ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु ॥